# તોહફાએ નજાત
## ભાગ-૬
### યાને
# સહાબાએ કિરામનો કિરદાર અને આપણે

★ લેખક ★

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્
મૌલાના યૂનુસ મિસ્બાહી
(હાલ પ્રેસ્ટન, યુ. કે.)

★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન-૩૯૨૦૨૦. ફોન : ૦૨૬૪૨-૮૨૦૧૧, ૮૨૭૯૨

★ હદિયો : ૫૦/- રૂા. ★

★ નૂરાની આર્ટ-દયાદરા, ફોન : ૮૨૦૧૧, ૮૨૭૯૨ ★

## દુઆએ મગફિરતની અપીલ

આ મુબારક કિતાબના પ્રકાશન માટે...

**જનાબ ગુલામભાઈ હલદરવી કારપેટવાળા તથા**
**જનાબ સિકંદરભાઈ હલદરવી કારપેટવાળા**
(હાલ પ્રેસ્ટન, યુ.કે.)એ

પોતાના મર્હૂમ વાલિદ સાહબ **મર્હૂમ હાજી આદમ અલી બાબૂત**ના ઈસાલે સવાબ અર્થે સહાય મોકલી છે. દુઆ કરશો કે મૌલા કરીમ તેના પ્યારા હબીબ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمْ ના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે અને જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા મકામ અતા કરે તથા તેમની ઔલાદને બંને જહાનની ઈજ્જત આબરૂથી નવાઝે, આમીન.– **લિ. પ્રકાશક**

## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા શું છે ?

★ ગુજરાતની વિશ્વભરમાં વસતા ગુજરાતીઓના દિલોના ઈમાનમાં મીઠાશ તથા અમલમાં પાબંદીની તથા મજબૂતીની પ્રેરણા આપતી એક અજોડ સંસ્થા છે.

★ વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી વગેરે બાતિલ ફિર્કાની ધોકાબાજીઓને ઉઘાડી પાડી મુસલમાનોના ઈમાનની રક્ષા કરતી સંસ્થા છે.

★ મુસલમાનોમાં ધર્મના નામે ધટીંગ ચલાવનારાઓની પોલ ખોલીને સાચો કુર્આન-હદીષનો સૂચવેલ રાહ બતાવતી સંસ્થા છે.

★ દરેક મેમ્બર થનારને ફકત ૧૦૦ રૂા. માં વરસભર છપાતા અણમોલ પ્રકાશનો મોકલતી સંસ્થા છે.

★ સવાદે આઝમ અહલે સુન્નતની અજોડ સાહિત્યિક ખિદમત કરતી સંસ્થા છે.

**દીની ભાઈઓ તથા બહેનો !** દીન તથા સુન્નિયતની ભલાઈ ચાહતા હોઉ તો ગંભીરતાથી આ સંસ્થાના પ્રકાશનો હક્કની નિગાહે નિષ્પક્ષ થઈને વાંચો તો તેનુ મૂલ્ય તમને સમજાઈ જશે. તો આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ન્યાઝની રકમો અહીં મોકલી આપો અને સવાબના હકદાર બનો.

**લિ. પ્રકાશક**

# તોહફાએ નજાત

## ભાગ-૬

### યાને

# સહાબાએ કિરામનો કિરદાર અને આપણે


★ લેખક ★

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્
મૌલાના યૂનુસ મિસ્બાહી

(હાલ પ્રેસ્ટન, યુ. કે.)



★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૮૨૦૧૧, ૮૨૭૯૨.

પ્રકાશન નં. : **૮૨** આવૃત્તિ-૧ પ્રત : **3000**

૧૨-રબીઉલ અવ્વલ શરીફ
હિ.સ. ૧૪૨૨, જુન-૨૦૦૧

★ હદિયો : ૫૦/- રૂા. ★


## ★ અનુક્રમણિકા ★


| અનુ. નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| | **★ પ્રકરણ : સહાબાની હિજરત** | **૧૦** |
| ૧ | આપણા ના'રાઓની અસલિયત | ૧૬ |
| ૨ | હઝરત અબૂ સલ્માની હિજરત | ૩૨ |
| ૩ | ઝૈનબ બિન્તે રસૂલુલ્લાહની હિજરત | ૩૮ |
| ૪ | હઝરત ફારૂકે આ'ઝમની હિજરત | ૪૨ |
| ૫ | સોહેબ રૂમીની હિજરત | ૫૨ |
| ૬ | હઝરત અબ્દ બિન જહશની હિજરત | ૫૫ |
| | **★ પ્રકરણ : સહાબાએ કિરામની સહનશીલતા** | **૫૮** |
| ૭ | હઝરત અબૂબક્ર સિદ્દીકની સહનશીલતા | ૬૭ |
| ૮ | મોમિન તથા મુનાફિકમાં તફાવત | ૭૮ |
| ૯ | ઈબ્ને હુઝૈફાની ઈમાની અડગતા | ૮૧ |
| ૧૦ | હઝરત ઉસ્માન બિન મઝઉનનો પ્રસંગ | ૯૪ |
| ૧૧ | ઈસ્લામ માટે પૂર્વજોએ શું શું વેઠયું ? | ૯૯ |
| | **★ પ્રકરણ : સહાબાને દીનના માર્ગમાં પડેલી ખાવા પીવાની તકલીફો** | **૧૦૧** |
| ૧૨ | શું આપણા નબી ગરીબ હતા ? | ૧૦૪ |
| ૧૩ | ભૂખ વિશેના દર્દનાક પ્રસંગો | ૧૦૫ |
| ૧૪ | ભૂખ અને અબૂબક્ર તથા ઉમર | ૧૨૦ |
| ૧૫ | હઝરત ફાતેમા તથા અલી અને ભૂખ | ૧૨૨ |

## ★ અનુક્રમણિકા ★


| અનુ. નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧૬ | હઝરત ફાતેમા માટે જન્નતી લિબાસ | ૧૨૪ |
| ૧૭ | હઝરત અબૂ હુરૈરહ્ અને ભૂખ | ૧૩૨ |
| ૧૮ | હઝરત અસ્મા અને ભૂખ | ૧૩૬ |
| ૧૯ | ગઝવએ ખંદક અને ભૂખ | ૧૩૭ |
| ૨૦ | ભૂખના કારણે સહાબા શું કરતા હતા ? | ૧૪૦ |
| ૨૧ | હુઝૂરના અદ્‌ભૂત ઈખ્તિયારો વિષે પ્રસંગો | ૧૪૨ |
| ૨૨ | તરસના પ્રસંગો અને હુઝૂરના મો'જિઝા | ૧૫૪ |
| | **પ્રકરણ : સહાબાનો ઈશ્કે રસૂલ** | **૧૫૮** |
| ૨૩ | અલ્લાહ વ રસૂલ પર ઈમાન કોને કહેવાય ? | ૧૬૬ |
| ૨૪ | મહબ્બતે રસૂલ અને સહાબી ઔરત | ૧૭૩ |
| ૨૫ | હઝરત ઉમરે કાફિર મામાને કત્લ કર્યો | ૧૭૪ |
| ૨૬ | હઝરત અબૂબક્ર તથા તેમનો પુત્ર | ૧૭૪ |
| ૨૭ | હઝરત અબૂ હુઝૈફાએ બાપ સામે તલ્વાર ખેંચી | ૧૭૫ |
| ૨૮ | બાપના ગળા પર તલ્વાર મૂકી ! | ૧૭૫ |
| ૨૯ | કાફિર બાપને બિસ્તર ન બેસવા દીધો ! | ૧૭૮ |
| ૩૦ | સુહાગ રાતે જ જંગના મેદાનમાં ! | ૧૮૦ |
| ૩૧ | હઝરત ઝૈદ અને મહબ્બતે રસૂલ | ૧૮૭ |
| ૩૨ | હુઝૂરનો વિસાલ થતાં અંધ થવાની દુઆ કરી ! | ૧૮૮ |
| ૩૩ | મૌત આવવું ખુશીની વાત ! | ૧૯૦ |
| ૩૪ | હઝરત રબીઆની તમન્ના ! | ૧૯૨ |
| ૩૫ | રસૂલનો ફેંસલો ન માને તે કાફિર છે ! | ૧૯૩ |
| ૩૬ | આ હતા ફર્માંબરદાર મુસલમાન ! | ૧૯૬ |




## ★ અનુક્રમણિકા ★


| અનુ. નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| | **સહાબાને નમાઝથી પ્રેમ** | **૨૦૪** |
| ૩૭ | સહાબીનુ પદ | ૨૦૪ |
| ૩૮ | ઈબાદતનુ મૂળ નબીથી ગુલામી | ૨૦૫ |
| ૩૯ | સહાબા અમલ કેમ કરતા હતા ? | ૨૦૭ |
| ૪૦ | આપણી હાલત ! | ૨૦૮ |
| ૪૧ | નફ્સની ગુલામી | ૨૦૯ |
| ૪૨ | અલ્લાહનુ ફર્માન | ૨૧૦ |
| ૪૩ | જન્નત અને દોઝખનો ઉલ્લેખ શા માટે ? | ૨૧૧ |
| ૪૪ | ખુદાના બનીને રહેવું સમજદારી છે | ૨૧૨ |
| ૪૫ | સહાબા અને નમાઝનો શોખ | ૨૧૩ |
| ૪૬ | ત્યારની તકલીફો અને આપણી સહુલતો | ૨૧૪ |
| ૪૭ | સલાતે ખૌફ | ૨૧૫ |
| ૪૮ | આઠકી યા તીનસો સાઠકી ! | ૨૧૬ |
| ૪૯ | કર્બલામાં અહલે બૈત | ૨૧૭ |
| ૫૦ | ગુલામીનો મતલબ સમજો | ૨૧૮ |
| ૫૧ | બયૂઅતનો મતલબ સમજો | ૨૧૯ |
| ૫૨ | સહાબાની હુઝૂરથી બયૂઅત | ૨૨૦ |
| ૫૩ | બયૂઅત ફર્ઝ નથી પણ જૂઠ હરામ છે ! | ૨૨૧ |
| ૫૪ | ઈમાન અને તેની ચાહત | ૨૨૩ |
| ૫૫ | નબીએ પાક અને નમાઝનો શોખ | ૨૨૪ |
| | **પ્રકરણ : સહાબામાં નમાઝનો શોખ** | **૨૨૮** |
| ૫૬ | નમાઝનુ રોઝાથી વધુ મહત્વ | ૨૨૮ |

## ★ અનુક્રમણિકા ★


| અનુ. નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૫૭ | નમાઝનુ ઝકાતથી વધુ મહત્વ | ૨૩૦ |
| ૫૮ | નમાઝનુ હજ્જથી વધુ મહત્વ | ૨૩૦ |
| ૫૯ | સહાબાને નમાઝનો શોખ કેમ હતો ? | ૨૩૧ |
| ૬૦ | ચાશ્ત અને ઈશ્રાકની નમાઝનો શોખ | ૨૩૫ |
| ૬૧ | નમાઝે તરાવીહનો શોખ | ૨૩૬ |
| ૬૨ | હઝરત ઉમરનો ફૈસલો | ૨૩૮ |
| ૬૩ | સ્ત્રીઓ પણ તરાવીહ પઢે | ૨૪૦ |
| ૬૪ | ફિકહ અને સ્ત્રીઓની જમાઅત | ૨૪૦ |
| ૬૫ | નમાઝમાં એકાગ્રતા | ૨૪૨ |
| ૬૬ | એક નુકતાની વાત | ૨૪૬ |
| ૬૭ | મિનિમમ અને મેક્ષીમમ | ૨૪૬ |
| ૬૮ | ગફલતના પ્રકાર | ૨૪૭ |
| ૬૯ | એક મોટુ પાપ અને તેનુ કારણ | ૨૪૯ |
| ૭૦ | આપણી કરૂણ હાલત | ૨૫૨ |
| ૭૧ | શું આમ થઈ શકે ખરૂં ? | ૨૫૪ |
| ૭૨ | મહોબ્બત મહોબ્બતમાં ફરક | ૨૫૪ |
| ૭૩ | સલામથી નમાઝ બહાર થવાનુ રહસ્ય | ૨૫૬ |
| ૭૪ | નમાઝ આલમે બાલાની ઈબાદત છે | ૨૫૭ |
| ૭૫ | બાતિની પાકી પણ હોવી જોઈએ | ૨૫૮ |
| ૭૬ | ઔરતોને અઝાનની રજા નથી | ૨૬૪ |
| ૭૭ | સ્ત્રીની અઝાન માન્ય નથી | ૨૬૫ |
| ૭૮ | નમાઝમાં વિવિધ ફાયદા | ૨૬૬ |




*(પ્રાસંગિક વાત...)*

## ★ ખુલૂસિયતથી ભરપૂર ઈમાનવાળા બનો ! ★

(અઝ :– પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)

**નહ્મદુહૂ વનુસલ્લી અલા રસૂલિહિલ્ કરીમ**

જે કૌમ પોતાના પૂર્વજોના ઈતિહાસને વિસરી જાય છે તે તબાહ તથા બર્બાદ થઈ જાય છે. પોતાના ઈતિહાસની યાદ અને તેના વિશેની ખુમારી તે કૌમમાં જાગૃતિ તથા મજબૂતી તથા હિંમતની પ્રેરણા આપે છે. દા.ત. કોઈ ખાનદાનના પૂર્વજોમાં ખૂબ જ માલદાર લોકો ગુજર્યા હોય, તેમનો રૂઆબ અને દબદબો જો તેમના વંશજોની નજરો સમક્ષ હોય તો આ વશંજો કોઈ એવું કામ જે તેમની શાનને બટ્ટો લગાડે તેવું કરતાં તરત શરમાશે તથા ખચકાશે. ભૂખે રહેવા તૈયાર થશે પણ કોઈની સામે હાથ કદી નહીં ધરે ! એ જ પ્રમાણે કોઈ ખાનદાનના પૂર્વજો નેક હતા, તેમના વાકયાત જો તેના વારસોની સમક્ષ હશે તો જરૂરથી તે પૂર્વજોના ઈતિહાસની હુંફ તેમને નીચ કક્ષાનાં કે ગુનાહિત કૃત્યો કરતાં અટકાવી દેશે.

મુસ્લિમ કૌમનો ઈતિહાસ સૌથી શ્રેષ્ઠ શાનવાળો છે, સૌથી વિશેષ પાકીઝા છે, સૌથી વિશેષ જવાંમર્દી, કુર્બાનીઓથી ભરપૂર અને સૌથી મહાન છે. છતાં આજના મુસલમાનો સૌથી નીચ તથા ઝલીલ તથા અપવિત્ર કૃત્યો કરવામાં સપડાએલા છે, બુઝદિલ બની રહ્યા છે અને દીને હક્ક માટે કુર્બાની તો શું આપે પણ દીનને જ તોડવાનાં કૃત્યોમાં લાગેલા છે !

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! જરૂરત છે કે આપણે ખુલૂસિયત (નિખાલસતા, નિઃસ્વાર્થપણા)થી ભરપૂર ઈમાનવાળા બનીએ, અને એને અપનાવવા માટે **''સૌથી નિખાલસ ઈમાનવાળા લોકો''** એટલે કે **''સહાબાએ કિરામ''** ના જીવનનો અભ્યાસ કરીએ, તેમનો ઈતિહાસ વાંચીએ તો જ આપણને ઈમાનની તથા ઈસ્લામની

કદરો કિંમત કરવાનો જઝબો પેદા થશે અને ઈસ્લામી ખુમારી દિલો દિમાગમાં જાગી ઉઠશે જે આપણને દરેક ગુનાહિત કૃત્યોથી તથા હરામ વાતોથી પવિત્ર રહેવા પ્રેરશે.

કુર્આન પર ઈમાન હોવાનો દાવો આપણે પણ કરીએ છીએ અને પ્યારા આકા صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના સહાબા પણ કરતા હતા. પણ આપણા દાવામાં અને તેમના દાવામાં શું ફરક હતો તેનું દ્રષ્ટાંત જુઓ ! :–

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક દિવસે વૃધ્ધાવસ્થામાં હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہ કુર્આન શરીફની તિલાવત કરી રહ્યા હતા. જ્યારે આ આયત પર પહોંચ્યા કે :

اِنْفِرُوْا خِفَافًا وَّثِقَالًا وَّجَاهِدُوْا بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ

**અર્થ** : “(જેહાદના માટે) નીકળો ! (હર હાલતમાં) હલકા હોઉ કે ભારવાળા, અને જેહાદ કરો પોતાના માલો અને પોતાની જાનો થકી અલ્લાહની રાહમાં, એ બેહતર છે તમારા માટે જો તમે (તમારા ભલા બુરાને) સમજતા હોઉ.” (સૂ.તૌબા, આયત–૪)

તો હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, હે મારા પુત્રો ! મને તમે લોકો જેહાદનો સામાન આપો, કેમ કે મારો રબ જવાની તથા ઘડપણમાં, બંને હાલતોમાં મને જેહાદનો હુકમ ફર્માવે છે. પુત્રોએ કહ્યું કે, તમે હુઝૂર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના તથા હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رَضِيَ اللّٰهُ عَنْهُمَا ના દૌરમાં સર્વ જેહાદમાં શરીક થવાની નેકબખ્તી પામી હતી, હવે તમે વૃધ્ધ થઈ ચૂકયા છો એટલા માટે હવે જેહાદમાં ન જાવ, અમે તમારા તરફથી જેહાદ કરીએ છીએ અને કરતા રહીશું. પણ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ કોઈ રીતે પણ ઘરે બેસવા રાજી ન થયા અને જેહાદનો સામાન એકત્ર કરીને જેહાદ માટે જનાર કશ્તી પર સવાર થઈને જેહાદના માટે રવાના થયા. બને છે એવું કે એ કશ્તીમાં આપનો વિસાલ થઈ જાય છે અને સાત દિવસ બાદ કોઈ ટાપુ આવતાં ત્યાં તેમને દફન કરવામાં આવે છે પણ સાત દિવસ સુધી લાશ મુબારક પડી રહેવા છતાં



તેમાં જરાય ખરાબી આવી ન હતી. જ્યારે કે ત્રીજા દિવસે જ લાશ ફુલીને દુર્ગંધ મારતી થઈ જતી હોય છે. પણ નિખાલસપૂર્ણ ઈમાનવાળાનો આ મર્તબો છે કે તેમની લાશ પણ બગડતી નથી. (સુબ્હાનલ્લાહ !)

હવે આપણે શું છીએ ?! કુર્આનથી મહોબ્બતનો દાવો ! પણ કેટલા માણસો છે જેઓ રોજ તેને ચુમી પઢીને છાતીએ લગાડે છે ?! અને જે પઢતા હશે તેમાંય કેટલા છે જેઓ તેને સમજીને પઢે છે ! અને જેઓ સમજીને પઢે છે, તેના હુકમો, તફસીર વગેરે વાંચે છે, તેમાંથી કેટલા છે જેઓ સાચા દિલથી તેના પર અમલ કરે છે ?! બસ ! તમે તમારા પોતાના દિલને જ પ્રશ્ન કરો ? તો વાત સમજાઈ જશે. આવો ! આ પ્રસંગથી દિલ પર અસર ન થઈ હોય તો એક અન્ય સહાબીનો ઈમાની જોશ જોઈ લો :–

હુઝૂર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની હદીષો તો ખૂબ વાંચીએ સાંભળીએ પણ અમલના નામે મીંડુ ! તો એનો શું મતલબ ?! જુઓ ! હઝરત અબૂબક્ર ઈબ્ને અબૂ મૂસા અશ્અરી رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે, મેં મારા વાલિદ رضی اللہ عنہ ને ઈસ્લામના દુશ્મનો સમક્ષ ઉભા રહીને એવું ફર્માવતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ ફર્માવ્યું કે اِنَّ اَبْوَابَ الْجَنَّةِ تَحْتَ ظِلَالِ السُّيُوْفِ “બેશક ! જન્નતના દરવાજા તલ્વારોના સાયા નીચે છે.”

આ હદીષ સાંભળીને એક શખ્સ ઉઠયો અને કહ્યું, કે હે અબૂ મૂસા ! رضی اللہ عنہ શું તમે રસૂલુલ્લાહ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ને આ વાત કહેતાં સાંભળ્યા છે ? તેમણે કહ્યું, હા ! ત્યારે તે શખ્સ પોતાના મિત્રોની તરફ વળ્યો અને કહ્યું, કે તમને સલામ કહું છું. પછી તેણે તલ્વારની મિયાન ફાડીને ફેંકી દીધી અને તલ્વાર લઈને દુશ્મનોની તરફ ચાલી નીકળ્યો. પછી તે તલ્વાર વડે દુશ્મનોથી લડતો રહી પોતાની બહાદુરી બતાવતો રહી છેવટે શહીદ થઈ ગયો. (મુસ્લિમ)

શું સમજયા તમે ?! આ છે ફર્માને રસૂલ પર ઈમાન ! આજે આપણે કોઈ જંગ કે જેહાદ નથી કરવાનો ! જાનની કુર્બાની દેવાનો તો પ્રસંગ નથી, પણ ફકત થોડી તકલીફ નમાઝ પઢવા કે

ચહેરા પર દાઢી સજાવવા કે બહેનોએ પર્દો પહેરવાની કરવાનુ કહેવામાં આવે તો જાણે કોઈ અણગમતી વાત કાને અથડાઈ હોય તેમ ચહેરા વાંકા થવા લાગે છે અને તે સ્થળેથી લોકો સરકવા લાગે છે ! આ છે આપણુ ઈમાન !! અને એ જ વાત છે કે આપણા ઈમાનમાં ખુલૂસિયત નથી તેના જ વાંકે કમજોર ઈમાનના કારણે આપણે વિ□ભરમાં કમજોર બની ગયા છીએ અને સૌ કૌમો ફુટબોલની જેમ આપણને હડસેલી રહી છે. શું આ હકીકત નથી ?! યકીનન ! એ જ હકીકત છે. તો પછી આપણી ભલાઈ શામાં છે ? એમાં જ કે સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીન رَضِیَ اللّٰہُ عَنْھُمْ ના જીવન પ્રસંગોને વાંચીને જો તેમનાથી ખરેખર મહોબ્બત છે તો તેમની વાતોને માની તેમના જેવું જીવન બનાવવા કોશિશ કરીએ એમાં જ બંને જહાનની ભલાઈ છે.

હજારો મુબારકબાદ છે ! **ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્ મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ**ને કે જેમણે ગુજરાતીમાં સહાબાએ કિરામના જીવનનાં વિવિધ પાસાંઓને સમાવતી આ એવી કિતાબ બહાર પાડી છે કે **એના જેવી કોઈ કિતાબ ગુજરાતીમાં આ પહેલાં બહાર પડી નથી.** બહેનોની સુધારણાનો ખાસ હેતુ હોવાથી સંબોધન બહેનોને છે પણ કિતાબ દરેક સ્ત્રી–પુરૂષ માટે નજાતનો ઝરીઓ છે. મૌલા કરીમ આ કિતાબ લેખકના ઈલ્મમાં, ઉમ્રમાં, તંદુરસ્તીમાં બરકત અતા કરે અને તેમનો સાચો તા દેર સુન્નીઓ પર રાખે. આ કિતાબ **તોહફએ નજાત (ભાગ–૬)** યાને **સહાબાએ કિરામનો કિરદાર અને આપણે** આપના મુબારક હાથોમાં રજુ કરતાં અમો ખુશી અનુભવીએ છીએ અને દુઆ છે કે **સહાબાએ કિરામનો ઈતિહાસ** જે આ કિતાબમાં રજૂ થયેલો છે તેનો શોખથી લોકો અભ્યાસ કરે અને તેને વાંચે અને સીધા માર્ગે આવી દીન માટે કુર્બાનીનો જઝબો પેદા કરે અને મહબ્બતે રસૂલમાં જીવન પસાર કરે. આમીન બિજાહિન્નબી કરીમ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمْ

તા. ૨૦–૫–૨૦૦૧ (નાચીઝ)

દયાદરા, તા.જિ. ભરૂચ. **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

# ☆ સહાબાની હિજરત ☆

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! આપણે જે દીન અને ધર્મના ફોલોવર (અનુયાયી) છીએ તેનું નામ ઈસ્લામ છે. ઈસ્લામનો અર્થ 'સરનેહાદન' એટલે માથુ નમાવવું છે. એનો અર્થ એ થયો કે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ને રાજી રાખવા માટે તેમની મરજી મુજબ ચાલવું અને તેમની ચાહત ઉપર રહેવું. કોઈપણ વાતમાં તેમની મુખાલેફત ન કરવી, અને મુખાલેફત કરનાર સાથે તઅલ્લુક અને સંબંધ ન રાખવો. અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ નો કોઈપણ આદેશ હોય, જાહેરમાં તેનો ફાયદો જણાતો હોય યા ન હોય, કોઈપણ શંકા વગર તેને સ્વીકારી અમલમાં લઈ આવવો અને એટલા માટે તો ઈમાન નામ આમન્ના અને સદકનાનું રાખવામાં આવ્યું. ઈમાન બિલગૈબને સાચું ઈમાન માનવામાં આવ્યું. એટલા માટે કે જોઈને તો ગમે તે કબૂલ કરી શકે છે પરંતુ કામિલ ભરોસો તો તેને કહેવાય કે અલ્લાહ અને રસૂલના عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ આદેશ પર જોયા વગર ઈમાન લઈ આવવામાં આવે. એટલે જ એક શાઈરે કહ્યું છે.

**યહ શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હય**
**લોગ આસાન સમજતે હંય મુસલમાં હોના**

મારી બહેનો ! જ્યારે મુસલમાનનો મતલબ જ એ થયો કે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ને રાજી રાખનાર, તો પછી તેમની મહોબ્બત આપણા દિમાગમાં સર્વેની મહોબ્બતથી વધારે હોવી જોઈએ. બલ્કે બીજાઓ સાથે પણ મહોબ્બત એટલે જ હોવી જોઈએ કે તેમને અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ થી મહોબ્બત છે. અલ્લાહ તબારક વ તઆલા عزوجل કુર્આન શરીફમાં સાચા મહોબ્બતવાળાઓની નિશાની અને ઓળખ બયાન ફર્માવે છે :–





لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَاَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ۔

''જે લોકો અલ્લાહ પર અને પાછલા દિવસ પર યકીન ધરાવે છે તેમને તમે એવા લોકો સાથે મૈત્રી ધરાવતા દેખશો નહીં જેમણે, અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ નો વિરોધ કર્યો. ભલે ને તે તેમના બાપ અથવા દીકરાઓ અથવા ભાઈઓ અથવા કુટુંબીઓ હોય, આ છે તે લોકો જેમના હૃદયોમાં અલ્લાહે ઈમાન કોતરી દીધું અને પોતાના તરફની રૂહ વડે તેમની સહાય કરી.'' (પારા–૨૮)

અને બીજી જગ્યાએ સગા સંબંધી અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ થી દુશ્મની કરી કુફ્ર કરે તો તેમનાથી સંબંધ ન રાખવાનો આદેશ આપતાં ફરમાવ્યું :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَكُمْ وَاِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْاِيْمَانِ۔

''અય ઈમાનવાળાઓ ! તમે તમારા બાપદાદાઓ અને ભાઈઓને દોસ્ત ન બનાવો, જો તેઓ ઈમાન પર કુફ્રને પસંદ કરે.'' (પારા–૧૦)

આ બંને આયતોમાં આપણને એ જ સબક શિખવાડવામાં આવ્યો કે જો તમે સાચા ઈમાનવાળા અને પાકા મુસલમાન છો અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે તમને સાચી મહોબ્બત છે તો તમે દુનિયામાં પણ એવા જ લોકો સાથે સંબંધ રાખો તથા એવા ને જ દોસ્ત સમજો જેઓ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે સાચી મહોબ્બત રાખતા હોય, અને જેમને અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે સાચી મહોબ્બત ન હોય, તેમની અદાવત અને દુશ્મનીની વાતો કરતા હોય, તો તેઓ બાપ હોય, દાદા હોય, ભાઈ હોય, બેટો હોય કે પછી ગમે તેટલો નજીકનો સગો હોય પરંતુ તેમની સાથે સબંધ રાખવામાં ન આવે.

જેઓ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બતમાં આ પ્રમાણે મક્કમતાથી પોતાનો સબૂત પેશ કરે છે તેમને

અલ્લાહ તબારક વ તઆલા આખેરતમાં કેવું ઈનામ અતા ફરમાવશે ? તે બાબત બયાન ફર્માવે છે,

وَيُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا رَضِیَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ

"અને તેમને બગીચાઓમાં લઈ જશે જેની નીચે નહેરો વહે તેમાં હમેશાં રહેશે. અલ્લાહ તેમનાથી ખુશ અને તેઓ અલ્લાહથી ખુશ." (પારા-૨૮)

જેમણે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બતમાં તેમના વિરોધીઓને સગા સંબંધી હોવા છતાં છોડી આપ્યા તો અલ્લાહ તબારક વ તઆલાએ તેમને પોતાના બનાવી લીધા અને તેમને પોતાની જમાઅત ફર્માવી બન્ને જહાનમાં કામયાબ અને સફળ હોવાની બશારત સંભળાવી. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :-

اُولٰٓئِكَ حِزْبُ اللّٰهِ اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ

"તેઓ અલ્લાહનું જૂથ છે અને સાંભળો છો ! અલ્લાહનું જૂથ જ સફળ છે." (પારા-૨૮)

જેઓ સગા સબંધીના કુફ્ર કરવાં છતાં તેમની સાથે સગાઈ રાખે છે, અલ્લાહ તઆલા તેમની બાબત પોતાનો ગઝબ જાહેર કરતાં ઈર્શાદ ફર્માવે છે : وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ "અને તમારામાંથી જે તેમનાથી દોસ્તી રાખશે તો તે જ જાલિમ છે." (પારા-૧૦)

અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની સત્ય મહોબ્બતનો પૂરો હક અદા કરનાર સહાબાએ કિરામ હતા. જેમણે ઈમાન લાવ્યા બાદ અનેક પ્રકારની મુસીબતો વેઠી. પોતાના ઘરબાર છોડયાં અને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પર ઈમાન ન લાવનારા નજીકના સગા સ્નેહીઓથી જુદાઈ અપનાવી લીધી. અલ્લાહ તબારક વ તઆલા તેમની મક્કમતાનું વર્ણન કુર્આન શરીફમાં ફર્માવે છે :-

وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ

"અને તેમના (નબીના) સાથીદારો કાફિરો પર સખ્ત છે અને પરસ્પર કોમળ હૃદયના." (પારા-૨૬)





કુર્આન જે કાફિરો પર સહાબાના સખ્ત હોવાનો સુબૂત આપી રહ્યું છે, તેઓમાંથી કોઈ બાપ હતો, કોઈ બેટો હતો, કોઈ ભાઈ હતો તો કોઈ કાકો હતો. પરંતુ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બતમાં તેમણે તમામ ખુદાના દુશ્મનોને પોતાના દુશ્મન બનાવી લીધા. ગઝવએ બદ્ર અને ગઝવએ ઓહદમાં સહાબાએ કિરામ જે દુશ્મનો અને કાફિરો સામે તલ્વાર લઈ મેદાનમાં આવ્યા તેઓ કોણ હતા ? મક્કાથી મદીના તરફ હિજરત કરીને આવનાર સહાબાના નજીકના સગા હતા, પરંતુ સગાઈ અને દોસ્તી સહાબાના હાથોમાં કમજોરી ન લાવી શકી, જુની દોસ્તી અને મહોબ્બત તેમના જોશ અને જઝબાને ઝખ્મી ન કરી શકી, તેઓ અલ્લાહ તબારક વ તઆલાના આ ફર્માન પર મજબૂતીથી અમલ કરતા હતા.

"અય ઈમાનવાળાઓ ! તમે મારા દુશ્મન અને તમારા દુશ્મનને દોસ્ત ન બનાવો." [જે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના દુશ્મન તે જ આપણા દુશ્મન તેમની સાથે દુશ્મનીનો વર્તાવ કરવો અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે દોસ્તી અને મહોબ્બબતનો સબૂત છે.]

કાફિરો સાથે દુશ્મની કરી સહાબાએ કિરામે એવી મુસીબતો સહન કરી છે કે તેમનાથી વધારે મુસીબત સહન કરવાની દાસ્તાન તમને તારીખ (ઈતિહાસ)ની કિતાબોમાં જોવા નહીં મળે. કઈ તકલીફ અને કઈ મુસીબત એવી હશે જે સહાબાએ કિરામને આપવામાં નથી આવી. પરંતુ સહાબા તમામ મુસીબતો સહન કરતા અને એ જ વાત બોલતા કે અલ્લાહ તઆલાની જેવી મરજી તે જ અમને પસંદ છે, અમે તેના ફેંસલા પર રાજી છીએ. જ્યારે તલવારો અને ભાલાઓની અણીથી ઘોંચવામાં આવતા તો તેમના મુખેથી એ જ શબ્દો નીકળતા કે બદન અલ્લાહનું બનાવેલું છે અને તેના જ રસ્તામાં ઘવાઈ રહ્યું છે. જ્યારે તેમની સામું તેમની ઔલાદને શહીદ કરી નાખવામાં આવતી તો ફર્માવતા, ઔલાદ અલ્લાહ પાકની અમાનત હતી અને તેના જ રસ્તામાં શહીદ થઈ. જ્યારે ઘર સળગાવી દેવામાં આવતાં માલો દૌલત લૂંટી લેવામાં આવતાં તો

પણ એ જ શબ્દો ઉચ્ચારતા, અલ્લાહ બધું જ તારું છે અને તારા રસ્તામાં જઈ રહ્યું છે. તુ અમને જે હાલતમાં રાખશે તે હાલતમાં રહેવું અમને મંજૂર છે તને રાજી રાખવા માટે તારા તરફથી આવતી બધી જ મુસીબતોનો સામનો તો અમે હસી ખુશી કરીએ છીએ. અમારી દિલી તમન્ના તો એ જ છે કે તુ અમારાથી ખુશ થઈજા ! તો અલ્લાહ તબારક વ તઆલાએ આ જગતમાં જ સહાબાઓને તેમનાથી ખુશ હોવાની બશારત સંભળાવી :– رَضِیَ اللّٰہُ عَنْہُمْ وَرَضُوْا عَنْہُ "અલ્લાહ તેમનાથી ખુશ અને તેઓ અલ્લાહથી ખુશ." એટલે કે અય મારા હબીબના સહાબીઓ ! તમે મને ખુશ કરવા માટે બધી જ મુશ્કેલીઓનો ખુશી ખુશી સામનો કરી રહ્યા છો, તો લો ! સાંભળી લો ! હું પણ તમારાથી ખુશ છું ! ડોકટર ઈકબાલ સાહેબ આ આયતને નજર સામું રાખી પોતાના શેઅરમાં લખે છે :–

**ખુદી કો કર બુલંદ ઈતના કે હર તકદીરસે પહેલે**
**ખુદા ખુદ બંદેસે પૂછે બતા તેરી રઝા કયા હય !**

મારી બહેનો ! આ જગ્યાએ તમારા દિમાગમાં એક સવાલ પેદા થઈ શકે છે કે જ્યારે સહાબાએ કિરામને કાફિરો તરફથી આટલી બધી તકલીફો આપવામાં આવતી હતી તો આપ તેઓની સાથે કોઈ જવાબી કારવાઈ કેમ કરતા ન હતા ? ઈંટનો જવાબ પથ્થરથી આપવાનું કામ શા માટે ન કરતા હતા ? તો એટલા જ માટે કે સહાબાએ કિરામ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ના ફર્માન મુજબ અમલ કરતા હતા. અને જ્યાં સુધી તેમના તરફથી કોઈ હુકમ ન મળતો આપ મેળે કોઈ કદમ ભરતા ન હતા. તે સમયે તેઓને જંગ કરવાનો હુકમ આપવામાં આવ્યો ન હતો જેથી તેઓ ખામોશ હતા. અગર સહાબા ચાહતા તો કાફિરોની તકલીફોનો ભય જોઈ પ્રથમથી જ વતન છોડી ચાલ્યા જતા અને તકલીફોથી બચી જતા. પરંતુ એમ ન કર્યું, એટલા માટે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી હિજરત કરવાનો હુકમ મળ્યો ન હતો. શું તમે નથી જાણતા કે જ્યારે હદ પારની સજાઓ મળવા લાગી ત્યારે અમુક સહાબાઓએ નબીયે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપી હબશા તરફ હિજરત કરવાની ઈજાઝત માંગી. શું તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم





ની ઈજાઝત વગર જઈ શકતા ન હતા ? પરંતુ આનું નામ જ મહોબ્બત છે ! કે મહબૂબની રજા વગર કોઈ કામ કરવામાં ન આવે. જ્યારે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈજાઝત આપી ત્યારે સહાબાએ કિરામ પોતાના વતનને છોડી બીજા ઈલાકાઓમાં જવા લાગ્યા અને તેમાં પણ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મરજી કે આપે જે જગ્યાએ હિજરત કરવાનો હુકમ આપ્યો તે જ જગ્યાએ જતા, પોતાની મરજી મુજબના મથકે હિજરત કરતા ન હતા.

**ગુલામાને મોહમ્મદ જાન દેનેસે નહીં ડરતે**
**યે સર કટ જાએ યા રહ જાએ, કુછ પરવા નહીં કરતે**

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! તમને જાણવા મળ્યું કે સહાબાએ કિરામ કોઈ પણ ડગ નબીના હુકમ વિના ભરતા ન હતા, તો પછી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમ વિરુદ્ધ કદમ ભરવાનો તો સવાલ જ કયાંથી પેદા થાય ? તેઓ તો સખત મુસીબતો વેઠીને પણ શરીઅતની વાતો પર અમલ કરતા હતા, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નતો મુજબ ચાલતા હતા, કુર્આન શરીફની તિલાવતમાં મશગૂલ રહેતા હતા, જ્યારે કે તેમની ઈબાદતો પર કાફિરો તરફથી બંધી કરવામાં આવતી હતી. ઊંચા અવાજે કુર્આન શરીફની તિલાવતની ઈજાઝત ન હતી. જેઓ કાફિરોની જેલોમાં બંધ હતા તેમની હાલત પૂછનાર કોઈ ન હતું. ખાવાપીવાનું પણ આપવામાં ન આવતું. ભૂખે અને તરસે રહીને પણ અલ્લાહ عزوجل ને ભૂલતા ન હતા. કોરડા ખાવા પસંદ કરતા પણ કુર્આન શરીફની તિલાવત છોડવી પસંદ ન કરતા. ભાલાની અણીઓ ભોંકાવવી પસંદ કરતા પરંતુ નબીની ઈતાઅતથી મોં ફેરવવું પસંદ ન કરતા. સારાંશ કે દુનિયાની ગમે તેટલી ભયાનક આંધી અને આફત બલાનું તોફાન તેઓને રાહે હકથી જરાય ડગમગાવી શકતું ન હતું અને આજે આપણે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ની મહોબ્બતનો દમ ભરીએ છીએ, સહાબાથી અકીદતનો દાવો કરીએ છીએ, બુઝુર્ગોના ચાહક હોવાનો ઝંડો લઈને ફરી રહ્યા છીએ, તેમ છતાં આપણામાં તેમના ગુણોનો છાંટો સરખોય જોવા મળતો નથી ! કેમ ? એટલે જ કે આપણે

એવું સમજી બેઠા છીએ કે આખેરતની રાહમાં કામયાબી અને સફળતા પ્રાપ્ત કરવા કોઈ પ્રકારનો શ્રમ કરવાની જરૂરત નથી ! માત્ર જીભથી મહોબ્બતના નારા મારો ! ગૌષકા દામન નહીં છોળેંગે ! ખ્વાજા કા દામન નહીં છોળેંગે ! નથી કપડાનું દામન હાથમાં કે નથી અમલનું દામન હાથમાં ! પછી આવા નારાઓનો મતલબ શું ? એ જ ને કે શબ્દો તો ખર્ચ કરો તેમાં કયાં પૈસા બેસે છે ?! અને બે શબ્દો બોલવામાં કેટલી મહેનત પડે છે ?! પોપટની માફક બોલતા જવાનું ! સમજમાં આવે કે ન આવે ! સારાંશ એ કે શબ્દોનું દામન હાથમાં છે તેમના અમલોનું નહીં !

## ★ આપણા ના'રાઓની અસલિયત ★

આપણા નારા સાચા હોત તો આપણી મસ્જિદો નમાઝીઓથી ખાલી જોવા ન મળતી, જો આપણા નારા સાચા હોત તો શાદી વિવાહમાં નાચવું, ગાવું, જોવા ન મળત ! અગર આપણા નારા સાચા હોત તો આપણી ઔરતો ખુલ્લે માથે બજારોમાં કે શેરીઓમાં જોવા ન મળત ! જો આપણા નારા સાચા હોત તો આપણા ઘરોમાં ગંદી ફિલ્મો જોવા ન મળત ! જો નારા સાચા હોત તો મરદો તથા ઓરતો વસ્ત્ર પહેરવાં છતાં નગ્ન દેખાતાં ન હોત ! જો આપણા નારા સાચા હોત તો ઔરતો મુસલમાન થઈને મેકઅપ લગાડી ગૈરમહરમ મરદો સામે પ્રદર્શન કરતી જોવા ન મળત ! બલ્કે આપણા નારા સાચા હોત તો આપણી મસ્જિદો નમાઝીઓથી ભરચક જોવામાં આવત, આપણા નારા સાચા હોત તો ઘરોમાં ગાયનોની જગ્યાએ કુર્આન શરીફની તિલાવત સાંભળવા મળત. જો આપણા નારા સાચા હોત તો આપણે ત્યાં શાદી વિવાહના પ્રસંગો રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત મુજબ થતા જોવા મળત. જો આપણા નારા સાચા હોત તો આપણી મુસલમાન ઔરતો પોતાનો માન મર્તબો સાચવી ઈજ્જત સાથે સર ઢાંકેલી શરમની પૂતળી જોવા મળત. પરંતુ કયાં આપણે અને કયાં ગૌષે આઝમ ! કયાં આપણે અને કયાં ગરીબ નવાઝ ! આપણાં જેવા બેઢંગાઓ એમનાથી શું સંબંધ ? અમલ છોડી શબ્દને મહત્ત્વ આપનાર માટે તો આજ ઉખાણુ સત્ય છે, યહ મુંહ ઔર મસૂરકી દાલ !

મારી બહેનો ! દુનિયામાં જે લોકો કોઈ પાર્ટીનો ઝંડો લઈને ચાલે છે તો તેમને પાર્ટીના સપોર્ટર કહેવામાં આવે છે. જો તેઓ ધમાલ– મસ્તી





કરતા હોય, લોકોને સતાવતા હોય, વગર વાંકગુને ગાળ બોલતા હોય તો લોકો સપોર્ટરોની વર્તણૂંક જોઈ પાર્ટીને જ ખરાબ સમજે છે. અને હાલની ગંદી સિયાસત અને નાપાક રાજકારણને જોયા બાદ આ વાત સમજવી મુશ્કેલ નથી. આમ પાર્ટીના મૂળ હેતુઓ ખરાબ ન હોય પરંતુ પાર્ટીના માણસોનું સામાજિક વલણ અસભ્ય હોય તો લોકો પાર્ટીને જ ખરાબ માનતા હોય છે. તો આ જ દાખલા પ્રમાણે દારૂ પીનારાઓએ જો ઝંડો લઈને ચાલે કે ગૌષકા દામન નહીં છોળેંગે ! બદકાર લોકો ઝંડો લઈ ચાલે કે ખ્વાજા કા દામન નહીં છોળેંગે ! ચોર લોકો ઝંડો લઈ ચાલે કે ઈમામ હુસૈન કા દામન નહીં છોળેંગે. લુચ્ચા લફંગા લોકો ઝંડો લઈ ચાલે કે મુશ્કિલકુશાકા દામન નહીં છોળેંગે ! તો જેઓ નથી જાણતા કે મુશ્કિલકુશા કોણ છે, ગૌષે આઝમ કોણ છે ? તેઓ તો એવું જ સમજશે કે આ ઝંડો દારૂવાળાઓ લઈને ફરે છે જેથી આ ઝંડાવાળી પાર્ટીનો હેતુ દારૂ છે. જેઓ ખ્વાજા સાહેબને નથી જાણતા તેઓ તો એવું જ સમજશે કે આ ઝંડો બદકાર લોકોના હાથમાં છે માટે આ પાર્ટીનો મુખ્ય હેતુ બદકારી હશે. જેઓ ઈમામે હુસૈનને નથી ઓળખતા તેઓ તો એવું જ સમજશે કે આ ઝંડો ચોર લોકોના હાથમાં છે એટલે આ પાર્ટીનો મૂળ હેતુ ચોરી હશે. જેઓ મુશ્કિલ કુશાને નથી જાણતા, તેઓ તો એવું જ સમજશે કે જ્યારે આ ઝંડો લુચ્ચા લફંગાઓના હાથમાં છે જેથી આ પાર્ટીનો મૂખ્ય મકસદ લુચ્ચાઈ અને લફંગાપણું હશે અને જેઓ બુઝુર્ગોને ઓળખે છે પરંતુ તેમનાથી અકીદત નથી રાખતા. તેઓ આવા બદઅમલો અને નાફર્માનોના હાથમાં બુઝુર્ગોના ઝંડા જોઈ મજાક ઉડાવશે ! માટે નારા મારાનારાઓએ તથા બુઝુર્ગોના પ્યારા નામોનો ઝંડો લઈ ચાલનારાઓએ પોતાની બદઅમલીથી બુઝુર્ગોનું નામ વગોવવું જોઈએ નહીં. બલ્કે માથાથી લઈ પગ સુધી તેમના રંગમાં રંગાઈ જવું જોઈએ. ફકત દાવો કરી પોતાની જહાલતનું પ્રદર્શન કરવું જોઈએ નહીં.

મારી બહેનો ! શું તમને ખબર નથી ! દુનિયામાં જ્યારે એક બાપનો બેટો નાફર્માન હોય છે તો બાપ માટે તે કશા જ કામનો નથી હોતો. બાપ તેનાથી નારાજ થઈ કહે છે, અગર તારે આવાં જ કામો કરવાં હોય તો પોતાએ મારો બેટો ન કહેવો, હું તને મારો બેટો સમજવા તૈયાર નથી ! ક્યાં હું અને ક્યાં તુ ? અરે બેવકુફ ! તેં તો તારા કૂકર્મોથી

મારું સમાજમાં નાક કપાવ્યું, મારું નામ ફજેત ફજેત કરી નાંખ્યું ! હવે ઘરની બહાર પગ મૂકતાં પણ અમારે બે ઘડી વિચારવું પડે છે. રખે ને કોઈ શું કહેશે ! જ્યારે કે બાપનાં કામો ખરાબ નથી, ફક્ત બેટો જ નક્કામો છે. પરંતુ બેટાની નિસ્બત અને તેનો સંબંધ બાપ સાથે છે તેને લઈને બાપને સોચવું પડે છે તથા અંતે તે બેટાથી સંબંધો કાપી નાખી પોતાની લાચારી પ્રગટ કરે છે અને સમજદાર લોકો કહે છે, ''વલીના પેટ શૈતાન થયો !''

મારી બહેનો ! જ્યારે એક બાપ પોતાના બેટાના કુકર્મોને લઈને તેને પોતાનો બેટો કહેવા તૈયાર નથી અને નથી તેના મોઢે પોતાનું નામ સાંભળવા માંગતો. તો શું ગૌષે આઝમ رحمۃ اللہ علیہ બેનમાઝીની નિસ્બત પોતાના તરફ લગાડવી પસંદ કરશે ? શું ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ શરાબી અને જુગારીને પોતાનો શુભેચ્છક ગણશે ? જ્યારે બાપ એક બેટાના કુકર્મોથી તેની નિસ્બત પોતાના તરફ લગાડવા તૈયાર નથી તો બુઝુર્ગો અને વલીઓ શૈતાનની પોતાની તરફ નિસ્બત કેમ કરી સ્વીકાર કરશે ? મારી બહેનો ! પોતાના મુખે આપણે લાખ મિયાં મીટ્ઠું બનીએ ! તેનાથી કોઈ ફાયદો નથી. મકસદમાં સફળતા તો ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે તે બુઝુર્ગો આપણને પોતાના ઘરનો ગુલામ સ્વીકારી લે અને આ અમૂલ્ય સોગાત ત્યારે જ મળી શકે છે જ્યારે આપણે તેમના રંગમાં રંગાઈ જઈએ.

'ગૌષકા દામન નહીં છોળેંગે'નું પૂરજોશ નારા લગાવનારીઓ, ગૌષે આઝમની કિતાબ 'ગુન્યતુત્તાલિબીન'માં જુઓ, આપ ફર્માવે છે બેનમાઝીને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવામાં ન આવે અને તેની જનાઝાની નમાઝ પઢવામાં પણ ન આવે ! કારણ કે તે નમાઝ ન પઢી ઈસ્લામના વર્તુળમાંથી બહાર નીકળી ગયો છે. ખ્વાજા સાહેબ رحمۃ اللہ علیہ ફર્માવે છે, નમાઝ છોડનાર ભારે શરમિંદગી ઉઠાવશે. હઝરત સુલ્તાન બાહુ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે બેનમાઝી સુવ્વરથી પણ બદતર છે. જ્યારે માત્ર બેનમાઝી પ્રત્યે આ બુઝુર્ગોનું આટલું સખત વલણ છે, તો પછી નમાઝ છોડવાની સાથે બીજાં અનેક કુકર્મો કરનારાઓ પ્રત્યે તેમનો કેટલો ક્રોધ અને ગુસ્સો હશે ? પછી બેનમાઝીને ક્યાં હક પહોંચે છે કે કહે





કે ગૌષકા દામન નહીં છોળેંગે ! પછી જુગારીને કયાં હક પહોંચે છે કે કહે ખ્વાજાકા દામન નહીં છોળેંગે ! બદકારને કયાંથી હક પહોંચે છે કે કહે શહીદે આ'ઝમકા દામન નહીં છોળેંગે ! ફાસિક અને ફાજિરને કયાં હક પહોંચે છે કે કહે મુશ્કિલકુશાકા દામન નહીં છોળેંગે ! અરે ! તમો ન છોડવાની વાત કયાં કરો છો ! તમે તો દામનોને પગ નીચે ચગડી નાખ્યા છે ! નમાઝ ન પઢનારે તેમનો નમાઝવાળો અમલ છોડી દીધો, દાઢી ન રાખનારે તેમનો દાઢીવાળો અમલ છોડી દીધો, તિલાવત ન કરનારે તેમનો તિલાવતવાળો અમલ છોડી આપ્યો, સુન્નત પર ન ચાલનારે તેમનો સુન્નતવાળો અમલ છોડી આપ્યો, ઈબાદત ન કરનારે તેમનો ઈબાદતવાળો અમલ છોડી આપ્યો.

મારી બહેનો ! દામન પકડવાનો મતલબ તેમના તરીકા મુજબ અમલ કરવાનો છે, તેઓ નમાઝી હતા, આપણે પણ નમાઝી બનવું, તેઓ સુન્નતના પાબંદ હતા તો આપણે પણ સુન્નતના પાબંદ રહેવું, તેઓ ઈબાદતગુઝાર હતા તો આપણે પણ ઈબાદતગુઝાર બનવું, તેઓ હરામ અને નાજાઈઝ કામોથી પરહેઝ કરતા હતા તો આપણે પણ એનાથી પરહેઝ કરવો એનું નામ છે બુઝુર્ગોનો દામન પકડવું ! જ્યારે કુકર્મીઓ તેમના વિરોધાર્થી કામો કરીને તેમનું દામન છોડી ચૂકયા છે, તો પણ સમજમાં નથી આવતું કે તેઓ દામન નહીં છોડેંગેની રટ કેમ લગાવી રહ્યા છે ! નમાઝ ન પઢનાર શૈતાનની વાત પર અમલ કરે છે, બંદગી ન કરનાર શૈતાનની વાત પર અમલ કરે છે, ઝિક્રે ઈલાહી ન કરનાર શૈતાનની વાત પર અમલ કરે છે, ગાયનો સાંભળનાર શૈતાનની વાત પર અમલ કરે છે, સુન્નતો પર ન ચાલનાર શૈતાનની વાત પર અમલ કરે છે, તિલાવત ન કરનાર શૈતાનની વાત પર અમલ કરે છે. સારાંશ એ કે ઈસ્લામ વિરૂધ અને શરીઅતની ખિલાફનાં જેટલાં કામો છે તે બધાં શૈતાનનાં કામો છે, શરીઅતની વાતો છોડી તેની ખિલાફ અમલ કરનાર શૈતાનનું દામન પકડી રહ્યો છે. આમ અમલ રૂપે શૈતાનનું દામન પકડે અને શબ્દરૂપે બુઝુર્ગોના દામન પકડવાનું એલાન કરે ! શું આમાં જહાલતનો અંધકાર નથી દેખાતો ?

મારી બહેનો ! જેનાથી જેટલી મહોબ્બત હોય છે તેનાં કામોથી

પણ એટલી જ મહોબ્બત હોય છે.

حُبُّكَ الشَّيْءَ يُعْمِيْ وَيُصِمُّ

મહોબ્બત મોહિબ્બને આંધળો અને બહેરો બનાવી આપે છે. તે મહબૂબના અમલમાં ફાયદો કે નુકસાન નથી જોતો, ફક્ત એટલું જ જુએ છે કે આ કામ મહબૂબને પસંદ છે ? તો મહોબ્બતનો તકાઝો એ જ છે કે તેને પસંદ કરવામાં આવે. મહબૂબને ચેહરા પર દાઢી સજાવવી પસંદ છે, તો હવે એ જોવામાં નહીં આવશે કે દાઢી સારી લાગશે કે ખરાબ ?! મજનૂને લૈલાથી પ્યાર અને મહોબ્બત હતી, તે લૈલાની ગલીના કૂતરાથી પણ પ્યાર કરતો હતો ! તેની નિગાહ કૂતરા તરફ ન હતી, પરંતુ લૈલાની ગલીની તરફ હતી. તો જ્યારે એક દુનિયાનો આશિક પોતાની માશૂકાના ફળિયાના કૂતરાને પણ પસંદ કરે છે તો મુસલમાનો આપણને તો અલ્લાહ તઆલા عزوجل ના પ્યારા હબીબ સાહેબે લવલાક અહમદે મુજતબા મોહંમદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم થી મહોબ્બતનો દાવો છે તો પછી તેમની સુન્નત અપનાવવામાં શરમ શા માટે ? શું તમે મહોબ્બતનો દાવો કરીને પણ તેમના અમલમાં ફાયદો શોધી રહ્યા છો ? અરે ! શું તમને ખબર નથી કે મહોબ્બતના માર્ગમાં ફાયદાનો ચાહતગાર મતલબ પરસ્ત કહેવાય છે. તેને નિકાહની સુન્નત પસંદ આવે છે, દાઢીની સુન્નત પસંદ નથી આવતી ! સાંજે જમ્યા પછી ચાલીસ કદમ ચાલવાની સુન્નત પસંદ આવે છે, નમાઝની સુન્નત પસંદ નથી આવતી ! માટે તુ પોતે જ ફેંસલો કરી લે, કે તારી મહોબ્બત સત્ય નથી, મતલબ પરસ્તીની છે. જે કામ તને પસંદ આવે છે તેને અપનાવે છે અને જે કામ તારી મરજી વિરૂદ્ધનું છે તેને તુ છોડી આપે છે ! તો પછી જાહેર થાય છે કે તુ નફસનો આશિક છે, નબીનો કયાં !

અય મહોબ્બતના દાવેદાર ! તુ મહોબ્બતના ભેદથી વાકેફ નથી, કારણ કે તારો નફસ હજુ જીવંત છે અને તે પોતાના ઈરાદા પ્રગટ કરી રહ્યો છે અને તુ તેનો ગુલામ બનીને ફરી રહ્યો છે. મહોબ્બતના વર્તુળમાં ડગ ભરતા પહેલાં તુ તારા નફસને મારી નાખ ! કાન અને આંખને મહબૂબ સિવાય બીજાના માટે આંધળાં અને બહેરાં કરી આપ





તો જ તારી આંખને મહબૂબના તરીકા જ પસંદ આવશે અને તારા કાનને મહબૂબની વાણી જ સારી લાગશે, શું તમને ખબર નથી ? મહોબ્બતનો દા'વો આપણે પણ કરીએ છીએ અને સહાબાએ કિરામ પણ કરતા હતા. પરંતુ બન્નેના અમલોમાં ઘણો જ તફાવત જણાય છે, આપણે અમલમાં ફાયદો જોઈએ છીએ, જ્યારે તેઓ અમલમાં મહબૂબને જોતા હતા, કેમ ? એટલા માટે જ કે તેઓ મહોબ્બતના ભેદથી વાકેફ હતા અને આપણે એનાથી તદ્દન નાવાકેફ છીએ. તેઓ નફ્સને મારીને મહોબ્બત કરતા હતા, જ્યારે આપણે નફસને તાજો રાખી દા'વો કરીએ છીએ. માટે બન્નેના અમલોમાં તફાવત જોવા મળે છે.

હઝરત રાબિયા બસરિય્યહ્ رضی اللہ عنہا ફર્માવે છે :–

لَوْكَانَ حُبُّكَ صَادِقًا لَاَطَعْتَهٗ اِنَّ الْمُحِبَّ لِمَنْ يُّحِبُّ مُطِيْعٌ

જો તારી મહોબ્બત સત્ય હોય તો તુ મહબૂબના હુકમનું પાલન કરત. બેશક ! આશિક માશૂકના હુકમનું પાલન કરતો હોય છે. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہ સાચા આશિકે રસૂલ હતા. આપની સુન્નત કદાપિ છૂટતી ન હતી. એક વખત આપે વુઝૂ કર્યું તો દાઢીમાં ખિલાલ કરવાની સુન્નત ભૂલી ગયા. થોડા સમય પછી યાદ આવ્યું તો આપે ઘણો જ અફસોસ જાહેર કર્યો. એક દિવસ આપ તે સુન્નત છૂટવાના ગમમાં આંસું સારતા હતા. આપના ખલીફા બખ્ત્યાર કાકી رحمۃ اللہ علیہ એ અર્ઝ કરી, હુઝૂર ! શું તકલીફ છે, શા માટે રડો છો ? તો આપે જવાબ આપ્યો, 'બેટા બખ્તિયાર ! એક વખત વુઝૂ કરવામાં ભૂલથી ખિલાલની સુન્નત છૂટી ગઈ, જ્યારે જ્યારે મને તે યાદ આવે છે ત્યારે ગમથી મારી આંખો અશ્રુવર્ષા કરવા લાગે છે ! માત્ર મને એ ફિકર છે કે કયામતના દિવસે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم મને સવાલ કરશે કે મોઈનુદ્દીન ! મારી સુન્નત કેમ છોડી આપી હતી ? તો હું શો જવાબ આપીશ, આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોં કેમ કરી બતાવી શકીશ !

મારી બહેનો ! આને કહેવાય સત્ય મહોબ્બત ! કે એક કામ મહબૂબની અદાથી વિરૂદ્ધ થયું અને તે પણ ભૂલથી થયું, જાણી બુઝીને નહીં ! છતાં પણ તેમને આટલો બધો અફસોસ ! અને આપણે સુન્નતો

પર અમલ કરવાનું તો સમજતાં જ નથી ! પરંતુ જાણી જોઈને ફરજો પણ છોડી રહ્યા છીએ ! જ્યારે કે એક વખત ખ્વાજા સાહેબ رحمۃ اللہ علیہ ની બારગાહમાં એ વાત પર ચર્ચા શરૂ થઈ કે લોકો નમાઝમાં એટલી તાખીર (ઢીલ) કરે છે કે સમય તંગ થવા લાગે. હજુ આટલું જ સાંભળ્યું હતું કે આપે ફર્માવ્યું, શું મુસલમાન નમાઝમાં એટલી તાખીર (ઢીલ) કરી શકે છે કે સમય તંગ થઈ જાય ! મતલબ એ થયો કે ખ્વાજા સાહેબ رحمۃ اللہ علیہ એ કબૂલ કરવા તૈયાર જ નથી કે મુસલમાન નમાઝમાં આટલું આળસ કરે.

મારી બહેનો ! સહાબાએ કિરામ, જ્યાં જીભથી મહોબ્બતે રસૂલના નારા મારતા હતા, ત્યાં તેમનાં દિલો પણ એ જ વાત કબૂલ કરતાં હતાં. એટલે તેમની મહોબ્બત અમલરૂપે જોવા મળતી હતી. અને આપણે મહોબ્બતને જીભ સુધી રહેવા દઈએ છીએ, દિલ સુધી તેની ગુઝર નથી. નહીં તો મહોબ્બતના તકાઝા વિરૂદ્ધ આપણા અમલો જોવા મળત ? આપણે ઘરમાં પંખાની નીચે બેસીને પણ નમાઝથી ગાફેલ છીએ અને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ તો રેતીના રણમાં પણ લડાઈના મેદાનમાં, તલવારોના છાયામાં નમાઝો અદા કરતા હતા. એટલે સુધી કે જ્યારે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ જમાઅતથી નમાઝ અદા ફર્માવતા તો દરેક સહાબીની તમન્ના એ જ હતી કે હું આપની ઈકતેદામાં નમાઝ અદા કરું.

કુર્આન શરીફની આયતમાં સહાબાએ કિરામના લડાઈના મેદાનમાં નબીએ પાકની પાછળ જમાઅત સાથે નમાઝ પઢવાનો શોખ બયાન ફર્માવ્યો,

وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ
فَلْتَقُمْ طَآئِفَةٌ مِّنْهُمْ مَّعَكَ وَلْيَاْخُذُوْا
اَسْلِحَتَهُمْ فَاِذَا سَجَدُوْا فَلْيَكُوْنُوْا مِنْ
وَّرَآئِكُمْ وَلْتَاْتِ طَآئِفَةٌ اُخْرٰى لَمْ يُصَلُّوْا
فَلْيُصَلُّوْا مَعَكَ وَلْيَاْخُذُوْا حِذْرَهُمْ وَاَسْلِحَتَهُمْ

"અને અય મેહબૂબ ! તમે તેઓમાં તશરીફ રાખેલા છો પછી નમાઝમાં તેમની ઈમામત કરો તો તેમની એક જમાઅત તમારી સાથે હોય અને તેઓ પોતાના હથિયાર સાથે રાખે





પછી જ્યારે તેઓ સજદો કરી લે તો ખસી તમારાથી પાછળ થઈ જાય અને હવે બીજી જમાઅત આવે જે હજુ સુધી નમાઝમાં શરીક નથી થઈ, હવે તેઓ તમારા મુકતદી બની જાય અને તેઓ પોતાની પનાહ અને પોતાના હથિયાર સાથે રાખે."

લશ્કર માટે નમાઝોની રકાતોની વહેંચણી કરી આપવામાં આવી હતી કે લશ્કરની બે ટૂકડી થઈ જાય. એક દુશ્મનો સામે તૈયાર રહે અને બીજી ટૂકડી બે રકાતવાળી નમાઝ હોય તો એક રકાત અદા કરી પ્રથમ ટૂકડીની જગ્યાએ ચાલી આવે અને દુશ્મન સામે તૈયાર રહે અને આ પહેલી ટૂકડી આવી એક રકાત ઈમામ સાથે અદા કરે અને પછી બન્ને ટૂકડીઓ બાકીની એક એક રકાત પોતે પઢી લે. આમ લડાઈના મેદાનોમાં પણ નમાઝો પઢાઈ રહી હતી ! અને આપણે સિલાઈ મશીન પર બેઠા હોય તો પાંચ પૈસા વધારે કમાવવા માટે અલ્લાહ તઆલાના ફર્ઝને ભૂલાવી બેઠા છીએ ! તેઓને લડાઈ પણ નમાઝથી ગાફિલ કરી શકતી ન હતી અને આપણને પાંચ પૈસાની મહોબ્બત પણ નમાઝ ભૂલાવી દે છે ! એટલા માટે જ કે આપણે દિલને મહોબ્બતમાં મજબૂત બનાવ્યું નથી અને નફસને મોતની દાવત આપી નથી.

મારી બહેનો ! હુઝૂર ગૌષે આઝમ رضی اللہ عنہ એ ચાલીસ વર્ષ ઈશાના વુઝૂથી ફજરની નમાઝ અદા ફર્માવી એટલે કે આપ ચાલીસ વર્ષ સુધી રાતના સૂતા નથી અને અલ્લાહને યાદ કરતા રહ્યા ! ગૌષ પાક رضی اللہ عنہ ના શુભેચ્છકો કેમ ફજરના સમયે આરામથી નિંદ્રા મારતા હોય છે ? ખ્વાજા ગરીબ નવાઝ તો જ્યારે વજ્દમાં આવી બેહોશ થઈ જતા, ત્યારે હઝરત બખ્તિયાર કાકી આપના ખલીફા 'સલાત' 'સલાત' કહી આપને હોશમાં લાવતા હતા. જ્યારે હોશમાં આવતા તો ફર્માવતા, નમાઝથી કોઈને છૂટકારો નથી. હું કયાં હતો અને મારે કયાં આવવું પડયું ! હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ને ફજરની નમાઝમાં ભાલો વાગ્યો. આપ બેહોશ થઈ જમીન પર પડી ગયા. સહાબાઓએ પોતાની નમાઝ પૂરી કરી અને હઝરતને ઘરે લાવ્યા. ફજરની નમાઝને થોડો સમય બાકી હતો અને આપની નમાઝ બાકી હતી, તો આપને અમીરૂલ

મોઅમેનીન ! અસ્સલાત ! અસ્સલાત ! કહીને અવાજ આપવામાં આવી. આપ તરત જ હોશમાં આવી ગયા અને આવી જ હાલતમાં નમાઝ અદા ફર્માવી અને કહ્યું, જેણે નમાઝ ન પઢી દીનમાં તેનો કોઈ ભાગ નથી ! હઝરત અલી મુર્તુઝા رضی اللہ عنہ ને જાંગમાં તીર વાગ્યું જે નીકળી શકે તેમ ન હતું. પરંતુ એ જ હાલતમાં હતા કે નમાઝનો સમય થઈ ગયો. તો આપે નમાઝ અદા ફર્માવી અને નમાઝની હાલતમાં આપનું તીર ખેંચી લેવામાં આવ્યું.

સહાબાઓ તથા બુઝુર્ગોના શરીઅત પર અમલ કરવાના આવા અસંખ્ય દાખલાઓ સાંભળવા મળશે. કેમ કે તેમને અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ થી સાચી મહોબ્બત હતી. માટે તેઓ તેમના હુકમ મુજબ ચાલતા હતા અને કદી પણ નાફર્માની કરતા ન હતા. અને આપણી હાલત કેવી છે તે બાબત ઈમામે ઈશ્કો મહોબ્બત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે :-

**રિઝ્કે ખુદા ખાયા કિયા ફર્માને હક ટાલા કિયા**
**શુક્રે કરમ તરસે સઝા યે ભી નહીં વોહ ભી નહીં**

યા'ની અલ્લાહ તઆલાનું રિઝ્ક ખાઈને આપણે તેના જ હુકમ વિરૂદ્ધ અમલ કરીએ છીએ, ન તો આપણે તેની નેઅમતોનો શુક્ર અદા કરતા કે નથી આપણને નાફર્માની કરવા પર સજાની બીક !

મારી બહેનો ! હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને કોણ નથી જાણતું. આપ અલી رضی اللہ عنہ ના લાલ, ફાતેમાના કલેજાના ટૂકડા અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવાસા, જેમને આપે જન્નતના જવાનોના સરદાર હોવાની બશારત સંભળાવી. આપ પોતે તો શરીઅત વિરૂદ્ધ કોઈ કામ કરતા ન હતા, પરંતુ શરીઅત વિરૂદ્ધ કરનારને કબૂલ પણ કરતા ન હતા. શું તમે જાણો છો, હઝરત ઈમામ હુસૈનને ખિલાફતની તલબ ન હતી, પરંતુ જ્યારે અમીર મુઅવિયહ્ رضی اللہ عنہ નો વિસાલ થયો. પછી આપની જગાએ આપનો બેટો ખલીફા બની બેઠો. એના અમલો સારા ન હતા. ફાસિકો ફાજિર તથા બે નમાઝી હોવાને કારણે તે ખલીફા બનવાને લાયક ન હતો. પરંતુ તે સત્તાના જોરે ખલીફા બની બેઠો અને લોકોને પોતાની





બયઅત પર મજબૂર કરવા લાગ્યો. પરંતુ ખાનદાને રસૂલના ચશ્મો ચિરાગ બાતિલ સામે પોતાનું શિશ કપાવી શકે છે. પણ તેની ખિલાફે શરીઅત વાતોના ઈકરારમાં શિશ નમાવી નથી શકતા. એ જ વાત સામે આવી કે યઝીદે આપને પણ પોતાની બયઅત પર મજબૂર કરવા હુકમ કર્યો. આપે ફાસિક ફાજિરને પોતાનો અમીર કબૂલ કરી દીનને નુકસાન પહોંચાડવું પસંદ ન કર્યું. જો જાહેરમાં આપે બયઅત કરી લીધી હોત તો જાલિમોના જુલ્મથી બચાવ અને જાનની હિફાઝત કરવા માટે શરીઅતના કાનૂન પ્રમાણે આપને ઈજાજત મળી શકે તેમ હતું. પરંતુ આપે રૂખસત પર નહીં પણ અઝીમત પર અમલ કરવો પસંદ કર્યો. અને આપના મકામ અને મરતબાને જોતાં આપના માટે અઝીમત પર અમલ કરવો જ બેહતર હતો. અંતે કરબલામાં જંગ થઈ અને તેમાં આપ તથા આપના ખાનદાનના અનેક ચિરાગો હોલવાઈ ગયા. અને શહાદતનો શર્ફ પામ્યા, પરંતુ ન આપે બેઅમલને કબૂલ કર્યો કે ન આપના ખાનદાને બેઅમલને કબૂલ કર્યો.

મારી બહેનો ! વિચારવા જેવી વાત છે કે જ્યારે ઈમામે હુસૈન رضی اللہ عنہ એ પોતાની જાન આપવી પસંદ કરી પરંતુ બદઅમલને કબૂલ કરવો પસંદ ન કર્યો. તો આપણે બદઅમલ બની ‘હુસૈનકા દામન નહીં છોળેંગે’ના આકાશ ધ્રુજે એવા નારા લગાવીએ તો શું તે ઈમામ હુસૈનને પસંદ આવશે ? અને શું તેઓ બદઅમલને પસંદ કરશે ? જ્યારે આપે ફાની હયાતમાં બદઅમલને કબૂલ ન કર્યો તો બાકી હયાતમાં શી રીતે કબૂલ કરી શકે !

મારી બહેનો ! કરબલાના મેદાનમાં ગરમ રેતીના રણમાં ત્રણ ત્રણ દિવસ ભૂખે તરસે રહીને પણ ન આપે નમાઝ છોડી કે ન આપના સાથીઓએ નમાઝ તર્ક કરી, ન ઔરતોએ નમાઝ છોડી. બલ્કે આવી ભયંકર મુસીબતની હાલતમાં પણ જમાઅત સાથે નમાઝ અદા કરવામાં આવતી હતી. વળી જ્યારે આપ ઝખ્મોથી બેકાબૂ થઈ જમીન પર તશરીફ લઈ આવ્યા ત્યારે જુમ્આનો દિવસ હતો, આપે તે જ હાલતમાં પોતાનું માથું સજદામાં નમાવ્યું અને જિંદગીનો અંતિમ સજદો અદા કરી જબાને હાલથી કરબલાની જમીનને ગવાહ બનાવી કે અય જમીન ! તુ ગવાહ રહેજે કે હુસૈને પોતાની નમાઝ કઝા નથી કરી. જ્યારે ઈમામ હુસૈન

رضی اللہ عنہ એ લડાઈના મેદાનમાં ભૂખે અને તરસે રહીને પણ નમાઝ છોડી નથી, તો પછી આપણે તેમનાથી અકીદત અને મહોબ્બતનો દાવો કરી ઘરોમાં આરામથી રહી નમાઝને ભૂલાવી બેસીએ તે કેટલી શરમજનક વાત કહેવાય !

બેનમાઝી હોવું હુસૈનનું કામ ન હતું, યઝીદનું હતું. રસૂલેપાકની સુન્નતો છોડવાનું કામ હુસૈનનું ન હતું પણ યઝીદનું હતું. બદકારી કરવાનું કામ હુસૈનનું ન હતું, યઝીદનું હતું. દારૂ પીવાનું કામ હુસૈનનું ન હતું, યઝીદનું હતું. ફિસ્કો ફૂજૂર કરવાનું કામ હુસૈનનું ન હતું યઝીદનું હતું. તો પોતાને હુસૈની કહેનારાઓ અને હુસૈની કહેનારીઓ ! હુસૈન નમાઝી હતા, આપણે બેનમાઝી કેમ ? હુસૈન નેકોકાર હતા આપણે બદકાર કેમ ? હુસૈન સુન્નતોના પાબંદ હતા. આપણે સુન્નતોથી ગાફિલ કેમ ?

ઈન્સાફથી ફેંસલો કરી જવાબ આપો કે નમાઝ ન પઢવી, સુન્નતો પર અમલ ન કરવો અથવા બીજી અનેક પ્રકારની બુરાઈઓ કરવી આ બધાં કામ હુસૈનનાં ન હતાં, યઝીદનાં હતાં. તો પછી આપણે પોતાને હુસૈની કહીને છીએ. યઝીદથી નફરત કરીએ છીએ અને કામ હુસૈન જેવાં નથી કરતાં પણ યઝીદ જેવાં કરીએ છીએ એને શું કહેવાય ?! યઝીદની, મહોબ્બત કે હુસૈનની મહોબ્બત ? તો આનો જવાબ એ જ કે શબ્દોમાં હુસૈનની મહોબ્બત અને અમલમાં યઝીદની મહોબ્બત !! જો એવું નથી તો પછી આપણે દા'વા અને અમલ બન્ને તરીકાથી ઈમામ હુસૈનની સીરત અને જીવન ચારિત્ર્ય પર અમલ કરવો જોઈએ. ત્યારે જ આપણી મહોબ્બત સત્ય મહોબ્બત કહી શકાય.

મારી બહેનો ! આજે આપણે સહાબાની હિજરતના પ્રકરણમાં ચર્ચા વિચારણા કરીએ. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ સાથે કેટલી મહોબ્બત કરતા હતા અને સાચો પ્રેમ રાખતા હતા કે ઈસ્લામના વર્તુળમાં આવ્યા બાદ કાફિરો તરફથી આવનાર તમામ મુશ્કેલીઓનો સામનો કર્યો અને જ્યારે અલ્લાહ તબારક વ તઆલા તરફથી પોતાના પ્યારા વતનને તથા ઘરબારને છોડી દેવાનો હુકમ આપવામાં આવ્યો તો બધું જ છોડીને





સહાબાઓ મદીના તરફ રવાના થવા લાગ્યા.

વતન છોડવું કંઈ ખાઈ લેવાની વાત નથી ! લોખંડના ચણા ચાવવાથી પણ વધારે કઠણ કામ છે, પરંતુ સહાબાએ કિરામને જાન, માલ, ઈજ્જત, આબરૂ સર્વથી વધારે ઈસ્લામ અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ થી મહોબ્બત હતી. એટલે કોઈ પણ ચીજ વસ્તુની મહોબ્બત તેમના હિજરતના માર્ગમાં અડચણરૂપ બની શકે એમ ન હતી. તેઓ ફર્માને રસૂલની અમલી તફસીર હતા.

اَلدُّنْيَا خُلِقَتْ لَكُمْ وَاَنْتُمْ خُلِقْتُمْ لِلْاٰخِرَةِ

કે દુનિયા તમારા માટે પેદા કરવામાં આવી છે અને તમે આખેરત માટે પેદા કરવામાં આવ્યા છો.

**ન તૂ ઝમીં કે લિયે હય ન આસ્માં કે લિયે**
**જહાં હય તેરે લિયે તૂ નહીં જહાં કે લિયે**

وَمَنْ يُّهَاجِرْ فِيْ سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِي الْاَرْضِ
مُرٰغَمًا كَثِيْرًا وَّسَعَةً وَمَنْ يَّخْرُجْ مِنْ بَيْتِهٖ
مُهَاجِرًا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ
فَقَدْ وَقَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

અલ્લાહ તબારક વ તઆલા કુર્આન શરીફ ફુર્કાને હમીદમાં હિજરત બાબત ઈર્શાદ ફર્માવે છે, "અને જે અલ્લાહના માર્ગમાં ઘરબાર છોડી નીકળ્યો, અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ તરફ હિજરત કરી પછી તેને મોતે પામી લીધો તો તેનો સવાબ અલ્લાહના જિમ્મે થઈ ગયો અને અલ્લાહ બક્ષનાર દયાળુ છે."

આ આયતમાં બયાન કરવામાં આવ્યું કે જે મક્કાથી મદીના હિજરતના ઈરાદે નીકળ્યો, અને રસ્તામાં તેને મોત આવી ગયું અને તે હિજરતના સ્થળે પહોંચી ન શક્યો છતાં તેને હિજરતનો સવાબ મળી જશે. અને એ જ પ્રમાણે કોઈ પણ ગેરમુસ્લિમ મુલકમાંથી કોઈ મુસલમાન

પોતાના દીન અને ધર્મની હિફાઝત માટે હિજરત કરે તો તેને પણ હિજરતનો સવાબ મળશે. તેવી જ રીતે આજે પણ કોઈ જગ્યાએ રહેવાથી દીન ખતરામાં પડી જાય એમ છે તો તેવી જગ્યાએથી દીનની રક્ષા માટે હિજરત કરવી વાજિબ છે. એમ નથી કે મક્કાથી મદીનાની હિજરત પછીથી હિજરતનો દરવાજો બંધ થઈ ગયો. હદીષ શરીફમાં છે કે જે માણસ પોતાના દીનની હિફાઝત માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ ગયો પછી તે એક વેંત પણ કેમ ન હોય, તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ અને તેને હઝરતે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ અને નબીએ આખેરૂઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબત નસીબ થશે.

મારી બહેનો ! જ્યારે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મક્કા શરીફથી મદીના શરીફ તરફ હિજરત ફર્માવી તો દીનના અહેકામ શીખવા માટે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે ઈસ્લામના ચાહકોની ઉપર પણ હિજરત ફર્ઝ કરવામાં આવી. એટલે કોઈ સહાબીને કાફિરો તરફથી ગમે તેટલી અમાન (રક્ષણ) પ્રાપ્ત હોય પરંતુ તેને મક્કા છોડી મદીના જવું જરૂરી થઈ ગયું હતું. આ જ્યારે મક્કા પર ફતેહ હાંસલ કરી લેવામાં આવી ત્યાર બાદ મક્કાશરીફથી મદીનાની હિજરતની ફર્ઝિયતને મન્સૂખ (રદ) કરી દેવામાં આવી.

હિજરત ફર્ઝ થયા બાદ જેઓએ હિજરત ન કરી અને કલ્માગો હોવા છતાં ત્યાં રહી ગઝવએ બદ્રમાં કાફિરો સાથે આવી મેદાનમાં મુસલમાનોના હાથે કતલ થયા તેમના વિષે અલ્લાહ ત્આલા પોતાનો ગઝબ જાહેર કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ الَّذِينَ تَوَفَّاهُمُ الْمَلٰئِكَةُ ظَالِمِي أَنْفُسِهِمْ قَالُوْا فِيمَ كُنْتُمْ قَالُوْا كُنَّا مُسْتَضْعَفِينَ فِي الْأَرْضِ أَلَمْ تَكُنْ أَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيهَا فَأُولٰئِكَ مَأْوٰهُمْ جَهَنَّمُ وَسَاءَتْ مَصِيرًا.

તે લોકો જેમની જાન ફરિશ્તાઓ કાઢે છે એ હાલતમાં કે તે પોતાની ઉપર જુલમ કરતા હતા તેમને ફરિશ્તાઓ કહે છે, તમે શા કામમાં હતા ? કહે છે અમે જમીનમાં અશક્તિમાન હતા. કહે છે, શું અલ્લાહની જમીન વિશાળ ન હતી ? તમે તેમાં હિજરત કરતે ! તો તેઓનું





ઠેકાણું દોઝખ છે અને ઘણી ખરાબ જગા પલટાવાની.

ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا માં ફર્માવે છે કે સફવાન બિન ઉમય્યા મક્કાના ઊંચાણવાળા ભાગમાં હતા, તેમનાથી લોકોએ કહ્યું જેણે હિજરત કરી નથી તેનો દીન મુકમ્મિલ નથી, તેમણે કહ્યું હું જ્યાં સુધી મદીના નહીં જઈશ મારા ઘરે નહીં જઈશ. એમ કહી ત્યાંથી મદીના રવાના થઈ ગયા. હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબના ઘરે રોકાયા. ત્યારબાદ બારગાહે નબીમાં હાજરી આપી. નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, અય અબૂ વહબ ! શા માટે આવવું પડયું ? તો તેમણે અર્ઝ કરી, આકા ! લોકો કહે છે જેણે હિજરત ન કરી તેનો દીન મુકમ્મિલ (સંપૂર્ણ) નથી. તો આપે ફર્માવ્યું, અય અબૂ વહબ ! મક્કા પાછા ચાલ્યા જાઓ અને પોતાના ઘરે રહો, હિજરત તો ખત્મ થઈ ગઈ.

હઝરત ફોદૈક رضی اللہ عنہ હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપી અરજ કરી, યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم લોકો કહે છે કે જેણે હિજરત ન કરી તે બર્બાદ થઈ ગયો. આપે ફર્માવ્યું, અય ફોદૈક ! નમાઝ પઢયા કરો, ઝકાત આપો, બુરાઈઓ છોડી આપો અને પોતાની કૌમમાં જ્યાં ઈચ્છો રહો, તમે મુહાજિર છો.

હઝરત અતા બિન અબી રેબાહ, ઓબેદ બિન ઓમૈર લેસીને સાથે લઈ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની મુલાકાતે ગયા, હઝરત અતા કહે છે કે અમે હઝરત આઈશાને હિજરત બાબત સવાલ કર્યો. હઝરતે આઈશાએ જવાબ આપ્યો, હવે હિજરત નથી. હિજરત તો એટલા માટે હતી કે મુસલમાન પોતાનો દીન અને ધર્મ બચાવવા માટે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ પાસે ચાલ્યા જાય તો ફિત્નામાં ન પડી શકે. આજે અલ્લાહે ઈસ્લામને ગલ્બો (સરસાઈ) આપ્યો, આજે માણસ જ્યાં ઈચ્છે અલ્લાહની બંદગી કરી શકે છે. હા ! જિહાદ અને નિય્યત બાકી છે.

મારી બહેનો ! ઉપરની હદીષોથી જાણવા મળ્યું કે મક્કાથી મદીના તરફ હિજરત ફર્ઝ કરવામાં આવી હતી. પરંતુ મુસલમાનોએ જ્યારે મક્કા ફતેહ કરી લીધું ત્યારબાદ હિજરતની ફર્ઝિયતને રદ કરી

દીધી. પરંતુ ગેરમુસ્લિમ મુલ્કમાં જ્યાં દીનની હિફાઝત કરવી મુશ્કેલ થઈ પડે તો આજે પણ હિજરત કરી શકાય છે. બલ્કે હિજરત કરવી વાજિબ છે. અને હઝરત ઈબ્ને અબ્બાસ રદિઅલ્લાહો અન્હોનો કોલ لَا هِجْرَةَ بَعْدَ الْفَتْحِ۔ નો મતલબ શર્હુસ્સુન્નહમાં એ બયાન કરવામાં આવ્યો છે કે મક્કાથી મદીના તરફની હિજરત રદ કરી આપવામાં આવી છે. આખી દુનિયાથી હિજરતનો હુકમ રદ કરવામાં નથી આવ્યો. કારણ કે જ્યાં સુધી દુનિયામાં કાફિરો મૌજૂદ છે. ત્યાં સુધી આ હુકમ મુસલમાનો માટે બાકી રહેશે. જેમ કે આપે પોતે જ ફર્માવ્યું :– لَا تَنْقَطِعُ الْهِجْرَةُ۔ હિજરતનો હુકમ રદ નહીં થાય. એટલે કે કુફિસ્તાનના મુસલમાનો માટે જરૂરત પડે આ હુકમ બાકી રહેશે. અને દીન બચાવવો ખતરામાં પડી જાય તો વાજિબ રહેશે.

મારી બહેનો ! આપણું બયાન સહાબાએ કિરામની હિજરત વિષે થઈ રહ્યું છે. સહાબાએ કિરામે હિજરતની ઈજાજત મળ્યા બાદ પોતાના અઝીઝ અને પ્યારા વતનને તથા પોતાના માલ, દોલતને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ને રાજી કરવા માટે રાજી ખુશી છોડી આપ્યાં. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા હિજરત કરનાર સહાબાની તારીફમાં જગા જગાએ તેમને મોહાજિર મોહાજિર કહી સંબોધેલ છે. આ કેટલું મોટું ઈનામ કહેવાય ! કે અલ્લાહ તઆલા પોતાના પવિત્ર કલામ કુર્આનમાં તે પોતે મુહાજિર ફર્માવે :–

لِلْفُقَرَآءِ الْمُهَاجِرِيْنَ الَّذِيْنَ اُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ وَاَمْوَالِهِمْ يَبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ وَرِضْوَانًا وَّيَنْصُرُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ اُولٰٓئِكَ هُمُ الصّٰدِقُوْنَ. وَالَّذِيْنَ تَبَوَّؤُ الدَّارَ وَالْاِيْمَانَ مِنْ قَبْلِهِمْ يُحِبُّوْنَ مَنْ هَاجَرَ اِلَيْهِمْ وَلَا يَجِدُوْنَ فِيْ صُدُوْرِهِمْ حَاجَةً مِّمَّآ اُوْتُوْا وَيُؤْثِرُوْنَ عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ وَمَنْ يُّوْقَ شُحَّ نَفْسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ۔

તે ગરીબ હિજરત કરનારાઓ માટે જેમને પોતાનાં ઘરો અને માલમાંથી કાઢી મૂકવામાં આવ્યા. અલ્લાહની કૃપાથી ઈચ્છા કરતા અને અલ્લાહ તેમજ રસૂલની મદદ કરતા તેઓ જ સાચા છે. અને પ્રથમથી જ જેમણે આ શહેર અને ઈમાનમાં ઘર બનાવ્યું,





મિત્ર રાખે છે તેઓને જેઓ તેમની તરફ હિજરત કરીને ગયા અને પોતાના દિલોમાં પામતા નથી. તેને જે આપવામાં આવ્યું છે અને પોતાના પ્રાણો કરતાં તેમને પ્રથમ પસંદગી આપે છે ભલેને તેમને સખત મોહતાજી હોય અને જે પોતાના નફસની લાલચથી બચાવવામાં આવ્યો તો તે જ સફળ છે. (પારા–૨૮)

وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ وَاَعَدَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا اَبَدًا ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ۔

''બધામાં પ્રથમ અને પહેલાં મુહાજિર અને અન્સાર અને જેમણે ભલાઈ સાથે તેમની પેરવી કરી, અલ્લાહ તેમનાથી ખુશ અને તેઓ અલ્લાહથી ખુશ અને તેમના માટે તૈયાર કરી રાખ્યા છે બગીચા જેની નીચે નહેરો વહે હમેશાં તેમાં રહે, આજ મોટી સફળતા છે.''

હિજરતની ઈજાઝત મળતાંની સાથે એક પછી એક સહાબી મોકો જોઈ મદીના શરીફ તરફ રવાના થયા. વતન છોડયું, ઘરબાર છોડયું, દોસ્ત બિરાદર છોડયા, સગા સંબંધી અને સ્નેહી છોડયાં અને અજાણ્યા ઈલાકામાં જઈ રહીશ બન્યા. તેમનું વતન છોડવું અને મિલ્કતને લાત મારવી અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ને રાજી રાખવા માટે હતું, દીનની વાતો ઉપર ઈત્મિનાનની સાથે અમલ કરવા માટે હતું.

અલ્લાહ અને રસૂલને ખાતર વતન છોડનાર પ્રથમ મોહિબ્બે રસૂલનું નામ અબૂ સલમા મખઝૂમી رحمة الله عليه છે, જેમણે મદીના શરીફ તરફ પ્રથમ હિજરત ફરમાવી, ત્યાર પહેલાં આપે હબશા તરફ હિજરત કરવાનો પણ શર્ફ મેળવ્યો હતો. જ્યારે આપ હબ્શાથી મક્કા પાછા આવ્યા અને આપના આગમનની કાફિરોને જાણ થઈ તો તેઓએ હઝરત અબૂ સલ્માને ફરીથી તકલીફો આપવાનું અને સતાવવાનું શરૂ કરી દીધું અને આપના માટે જીવવું મુશ્કેલ કરી દીધું. ત્યાર બાદ આપે મદીના શરીફ હિજરત કરવાનો ઈરાદો કર્યો નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી ઈજાઝત હાંસલ કરી સફરનો સામાન તૈયાર કર્યો. ઊંટ લાવ્યા અને તેના પર પોતાના સાહેબઝાદા સલ્મા વાઈફ ઉમ્મે સલ્માને સવાર કરી પોતે ઊંટની રસ્સી પકડીને મદીનાના ઈરાદે ચાલવા લાગ્યા.

## ★ હઝરત અબૂ સલ્માની હિજરત ★

હઝરતે ઉમ્મે સલ્મા પોતાના શોહર અબૂ સલ્માની હિજરતનો કિસ્સો બયાન ફર્માવે છે કે જ્યારે આપે મદીના હિજરત કરી જવાનો પાકો ઈરાદો કરી લીધો તો સવારી માટે ઊંટ લાવ્યા અને મને ઊંટ પર બેસાડી મારા છોકરા સલ્માને મારા ખોળામાં બેસાડી આપ્યો અને પોતે ઊંટની દોરડી પકડીને ચાલવા લાગ્યા. પરંતુ મારા પિયરવાળાઓને ખબર પડી કે અબૂ સલ્મા ઘર ખાટલે હિજરત કરી રહ્યા છે તો તેઓ જલ્દીથી આવ્યા અને મારા શોહરને કહેવા લાગ્યા, અય અબૂ સલ્મા ! તમે હિજરત કરવા માંગો છો એટલે તમને તો અમે કંઈ જ કહી શકતા નથી અને તમને અહીં રહેવા માટે મજબૂર પણ કરી શકતા નથી પરંતુ અમે અમારી છોકરી ઉમ્મે સલ્માને તમારી સાથે લઈ જવાની ઈજાઝત નથી આપી શકતા, જો તમારે જવું હોય તો એકલા જાઓ.

મારી બહેનો ! હઝરત અબૂ સલ્મા તો અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ને ખુશ કરવા માટે હિજરત કરતા હતા પછી દુનિયાની કોઈ પણ ચીજ તેમના માર્ગમાં રૂકાવટ કઈ રીતે બની શકે છે. મારા પિયરવાળાઓએ તો મારા શોહરના હાથમાંથી ઊંટની દોરડી ખૂંચવી લીધી અને મને મારા શહેરથી જુદા કરી ઘરે લઈ આવ્યા.મને મારા શોહરની જુદાઈ પળભર માટે પણ કબૂલ ન હતી. મને મારા શોહરથી બેહદ પ્યાર તથા અતિશય મહોબ્બત હતી. પરંતુ હું ઔરત જાત થઈને આખા કુટુંબ સામે શું બોલી શકું અને બોલીને પણ શું ફાયદો ? તેઓ મારા કહેવાથી મને છોડી શકે તેમ ન હતું એટલે હું તો મજબૂર અને લાચાર બની કુટુંબીજનો સાથે પીયરમાં આવી. મારા શોહરે તો પાકો ઈરાદો કરી લીધો હતો એટલે તેમણે એકલા સફર ખેડવાનું શરૂ કર્યું. મારા શોહરની જુદાઈમાં મારા કલેજાના ટૂકડે ટૂકડા થઈ રહ્યા હતા. અમારા બન્ને મિયાં બીબીનાં ડગ વિરોધી દિશાઓમાં ઉઠી રહ્યાં હતાં એટલે બન્ને એક બીજાથી એક ડગમાં બેડગ દૂર થઈ રહ્યાં હતાં. મારી આંખોમાંથી મારા શોહરની યાદમાં અશ્રુવર્ષા થતી હતી અને અંદર હૃદય લોહીના આંસુ રડી રહ્યું હતું. ન ઊંઘ આવે ન ખાવા પીવાનું ભાવે ! હું તો કાંટાની માફક સૂકાવા લાગી, આ જુદાઈ મારા માટે મૃત્યુ સમાન હતી, આ દુઃખ મારા માટે અસહ્ય હતું. દિવસ જાય તો રાત ન





જાય અને રાત જાય તો દિવસ ન જાય અને જાણે એક દિવસ તો એક વરસનો લાગવા માંડયો.

હઝરતે ઉમ્મે સલ્મા ફર્માવે છે કે હજુ તો મારા આ દુઃખનો ઈલાજ થયો ન હતો કે પાછી બીજી મુસીબત દોડતી આવી કે જ્યારે મારી સાસરીવાળાઓને ખબર થઈ કે અબૂ સલ્માના સાસરીવાળાઓએ અબૂ સલ્મા પર ત્રાસ ગુજારી તેની પત્ની અને છોકરાને તેનાથી જુદા કરી લીધા છે તો અમે પણ તેમનાથી બદલો લઈને જ રહીશું. તેઓ તો મારા પિયરમાં આવ્યા અને કહેવા લાગ્યા. અય બની મોગૈરા ! તમે લોકોએ અમારા કબીલાના માણસ પર જુલ્મ કર્યો છે, ત્રાસ ગુજાર્યો છે કે તેની પત્ની અને છોકરાને સાથે જવા ન દીધાં. તો તેનો છોકરો અમારો છોકરો છે અને અમે તમારી પાસે રહેવા નહીં દઈશું, એને અમે અમારા ઘરે લઈ જઈશું. આમ તેઓ મારી પાસે આવ્યા અને મારા હાથમાંથી મારા છોકરાને ખેંચવા લાગ્યા. ખેંચતાણમાં મારા છોકારાનો હાથ પણ ઉતરી ગયો. પરંતુ એક ઔરત જાતની તાકાત કેટલી ! તે બધાંની સાથે એકલી શી રીતે પહોંચી શકે ? એક તરફ મને મારા ધણીની જુદાઈનો ગમ હતો અને બીજી તરફ મારાથી મારો છોકરો પણ પડાવી લેવામાં આવ્યો. મારો છોકરો મને કોઈપણ રીતે છોડવા ચાહતો ન હતો પરંતુ તેને બળજબરીથી ખૂંચવી લેવામાં આવ્યો. તે તો ચીસાચીસ કરી રહ્યો હતો. કોઈપણ હાલતમાં છાનો રહેવા તૈયાર ન હતો. પરંતુ હું શું કરૂં ! કોણ હોય જે મારી મદદ કરી શકે, કોણ હોય જે મારા દુઃખમાં સહભાગી બને. કોણ હોય જે મારા શોહર અને મારા છોકારાની જુદાઈ દૂર કરી શકે. મુસલમાનોની સંખ્યા ઓછી હતી અને તેઓ પોતે પણ કાફિરો દ્વારા અપાતી મુસીબતો સહન કરી રહ્યા હતા. પાર વિનાની તકલીફો ભોગવી રહ્યા હતા. એટલે તેમનાથી તો મદદની ઉમ્મીદ રાખવી વ્યર્થ હતી. અને એક તરફ કાફિરો પોતાની હઠમાં હતા જેથી તેમને સમજાવી શકાય તેમ ન હતું. મેં તો મજબૂર થઈને ખાવાપીવાનું છોડી દીધું અને ખાવા શી રીતે ખાવું, કોળિયો ગળા નીચે કેમ કરી ઉતરે ! નથી મારી પાસે મારો શોહર કે નથી મારો વહાલસોયો પુત્ર ! હું તો દિવસે દિવસે સૂકાવા લાગી, મારું બદન તો કાંટા જેવું થઈ ગયું. મારા દિલની પુકાર

એક જ હતી, અય અલ્લાહ ! હું તને અને તારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુશ કરવા આ દુઃખ સહન કરી રહી છું. અય અલ્લાહ ! મુઝ દુઃખિયારીની તુ મદદ ફર્માવ ! અય લાચાર અને મજબૂર લોકોને સહારો આપનાર ! મારી મદદ ફર્માવ ! અય અલ્લાહ ! عزوجل મારા બાળકની જુદાઈમાં મારું હૃદય ધ્રુજી રહ્યું છે, મારા ધણીની જુદાઈમાં મારું હૃદય લોહીના આંસુ સારી રહ્યું છે. અય અલ્લાહ ! عزوجل કોઈ સબબ પૈદા ફરમાવ કે આ જુદાઈ મારાથી દૂર થાય.

ઉમ્મે સલ્મા કહે છે, હું તો પહાડીઓ પર ચાલી જતી અને ત્યાં બેસી મારા દુઃખદર્દને યાદ કરી હિચકીઓ બાંધીને રડતી. મને થતું હું પક્ષી હોત તો ઉડીને પહોંચી જતી. મને રજા મળે તો એકલી સફર ખેડી લેતી. મારી પાસે બળ હોત તો મારા છોકરાને મારા હાથમાંથી ન જવા દેત. સાંજ પડે ઘરે પાછી આવતી. અલ્લાહ અલ્લાહ કરીને સવાર થતી. સવાર પડે ફરી દૂર મેદાનમાં પથ્થરો પર બેસી મારા ગમની દાસ્તાન પથ્થરોને જ સંભળાવતી. આમ જેમ તેમ કરી એક વર્ષ પૂરૂં થયું. મને તો લાગ્યું જાણે સદીઓ ગુજરી ગઈ.

અલ્લાહ તઆલાએ મારી દિલી પુકાર કબૂલ કરી લીધી અને મારા માટે જુદાઈ દૂર થવાનો સબબ પેદા ફર્માવ્યો. હું તો રોજની માફક આજે પણ આંસુ સારતી દુઃખની વાતો પથ્થરોને સંભળાવી રહી હતી એટલામાં મારા કાકાનો છોકરો ત્યાં આવી પડયો અને મને રડતી જોઈ તેના દિલમાં રહમ ઉતરી આવી અને તેણે મારા પિયરવાળાઓને કહ્યું તમે શા માટે ઉમ્મે સલ્મા પર જુલ્મ કરો છો, ત્રાસ ગુજારો છો, તેની પરિસ્થિતિ તો જુઓ ! બિચારી સૂકાઈને કાંટો થઈ ગઈ છે ! કેટલા વર્ષોની વૃદ્ધા હોય એવી તો તેની હાલત થઈ ગઈ છે. શું તમારા લોકોને રહમ આવશે કે પછી બિચારીનો જીવ લઈને જ છોડશો ? મારા કાકાના છોકરાની વાત સાંભળી મારા પિયરવાળાઓના દિલમાં રહેમ જાગી અને મને મદીના શરીફ જવાની પરવાનગી આપી. પરંતુ મારા છોકરાને તો મારા સાસરીના લોકો લઈ ગયા હતા. હું મારા કલેજાના કકડાને મૂકી એકલી કેવી રીતે જઈ શકું ? જેથી મેં મારા સાસરીવાળાઓને કહેવડાવ્યું કે મને મારા





શોહર પાસે જવાની રજા મળી છે, માટે મારો છોકરો મને પાછો આપી દો. સાસરીના લોકોએ મને મારો છોકરો પરત કર્યો. હું મારા છોકરાને મારા ખોળામાં બેસાડી ઊંટ પર સવાર થઈ મદીના તરફ ચાલવા લાગી.

ઔરત જાત અને વળી દૂરનો સફર, સાથે આવનાર કોઈ નહીં. ઉમ્મે સલ્મા ફરમાવે છે કે હું તો નથી જોતી દિવસ કે નથી રાત. જ્યારે હું મુકામે તન્ઈમમાં પહોંચી તો અલ્લાહ તઆલાએ મારા માટે રફીકે સફરની વ્યવસ્થા કરી દીધી. ઉસ્માન બિન તલ્હા ત્યાં ઊભો હતો, તેણે મને પૂછયું. ઉમ્મે સલ્મા ! બાળકને લઈ એકલી ક્યાં જઈ રહી છે ? મેં ધીમા સ્વરે જવાબ આપ્યો, કે, ઉસ્માન ! મારા શોહર મદીના ચાલ્યા ગયા છે અને મારા પિયરીયાઓએ મને તેમનાથી અલગ કરી અહીં રોકી લીધી હતી. આજે મને જવાની રજા મળી ગઈ છે માટે હુ મારા પતિ પાસે મદીના જઈ રહી છું. તેણે કહ્યું, શું તું એકલી જ જાય છે કે કોઈ સાથી છે ? મેં કહ્યું, ઉસ્માન ! કસમ પરવરદિગારની મારી સાથે આ બાળક અને મારો અલ્લાહ છે, તે સિવાય કોઈ નથી ! ઉસ્માને કહ્યું, હે ઉમ્મે સલ્મા ! આટલો લાંબો માર્ગ તુ એકલી કેવી રીતે ખેડી શકીશ ! રસ્તામાં કેટલાં વન આવે, કેવાં કેવાં હિંસક જનાવરોનો ભેટો થાય તથા ચોર ડાકૂઓ પણ વટેમાર્ગુની રાહ જોતા બેઠા હોય છે માટે એકલાં સફર કરવું અતિ મુશ્કેલ છે. મેં કહ્યું, ઉસ્માન ! શું કરૂં ? કોઈ સાથે આવનાર નથી એટલે મજબૂર છું ! ઉસ્માન બિન તલ્હાએ કહ્યું, ઉમ્મે સલ્મા ! ગભરા નહીં, તને આજે કોઈ મદદ કરનાર નથી તો તુ મને તારો ભાઈ સમજી લે, હું તને મદીના પહોંચાડી આવું. મારા જેવા વિર યોદ્ધાને એ વાત શોભા નથી આપતી કે એક ઔરત મજબૂરીને કારણે એકલી અટૂલી સફર ખેડે.

હઝરત ઉમ્મે સલ્મા ફરમાવે છે, મેં મનોમન રબનો શુક્ર અદા કર્યો કે અલ્લાહ તઆલાએ અહિયાં પણ મારી મદદ ફર્માવી અને મારા માટે રફીકે સફરનો ઈન્તેઝામ ફર્માવ્યો. આજે કોઈ ભાઈ ભત્રીજાને કે સગા સ્નહીને મારા એકલા સફર કરવા પર રહેમ ન આવી જ્યારે એક પરાયા ઈન્સાન મારફત મારી મદદ કરવામાં આવી. અય અલ્લાહ ! હું તારો જેટલો શુક્ર અદા કરું તેટલો ઓછો છે.

ઉસ્માન બિન તલ્હા મારા ઉંટની દોરડી પકડી ચાલવા લાગ્યો.

હું વર્ણન કરી નથી શકતી ! આવો અપાર શરાફતવાળો માણસ મારા જોવામાં નથી આવ્યો, જે બેકસ મજબૂર ઓરતને સહારો આપે તથા બેહદ શરાફતનો સબૂત આપે. જ્યારે જ્યારે સફરથી થાકતા અને થોડો આરામ કરવાની તેમજ ઊંટને ચારો પાણી આપવાની જરૂરત પડતી, ત્યારે ઉસ્માન ઊંટને બેસાડી દૂર ચાલ્યો જતો, હું ઉતરી જતી તો તે ઊંટને ચરવા લઈ જતો. હું એક ઝાડ નીચે સૂતી અને તે દૂર કોઈ ઝાડ સાથે ઊંટ બાંધીને સૂઈ જતો. જ્યારે સફર આરંભ કરતાં, તો તે ઊંટ બેસાડી ચાલ્યો જતો અને હું સવાર થઈ જતી ત્યારે તે ઊંટની રસ્સી પકડી ચાલવા લાગતો. આમ કેટલા દિવસે હું મદીના પહોંચી. કાબા શરીફનાં મકાનો દેખાવા લાગ્યાં. ઉસ્માને કહ્યું, ઉમ્મે સલમા ! આ જે જગ્યાએ વસ્તી દેખાય છે ત્યાં જ તારો શોહર રહે છે. હવે કંઈ ભય જેવું નથી, તુ એકલી ચાલી જા ! હું અહિયાથી જ પાછો ફરૂં છું. આટલું કહી ઉસ્માન મક્કા તરફ રવાના થયો અને હું કા'બામાં મારા શોહર પાસે પહોંચી ગઈ. આમ બર્બાદ થએલું કુટુંબ રબના હુકમથી ફરી આબાદ થઈ ગયું.

وَاللّٰہِ مَا اَعْلَمُ اَھْلَ بَیْتٍ فِی الْاِسْلَامِ اَصَابَھُمْ
مَا اَصَابَ اٰلَ اَبِیْ سَلَمَۃَ وَمَا رَأَیْتُ صَاحِبًا قَطُّ
اَکْرَمَ مِنْ عُثْمَانَ بْنِ طَلْحَۃَ۔

ઉમ્મે સલમા પોતાની તકલીફોનું વર્ણન આ શબ્દોમાં કરે છે, કસમ અલ્લાહની ! હું ઈસ્લામમાં કોઈ કુટુંબ એવું નથી જોતી જેને અબૂ સલ્માના કુટુંબ જેટલી મુસીબતોનો સામનો કરવો પડયો હોય, અને ઉસ્માન બિન તલ્હાથી વધારે શરાફતવાળો માણસ મારા જોવામાં નથી આવ્યો.

મારી બહેનો ! આ છે ઉમ્મે સલ્મા, જે ઔરત જાત થઈને અલ્લાહના માર્ગમાં આવતી દરેક મુસીબતોનો કેટલી દિલેરીથી સામનો કરતાં હતાં અને આવી કપરી મુસીબતોમાં પણ રબને યાદ રાખતાં અને તે ખુશ થાય તેવાં જ કામો કરતાં. અને આજની ઔરતો જરા પણ તકલીફ વિના આરામ તથા શાંતિથી રહીને પણ અલ્લાહ તઆલાને ભૂલી બેઠી છે ! પોતાને મુસલમાન કહીને પણ અલ્લાહ સામે શિશ નથી નમાવતી !





શું આજની ઓરતો માટે ઉમ્મે સલ્માનું જીવન બોધપાત્ર નથી ? કે જે સખત તકલીફમાં રહીને પણ રબ તઆલાને યાદ કરતી હતી તથા દીનની હિફાઝત ખાતર વતન પણ છોડી આપ્યું હતું. અને આજે આપણી પાસે અનેક પ્રકારની સગવડો તથા એશઆરામ હોવા છતાં રબની બંદગીથી મુખ ફેરવી લીધું છે. તેઓ પાસે તો રહેવા માટે સારાં ઘર ન હતાં, સૂવા માટે બેડ કે પલંગ ન હતા, ખાવા માટે સારાં સારાં ભોજન ન હતાં. પહેરવાને સારાં કપડાં ન હતાં. સફર માટે સારી સવારીઓની વ્યવસ્થા ન હતી અને વળી ઉપરથી તેમની ઈબાદતો પર કાફિરો તરફથી સખત પ્રતિબંધ હતો તેઓ તો દીન બચાવવા અને અલ્લાહની યાદમાં દિલી શાંતિ પ્રાપ્ત કરવા વતન છોડીને માલ મિલ્કતને લાત મારીને બીજા શહેરોમાં ચાલી જતી. અને આજની ઔરતો પોતાના કુટુંબ કબીલા સાથે રહીને તથા બધી જ રીતે શાંતિ હાંસલ કરીને પણ અલ્લાહને યાદ ન કરે, વખત પર નમાઝ ન પઢે, નબી પાકના ફર્માન મુજબ ન ચાલે તે કેટલી શરમજનક વાત કહેવાય. મારી બહેનો ! તમે આવા ઐતિહાસિક કિસ્સા વાંચો અને તમારા પોતાના જીવનમાં સુધારો લાવવાની કોશિશ કરો.

**કોઈ મહ્‌વે યાદે ખુદા હો ગઈ**
**કોઈ માલો ઝર પર ફિદા હો ગઈ**

તમે માલો દોલતમાં ગાંડી બની પોતાની આખેરત ખરાબ ન કરો અલ્લાહની યાદમાં તલ્લીન બની હમેશાંની આખેરતવાળી જિંદગીની સફળતા પ્રાપ્ત કરી લો.

**ગલત રવીસે મનાઝિલ કા બોઅદ બળ્હતા હય**
**મુસાફિરો રવીસે કારવાં બદલ ડાલો**

મારી બહેનો ! આ તો તમોએ હઝરત ઉમ્મે સલ્માનો દિલ ધ્રુજાવી આપે એવો દુ:ખદ હિજરતનો કિસ્સો સાંભળ્યો. હવે હું તમને રસુલે પાક صلی اللہ تعالٰی علیہ وسلم ની પ્યારી સાહબઝાદી હઝરત જૈનબ رضی اللہ عنہا નો દુ:ખભર્યો હિજરતનો કિસ્સો જણાવું કે નબીની પ્યારી બેટીને પણ દીનના માર્ગમાં કેવી કેવી મુસીબતોનો સામનો કરવો પડયો હતો. આ ઈસ્લામ

આમ અમસ્તો જ આપણા સુધી નથી પહોંચી ગયો, એના માટે તો સહાબાઓ અને નબીના ખાનદાનનું કેટલુંય લોહી રેડાયું છે, ત્યારે જઈને આજે ઈસ્લામમાં બાગો બહાર જોવા મળે છે.

## ★ જૈનબ બિન્તે રસૂલુલ્લાહની મદીના હિજરત ★

રસૂલે પાક સાહબે લૌલાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી સાહબઝાદી હઝરત ઝૈનબ رضی اللہ عنہا પોતાની હિજરતનો વાકેઓ બયાન ફર્માવે છે કે નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના હિજરત ફર્માવી ગયા અને જેમ જેમ મુસલમાનોને મોકો મળતો ગયો હિજરત કરતા ગયા. ધીમે ધીમે મક્કા મુસલમાનોથી ખાલી થવા લાગ્યું. હું પણ ચાહતી હતી કે જલ્દીથી મક્કા છોડી મદીના ચાલી જાઉં. પરંતુ હું શાદીશુદા હતી એટલે મક્કામાં રોકાઈ ગઈ હતી. પરંતુ અલ્લાહની બંદગી કરવાવાળા જ્યારે આ શહેરથી ચાલ્યા ગયા, મને જરા પણ સારું લાગતું ન હતું. આપ ફર્માવે છે, મેં તો મારા દિયર કે નાના ને કહ્યું, કે નાના ! હું મદીના મારા વાલિદ પાસે જવા ઈચ્છું છું, શું તમે મારી મદદ કરી શકો છો ? તેણે કહ્યું, ઝૈનબ ! જો તમે જવા જ ઈચ્છતાં હોય તો હું જરૂર તમને પહોંચાડી આપીશ. હઝરત ઝૈનબ ફર્માવે છે, મેં મારા દિયરને મારી મદદ માટે રાજી કરી લીધો અને સફર માટે સામાન સામગ્રીનું કામ ચોરી છુપીથી શરૂ કરી દીધું કારણ કે દુશ્મનોને ખબર પડી જાય તો તેઓ મારા માર્ગમાં રૂકાવટ બની જાય. એવામાં એક દિવસ હિન્દ બિન્તે ઉત્બાથી મારો ભેટો થયો તો તે મને કહેવા લાગી, ઝૈનબ મારા સાંભળવામાં આવ્યું છે કે તુ તારા વાલિદ પાસે મદીના જવાની ઈચ્છા ધરાવે છે. મસ્લેહતને કારણે વાત જાહેર કરવાની ન હતી જેથી મેં કહ્યું, ના ! ના ! એવું તે કંઈ નથી. હિન્દે કહ્યું, જૈનબ મારાથી ગુપ્ત ન રાખો, તમને એવી બીક છે કે જો હું આ વાત કહી દઈશ તો હિન્દ બીજા બધાંને બતાવી આપશે અને લોકો મને જવા દેશે નહીં પરંતુ જો તમારો ઈરાદો સાચે જ જવાનો હોય તો મને જણાવી આપો, અને સરસામાનમાં કોઈ ચીજ વસ્તુની જરૂરત હોય તો તે પણ કહો, હું તમારી મદદ કરીશ. મેં તેને ના જ પાડી કે મારો જવાનો ઈરાદો નથી. કારણ કે બની શકે છે કે આ રીતે મને ભરોસો આપી મારા દિલની





વાત કઢાવી લે અને પછી વાયુવેગે ફરતી કરી આપે. હઝરત ઝૈનબ ફર્માવે છે કે મેં તો ધીમે ધીમે સામાનની પૂરી વ્યવસ્થા કરી લીધી અને મારા દિયર કેનાના ને કહ્યું, સામાનની વ્યવસ્થા થઈ ગઈ છે. હવે તમો કહો ત્યારે રવાનગી થશે. મારા દિયર કેનાનાએ કહ્યું, જો સામાનની વ્યવસ્થા થઈ ગઈ હોય તો આજે જ જઈશું. આમ કહી તે તો દિવસના જ ઊંટ લઈ આવ્યો, સામાન ઊંટ પર બાંધ્યો અને મને સવાર કરી ઊંટની દોરડી પકડી ચાલતો થયો. હઝરત જૈનબ رضی اللہ عنہا આ સમયે હમલથી હતાં અને કેટલાક મહિના થઈ ગયા હતા.

હઝરત ઝૈનબને ઊંટ પર સવાર જોઈ લોકોને એમ થયું કે ઝૈનબ જરૂર મદીના જઈ રહી છે. જેથી થોડીવારમાં તો આ ખબર વાયુવેગે આખા મક્કામાં પ્રસરી ગઈ અને દુશ્મનો મને શોધવા માટે નીકળી પડયા. કારણ કે તેમને સૌથી વધારે દુશ્મની અને ક્રોધ મારા વાલિદ પ્રત્યે હતો. જ્યારે તેઓ મને શોધી મારી પાસે આવ્યા ત્યારે હું મુકામે 'જીતોવા'માં પહોંચી હતી. કેનાના ને ઊંટ રોકવા મજબૂર કર્યો અને મને જેમ તેમ બોલવા લાગ્યા. હેબાર બિન અસ્વદે ભાલો મારા તરફ લાંબો કરી મને બીવડાવી, હું સમજી નક્કી મને મારી દેશે એટલે હું ઊંટ પરથી નીચે ગબડી પડી, હું હમલથી હતી જમીન પર પડતાંની સાથે જ મારો હમલ પડી ગયો, લોહી વહેવા માંડયું અને હું બેહોશ થઈ ગઈ. મારા દિયર કેનાના એ બાણ કાઢયાં અને કહ્યું, હું તમને બધાંને આ બાણોનું નિશાન બનાવીને જ રહીશ. એટલામાં અબૂ સુફયાન (તે વખતે હજુ મુસલમાન થયા ન હતા) આવી ગયા અને સુલેહ-મસ્લેહતની વાત કરતાં કહ્યું, કેનાના ! તુ થોડીવાર માટે સબ્ર કર અને પહેલાં મારી વાત સાંભળ, તને ખબર છે કે ઝૈનબના બાપ સાથે અમને દુશ્મની છે અને તે કેવી વાતો કરે છે તેનાથી પણ તુ બેખબર નથી. પછી તુ અમારી બધાની હયાતીમાં જ જૈનબને મદીના લઈ જાય તે અમારા માટે શરમજનક વાત છે. જો તારે જૈનબને લઈ જ જવી હતી તો રાતના સમયે જ્યારે બધાં સૂતાં હોય ત્યારે લઈ ગયો હોત તો અમને કોઈ વાંધો વચકો ન હતો. કારણ કે ઝૈનબને મદીના મોકલવાથી અમને કોઈ નુકસાન નથી અને તેના અહીંયા રહેવાથી અમને કોઈ ફાયદો નથી.

પરંતુ બધાના જોતાં આ ડગલું અમારી બેઈજ્જતી સમાન છે કારણ કે લોકોને કહેવાનો મોકો મળી શકે છે કે કુરૈશ કેટલા કમ હિમ્મત છે કે એક ઔરત જાતને પણ રોકી ન શકયા ! જેથી તુ તારી જીદ છોડ અને પાછો ચાલ.

હઝરત જૈનબ તો બેહોશ હતાં. એમને તો કંઈ જ ભાન હતું નહીં, કે શું બની રહ્યું છે. હવે એ વાત ચર્ચાનો વિષય બની કે જૈનબને આવી ગંભીર હાલતમાં કયા કબીલામાં રાખવામાં આવે. બની હાશિમ કહેતા કે ઝૈનબને અમે અમારા કબીલામાં રાખીશું, કારણ કે તે અમારા કબીલાની છે, અને બની ઉમૈય્યા કહેતા કે ઝૈનબને અમારા કબીલામાં રાખીશું કારણ કે તે અમારા કબીલાના મેમ્બર અબુલઆસનાં પત્ની છે. આપને હિન્દ બિન્તે રબિઆના ઘરમાં રાખવામાં આવ્યાં. અમુક દિવસો પછી આપની હાલતમાં થોડો સુધારો આવ્યો. પરંતુ ઊંટ પરથી નીચે પડી જવાથી પેટમાં જે ઝખમ પહોંચ્યો હતો તેનું દર્દ તો ચાલુ જ હતું અને બીજી દુઃખની વાત એ હતી કે હિન્દ વારંવાર ટોણા મારતી કે ઝૈનબ ! આ બધું દુઃખ તને તારા બાપના લીધે પહોંચી રહ્યું છે. આવી વાતોથી આપનું દિલ તો લોહીના આંસું રડતું, પરંતુ જવાબમાં આપ કોઈ અપશબ્દ બોલતાં ન હતાં.

એક વખત નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાની મહેફિલમાં હઝરત ઝૈદ બિન હારિસાને કહ્યું, અય ઝૈદ ! તમે મક્કા જઈ જૈનબને કેમ લઈ આવતા નથી. હઝરત ઝૈદે અર્ઝ કરી, આકા આપના હુકમની રાહ જોઉં છું. આપે ફર્માવ્યું, હા ! જાઓ અને લઈ આવો. અને હું મારી વીંટી તમને આપું છું, કોઈની સાથે આ વીંટી જૈનબ પાસે પહોંચાડશો તો તે સમજી જશે કે નક્કી મને કોઈ મદીનાથી લેવા આવ્યું છે.

નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમ અનુસાર હઝરત ઝૈદ મદીનાથી મક્કા આવ્યા અને હઝરત ઝૈનબનો પતો માલૂમ કરવા લાગ્યા. અચાનક આપની મુલાકાત એક ભરવાડ સાથે થઈ જે બકરીઓ ચરાવી રહ્યો હતો. આપે પૂછયું ભાઈ, તુ કોનો ગુલામ છે ? તેણે કહ્યું, હું અબુલ આસનો ગુલામ છું અને આ બકરીઓ જૈનબ બિન્તે મોહમ્મદની છે. આપે તેની સાથે રસપ્રદ વાતો કરી





અને કહ્યું, ભાઈ ! તુ મારું એક કામ કરી શકે છે ? મારી પાસે આ એક વીંટી છે, તે તુ ઝૈનબને આપી દઈશ ? તેણે હા કહી અને જૈનબને આપી આવ્યો. વીંટી જોતાંની સાથે જ જૈનબ ઓળખી ગઈ કે આ તો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની વીંટી છે, જરૂર મને કોઈ માણસ મદીનાથી લેવા આવ્યું હશે. આપે તેનાથી પતો માલૂમ કરી લીધો. રાત પડી, લોકોની અવર જવર બંધ થઈ એટલે આપ ત્યાં પહોંચી ગયાં. હઝરત ઝૈદે તેમને બાઈજ્જત ઊંટ પર સવાર કરી અને મદીના શરીફ બારગાહે નબવીમાં લઈ આવ્યા. નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝૈનબને જોઈ ઘણી ખુશી પ્રગટ કરી અને ફર્માવ્યું, આ મારી ઘણી નેક દુખ્તર છે, તેને મારા લીધે ઘણું દુઃખ સહન કરવું પડયું છે.

મદીના આવ્યા બાદ હઝરત ઝૈનબ બીમારને બીમાર જ રહ્યાં. કારણે કે પેટમાં જે માર વાગી હતી તેનું દર્દ થયા જ કરતું હતું. અંતે આપ એ જ દર્દના કારણે વફાત પામ્યાં એટલા માટે સહાબાઓ કહ્યા કરતા હતા કે હઝરત જૈનબ શહીદા થઈ ગઈ છે.

મારી બહેનો ! નબી પાકની નેક દુખ્તરને આવું હૈય્યું ધ્રુજી જાય તેવી તકલીફો સહન કરવાનો વારો કેમ આવ્યો ? ફક્ત આપણી નસીહત માટે, નબી અને તેમના કુટુંબીજનોને આકાશ ધ્રુજે તેવી મુશ્કેલીઓનો સામનો કેમ કરવો પડયો ? આપણને સબક શિખવાડવા માટે કે જયારે તેમનો મરતબો અને દરજ્જો રબની બારગાહમાં આપણાથી અસંખ્ય ઘણો ઊંચો છે. છતાં પણ ઈસ્લામની દાવતની રાહમાં તેઓએ અનેક મુસીબતો સહન કરી, તો પછી આપણે તો સામાન્ય માણસો છીએ, આપણી ઉપર મુસીબતો આવી પડે ત્યારે આપણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમના કુટુંબીજનોની તકલીફોને ધ્યાનમાં રાખી સબ્ર અને સહનશીલતાથી કામ લેવું જોઈએ. અને મુસીબતોની પધરામણી પર વિમાસણમાં ન પડવું જોઈએ. અને જે રીતે અલ્લાહવાળાઓએ દીનની દાવતના માર્ગમાં આવતી તમામ મુશ્કેલીઓનો મક્કમતાથી સામનો કરી ઈસ્લામની દાવતનું કામ ચાલું રાખ્યું અને જગજાહેર સફળતા પ્રાપ્ત કરી. તે જ રીતે આપણે પણ મુશ્કેલીઓ પર સબ્ર કરી તેને દરજાતની

બુલંદીનો સબબ સમજી દીનના માર્ગમાં કોશિશ કરવી જોઈએ.

## ☆ હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ની મદીના તરફ હિજરત ☆

અમીરૂલ મોઅમેનીન હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ઘણા જ બહાદૂર અને શૂરવીર યોદ્ધા હતા. કાફિરો ખૂબ જ સારી રીતે જાણતા હતા કે હઝરત ઉમર ફારૂકે આઝમનો મુકાબલો કરવો એટલું સહેલું કામ નથી એટલે આપ નચિંત રહી આરામથી રહેતા હતા. જેમ તેમ આપનું નામ લેવાની કોઈ હિંમત કરતું નહીં. પરંતુ જ્યારે હિજરત કરવી ફર્ઝ થઈ, એટલે આપને માટે પણ હિજરત કરવી જરૂરી બની. વળી જ્યારે મહેબૂબ આકા મદીના પહોંચે તો પછી મક્કામાં રહી શું કરવાનું !

હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ના મુસલમાન થવા પર નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુઆ ફર્માવી હતી. હદીષ શરીફમાં છે કે આપે અબૂજહલ અને ઉમર ફારૂકે આઝમ બેમાંથી કોઈ એક મુસલમાન બને તે પ્રમાણેની દુઆ કરી હતી. 'અય અલ્લાહ ! આમાંથી કોઈ એક ને ઈસ્લામથી નવાજી મારા દીનની મદદ ફરમાવ.' અલ્લાહ તઆલાએ હઝરત ઉમરના હકમાં દુઆ કબૂલ ફર્માવી અને આપ ઈસ્લામ લાવ્યા. ઈમાન લાવતાંની સાથે જ કહેવા લાગ્યા, 'મારા આકા ! જ્યારે હું ઈસ્લામનો દુશ્મન હતો ત્યારે કાફિરોની મેહફિલોમાં ઈસ્લામ વિરૂધ્ધ વાતો કરતો હતો. પરંતુ આજે અલ્લાહ તઆલાએ જ્યારે મારા દિલમાં ઈસ્લામ અને મુસ્લેમીનની મહોબ્બત પેદા ફર્માવી છે તો કસમ પરવરદિગારની ! હું તે બધી જ મહેફીલોમાં ઈસ્લામના હક્ક હોવાનું તથા મારા મુસલમાન હોવાનું એલાન કરીને જ રહીશ. આપે દરેક મહેફિલમાં પોતાના મુસલમાન હોવાનું એલાન કર્યું. થોડી તકલીફ તો વેઠવી પડી પરંતુ કામ થઈને જ રહ્યું. નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપી કહ્યું, આકા ! મેં તમામ મહેફિલોમાં ઈસ્લામના હક હોવાનું એલાન કરી દીધું છે. હવે મારા દિલની એક તમન્ના છે કે આપણે સર્વે કા'બાતુલ્લાહમાં જઈ હજરે અસ્વદનો તવાફ કરીએ અને કાફિરોની નજરો સામે રબની બંદગી કરીએ.





હઝરત ઉમર ફારૂકે આઝમનો જોશ અને જઝબાની કદર કરતાં નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના જાંનિસાર સહાબાઓને સફબંધી કરી ચાલવાનો આદેશ ફર્માવ્યો, જાંનિસાર સહાબા બે સફોમાં વહેંચાઈ ગયા. એકમાં હઝરત ઉમર અને બીજામાં હઝરત હમઝા ઈસ્લામનો ઝંડો લઈ ચાલતા હતા. આમ શાનો શૌકતની સાથે આપે સર્વે કાફિરોના સરદારોની નજરો સમક્ષ હજરે અસ્વદનો તવાફ કર્યો.

મારી બહેનો ! ઈસ્લામના આ વફાદારો ચાહતા તો મદીના શરીફ હિજરત કર્યા વિના પોતાના જ મુલ્કમાં રહીને ઈસ્લામી હુકૂમત સ્થાપવા શક્તિમાન હતા. રબની નુસરત અને મદદ પર તેમને કામિલ ભરોસો હતો અને જે ખુદા તઆલાએ મુસલમાનોને મદીના હિજરત કરાવી ત્યાં મદદ ફરમાવી ઈસ્લામને કાફિરો પર ગલ્બો આપ્યો, તે જ ખુદા મક્કામાં રાખી મુસલમાનોને સમગ્ર દુનિયા પર ફતેહ આપી શકતો હતો. પરંતુ અલ્લાહ તઆલાએ ઈમાનને ગૈબ રાખેલું છે એટલે દુનિયામાં વધારે પડતાં કામો સબબના અધારે જ થતાં હોય છે. એટલા માટે હિજરત કરાવી અને ત્યાં ફરિશ્તાઓ મારફત મદદ ફર્માવી મુસલમાનોને કામયાબ કર્યા. અને બીજું એ કે દુનિયાવાળાઓ માટે હિજરત નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબાની સુન્નત બની જાય. કે જ્યારે કોઈ જગ્યાએ રહેવાથી ઈમાન ખતરામાં પડવાનો ભય હોય તો તે વેળા નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિજરતને ધ્યાનમાં રાખી હિજરતને જ પોતાના માટે ગર્વ સમાન સમજે અને એટલા માટે જ કાફિરો સાથે જંગ કરવાનો હુકમ આપવામાં આવ્યો કે ગૈબી મદદ ખુદાની રહે અને કાફિરો સમજે મુસલમાનોની કામયાબી સબબના આધારે છે. તો ઈમાન ગૈબ રહ્યું અને કામયાબી પણ મળી આવી.

હિજરતનો હુકમ મળ્યા બાદ તમામ સહાબા પોતાની ફુરસદ પ્રમાણે કોઈને જાણ ન થાય તેવી રીતે સફર કરી મદીના હિજરત કરવા લાગ્યા. ધીમે ધીમે અલ્લાહનું નામ લેવાવાળાઓથી મક્કા ખાલી થવા લાગ્યું. પરંતુ હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ની હિજરતનો વાકેઓ અચરજ પમાડે તેવો છે. આપ ફર્માવે છે કે હું અને અય્યાશ બિન રબિઆ

તેમજ હેશામ બિન આસ ત્રણેવે એક સાથે હિજરત કરવાનો પ્લાન બનાવ્યો અને ભેગા થવાની જગા બની ગેફારના તળાવ પાસે 'મુકામે તનાઝુબ' રાખી. નક્કી કર્યું કે વહેલી સવારે બધાંએ ત્યાં પહોંચી જવું અને એકસાથે ત્યાંથી સફરનો પ્રારંભ કરીશું. નક્કી કરેલા સમય પ્રમાણે ત્રણમાંથી કોઈ પહોંચી શકશે નહીં તો પછી તેની રાહ જોવામાં આવશે નહીં. અય્યાશ તો સંતાઈને મુકામે તનાઝુબ પહોંચી ગયા અને કાફિરોને હઝરત હેશામની હિજરત કરવાની ખબર થઈ તો તેઓએ આપને રોકી લીધા. હઝરત ઉમર رضی اللہ عنہ એ તો તલવાર ગળામાં લટકાવી, ધનુષ ખભે રાખ્યું અને બાણ હાથમાં લીધાં, નાનો સરખો ભાલો કમર પર બાંધ્યો અને બહાદૂર યોદ્ધાની માફક કા'બાતુલ્લાહમાં પહોંચ્યા. કાફિરોના સરદારો ત્યાં બેઠેલા હતા. પરંતુ કોની હિંમત હોય, જે હઝરત ઉમર رضی اللہ عنہ ને કંઈ બોલી શકે ! આપે તો દિલેરીથી હજ્રૂરે અસ્વદનો તવાફ કર્યો. ઈત્મિનાનથી બે રકાત નમાઝ અદા કરી ત્યાર બાદ દુઆ કરી અને પહેલવાનની ચાલે હઝરત ઉમર કાફિરોના સરદારો પાસે આવ્યા અને પોતાની અપાર હિંમતની સાબિતી આપતાં ફર્માવ્યું.

شَاهَتِ الْوُجُوْهُ لَا يَرْغَمُ اللّٰهُ اِلَّا هٰذِهِ الْمَعَاطِسَ
مَنْ اَرَادَ اَنْ تَثْكُلَهُ اُمُّهُ وَيُوْتَمَ وَلَدُهُ اَوْتَرْمَلَ
زَوْجَتُهُ فَلْيَلْقِنِیْ وَرَاءَ هٰذَا الْوَادِیْ.

અય કાફિરો ! તમારા મોઢા પર અલ્લાહની ફિટકાર ! તમારી નાક ધૂળમાં પડે ! જે ચાહતો હોય કે તેની મા તેની ઉપર રડે, તેનું બાળક યતીમ બને અને તેની ઔરત વિધવા બને તો તે આ જંગલની પાછળ આવી મારો મુકાબલો કરે.

આપના ચેલેન્જનો કોઈ જવાબ આપી શકયો નહીં. આમ ઈજ્જતભેર નિર્ધારિત સમયે હઝરત ઉમર رضی اللہ عنہ મુકામે તનાઝુબમાં પહોંચી ગયા. જ્યારે હેશામ આવ્યા નહીં તો અય્યાશ અને ઉમર ફારૂક رضی اللہ عنہ મદીનાના સફરે નીકળી ગયા અને સલામતીની સાથે પહોંચી કુબા શરીફમાં બની અમ્ર બિન ઔફને





ત્યાં રહેવા લાગ્યા.

કાફિરોએ હઝરત હેશામને તો પકડી લીધા હતા પરંતુ અય્યાસ જ્યારે દેખાયા નહીં તો કાફિરો તેમની શોધમાં નીકળ્યા અને તેમને મદીનાથી પરત લાવવાનું બહાનું શોધી કાઢયું, કે તમારા નાસી આવવાથી તમારી માને ઘણો જ અફસોસ છે અને તેણે તો ખાવા પીવાનું છોડી દીધું છે, તડકામાં બેસી રહેવાની કસમ ખાઈ લીધી છે અને જ્યાં સુધી તમને જોશે નહીં માથામાં કાંસકી પણ નહીં કરે. જો આપણું બહાનું સફળ થઈ ગયું તો આપણે અય્યાસને પાછા લાવવામાં સફળ થઈશું અને પછી સજાઓ આપી અધર્મી બનાવવા તેને મજબૂર કરીશું.

આ બહાનું લઈ અબૂજહલ અને હારિસ મદીના આવ્યા. અને એટલે પણ કે તેઓને અય્યાશ સાથે સગાઈ હતી કે સગાઈને લઈને તેઓની વાત પર ભરોસો કરી લે અને આપણે આપણા મકસદમાં કામયાબ થઈ જઈશું. તેઓ હઝરત અય્યાસ પાસે આવી કહેવા લાગ્યા. 'અય્યાશ ! તમે તો તમારી માને કહ્યા વગર ચાલી આવ્યા. તમારા ચાલી આવવાથી તે ઘણી તકલીફમાં મૂકાઈ ગઈ છે. તેમણે તો છાંયડામાં ન બેસવાની કસમ ખાઈ લીધી છે અને જ્યાં સુધી તમને નહીં જુએ ત્યાં સુધી માથામાં કાંસકી પણ નહીં લગાવે. તમે તમારી મા પર રહમ કરો. જો તે આ જ હાલતમાં મરી જશે તો આખી દુનિયા તમારી ઉપર થૂંકશે કે એક બેટાએ પોતાની માં પર જુલ્મ કરી તેને મારી નાંખી અને પોતાનો ઓલાદ હોવાનો હક અદા નથી કર્યો.

મા ગમે તેવી હોય પણ બાળકને મા સાથે અતિશય પ્યાર, મહોબ્બત હોય છે. અબૂજહલ અને હારિસની વાત સાંભળી અય્યાસ વિમાસણમાં પડી ગયા અને મક્કા જવા તૈયાર થઈ ગયા. હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ તેમની સાથે હતા. આપ તો સમજી ગયા કે આ લોકો જૂઠાં બહાનાં બનાવી અય્યાસને મુસીબતમાં નાખવા ચાહે છે, આપે કહ્યું, અય્યાશ ! આ લોકો તમને મુસીબતમાં ફસાવવા બહાનાં બનાવે છે એમની વાતોમાં ન આવો. અગર તમારી માંએ સાચે જ કસમ ખાધી હશે તો જ્યારે તેને તડકો લાગશે ઘરમાં ચાલી જશે, અને માથામાં જૂ પડશે તો કાંસકી કરશે, તેની ફિકર ચિંતા તમારે કરવાની જરૂર નથી.

હઝરત આય્યાશે કહ્યું, ઉમર ! તમારી વાત મને મંજૂર છે પરંતુ મારો ઈરાદો છે કે એકવાર જઈ આવું. આથી માની કસમ પણ પૂરી થશે અને મારો માલ ત્યાં રહી ગએલો છે તે પણ લઈ આવું તો આપણને અહીં કામ લાગશે. હું જલ્દીથી કામ પતાવી પાછો આવવાની કોશિશ કરીશ. હઝરત ઉમર કહ્યું, અય્યાશ ! તમો માલની ફિકર ન કરો, જાન છે તો માલ કાલે મળશે. વળી તમે સારી રીતે જાણો છો કે મક્કાના માલદારોમાં મારો સમાવેશ છે. હું મારા માલમાંથી અડધો ભાગ તમને આપીશ. પરંતુ તમે આ દુશ્મનોની ખોટી વાતો સાંભળી ગંભીર ભૂલ ન કરો, હું તમારો મુસલમાન ભાઈ છું. તમારી ભલાઈને ધ્યાનમાં રાખી કહી રહ્યો છું, પછી તમારી જેવી મરજી ! બીજું તો હું શું કરી શકું.

લાખો કોશિશ કરી પણ અય્યાશ માન્યા નહીં મક્કા જવા તૈયાર થયા. ઉમર ફારૂકે આઝમે ફર્માવ્યું, અય્યાશ ! તમે મારી વાત નથી સ્વીકારતા તો કંઈ નહીં મેં તો મારો હકક અદા કર્યો છે. પરંતુ જ્યારે તમે જઈ જ રહ્યા છો તો તમે તમારી ઊંટડીને બદલે મારી ઊંટડી લઈ જાવ, કારણ કે તે ઘણી જ તાકતવર અને તેજ રફતાર છે, જો તમને ભય જેવું લાગે તો એક જ એડી મારશો તો તે તમને ખતરાથી ઘણા દૂર કરી દેશે.

ઉમર ફારૂકે આઝમની ઊંટડી પર સવાર થઈ અય્યાશ તો મદીનાથી પાછા મક્કા જવા લાગ્યા. સાથે અબૂજહલ અને હારિસ છે. તેમણે તો અય્યાસનું દિલ જીતી લેવા મીઠી મીઠી વાતો કરવાનું શરૂ કર્યું, તેમની રસપ્રદ વાતોથી ખરેખર અય્યાશ ધોકામાં આવી ગયા. જ્યારે બન્ને કાફિરોએ જોયું કે હવે આપણે આપણા મકસદમાં સફળ થઈશું તો અબૂજહલે કહ્યું, અય્યાશ ! તમને ખબર છે અમારી ઊંટડીઓને વિસામો લેવાનો સમય મળ્યો નથી ! તો આમ કરો કે મને તમારી ઊંટડી પર તમારી પાછળ બેસવા દો જેથી મારી ઊંટડીને આરામ મળી જાય. તમારી ઊંટડી તો શક્તિમાન છે જેથી કોઈ ફરક પડશે નહીં. હઝરત અય્યાશે ઊંટડીને ઉભી રાખી, અબૂજહલ અને હારિસે પણ સવારી રોકી. ત્રણેવ જણ નીચે ઉતર્યા. અબૂજહલે હારિસને આંખથી ઈશારો કર્યો કે





અય્યાશને પકડી લે. અય્યાશ એવું સમજતા કે આ બંને તો મારા મિત્રો છે, પણ કેવા મિત્રો ! હારિસે અય્યાશને બે હાથે દબાવી લીધા અને અબૂજહલે દોરડાથી બાંધી ઊંટડી પર લટકાવી દીધા. હવે એમની સમજમાં આવ્યું હશે કે ઉમરની નસીહત પર અમલ કર્યો હોત તો સારું હતું. પરંતુ જે થવાનું હતું તે થઈ ગયું, હવે વિચારવા કે પસ્તાવાથી કોઈ ફાયદો નથી.

મક્કાના કાફિરોને તો ખબર જ હતી કે અબૂજહલ અને હારિસ ગયા છે એટલે ગમે તેમ કરી અય્યાશને પકડીને જ લાવશે અને આમ જ થયું. સવારનો સમય હતો લોકો ઉઠી સ્નાન કરી મૂર્તિપૂજામાં લાગેલા હતા. દૂર રેતીના રણમાં અબૂજહલ અને હારિસ આવતા દેખાયા. સાથે ત્રીજું ઊંટ પણ હતું. એટલે બધા સમજી ગયા કે નક્કી અય્યાશને પકડી લાવ્યા છે એટલે તેમના નજીક આવતાં પહેલા જ લોકોએ હાહાકાર મચાવી દીધો, ઘરોમાં બેઠેલા તથા સૂતેલા તમાશો જોવા દોડી આવ્યા. સર્વે ટકટકી બાંધી તેઓની તરફ જોઈ રહ્યા હતા. કે કયારે આવે અને મુસલમાનની બેઈજ્જતી અને મઝાક ઉડાવીએ.

અબૂજહલ અને હારિસે નજીક આવી મક્કાવાસીઓને કહ્યું, અય મક્કાવાસીઓ ! જેમ અમે અમારા બેવકૂફને સજા આપી રહ્યા છે તેવી જ રીતે તમે પણ તમારા બેવકૂફોને સજા આપો. ત્યાર બાદ બધાની રૂબરૂ અબૂજહલે એક બે નહીં પણ એકસો ફટકા માર્યા અને હજુ ઓછા પડયા તે વળી હારિસે બીજા સો ફટકા માર્યા. અય્યાશ તો કોરડાના ફટકા ખાઈ બેભાન થઈ ગયા અને જમીન પર ઢળી પડયા. એકલા બિચારા શું કરે ! અને કોની મદદ મેળવે ! પારકા તો પારકા જ, સગાંસ્નેહીઓ પોતે જ દુશ્મન, પછી કોનો સહારો લેવો ? મુસલમાન ત્યાં હતા ખરા, પરંતુ તેઓ પોતે જ મુસીબતમાં ફસાએલા હતા એટલે તેઓ કેવી રીતે મદદ કરી શકે. વળી વધારે પડતા મુસલમાનો હિજરત કરી મદીના ચાલ્યા ગયા હતા. એક માની મમતાની આશા હતી કે તે પોતાના બેટા પર મહેરબાન થાય અને કામ બને. પરંતુ તે તો બધાંથી વધારે જુલ્મી અને ખતરનાક નીકળી. તેણે તો કસમ ખાઈને ખુલ્લા શબ્દોમાં કહી આપ્યું, અય્યાશ ! જ્યાં સુધી પોતાનો ધર્મ છોડવાનું અને બુતોનો

ચાહતગાર બનવાનું એલાન ન કરે, તેને ગરમ ગરમ રેતી પર ફેંકી દો અગર કબૂલ કરે તો ઠીક નહીં તો ત્યાં જ ભૂખે તરસે મરી જવા દો.

અલ્લાહ તઆલા રહમતના ફૂલ વરસાવે ઈસ્લામના આ વફાદારો પર જેઓને આકાશ ધ્રુજી ઉઠે તેવી તકલીફો આપવામાં આવી. તેમ છતાં પણ કદી પોતાની જીભ પર અપશુકીનો શબ્દ સુદ્ધાં લાવ્યા નહીં. તેમજ અલ્લાહને રાજી રાખવા માટે મુસીબતો વેઠીને પણ સબ્રનો જામ છલકવા ન દીધો. જો તેઓ ચાહતા તો માત્ર જીભથી કાફિરોને સારી લાગે તેવી વાતો બોલી તેમની સજાઓથી મુક્તિ મેળવી શકત, અને જ્યારે દુશ્મનો તરફથી સાચે જ જાન હલાક થવાનો અથવા કોઈ અંગ બેકાર થવાનો ભય લાગે તો માત્ર જીભથી ખિલાફે ઈસ્લામ વાત બોલવાની ઈજાઝત આપવામાં આવી છે. જેનું વર્ણન સહાબાની સહનશીલતામાં આવશે પરંતુ ઈસ્લામના આ મહાન સપૂતો રૂખસત મળવા છતાં તેના પર અમલ ન કરતા હતા. દિલથી નહીં ફક્ત જીભથી પણ ખિલાફે ઈસ્લામ બોલવા તૈયાર ન હતા.

હઝરત હિશામને તો કાફિરોએ હિજરત કરવા નથી દીધી અને અય્યાશને મદીનાથી પકડી લાવ્યા એટલે આ બન્ને સહાબીઓને કાફિરોએ સાંકળોથી બાંધીને એક ઘરમાં દરવાજો બંધ કરી પૂરી દીધા હતા. કોઈ અમુક વખત ખાવાનું આપે અને અમુક વેળા ભૂખે રાખે. પાણી પીવાનું આપે તો ઠીક નહીં તો ચોવીસ કલાક તરસે ગુજરે. આમ બે વર્ષથી પણ વધારે જમાનો પસાર થઈ ગયો.

નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના શરીફમાં હેશામ, અય્યાશ અને બીજા ગરીબ મુસલમાનો માટે દુઆ ફર્માવતા હતા :–

اَللّٰهُمَّ اَنْجِ الْوَلِيْدَ بْنِ الْوَلِيْدِ وَعَيَّاشَ بْنَ اَبِىْ رَبِيْعَةَ وَهِشَامَ بْنِ الْعَاصِ وَالْمُسْتَضْعَفِيْنَ مِنَ الْمُؤْمِنِيْنَ بِمَكَّةَ الَّذِيْنَ لَايَسْتَطِيْعُوْنَ حِيْلَةً وَّلَا يَهْتَدُوْنَ سَبِيْلًا۔

અય અલ્લાહ ! છૂટકારો અતા ફર્માવ વલીદ બિન વલીદ, અય્યાસ બિન અબી રબિઆ, હેસામ બિન આસ અને મક્કાના અશક્તિમાન મુસલમાનોને જેમની પાસે છૂટવાનો સહારો નથી અને નજાતનો માર્ગ નથી.





હિજરી સન ૨ માં જંગે બદ્ર થઈ જેમાં મુસલમાનોએ કાફિરોના સિત્તેર માણસોને જીવતા પકડી લીધા હતા જેમાં વલીદ બિન વલીદ પણ હતા. તેમના ભાઈઓએ તેમનો દંડ ભરી મક્કા લઈ આવ્યા અને મક્કા આવતાંની સાથે જ તેમણે પોતાને મુસલમાન હોવાનું એલાન કર્યું. તેમના ભાઈઓએ કહ્યું કે વલીદ જો તેં મદીનામાં જ તારું મુસલમાન હોવાનું જાહેર કરી દીધું હોત તો અમારે દંડ ભરવો ન પડત. વલીદે જવાબ આપતાં કહ્યું, એટલા માટે કે કોઈને મારા પ્રત્યે એ બદગુમાની ન થાય કે વલીદે દંડ ભરવાની બીકે ઈસ્લામ સ્વીકારી લીધો છે, હું બે પૈસા માટે મારી જાતને બદનામ કરવા નથી માંગતો. હું કોઈ પણ જાતની ધમકી કે બીકથી નહીં પણ સાચા દિલથી જ ઈસ્લામ કબૂલ કરી રહ્યો છું, આટલું કહી મક્કાથી મદીના પરત ચાલ્યા આવ્યા.

એક વખત નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના જાનિસાર સહાબાની મહેફિલમાં ઈર્શાદ ફર્માવ્યો :– مَنْ لِّىْ بِعَيَّاشِ بْنِ رَبِيْعَةَ وَهِشَامِ بْنِ الْعَاصِ۔ એવો કોણ હિંમતવાન જવાન છે જે મારા માટે અય્યાશ બિન રબિઆ અને હેશામ બિન આસને કાફિરોની જેલથી મુકત કરી મારી પાસે લઈ આવે. સાંભળતાની સાથે જ હઝરત વલીદ બિન વલીદે કહ્યું, આકા ! જ્યારે તમારી ખુશી તેમને છૂટકારો મેળવવામાં છે તો વલીદ દરેક મુસીબતને હલકી સમજી આપની તમન્ના પૂરી કરવા તૈયાર છે ! તમે મને રજા આપો હમણા જ હું મક્કા જાઉં છું આપે વલીદને મંજૂરી આપી, વલીદની ખુશીનો પાર ન રહ્યો. સફરનો સામાન લઈ મક્કા રવાના થયા. થોડાક દિવસોમાં મક્કા પહોંચી ગયા. ત્યાં પહોંચી સંતાઈ સંતાઈને હેશામ અને અય્યાશને શોધવા લાગ્યા. એકાએક આપની નજર એક ઔરત પર પડી જે કોઈને ખાવા આપવા જઈ રહી હતી આપે તેને પૂછયું, ઔરત ! તુ કયાં જઈ રહી છે ? જવાબ આપ્યો ફલાણી જગાએ હેશામ અને અય્યાશને જેલમાં રાખવામાં આવ્યા છે તેમને ખાવા પહોંચાડવા જઈ રહી છું. તમારે શું કામ છે ? આપે કહ્યું, કંઈ નહીં, હું તો માત્ર એટલું જ માલૂમ કરવા માંગતો હતો. ઔરત ચાલવા લાગી. આપે તેણીની પાછળ પાછળ જઈ ઠેકાણું જાણી લીધું. જેલ તો શું હતી, ફક્ત ચાર દિવાલોનું છાપરા વિનાનું ઘર હતું જેમાં

બન્નેને સાંકળોથી બાંધી નાખી દીધા હતા.

રાતના સમયે વલીદ તે જગ્યાએ પહોંચ્યા દિવાલ પરથી અંદર કૂદકો માર્યો. બેડીઓ પત્થર પર રાખી તલવારથી કાપી નાખી અને રાતોરાત ઊંટ પર સવાર થઈ મદીના આવવા નીકળી પડયા. રસ્તામાં કોઈ જગ્યાએ આપને પગમાં ઠોકર વાગી જેથી આપની એક આંગળી જખ્મી થઈ ગઈ અને લોહી વહેવા માંડયું તો આપે પોતાની આંગળીને સંબોધી કહ્યું :– هَلْ اَنْتِ اِلَّا اِصْبَعٌ دُمِيْتِ وَفِيْ سَبِيْلِ اللّٰهِ مَالَقِيْتِ શું તુ તો એક આંગળી છે. ઠોકર વાગવાથી લોહી વહેવા લાગ્યું છે પરંતુ અય આંગળી ! તને ખબર છે આ તકલીફ અલ્લાહના માર્ગમાં પહોંચી છે કારણ કે હું તો આ મુસલમાન કેદીઓને કાફિરોના પંજાથી છૂટકારો આપવા નીકળ્યો છું.

મારી બહેનો ! સહાબાએ કિરામે દીનની રાહમાં આવી આવી તકલીફો અને મુસીબતો સહન કરી ત્યારે જઈને આ ઈસ્લામ આપણા સુધી પહોંચ્યો. માટે આપણે ફક્ત મોઢેથી જ પોતાને મુસલમાન કહી રોકાઈ જવું ન જોઈએ બલ્કે દીન માટે બની શકે તેટલી ભરપૂર ખિદમત કરવી જોઈએ. શું તમે નથી સાંભળ્યું કે સહાબાએ કિરામ તો મુસીબતોમાં રહીને પણ અલ્લાહને યાદ કરતા હતા, લડાઈના મેદાનમાં પણ જમાઅતની પાબંદી સાથે નમાઝ પઢતા હતા. આપણે પોતે કેમ તેમની અકીદતનો દાવો રાખી નમાઝના સમયે આરામ કરતા હોઈએ છીએ. તેઓની પાસે તો આજની જેમ આધુનિક ટેકનોલોજી જેવાં સાધનોમાંથી કંઈ જ ન હતું, આરામ મેળવવાનો જાહેરી કોઈ સબબ ન હતો. છતાં પણ તેઓ યાદે ખુદામાં તલ્લીન રહેતા અને આપણે જીવનની બધી જ સહુલતો મેળવવા છતાં બેખોફ અને ગાફિલ છીએ.

મારી બહેનો ! ત્યારે તો પાણી કૂવો ખોદી લાવવું પડતું હતું, લાકડાઓને ફૂંકો મારી મારીને ચૂલો ચેતાવવો પડતો. આજે તો ઘરોમાં નળ આવી ગયા છે, ગેસના ચૂલા થઈ ગયા છે, ઠંડીથી બચવા હિટરો અને ગરમીથી બચવા પંખા તથા એરકન્ડીશન્ડ થઈ ગયાં છે, ઘરોમાં પણ આવી સગવડોની ખોટ નથી અને મસ્જિદમાં તો પૂછવું જ શું ! ઘરો





કરતાં પણ ઉચ્ચ કોટીની સહુલતો મસ્જિદોમાં હોય છે. તેમ છતાં પણ મસ્જિદો વિરાન પડી છે, તેને આબાદ ન કરીએ તો તે કેટલી શરમજનક વાત કહેવાય ! અને ઓરતો નમાઝ પઢીને ઘરોને આબાદ ન કરે તે કેટલી દુઃખદાયક વાત કહેવાય. ડોકટર ઈકબાલ સાહેબ ફરમાવે છે :–

**આહ કે ખોયા ગયા તુઝસે ફકીરીકા રાઝ**
**વરના માલે ફકીર સલ્તનતે રૂમ વ શામ**

એટલે કે આજે દુનિયામાં ઈન્સાન માલદારી પ્રાપ્ત કરવા પાગલ બનીને ફરે છે અને ફાની જગતની દોલત મેળવવા આખેરતની હંમેશાની દોલત તરફ ધ્યાન પણ નથી આપતો, તે જાણે છે ઈન્સાનને કામયાબી દોલતની બુનિયાદ પર મળે છે. પરંતુ સહાબાઓના દૌરમાં કયાં એટલી દોલત હતી, વધુ પડતા સહાબાના ઘરોમાં ચૂલા પણ સળગતા ન હતા, માત્ર ખજૂર અને પાણી પર દિવસો ગુજારવામાં આવતા હતા. પરંતુ તેઓએ કેવા કેવા શૂર્મા લોકોને પછાડી નાખ્યા અને રૂમ, શામ જેવા ધનવાન મુલ્કોમાં પણ ઈસ્લામની સલ્તનતની સ્થાપના કરી. માટે મર્દે મોમિનની તાકાત માલો દોલત નથી, તલવાર કે ભાલા નથી, બંદૂક અને રાયફલ નથી, બમ્બ કે ટેંકો નથી બલ્કે રૂહે ઈમાન છે. ડોકટર ઈકબાલ સાહેબ તેને આ શબ્દોમાં વર્ણવ છે :–

**જબ ઈસ અંગારએ ખાકી મેં હોતા હય યકીં પયદા**
**તો કર લેતા હય યેહ બાલ વ પરે રૂહુલઅમીં પયદા**

મારી બહેનો ! માત્ર જીભથી નારાઓ મારી અથવા શબ્દોમાં અકીદત અને મહોબ્બતની વાતો કરી મકસદમાં કામયાબી નથી મળી શકતી, તેના માટે તો અલ્લાહના બનવાની કોશિશ પણ કરવી પડે છે. ગૈબી મદદ મળે ત્યારે જ કામયાબી પ્રાપ્ત થઈ શકે છે. સહાબાએ કિરામ સંખ્યામાં તો ગણતરીના જ હતા પરંતુ જે દિશામાં તેઓનું મોઢું જતું, કામયાબી તે દિશામાં દોડતી આવતી હતી. અને આજે કરોડોની સંખ્યામાં સમગ્ર દેશોમાં મુસલમાનો વસેલા છે, પરંતુ નથી ઈત્તેફાકનું નામ સંભળાતું કે નથી ભલાઈની વાતો સંભળાતી. બલ્કે કોઈપણ સમાચારો સાંભળો યા બુલેટીનો જુઓ કે અખબારો વાંચો દરેક જગ્યાએ એ જ જોવા અને સાંભળ

વા મળશે કે મુસલમાન આટલા મરી ગયા અને આટલાની હાલત ગંભીર છે. સારાંશ એ દરેક જગ્યાએ મુસલમાન ઝલીલ અને બેઈજ્જત છે. એટલા માટે કે આપણી અસલી તાકાત રૂહે ઈમાન હતી તેને ખોઈ દુન્યવી માદ્દી તાકાતો પાછળ આપણે ઘેલા બની ગયા તેથી રબ તરફથી પણ ગૈબી મદદોના દરવાજાઓ આપણા માટે બંધ થઈ ગયા. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે.

**નિહાદે ઝિંદગીમેં ઈબ્તેદા 'લા' ઈન્તેહા 'ઈલ્લા'**
**પયામે મોત હય જબ 'લા' હુવા 'ઈલ્લા' સે બયગાના**

અને મુસલમાનોની બદઅમલી અને ફર્માને ઈલાહીમાં નાફર્માની પર અફસોસ પ્રગટ કરતાં ફર્માવે છે :

**મસ્લેહત ન કહ દિયા મૈંને મુસલમાં મુઝે**
**તેરે નફસમેં નહીં ગરમીએ યૌમુન્નોશૂર**

## ☆ હઝરત સોહૈબ રૂમીની મદીના હિજરત ☆

હઝરત સોહૈબ રૂમી رضی اللہ عنہ દરિયા એ દજલા પાસે આવેલા એક ગામમાં રહેતા હતા. એક વખત રૂમી લશ્કરે તે ગામ પર હુમલો કરી ગામ લોકોને કેદી બનાવી લીધા જેમાં નાની વયના હઝરત સોહૈબ પણ હતા. રૂમી લોકોએ આપને બનૂ કલ્બ કબીલાના એક માણસના હાથે વેચી નાખ્યા. આપના માલિકે આપને આઝાદ કરી દીધા. એ જ અરસામાં નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ નબુવ્વતનું એલાન કર્યું. આપે નબી પાકની ખિદમતમાં હાજરી આપી અને આપની મધૂર વાણી સાંભળી આપ સાચા દિલથી મુસલમાન થઈ ગયા. આપે મક્કામાં આઝાદ થતાંની સાથે જ વેપાર ધંધો શરૂ કરી દીધો તેમાં આપે ખૂબ ખૂબ નફો હાંસલ કર્યો અને ધનવાન બની ગયા. જ્યારે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કા છોડી મદીના હિજરત કરી ગયા અને ધીમે ધીમે મક્કા શહેર અલ્લાહનું નામ લેવાવાળાઓથી ખાલી ગઈ ગયું, તો હઝરત સોહૈબ રૂમી رضی اللہ عنہ એ પણ મદીના હિજરત કરવાનો મક્કમ ઈરાદો કર્યો. જ્યારે બધી તૈયારી કરી સફર માટે નીકળ્યા અને મક્કાના કાફિરોને ખબર પડી કે સોહૈબ





મક્કા છોડીને જઈ રહ્યા છે તો તેઓ આપને પકડવા માટે દોડી આવ્યા અને કહેવા લાગ્યા,

يَا صُهَيْبُ اَنْتَ صَعْلُوكًا حَقِيْرًا فَكَثُرَتْ مَالُكَ عِنْدَنَا وَبَلَغْتَ الَّذِىْ بَلَغْتَ ثُمَّ تُرِيْدُ اَنْ تَخْرُجَ بِمَالِكَ وَنَفْسِكَ وَاللّٰهِ لَا يَكُوْنُ ذٰلِكَ۔

અય સોહૈબ ! જ્યારે તમો મક્કામાં આવ્યા ત્યારે હકીર ફકીર હતા પછી અમારી પાસે ધનવાન બન્યા અને તમારી પોઝીશન સારી બની પછી તમે તમારો માલ લઈ નાસી જવા ઈચ્છો છો, અલ્લાહની કસમ ! આમ થઈ શકતું જ નથી.

કાફિરોની વાત સાંભળી આપ સમજી ગયા કે આ લોકો મારા હિજરતના માર્ગમાં રૂકાવટ એટલા માટે બને છે કે તેમની નજર મારા માલ પર છે, જો હું તેમને આપી દઉં તો તેઓ ખુશ થઈ મને જવા દેશે. માટે આપે તેમને સંબોધી કહ્યું, કાફિરો ! તમને માલ મિલ્કતથી મહોબ્બત છે તો કાન ખોલીને સાંભળી લો ! હું દોલતનો આશિક નથી, નબીના મુબારક ચહેરાનો આશિક છું, નબીના ચહેરાના દિદાર સામે માલ મિલ્કત કોડીની પણ નથી. તમે માલ મિલ્કતના આશિક છો તો જાવ ! મેં મારો બધો જ માલ તમને આપ્યો. હું તો નબીનો આશિક છું મારા માર્ગમાં રૂકાવટ ન બનો. કાફિરોને તો માલ મિલ્કત પર કબજો જમાવવો હતો. તેઓ પોતાના મકસદમાં કામયાબ થયા તો ખુશી ખુશી પાછા ફર્યા અને સાચો આશિકે રસૂલ નબી પાકના ચહેરાના દીદાર માટે તે જ કદમે મદીના તરફ જઈ રહ્યા હતા. નથી ખાવા પીવાની ફિકર કે નથી થાકનો એહસાસ, બસ એક જ ખયાલ કે કયારે મદીના આવે અને ક્યારે નબીના મુબારક ચહેરાના દીદારની અમૂલ્ય દોલત મને નશીબ થાય. હઝરત હસન રઝાખાં બરેલ્વી ફર્માવે છે :–

**દીદારકી ભીક કબ બટેગી ?**
**મંગતા હય ઉમ્મીદવાર આકા**

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**ઈલાહી મુન્તઝિર હું વોહ ખેરામે નાઝ ફર્માએ**
**બિછા રખ્ખા હે ફર્શ આંખોને કમ ખ્વાબે બસારતકી**

**આંખ ખોલો ગમઝદો વોહ ગિરયાં આયે હંય**

**લૌહ દિલસે નકશ ગમ કા અબ મિટાતે જાએંગે**

**ઉઠા દો પર્દા દિખા દો ચહેરા કે નૂરે બારી હિજાબ મેં હય**
**ઝમાના તારીક હો રહા હેય કે મહ્ કબસે નિકાબમેં હય**

હઝરત સોહૈબ રૂમી رضی اللہ عنہ નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયા. સહાબા ખુશ ખુશ થઈ ગયા અને મરહબા મરહબાની મધૂર અવાજો ગૂંજવા લાગી. નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના અતાઈ ગૈબથી સોહૈબ સાથે જંગલમાં જે કંઈ થઈ રહ્યું હતું તે જોઈ રહ્યા હતા. તથા સોહૈબે જે જવાબ આપ્યો તે પણ સાંભળી રહ્યા હતા. હઝરત સોહૈબને જોતાંની સાથે જ આપે ફર્માવ્યું :- رَبِحَ صُهَيْبُ رَبِحَ صُهَيْبُ અય સોહૈબ ! તમારો વેપાર નફાવાળો રહ્યો, અય સોહૈબ તમારો વેપાર નફાવાળો રહ્યો. અને અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત સોહૈબની તારીફમાં આ આયત નાઝિલ ફર્માવી.

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِىْ نَفْسَهُ ابْتِغَاءَ مَرْضَاتِ اللّٰهِ وَاللّٰهُ رَءُوْفٌ بِالْعِبَادِ ۔

લોકોમાંથી અમુક એવા છે જેમણે અલ્લાહની ખુશીની ચાહતમાં પોતાને ખરીદે છે. અલ્લાહ બંદાઓ ઉપર દયાળુ છે.

મારી બહેનો ! આ હતા રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથેનો સાચો પ્રેમ અને સત્ય મહોબ્બત રાખનારા, જેમની હકની રાહમાં માલ મિલ્કત જેવી કોઈપણ ચીજ વસ્તુ રૂકાવટ ન બની શકી અને જેઓ અલ્લાહ અને રસૂલને રાજી રાખવા માટે બધા જ પ્રકારની કુરબાનીઓ આપવા હમેશાં તત્પર રહેતા હતા અને આજે આપણે મહોબ્બતનો દાવો કરી એક ફરજ ઉપર પણ અમલ કરવા માટે તૈયાર નથી. ફાની જગતની ફાની અને નાશવંત દોલત પ્રાપ્ત કરવા આપણે નમાઝ જેવા અહમ અને અગત્યના ફરીઝાને ભૂલી બેઠા છીએ. સહાબાઓ તો માત્ર હિજરતને ખાતર માલ દોલતને લાત મારી દેતા હતા અને આપણે દોલતને ખાતર નમાઝને ફગાવી રહ્યા છીએ. આવું કેમ ? એટલા જ માટે કે આપને માત્ર જીભથી ખર્ચ કરીએ છીએ ! દિલોમાં તે સાચો જઝબો નથી. સાચો જઝબો હોત તો દુનિયાની મહોબ્બતને અગ્રિમતા આપી અલ્લાહના ફર્માન વિરૂદ્ધ





કામો કરવામાં ન આવત. અલ્લાહ તઆલાથી સાચી મહોબ્બત હોય અને નબીથી સાચો પ્રેમ હોય તો દુનિયાથી વધારે દીનને મહત્ત્વ આપવામાં આવે. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :-

**કુછ ઔર હી નજર આતા હૈ કારોબારે જહાં,**
**નિગાહે શૌક અગર હો શરીકે બીનાઈ,**

આજે આપણે દુનિયાની તલબમાં તેની પાછળ દોડી રહ્યા છીએ. તો તે આપણાથી દૂર ભાગી રહી છે અને આપણે દુનિયામાં બેઈજ્જત અને બેવકાર થઈ ગયા છીએ અને તેઓ દુનિયાને લાત મારી રબની યાદમાં તલ્લીન રહેતા હતા તો દુનિયા લપેટાઈને તેમના કદમોમાં પોતાનું શિશ નમાવી દેતી હતી. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :-

**સબક પળ્હ સદકાત કા અદાલતકા શુજાઅત કા**
**લિયા જાએગા તુઝસે કામ દુનિયાકી ઈમામત કા**

જ્યારે એક અલ્લાહની બારગાહમાં આપણે આપણી પેશાની નમાવવી ગર્વ જાણતા હતા, ત્યારે આપણે દુનિયામાં ઈજ્જતની સાથે રહેતા હતા અને આપણને કોઈની પણ જી હુઝૂરી કરવી પડતી ન હતી. પરંતુ આજે આપણે રબની બંદગીથી વંચિત રહી અનેક સામે નમી રહ્યા છીએ.

**યહ એક સજદા જિસે તૂ ગિરાં સમઝતા હય**
**હઝાર સજદોંસે દેતા હૈ આદમીકો નજાત**

એક મર્દે મોમિનની શાન તો આ પ્રમાણેની હોવી જોઈએ, ડોકટર ઈકબાલ ફર્માવે છે :-

**કાંપતા હૈ દિલ તેરા અંદેશએ તૂફાં સે કયા**
**નાખુદા તૂ, બહર તૂ, કશ્તી ભી તૂ, સાહિલ ભી તૂ**

## ☆ હઝરત અબ્દ બિન જહશની હિજરત ☆

હઝરત અબ્દ બિન જહશ આંખોથી માજૂર થઈ ગયા હતા. રસ્તે ચાલવામાં પણ બીજાનો સહારો લેવો પડતો હતો. તેવા સમયે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામને હિજરત કરી જવાની ખુશખબરી

સંભળાવી, જેમ કે તમે સાંભળ્યું તેમ સહાબા પોતપોતાની સહુલત પ્રમાણે એક પછી એક હિજરત કરી મદીનામાં રહીશ થવા લાગ્યા. પતંગિયુ દીવાની જયોતનું સાચું આશિક હોય છે. જ્યાં તેને મહબૂબનો પ્રકાશ જોવા મળે છે ત્યાં જઈ પોતાની જાન મહબૂબના કદમોમાં કુર્બાન કરી દે છે. તેવી જ રીતે સહાબા નબુવ્વતના દીપના આશિક હતા. જ્યાં તેનો પ્રકાશ જતો સહાબા પણ તે તરફ દોડવા લાગતા, જ્યારે મહબૂબ આકા મદીના શરીફ ચાલ્યા ગયા, તો હઝરત અબ્દ બિન જહશે પણ નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપવા હિજરતનો પાકો ઈરાદો કરી દીધો પરંતુ આપના પ્રવાસના માર્ગમાં અનેક મુશ્કેલીઓ હતી. દૂરનો સફર અને સાથે આંખોની મઅઝૂરી, ડગલે ને પગલે બીજાના સહારાની જરૂરત હતી. પરંતુ મહબૂબની મહોબ્બત દિલમાં જોશ મારી રહી હતી, ભયંકર આંધી અને તુફાન પણ તેમને રાહત લાગતું હતું, સબ્રનો જામ છલકાઈ ગયો હતો, ઈશ્કની આગ દિલની હાંડલીમાં ભભૂકા લઈ રહી હતી.

હઝરત અબ્દ બિન જહશની પત્ની હર્બ બિન ઉમય્યાની છોકરી હતી. તેમને મદીના શરીફ હિજરત કરવું પસંદ ન હતું કારણ કે પ્રથમથી જ એ વાત મશહૂર હતી કે મદીના બીમારીઓનું ઘર છે. બહારના લોકો માટે ત્યાંની આબોહવા રાસ આવે તેમ નથી, ત્યાંનું વાતાવરણ શુભ નથી જેથી તેમણે તો ન જવા માટે જીદ પકડી. હઝરત અબ્દ તેમને સમજાવતા પરંતુ તેમની પત્ની કોઈપણ રીતે માનવા તૈયાર ન હતી. આપ તેમને અશ્રુવર્ષાની સાથે સમજાવવા લાગ્યા. મારી આંખોની ઠંડક, તારી જીદ ખોટી છે, આપણે મદીના સારું લાગવા માટે સફર નથી કરી રહ્યા, આપણા સફરનો હેતુ અલ્લાહ અને રસૂલને ખુશ કરવાનો છે, તેમની ખુશી મદીના તરફ હિજરત કરવામાં છે તો પછી બીજી કોઈ જગ્યાએ હિજરત કરવાનો કશો ફાયદો નથી, જ્યાં મહબૂબ હોય ત્યાં જ મોહિબનું વતન.

**લુત્ફે કલામ કયા જો ન હો દિલમેં દર્દે ઈશ્ક**
**બિસ્મિલ નહીં હય તૂ તો તળપના ભી છોળ દે**

આપ પોતાની પત્ની સાથે માથાકૂટ હતી કરી રહ્યા હતા,





એવામાં આપના સબંધી આપને સમજાવવા માટે આવ્યા કે, અબ્દ અમે સાંભળ્યું છે કે તમે મદીના જવા માંગો છો, તો અમે તમને સાથ સહકાર આપીએ છીએ, વળી અહીં તમને કોઈ પ્રકારની તકલીફ નથી પછી વતન છોડવાનો હેતુ શો ? વતનમાં આરામ મળતો હોય તો પછી પરદેશમાં જવું સમજદારી ન કહેવાય ! અમારું કામ તમને સાચી સલાહ આપવાનું છે એના પર અમલ કરવો કે ન કરવો એ તમારી મરજી, પરંતુ જ્યારે તમને તકલીફ પડશે ત્યારે તમને યાદ થશે કે મારા કુટુંબીજનો કહેતા હતા તે જ બરાબર હતું. પરંતુ પાછળથી વિચારવાથી કોઈ ફાયદો નથી માટે આજે જ સમજી વિચારી લો કે જેથી કાલે રડવાનો સમય ન આવે.

હઝરત અબ્દે તો સર્વેની વાત એક કાને સાંભળી બીજા કાને ફગાવી દીધી કારણ કે દરેકની નસીહત દુનિયાના લાભાર્થે હતી. તેમાં ફક્ત દુનિયાનો લાભ જ જોવામાં આવતો હતો અને આ આશિકે રસૂલ સામે દુનિયાની વાનગીઓ ધૂળ સમાન હતી. નાશવંત જગતની નાશવંત વાતો સાચા આશિકના સશકત દિલ સામે કોઈ કદર નથી રાખતી. તેમને તો મહબૂબની મુલાકાતનો શોખ હતો. ભલા મહબૂબની જુદાઈમાં સાચા મોહિબને કોઈ પણ નેઅમત કેમ કરી સુકૂન બખ્શી શકે. આપ તો એકના બે ન થયા અને પોતાની પત્નીને રાજી કરી રાતના અંધારામાં કાફિરોને જાણ ન થાય એમ ચૂપકેથી મદીનાના માર્ગે નીકળી પડયા. ડોકટર ઈકબાલ ફર્માવે છે :–

**અગર મન્ઝૂર હો તુઝકો ખિઝાં ના આશના રહના**
**જહાંને રંગ વ બૂસે પહેલે કતએ આરઝૂ કર લે**

મારી બહેનો ! સહાબાએ કિરામની હિજરતના અનેક બનાવોનો તમે અભ્યાસ કર્યો. તેનાથી જાણવા મળ્યું કે તેઓના દિલોમાં અલ્લાહ અને રસૂલની કેટલી મહોબ્બત હતી કે તેમને ખુશ કરવા માટે વતન છોડી આપ્યું, માલ મિલ્કત છોડી આપી, સગા સ્નેહીઓને પડતા મૂકયા અને આજે આપણે તેમને ખુશ કરવા માટે ટાઈમ છોડવા પણ તૈયાર નથી ! એ આપણા ઈમાનની કમજોરી છે. જો આપણને અલ્લાહ વ રસૂલ સાથે સાચી મહોબ્બત હોય અને સહાબાએ કિરામથી સત્ય અકીદત હોય તો આપણા અમલ ઈસ્લામ મુજબ જ હોવા જોઈએ.

મારી બહેનો ! વિચારવા જેવી વાત છે કે સહાબા તો દીનની હિફાઝત માટે વતન છોડતા હતા અને આજે આપણે દીનની હિફાઝત છે તો આપણે પોતે જ દીનને છોડી રહ્યા છીએ !

ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**નિગાહે શૌક મયસ્સર નહીં અગર તુઝકો**
**તેરા વજૂદ હય કલ્બ વ નઝરકી રૂસ્વાઈ !**

માત્ર શબ્દો ખર્ચ કરવાથી કામ નહીં ચાલે, ઈસ્લામી કાયદા કાનૂન પર અમલ તો કરવો જ પડશે. કામયાબી અમલથી મળે છે, દા'વાથી નહીં !

ડોકટર ઈકબાલ સાહબ ફર્માવે છે :–

**તમન્ના આબરૂકી હો અગર ગુલઝારે હસ્તીમેં**
**તો કાંટોમેં ઉલઝકર ઝિંદગી કરનેકી ખૂ કર લે**

અલ્લાહ તઆલા તમામ મુસલમાન મરદો અને ઔરતોને દીને મતીનની વાતો પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે આમીન બિ જાહિ સય્યિદિલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم

## ☆ સહાબાએ કિરામની સહનશીલતા ☆

وَلَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِنَ الْخَوْفِ وَالْجُوعِ وَنَقْصٍ مِنَ الْأَمْوَالِ وَالْأَنْفُسِ وَالثَّمَرَاتِ وَبَشِّرِ الصَّابِرِينَ الَّذِينَ إِذَا أَصَابَتْهُمْ مُصِيبَةٌ قَالُوا إِنَّا لِلَّهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ ۝ أُولَٰئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِنْ رَبِّهِمْ وَرَحْمَةٌ وَأُولَٰئِكَ هُمُ الْمُهْتَدُونَ ۝

"અને અમે જરૂરથી તમારી પરીક્ષા કરીશું થોડી બીક અને ભૂખથી, અને થોડા માલ, જાન અને ફળોના નુકસાનથી. અય મહબૂબ ! ખુશખબર સંભળાવી આપો તે સબ્ર કરનારાઓને કે જ્યારે તેમને મુસીબત પડે છે તો કહે છે, અમે અલ્લાહના જ છીએ અને અમારે તેની તરફ પલટવાનું છે. આ જ તે લોકો છે જેમની ઉપર તેમના પરવરદિગારના દુરૂદો અને રહમત (કૃપા) છે અને આજ લોકો સીધા માર્ગે છે."





મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શર્ફ હાંસલ કર્યો, અલ્લાહ તઆલા તે બાબતે મને હક્ક કહેવાની અને તમને હક્ક સાંભળવાની અને તેના ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.

મારી બહેનો ! આજે હું તમને સહાબાએ કિરામની સહનશીલતાના વિષય પર બયાન રજુ કરવા ઈચ્છું છું કે સહાબાએ કિરામને દીનના માર્ગમાં કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો તથા તેમણે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ને રાજી રાખવા માટે કેટલી સબ્ર અને સહનશીલતાથી કામ લીધું.

**સહાબી** એટલે જેણે ઈમાનની સાથે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપી અને દુનિયાથી ઈમાનની સાથે વફાત પામી. નબુવ્વત પછીનો આ એટલો મોટો મર્તબો છે કે વલી, ગૌષ, કુતુબ, અબ્દાલ, અવતાદ કોઈપણ મોકર્રબ તેમના દરજ્જે પહોંચી શકતો નથી.આ છે નબીપાકની સોહબતની બરકત કે ગમે તેવી ઈખ્લાસવાળી ઈબાદત કે બંદગી પણ આ મર્તબાને પહોંચી શકતી નથી. તો ફક્ત આ એક કામથી સહાબાઓનો મુકામ અને મર્તબો આટલો વધી ગયો તો પછી તેમણે નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈમામતમાં નમાઝો પઢી, જેહાદ કર્યો, હિજરત કરી, માલ મિલકત લૂંટાવી અનેક મુશ્કેલીઓ સહન કરી વગેરે બધી ફઝીલતોને કોણ પહોંચી શકે છે. આજે હું તે જ સહાબાએ કિરામની દીનના માર્ગમાં મુસીબતો સહન કરવાની અને દરેક કામમાં અલ્લાહની ખુશીમાં ખુશ રહેવાની અનેક વાતો તમારી ખિદમતમાં રજુ કરૂં છું. ધ્યાનથી સાંભળો, અને પોતે અમલ કરવાની કોશિશ કરો. મુસીબતના સમયે સબર અને સહનશીલતાથી કામ લો. કારણ કે મુસીબત મુસલમાન માટે એક ઈનામ છે, જેના દ્વારા આખેરતમાં દરજ્જો બુલંદ થાય છે. એક શાઈરનો પ્યારો શેઅર છે :–

**નામી કોઈ બગૈર મશક્કત નહીં હુવા**
**સૌ બાર જબ અકીક કટા તબ નગીં હુવા**

એટલે કે આંગળીમાં જે ડાયમંડના નંગવાળી વીંટી પહેરવામાં

આવે છે જેને તમે ખૂબસૂરત સમજીને આંગળીમાં જગા આપો છો, તમને ખબર છે ? એ સુંદર મજાનો નગીનો પ્રથમ તો પત્થરનો ટૂકડો જ હતો. તેમાં કોઈપણ જાતની સુંદરતા કે ખૂબસૂરતી ન હતી. પરંતુ તે શોભાને પાત્ર ત્યારે જ બન્યો, જ્યારે પત્થરના તે ટૂકડાને ડાયમંડની ઘંટી પર ઘસવામાં આવ્યો. મતલબ કે પત્થરના ટૂકડામાંથી નગીનો બનવામાં તેને અનેક પ્રકારની મુસીબતો સહન કરવી પડી. ત્યારે તેને ઈજ્જતનું સ્થાન પ્રાપ્ત થયું. અને અશરફુલ મખ્લૂકાત ઈન્સાન તેને પોતાની આંગળીમાં જગા આપે છે. શું પત્થરના એ ટૂકડાએ ડાયમંડની ઘંટી પર ઘસાવાની તકલીફ ન વેઠી હોત તો તેને ઈજ્જતનું મુકામ મળત ખરૂં ? તેવી જ રીતે માણસે નામના પ્રાપ્ત કરવી હોય અને અલ્લાહની બારગાહમાં ઈજ્જત મેળવવી હોય તો તેને દુનિયામાં અનેક પ્રકારની મુસીબતો સહન કરવી પડશે. અને જેમ પત્થર નિર્જીવ છે, ઘસવામાં તોડવામાં કાંઈ બોલી શકતો નથી તે જ પ્રમાણે માણસે પણ સબ્ર અને સહનશીલતાનુ દામન તાકતથી પકડવું પડશે. એક શાઈર લખે છે :–

**મિટા દે અપની હસ્તી કો અગર કુછ મર્તબા ચાહે**
**કે દાના ખાકમેં મિલકર ગુલે ગુલઝાર હોતા હૈ.**

જેમ અનાજનો દાણો જમીનમાં દફન કરવામાં આવે છે ત્યારબાદ તેને વરસાદ સૂરજની ગરમી હવાના સપાટા વગેરે અનેક મુશ્કેલીઓ સહન કરવી પડે છે ત્યારે તે લીલોછમ છોડ બને છે. માલિક તેને જોઈને ખુશ થાય છે તેની આસપાસની જગાને ઘાસચારાથી સાફ રાખે છે. જાનવરોથી તેની હિફાઝત કરે છે. મતલબ કે તેની ઈજ્જત એટલી બધી વધી જાય છે કે અશરફુલ મખ્લૂકાત ઈન્સાન તેનો ચોકીદાર બની રક્ષણ કરે છે. શું દાણાએ દફન થવાની, વરસાદ, ગરમી તથા હવાના ઝપાટા ખાવાની તકલીફ સહન ન કરી હોત તો તે છોડવાનું રૂપ ધારણ કરી શકત ? નહીં ! બલ્કે કોહવાઈને નાપાકી બની જાત અથવા પડયો પડયો સડી ગયો હોત. તો આ જ દાખલા પ્રમાણે માણસે જો માન મર્તબો જોઈતો હશે તો પ્રથમ પોતાના વજૂદને મુસીબતોની કબ્રમાં દફન કરવું પડશે, તેને આફત બલા મુસીબતોનો તાપ વેઠવો પડશે તથા વરસાદ રૂપી આફતો બલાઓનો સામનો કરવો પડશે. અરબી ભાષામાં ઉખાણું છે :– اَلْعَطَايَا عَلٰى قَدْرِ الْبَلَايَا જેવી પરીક્ષા તેવું





ઈનામ ! અને અરબી શાયર લખે છે :–

بِقَدْرِ الْكَدِّ تُكْتَسَبُ الْمَعَالِىْ۔
مَنْ طَلَبَ الْعُلٰى سَهِرَ اللَّيَالِىْ۔
مَنْ طَلَبَ الْعُلٰى بِغَيْرِ كَدٍّ۔
اَضَاعَ الْعُمْرَ فِىْ طَلَبِ الْمَعَالِىْ۔

મહેનત અને શ્રમના આધારે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકાય છે. જેને ઉચ્ચ સ્થાનની તમન્ના હોય છે, તે રાતો જાગીને પસાર કરે છે. જે વગર શ્રમે ઉચું સ્થાન પ્રાપ્ત કરવા ઈચ્છે તે પોતાનું જીવન અશક્ય વસ્તુની ચાહનામાં બરબાદ કરી રહ્યો છે.

શાયરના આ અશઆરથી જાણવા મળ્યું કે જેટલું મોટું ઈનામ જોઈતું હોય અને જેટલો મોટો મર્તબો પ્રાપ્ત કરવો હોય તે પ્રમાણે મહેનત પણ તેટલી જ કરવી પડે છે. વગર શ્રમે અને વિના મહેનતે માન મરતબાની આશા રાખવી વ્યર્થ છે.

નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

اَشَدُّ النَّاسِ بَلَاءً اَلْاَنْبِيَاءُ ثُمَّ الْاَمْثَلُ فَالْاَمْثَلُ

સૌથી આકરી પરીક્ષા નબીઓની થાય છે. ત્યારબાદ જેનો જેવો મર્તબો તે પ્રમાણે તેની પરીક્ષા કરવામાં આવે છે.

જાણવા મળ્યું કે અલ્લાહ તબારક વ તઆલા તરફથી બંદાઓની કસોટી કરવામાં આવે છે અને કસોટીમાં સબ્ર અને સહિષ્ણુતાથી કામયાબી મેળવનારને રબ તરફથી ઈનામ પણ આપવામાં આવે છે. ફર્માવે છે.

અલ્લાહ તબારક વ તઆલા કુર્આન શરીફના બીજા સીપારામાં ઈર્શાદ ફર્માવે છે :–

لَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرٰتِ

"અને અમે જરૂરથી તમારી પરીક્ષા કરીશું થોડી બીક અનુ ભૂખથી, થોડા માલ, જાન, ફળોના નુકસાનથી."

وَبَشِّرِ الصّٰبِرِيْنَ الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ قَالُوْٓا اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ ط اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ وَاُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ۔

અય મહબૂબ ! ખુશખબર સંભળાવી આપો તે સબ્ર કરનારાઓને કે જ્યારે તેમને મુસીબત પડે છે તો કહે છે, અમે અલ્લાહના જ છીએ અને

અમારે તેની તરફ પલટવાનું છે. આજે તે લોકો છે જેમના ઉપર તેમના રબના દુરૂદો અને રહમત (કૃપા) છે અને આ જ લોકો સીધા માર્ગે છે.

મારી બહેનો ! તમે જાણ્યું કે જેનો મર્તબો જેટલો ઊંચો હોય છે તે પ્રમાણેની તેની કસોટી કરવામાં આવે છે. મખ્લૂકમાં સૌથી ઊંચો મર્તબો નબીઓનો છે તો તેમની કસોટી કડક કરવામાં આવે છે અને ત્યારબાદ સહાબાઓનો મર્તબો છે તો તેમની કસોટી તેમના મર્તબા પ્રમાણે કરવામાં આવે છે. એમના પછી અવલિયાએ કિરામનો મુકામ છે તો એમના મર્તબા પ્રમાણે એમની કસોટી કરવામાં આવે છે.

કોઈપણ મુસીબત આવે તે સમયે બેસબ્રા અને અસહનશીલ ન બનવું જોઈએ, પરંતુ સબ્ર અને સહનશીલતાથી તેનો મુકાબલો કરવો જોઈએ. કારણ કે બેસબ્રા થવાથી મુસીબત ચાલી નથી જવાની, પરંતુ તેના બદલામાં મળતા સવાબથી વંચિત રહેવું પડે છે. જેવી રીતે માણસ બીમાર પડે ત્યારે તેને શિફા પ્રાપ્ત કરવા કડવી દવા પીવી પડે છે તેવી જ રીતે મુસીબતો ગુનાહની દવા છે. તે બીમારીની શિફા પ્રાપ્ત કરવા મુસીબતો રૂપી કડવી દવા ખુશી ખુશી પી લેવી જોઈએ. બુખારી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત છે, નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મુસલમાનને બીમારી કે બીજા કોઈપણ પ્રકારની મુસીબત આવે છે તો અલ્લાહ તઆલા તેમના ગુનાહો એવી રીતે ખેરવી નાંખે છે, જેમ ઝાડનાં પાનાંઓ ખરી જાય છે. અને તિર્મિઝી શરીફમાં અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બંદાને નાની મોટી કોઈપણ તકલીફ પડે છે તે તેના ગુનાહના સબબથી. અને તે તકલીફના બદલામાં અલ્લાહ તઆલા જે ગુનાહો માફ ફર્માવે છે તે ઘણા વધારે પ્રમાણમાં છે. ત્યાર બાદ આપે કુર્આન શરીફની આ આયત ફર્માવી :–

وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ

જે મુસીબતો તમને પડી તે તમારા હાથોના કરેલાનો બદલો છે અને ઘણું બધુ માફ ફર્માવી આપે છે.

ઉપરોક્ત બન્ને હદીષોથી સાબિત થયું કે ગુનાહના સબબથી





બીમારી કે બીજા કોઈ પ્રકારની તકલીફ એટલા માટે આપવામાં આવે છે કે તે ગુનાનો બદલો બની જાય. અને તેના બદલામાં ગુના માફ કરી દેવામાં આવે. અને તકલીફથી ઘણા બધા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. તો પછી મુસલમાન માટે મુસીબત એક પ્રકારની નેઅમત છે, જેનાથી આખેરતની તકલીફ ઉઠાવી લેવામાં આવે છે. તિર્મિઝી શરીફમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કયામતના દિવસે જ્યારે મુસીબત આપવાવાળાઓને સવાબ આપવામાં આવશે, ત્યારે સુખમાં રહેવાવાળાઓ તમન્ના કરશે કે દુનિયામાં કાતરોથી અમારી ચામડી કાપવામાં આવી હોત તો કેટલું સારું થાત. તિરમિઝી શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાતય છે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા બંદા સાથે ભલાઈનો ઈરાદો કરે છે તો દુનિયામાં તેને સજા આપે છે, અને જ્યારે આખેરતમાં અઝાબનો ઈરાદો કરે છે તો દુનિયામાં તેને ગુનાની સજા નથી આપતો.

આ હદીષોથી સાબિત થયું કે મુસલમાન માટે મુસીબત એક પ્રકારની નેઅમત છે. અલ્લાહ તઆલા જેની સાથે ભલાઈ કરે છે તેને આ નેઅમત આપે છે. જેના બદલામાં ગુનાઓ માફ ફર્માવી તેને આખેરતના અઝાબથી બચાવી લે છે. પરંતુ જ્યારે આપણને કોઈ નાની મોટી મુસીબત પહોંચે છે તો જહાલતના કારણે આપણા મોઢાંથી એવા શબ્દો નીકળે છે જાણે આપણાથી કોઈ ગુનોહ થયો જ નથી. અને કહેતા હોય છે, આપણાથી કયો ગુનો થયો હશે જેની સજામાં આપણને આ મુસીબત પડી છે. જ્યારે કે આપણાથી ડગલેને પગલે ગુનાહ થતા હોય છે. તો પણ આપણે પોતાને બેગુનાહ સમજીએ છીએ. આ શૈતાનની મોટીમાં મોટી ચાલબાજી છે કે માણસના દિમાગમાંથી ગુનાહ થવાનો ખ્યાલ કાઢી નાખે છે. કેમ કે જો માણસ પોતાને ગુનેહગાર સમજશે તો ગુનાઓને માફ કરવા માટે બંદગી અને તૌબા પણ કરશે. પણ જ્યારે પોતાને બેગુનાહ જ સમજે તો પછી તે તૌબા કઈ રીતે કરી શકશે ! મારી બહેનો ! આપણે આપણા બીજા ગુનાહો તરફ ધ્યાન ન કરીએ તો પણ એક વખતની નમાઝ ઈરાદાપૂર્વક છોડવી એટલો મહાન ગુનોહ છે, કે તેના બદલામાં આપણને જમીનમાં ગારત કરી આપવામાં આવે તો

પણ આખેરતના અઝાબથી હલકી સજા છે. વળી નમાઝ એટલા મોટા પ્રમાણમાં છૂટી રહી છે કે લોકોને તેનું છોડવું ગુનાહ જેવું લાગતું જ નથી ! અગર કોઈ ગાળો બોલશે તો તેને બુરો જાણવામાં આવશે, પરંતુ નમાઝ નહીં પઢતો હોય તો કોઈને આમ થશે નહીં કે આ મહાન પાપી છે.

મારી બહેનો તમે સાંભળ્યું ! કે અંબિયાએ કિરામની કસોટી કરવામાં આવે છે. તેઓના ઉપર પણ મુસીબતો આવતી હતી. સહાબા અને ઔલિયાએ કિરામ ગુનાહોથી કોસો દૂર રહેતા છતાં પણ તેમની ઉપર મુસીબતો આવતી હતી. તો ઉપરોક્ત હદીષોથી તમારા દિમાગમાં એ સવાલ પેદા થઈ શકે છે કે મુસીબત ગુનાહોને લઈને આવે છે તો જ્યારે તેઓથી ગુનાહ ન થતા હતા તો તેમના ઉપર મુસીબત કેમ ? અને તેમની કસોટી શા માટે ? આ સવાલનો જવાબ હદીષ શરીફમાં છે, અબૂદાઊદ શરીફમાં હઝરત મોહંમદ બિન ખાલિદ પોતાના વાલિદથી અને તેઓ પોતાના વાલિદથી રિવાયત કરે છે કે નબી પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું કે બંદા માટે અલ્લાહના ઈલ્મમાં એક મર્તબો નક્કી હોય છે, જ્યારે બંદો પોતાના અમલોથી તે મર્તબે નથી પહોંચી શકતો તો અલ્લાહ તઆલા બદન, માલ, ઔલાદમાં તેની કસોટી કરી તેને સબ્રની તૌફીક આપેછે અને નક્કી કરેલા મર્તબા સુધી પહોંચાડી આપે છે. ઈબ્ને માજહ્માં હઝરત સઅદથી રિવાયત છે. નબી પાક صلی اللہ تعالٰی علیہ وسلم ને સવાલ કરવામાં આવ્યો કે સખત બલા કોની ઉતરે છે ? તો આપે ફર્માવ્યું, નબીઓ પર ! ત્યાર બાદ જે લોકોમાં બેહતર હોય, જેટલો દીન (દીનદાર) હોય તેટલી તકલીફ પડે છે, દીનમાં મજબૂત હોય તો બલા સખત હોય છે અને દીનમાં કમઝોર હોય તો બલામાં સહુલત હોય છે.

મારી બહેનો ! આ બધી હદીષો સામે રાખી ફેંસલો કરવામાં આવે તો સાબિત થશે કે અમુક મુસીબતો ગુનાને કારણે હોય છે તથા અમુક મર્તબે પહોંચાડવા માટે હોય છે. અને જેઓ ગુનાહથી પાક હોય છે અથવા જેમનાથી ગુનાહ થતા નથી તેઓને મુસીબત આપી કસોટી કરવામાં આવે છે. આથી કોઈ માણસને મુસીબતમાં જોઈ એવું પણ ન કહેવું જોઈએ કે આ માણસ ગુનાઓની સજા ભોગવી રહ્યો છે.





ظُنُّوا بِالْمُؤْمِنِيْنَ خَيْرًا મુસલમાનો પ્રત્યે સારું ગુમાન (ખયાલ) રાખો. અલ્લાહતઆલા ફર્માવે છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا يَسْخَرْ قَوْمٌ مِّن قَوْمٍ عَسَىٰ أَن يَكُونُوا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَاءٌ مِّن نِّسَاءٍ عَسَىٰ أَن يَكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۔

અય ઈમાનવાળાઓ ! ન તો પુરૂષો, પુરૂષોની હાંસી ઉડાડે. આશ્ચર્યજનક નથી કે તેઓ એ હાંસી ઉડાવનારાઓથી સારા હોય અને ન તો સ્ત્રીઓ, સ્ત્રીઓની હાંસ ઉડાડે, દૂર નથી કે તેણીઓ એ હાંસી ઉડાવનારીઓથી ઉત્તમ હોય.

મારી બહેનો ! આજનો ભયંકર માહોલ જોતાં તો એવું લાગે છે કે દરેક માણસ પોતે જ ગુનાઓના વજનથી એવો દબાયેલો છે કે તેને બીજાના ગુનાઓ તરફ ધ્યાન કરી તેની બુરાઈ કરવાનો હક નથી. કારણ કે જ્યારે માણસ પોતે પોતાના ગુનાહની તૌબા કરી તેને માફ કરાવી ન લે ત્યાં સુધી તે પોતાની જાતને શરીફ કેવી રીતે માની શકે ? અને તોબા કર્યા પછી પણ તે પોતાને શરીફ કેવી રીતે સાબિત કરી શકે ? કારણ કે તૌબા કબૂલ થાય તો ગુનાઓ માફ થાય, અને તેનું પરિણામ તો કયામતના દિવસે બહાર પડશે. માટે પોતાને શરીફ અને બીજાને ખરાબ ખ્યાલ ન કરો.

મારી બહેનો ! હવે સ્પષ્ટ થઈ ગયું કે મખ્લૂકમાં સૌથી ઊંચો મર્તબો નબીઓનો છે. અને બાદમાં સહાબાએ કિરામનો. તો સહાબાની તેમના મર્તબા પ્રમાણે કસોટી કરવામાં આવી. તે બાબત દિલ ધ્રુજાવે તેવા અમુક કિસ્સાઓ આપ સમક્ષ રજુ કરું છું જે ધ્યાનથી સાંભળો અને સહાબાની મહોબ્બતે ખુદા વ રસૂલનો અંદાજો લગાવો કે તેઓ કેવા સાચા આશિકે રસૂલ હતા. કે જાનથી મારી નાખવાની ધમકીઓ તલવારની ધારો અને ભાલાઓની અણીઓ, આગના બેડો (પથારીઓ) કે ગરમ રેતીના રણો વગેરે કોઈપણ જાતની સજા તેમને રાહે હકથી ડગમગાવી ન શકી. બલ્કે તેમની સાબિત કદમીને જોઈ શૈતાન પણ હિંમત હારી ગયો હતો. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે,

**અય ઈશ્ક તેરે સદકે જલ્નેસે છૂટે સસ્તે**
**જો આગ બુઝા દેગી વોહ આગ લગાઈ હય.**

મોટી ઉંમરવાળા મર્દોમાં સૌ પ્રથમ ઈસ્લામ લાવનાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. આપને દીનની દા'વતના માર્ગમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. તેનો એક નમૂનો તમારી ખિદમતમાં રજૂ કરૂં છું.

નબીએ કરીમ રઉફો રહીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે નબી હોવાનું એલાન કર્યું અને ગુપ્ત રીતે તબ્લીગે ઈસ્લામનું કામ શરૂ કર્યું. તે સમયે ફિતરતના પાક લોકો જેમને મૂર્તિઓની પૂજાથી પહેલેથી જ નફરત હતી તેઓ નબી પાકની મધૂરવાણીથી ઈમાન લઈ આવ્યા. મોટી ઉંમરવાળ ાઓમાં પ્રથમ ઈસ્લામ સ્વીકારનાર સહાબીએ રસૂલનું પ્યારું નામ અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ છે. ત્યારબાદ બીજા મુસલમાનોએ આ શર્ફ મેળવ્યો. આડત્રીસ જેટલા માણસોએ ઈસ્લામ સ્વીકાર્યો પરંતુ હજુ સુધી તબ્લીગનું કામ ગુપ્તપણે ચાલી રહ્યું હતું. એટલા માટે કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم બધા જ કામો ખુદા પાકના હુકમથી કરતા હતા. જ્યાં સુધી હુકમ ન મળતો ત્યાં સુધી આપમેળે ડગલુ ભરતા ન હતા. હઝરત સિદ્દીકે અકબરે નબીપાકની ખિદમતમાં હાજરી આપી અને નમ્રતાપૂર્વક અર્ઝ કરી આકા ! હવે આપણે ઈસ્લામની તબ્લીગનું કામ ખુલ્લમ ખુલ્લા કરવું જોઈએ. આપે મના ફર્માવી કહ્યું, મારું દરેક કામ હુકમે ખુદાથી થાય છે. જ્યારે જાહેર કરવાનો હુકમ મળશે ત્યારે તેના પર અમલ કરવામાં આવશે.

હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ ની દિલી તમન્ના એ જ હતી કે તબ્લીગે ઈસ્લામનું કામ અલલ એલાન થાય અને લોકોને બુતોની મજબૂરી સંભળાવવામાં આવે તો લોકોને કંઈક સમજમાં આવે અને શિર્ક બુતપરસ્તીથી તૌબા કરી વહદહુલાશરીકલહુના ફર્માન હેઠળ આવી જાય, રબને ખુશ કરી દોઝખથી મુક્તિ મેળવી લે અને દુનિયામાં ખૂણે ખૂણે ખુદાનું નામ જપવા લાગે. એટલે આપા આપ વારંવાર એ જ સવાલ કરતા કે આકા ! કાફિરો બુતપરસ્તી અને મૂર્તિપૂજા લોકોની જોતાં સરેઆમ કરી રહ્યા છે અને આપણે હક પર થઈને સંતાઈને રબને યાદ કરી રહ્યા છીએ, આકા ! મારું દિલ નથી ચાહતું કે મૂર્તિઓની પૂજા આ પ્રમાણે થાય.





અલ્લાહ ત્આલાને તેના મહબૂબ બંદાઓની અદાઓથી પ્યાર હોય છે. એટલે સિદ્દિકે અકબર رضی اللہ عنہ ની દિલી તમન્ના પૂરી થતાં અલ્લાહ તઆલાનું ફર્માન ઉતર્યું :– فَاصْدَعْ بِمَا تُؤْمَرُ

"તો એલાનથી કહી આપો જે તમને હુકમ આપવામાં આવે."

નબવી સં. ન. ૪ના તબ્લીગે ઈસ્લામનું કામ ખુલ્લમ ખુલ્લા કરી આપ્યું. અને બુતપરસ્તી, મૂર્તિપૂજા તેમજ મુર્તિપૂજકોની બુરાઈ કરવાનું કામ આરંભ કરી દીધું. બસ ! ત્યારથી જ કાફિરો દુશ્મન બની ગયા અને મુસલમાનોને સતાવવાનું શરૂ કરી આપ્યું.

## ★ હઝરત અબૂબક્રની સહનશીલતા ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ અર્ઝ કરી, આકા ! મારી સાથે તમામ મુસલમાનોની તમન્ના એ જ છે કે બધા કાબતુલ્લાહમાં આવી પોતપોતાના કબીલાના માણસો સામે ઈસ્લામના સત્ય હોવાનું અને બુતોના બાતિલ હોવાનું એલાન કરે. ઈસ્લામના ગણતરીના વફાદારોની જમાઅત કા'બતુલ્લાહમાં પહોંચી અને દરેક મુસલમાનોએ પોતાના કબીલાના માણસો સામે ઈસ્લામની દા'વત પેશ કરી. અલ્લાહના એક હોવાનું તથા મૂર્તિઓ બાતિલ હોવાનું એલાન કર્યું. પરંતુ દેવપરસ્તીમાં જેઓને વર્ષો વીતી ગયાં હોય, દિમાગોમાં જહાલત અને અંધશ્રધ્ધાના વાદળો છવાયાં હોય, જુના જમાનાથી જેમણે બુતો પાસે મુરાદો માંગી હોય, પથ્થરની બનેલી મૂર્તિઓને મનુષ્ય કરતાં વધુ સ્થાન આપ્યું હોય, તેવાઓની સમજમાં કેવી રીતે આવી શકે કે આપણું આ કામ ખોટુ છે અને અલ્લાહ એક છે. તેમણે તો મુસમાનોના મુખથી અલ્લાહના એક હોવાની વાત સાંભળતાં વેંત જ ઉહાપોહ મચાવવો શરૂ કર્યો. ચારેબાજુથી બદતમીઝીની વાતોની વર્ષા થવા લાગી. બેશરમીની હાલતમાં નગ્ન થઈ જેને જેમ ફાવે તેમ એલ ફેલ બોલવા લાગ્યા. તુ તુ મૈં મૈં કરતાં હાથાપાઈની નૌબત આવી ગઈ, કાફિરોએ તો મુસલમાનોને જેમ ફાવે તેમ મારવાનું શરૂ કરી દીધું. જેમાં સૌથી વધારે માર હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ ને પડયો.

મુસલમાનોના આ તબ્લીગી વજૂદમાં સૌ પ્રથમ બયાન હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ એ આપ્યું અને ઈસ્લામની તારીખમાં સૌ પ્રથમ

મુબલ્લિગ હોવાનું સ્થાન મેળવ્યું. પ્રથમ બયાન અબૂબકર સિદીકનું હતું એટલે કાફિરો આપ પર વધારે રોષે ભરાયા અને સૌથી વધારે તકલીફ આપને આપી. આપને એટલી હદ સુધી માર્યા કે આપ બેહોશ થઈ જમીન પર ઢળી પડયા. છતાં કાફિરોને આપ પર રહમ આવી નહીં અને મારવાનું ચાલું જ રાખ્યું. ઉત્બા બિન રબિઆએ આપના ચહેરા પર ચામડાના જોડાથી માર માર્યો. હઝરતનો ચહેરો લોહીલુહાણ થઈ ગયો. ત્યારબાદ તે આપના પેટ પર કુદવા લાગ્યો. તમાશો જોનારાઓને તો યકીન થઈ ગયું કે અબૂબકરની હાલત ગંભીર છે, બચી નહીં શકે.

હઝરત અબૂબકર સિદીક કબીલએ બની તમીમના હતા, જ્યારે આપના કબીલાના લોકોને ખબર પડી કે અબૂબકરને લોકોએ બેહોશ થઈ જતાં સુધી માર્યા, ત્યાં સુધી કે તેમની હાલત ગંભીર થઈ ગઈ છે જેથી તેઓ દોડતા આવ્યા. અબૂબકરને ખાટલીમાં મૂકી ઘરે પહોંચાડી આવ્યા. હાલત જોઈ તેમને પણ એવું લાગતું હતું કે અબૂબકર બચી નહીં શકે. એટલે તેઓ પાછા આવ્યા અને દુશ્મનોને સંબોધી કહ્યું કે અમે અબૂબકરની હાલત જોઈ આવ્યા છીએ. બચી શકે તેમ નથી, જો તેઓ ગુજરી ગયા તો ઉત્બાને અમે કતલ કરી દઈશું કારણ કે સૌથી વધારે માર તેણે જ માર્યો છે. કુટુંબીજનો તો આટલું કહી ફરી અબૂબકરની ખબર લેવા આવ્યા. પરંતુ હજુ હોશ આવ્યો ન હતો. આપના વાલિદ અને વાલેદા અવાજથી બોલાવતાં પણ કોઈ જવાબ મળતો હતો નહીં. સાંજ પડી, તકલીફ થોડી ઓછી થઈ, સોજો ઉતરતાં હોશમાં આવ્યા. આપે આંખો ખોલી જોયું તો કુટુંબીજનો આપની સેવામાં ઉભા હતા. આપના વાલિદ અને વાલેદા પણ ઉભા ઉભા રડી રહ્યાં હતાં. પરંતુ આપના તવજ્જોહનું મરકઝ નબીએ પાકની જાત હતી. હોશમાં આવતાંની સાથે જ કહેવા લાગ્યા, મને મારા મહબૂબ આકાની ખબર આપો, મને મારી ફિકર નથી, મને તો મારા મહબૂબ આકાની ફિકર છે.

ગેર મુસ્લિમ નબી પાકને અધર્મી કહેતા હતા. એટલે આપના મુખેથી આકાનું નામ સાંભળતાંની સાથે મોઢું બગાડી ચાલ્યા ગયા પરંતુ સાચા આશિકે રસૂલને કુટુંબીજનોના ગુસ્સે થવાની કોઈ ફિકર હોતી નથી. આપ વારંવાર એ જ સવાલ કરી રહ્યા છે, મને ખબર આપો મારા આકાની





હાલત કેવી છે ?! વધુ પડતા લોકો કાફિર હતા જેથી તેમને ખબર જ ન હતી કે સરકારે દો આલમ કયાં છે અને કેવી હાલતમાં છે ? આપની વાલેદાએ કહ્યું, બેટા ! અમને કંઈ જ ખબર નથી કે તેઓ કયાં છે અને કેવી પરિસ્થિતિમાં છે ? આપે પોતાની વાલેદાને કહ્યું, તમે ઉમ્મે જમીલ પાસે જાઓ, તેમને જરૂર ખબર હશે. આપની વાલેદા મમતાની મારી ઉમ્મે જમીલ પાસે આવ્યાં અને કહેવા લાગ્યાં, ઉમ્મે જમીલ ! અબૂબકરની હાલત ગંભીર છે, સવારથી સાંજ સુધી બેભાન હતા, અત્યારે ભાનમાં આવ્યા છે. એમની એક જ ખ્વાહિશ અને તમન્ના છે અને તે માલૂમ કર્યા વિના ન ખાવા અને ન પીવાની કસમ ખાઈ લીધી છે. તેમને જાણવું છે કે મોહંમદ બિન અબ્દુલ્લાહની હાલત કેવી છે ? صلی اللہ تعالیٰ علیہ وسلم સંજોગોને ધ્યાનમાં રાખી ઉમ્મે જમીલે કહ્યું, હું કોઈને જાણતી નથી અને મને કશી ખબર નથી. જો તમે કહેતાં હોય તો હું જાતે આવી અબૂબકરની સાથે વાત કરું. આપની વાલેદાએ કહ્યું, જેવી તમારી મરજી ! કારણ કે હું ચાહું છું કે ગમે તે રીતે મારા છોકરાને શાંતિ મળે અને તે થોડું ખાય તો બદનમાં તાકાત આવે. ઉમ્મે જમીલે આપના ઘરે આવી અરજ કરી, અબૂબકર ! કાફિરોને અલ્લાહ તઆલા બર્બાદ કરે, તેઓએ તમને ઘણો માર માર્યો છે. હઝરત અબૂબકરે આંખ ખોલતાંની સાથે જ કહ્યું, ઉમ્મે જમીલ ! બધી વાત રહેવા દો, પહેલાં મને એ બતાવો કે મારા મહબૂબ આકાની શી ખબર છે ? આપની વાલિદા ત્યાં ઉભાં હતાં એટલે ઉમ્મે જમીલે કહ્યું, અબૂબકર ! તમારી વાલિદા છે પછી હું રાઝની વાત કેમ કરી બતાવું ? 'બંધ મુટ્ઠી લાખની.' આપે ફર્માવ્યું, મારી માંથી કોઈ ખતરા જેવું નથી. ઉમ્મે જમીલે કહ્યું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હાલ દારે ઈબ્ને અરકમમાં છે અને ખૈરિયતથી છે, ફિકર કરવાની કોઈ જરૂરત નથી. આ વાત સાંભળી આપની વાલેદાએ કહ્યું, બેટા ! જ્યારે તમને ખબર થઈ ગઈ કે તમારા આકા સારી હાલતમાં છે તો હવે તમે તમારી ફિકર કરો. કંઈક ખાય-પી લો જેથી મારા દિલને શાંતિ થાય. પરંતુ સાચા આશિકે રસૂલ માત્ર વાતો ઉપર ભરોસો કેવી રીતે કરી શકે ? આપે કહ્યું, અમ્મી જાન ! જ્યાં સુધી હું મારા માથાની આંખોથી દીદાર ન કરૂં ત્યાં સુધી મારા દિલને શાંતિ મળશે નહીં. વાલેદાએ કહ્યું, બેટા ! તમારી હાલત

ખરાબ છે, વળી ચાલી શકાતું નથી પછી કેવી રીતે જઈ શકાય ? આપે કહ્યું, ગમે તેમ કરી ત્યાં જઈશ અને આકાને જોઈશ તો જ દમ લઈશ. ઉમ્મે જમીલે કહ્યું, અબૂબકર ! લોકોની અવર જવર ચાલુ છે એટલે અત્યારે ન જવાય, આટલી સબ્ર કરી તો હવે થોડી વધારે. મોડી રાત્રે જયારે લોકોની અવરજવર બંધ થઈ તે વખતે ઉમ્મે જમીલ અને આપની વાલેદા આપને સહારો આપી દારે ઈબ્ને અરકમમાં લઈ ગયાં. નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم આપને જોતાંની સાથે જ ઉભા થઈ ગયા અને ગળે લગાડી ચૂમી લીધા. નબી પાકના દીદાર કરતાંની સાથે જ સાચા આશિકે રસૂલે અરજ કરી, મારા આકા ! જયારથી હું હોશમાં આવ્યો છું મને એ જ ફિકર હતી કે આપ કેવી હાલતમાં હશો ! ઉમ્મે જમીલે મને ખબર આપી પરંતુ મારા દિલને તસલ્લી ન થઈ જેથી મેં મારા માથાની આંખોથી આપને જોઈ લીધા, હવે મને શાંતિ થઈ ગઈ કે આપને કોઈ જાતની તકલીફ પહોંચી નથી તથા આપ ખૈરિયતથી છો. મારી બાબત પણ ફિકર કરવા જેવું નથી, મને વધારે તકલીફ ઉત્બાના બૂટ મારવાથી થઈ છે પરંતુ હાલ સારું છે. આકા ! મને વધારે ફિકર તો મારી વાલેદાની છે કે તેમને મારાથી અનહદ મહોબ્બત છે અને મને પણ એમનાથી બેહદ મહોબ્બત છે પરંતુ તેઓ ઈમાન નથી લાવ્યાં એટલે મને તેમની આખેરતની ફિકર છે કે આખેરતમાં તેમનું શું થશે ? મારા આકા આપ અલ્લાહના મહબૂબ છો, મારા વાલેદાના ઈમાન માટે દુઆ કરી આપો. અબૂબકરની ફર્માઈશ આકા રદ શી રીતે કરે ! દુઆ માટે હાથ ઉઠાવ્યા, અય અલ્લાહ ! અબૂબકરની વાલિદાને તુ ઈમાનની દોલતથી માલામાલ કરી આપ, તારી તથા તારા નબીની મહોબ્બત તેમના દિલમાં ભરી આપ. મહબૂબે પાકની દુઆ કબૂલ કેમ ન થાય ! હજુ તો શબ્દોના મોતી વિખરી રહ્યા હતા કે અબૂબકની વાલેદાના હૃદયમાં ઈસ્લામની મહોબ્બત ઉભરાઈ આવી અને કલ્મો પઢી ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયાં.

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ નબી પાકની દુઆની કબૂલિયતની તાસીર બયાન





કરતાં ફર્માવે છે :-

**ઈજાબતકા સેહરા ઈનાયતકા જોળા, દુલ્હન બન્કે નિકલી દુઆએ મોહંમદ**
**ઈજાબતને ઝુક કર ગલે સે લગાયા, બળ્હી નાઝસે જબ દુઆએ મોહંમદ**
صلی اللہ تعالیٰ علیہ وسلم

મારી બહેનો ! આ વાકેઆથી આપણને જાણવા મળ્યું કે મુસલમાનને સૌથી વધારે મહોબ્બત બલ્કે પોતાની જાતથી પણ વધારે મહોબ્બત અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ થી હોવી જોઈએ. કારણ કે અબૂબક رضی اللہ عنہ ની હાલત ગંભીર હોવા છતાં પણ તેમને પોતાની ચિંતા ન હતી. પરંતુ આપની દિલી તમન્ના મહબૂબ આકાને સલામતીની સાથે જોવાની હતી. મેહબૂબના કદમોમાં જાન તો આપી શકાય છે પરંતુ તેમને કોઈ તકલીફ પડે તે વિચાર સુદ્ધાં પણ ન કરી શકાય. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :-

**કરૂં તેરે નામ પે જાં ફિદા ન એક જાન, દો જહાં ફિદા**
**દો જહાં સે ભી નહીં જી ભરા, કરૂં કયા કરોળોં જહાં નહીં.**

મારી બહેનો ! સહાબાની અલ્લાહ વ રસૂલ સાથે સાચી મહોબ્બત હતી એટલે દુનિયાની કોઈ પણ માદ્દી (ભૌતિક) તાકત તેમના પગોમાં બેડી બની શકતી ન હતી અને ગણતરીના મુસલમાનો સામે કાફિરોનાં હજારો સશકત લશ્કરી દળો પણ તેઓનાં કદમને ડગુમગુ કરી શકતાં ન હતાં. અને જે તરફ મોં કરતા, ચાલ્યા જ જતા કેમ ? તેમના હાથોમાં તલવારો હતી, તો કાફિરોના હાથોમાં પણ તલવારો હતી અને તે વળી વધારે મજબૂત ! તેમના અમુક પાસે સવારીઓ હતી તો કાફિરોના દરેક માણસ પાસે ડબલ સવારીની વ્યવસ્થા હતી, તેમની સાથે ખાવા માટે માત્ર ખજૂર અને પાણી હતું, તો કાફિરો પાસે અનેક પ્રકારની ખાવાની વાનગીઓ હતી, તેઓ ગણતરીની સંખ્યામાં હતા જ્યારે કાફિરો હજારોની સંખ્યામાં હતા. તેમ છતાં પણ મુસલમાનોને ફતેહ કેમ મળતી હતી ? તો ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :-

**યકીં મોહકમ અમલ પૈહમ મહબ્બત ફાતહે આલમ**
**જિહાદે ઝિંદગાની મેં હે યે મર્દોં કી શમશીરેં**

એટલે કે તેમના હાથોમાં યકીનની તલવાર અને મહબ્બતે રસૂલની ઢાલ હતી. હાથપગમાં ઈબાદતોની તાકત હતી. પછી તેમને કોઈ માદ્દી તાકત પરાજિત કંઈ રીતે કરી શકે ?! કારણ કે માદ્દી તાકતને તાકત સમજનાર તલવારોને તાકત સમજે છે, હાથી, ઘોડા કે પાલખીઓને તાકત સમજે છે પરંતુ જ્યારે તેનું દિલ મહોબ્બતથી ખાલી હોય છે ત્યારે તેની અક્કલ તેનો 'જજ' બની જાય છે અને તે અક્કલથી ફેંસલો કરે છે. તારા હાથમાં તલવાર છે તો સામેવાળાનો હાથ તલવારથી ખાલી નથી. જો તારી નિગાહ જરા સરખી પણ ખતા કરશે તો તો તુ તારું જીવન ખોઈ નાખીશ. આમ વિચારી ગમે તેટલી તાકાત રાખવા છતાં તે પોતાનું લોહી છોડી દે છે, જ્યારે મુસલમાનનો 'જજ' ફેંસલો કરે છે કે મહબૂબના કદમોમાં જાન આપી દે ! એમ ન સમજ કે તુ મરી જશે, બલ્કે તુ શહીદ બની હમેશાંની જિંદગી પામી જઈશ. ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**નઝર અલ્લાહ પર રખતા હય મુસલમાને ગોયૂર**
**મૌત ક્યા શૈ હય ? ફક્ત આલમે મઅની કા સફર**

મારી બહેનો ! મોતને મોત સમજતો હોય તેનું દિલ અશકત (નરમ) બની શકે છે પરંતુ જે મોતને મસીહા સમજે તેના જોશ અને જજબાતને કોઈ તોડી શકે ? અલ્લાહ તઆલા પોતાના માર્ગમાં જાન આપનારે હમેશાંની હયાતની બશારત આપતાં ફર્માવે છે :–

وَلَاتَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَاءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ فَرِحِيْنَ بِمَا اٰتَاهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ وَيَسْتَبْشِرُوْنَ. بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِّنْ خَلْفِهِمْ اَلَّا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ـ يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ.

અને જેઓને અલ્લાહના માર્ગમાં કાપી નાંખવામાં આવ્યા કદાપિ તેમને મરેલા ખયાલ ન કરો, બલ્કે તેઓ પોતાના રબ પાસે જીવંત છે, રોજી પામે છે, ખુશ છે તેના પર જે અલ્લાહે પોતાના ફઝ્લથી આપ્યું અને ખુશીઓ મનાવી રહ્યા છે. પોતાની પાછળ આવનારાઓની જે હજુ તેમનાથી મળ્યા નથી, તેમના પર કોઈ ભય નથી અને ન કોઈ ગમ, ખુશીઓ મનાવે છે અલ્લાહની નેઅમત અને ફઝ્લની. અને





બેશક ! અલ્લાહ બર્બાદ નથી કરતો મુસલમાનોનો અજ્ર.

ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**મરકે જી ઉઠના ફક્ત આઝાદ મર્દોંકા હય કામ**
**ગર ચે હર ઝી રૂહકે મંઝિલ હૈ આગોશે લહદ**

અલ્લાહ તબારક વ તઆલા સહાબાએ કિરામના જોશ અને જઝબાતની કદર કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

اَلَّذِيْنَ قَالَ لَهُمُ النَّاسُ اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ فَاخْشَوْهُمْ فَزَادَهُمْ اِيْمَانًا وَّقَالُوْا حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ.

જેમને લોકોએ કહ્યું કે લોકોએ તમારા માટે જૂથ બનાવ્યું તો તેમનાથી બીઓ તો તેમનું ઈમાન ઔર વધી ગયું અને કહ્યું, અલ્લાહ અમને બસ છે ! અને કેટલો સારો કામ બનાવનારો.

એટલે કે મક્કાથી નોઅમ બિન મસ્ઊદ અશજઈએ આવી કહ્યું, કે અય મુસલમાનો ! તમારા માટે તો કાફિરોએ મક્કામાં મોટું લશ્કર તૈયાર કરી લીધું છે. જો તમે જંગ કરવા જશો તો તમારામાંથી એક પણ નહીં બચશે. જેથી તમારો ઈરાદો મુલ્તવી રાખો. પરંતુ અલ્લાહ વ રસૂલની સાચી મહોબ્બતથી પોતાના હૃદયનું ઘર આબાદ કરનારાઓનું ઈમાન ઓર વધી ગયું અને મહોબ્બત છાતીમાં જોશ મારવા લાગી ! કારણ કે તેઓ પોતાની તાકાત પર ભરોસો રાખતા નહોતા, પરંતુ તેમનો મુકમ્મલ ભરોસો અલ્લાહ તઆલાની જાત પર હતો. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**હફ્ત કિશવર જિસસે હો તસ્ખીર બે તેગો તફંગ,**
**તૂ અગર સમઝે તો તેરે પાસ વોહ સામાં ભી હૈ,**

મારી બહેનો ! હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના આ વાકેઆથી અને સહાબાએ કિરામના જીવન ચારિત્ર્યથી એ વાત પણ જાણવા મળે છે કે તેઓ દીનની દાવત લોકોને પેશ કરતા હતા અને એવા સમયે કે જ્યારે મુસલમાનોની સંખ્યા ઓછી હતી અને મુશ્રિકોના દિલોમાં મૂર્તિઓની મહોબ્બત ઘર કરી ગઈ હતી અને પોતાના

મઅબૂદોની વિરૂદ્ધ એક શબ્દ પણ સાંભળવા તૈયાર ન હતા. સહાબાઓને ખબર હતી કે અમે દાવત પેશ કરીશું તો ગાળો ખાવી પડશે, અપશબ્દો સાંભળવા પડશે, મેણાં ટોણાં વેઠવાં પડશે, અને માર પણ ખાવી પડશે. તેમ છતાં પણ રબના ફર્માન મુજબ અમલ કરવા માટે દરેક પ્રકારની તકલીફો સહન કરીને પણ દા'વતનું કામ કરીને જ દમ લેતા હતા. અને મોમિનની શાન પણ એ જ છે કે સારી વાતોનો હુકમ આપે અને બુરી વાતોથી મનાઈ કરે.

અલ્લાહ તઆલા પોતે જ મોમિન અને મુનાફિકનો તફાવત બયાન કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

اَلْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنَاتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ يَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَيُطِيْعُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ۔

મોમિન પુરુષો અને સ્ત્રીઓ એક બીજાનાં મિત્રો છે, ભલાઈનો હુકમ આપે છે, બુરાઈથી મના કરે છે, નમાઝ કાયમ રાખે છે, ઝકાત આપતા રહે છે, અને અલ્લાહ અને તેના રસૂલનું કહ્યું માને છે.

કુર્આને પાકની આ આયતમાં સાચા મુસલમાનોની ઓળખ એ બયાન કરવામાં આવી છે કે તેઓ પોતે નમાઝ, ઝકાત તેમજ અલ્લાહ વ રસૂલના બધા હુકમ પર અમલ કરતા હોય છે અને બીજા મુસલમાન ભાઈઓ સાથે અને મુસલમાન ઔરતો સાથે મુસલમાન ભાઈ બહેન હોવાનો હક અદા કરતાં તેમને સારી વાતોનો હુકમ આપે છે અને બુરાઈઓથી બચવાની કોશિશ કરે છે. સહાબાએ કિરામનું જીવન આ આયતની અમલી તફસીર હતું અને દરેક મુસલમાનને આ આયતની અમલી તફસીર બનવાની કોશિષ કરવી જોઈએ. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**મિટ નહીં સકતા કભી મર્દે મુસલમાં કે હય**
**ઈસ્કી અઝાનોંસે ફાશ સિર્રે કલીમ વ ખલીલ**

મારી બહેનો ! સહાબાના જમાનામાં મુસલમાનો નબી પાકની સુન્નતોના અને અલ્લાહ વ રસૂલના ફર્માનોના એટલા બધા





પાબંદ હતા કે કોઈ પણ મુસલમાન દીનની કોઈ વાત પર અમલ છોડતો જોવામાં આવતો ન હતો. એટલે તે જમાનામાં અમલમાં કોઈ સુસ્તી કરતો, સુન્નતે રસૂલ છોડતો કે નમાઝમાં આળસ કરતો તો તેના પ્રત્યે લોકોને મુનાફિક હોવાનો ખ્યાલ થવા લાગતો અને ઔરતોની પણ એ જ હાલત હતી. એટલે સુધી કે જ્યારે તેમના હૈઝ (માસિક અટકાવ)ના દિવસો પૂરા થવાનો સમય આવતો તો રાત્રે સૂતી પણ ન હતી. એ બીકમાં કે જો રાત્રે પાક થવાય તો ગુસલ કરી ઈશાંની નમાઝ અદા કરી લઈએ, નહીં તો કઝા કરવાનો ગુનો વહોરવો પડશે. સારાંશ કે દરેક મુસલમાન મર્દ ઔરત દીનના કોઈપણ કાર્યમાં સુસ્તી કરતાં જોવા મળતાં જ ન હતાં.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَلْمُنَافِقُوْنَ وَالْمُنَافِقَاتُ بَعْضُهُمْ مِنْ بَعْضٍ يَأْمُرُوْنَ بِالْمُنْكَرِ وَيَنْهَوْنَ عَنِ الْمَعْرُوْفِ۔

મુનાફિક પુરૂષો અને સ્ત્રીઓ એકબીજામાંથી છે, બુરાઈનો હુકમ આપે છે અને ભલાઈથી મનાઈ કરે છે.

મારી બહેનો ! કુર્આને પાકની રોશનીમાં તમે સાંભળ્યું છે કે મોમિન અને મુનાફિકની ઓળખ શું છે. હવે હું તમને આપણા માહોલની ખરાબી અને ખિલાફે ઈસ્લામ વાતો પર અમલની એક ઝલક બતાવું. આજે દુનિયામાં મુસલમાનો એવાં એવાં કામોમાં સંડોવાએલા જોવા મળે છે કે અલ્લાહની પનાહ ! મોટામાં મોટા ગુનાહનું કામ હશે તો તેનું હેન્ડલિંગ (સંચાલન) મુસલમાન કરતો જોવા મળશે. નાચવું, ગાવું, હસવું, કૂદવું, ઔરતોએ વાળ કપાવી ફેશનેબલ બનવું, મર્દોએ ઔરતોની સ્ટાઈલ અપનાવવી, શાદી વ્યાહમાં ગાયનો અને ગીતોની વિરહાક મચાવવી, ઔરતોએ શાદી વ્યાહમાં ડાન્સ કરવો, ઘરોમાં કે શાદી પ્રસંગે અનેક કામોમાં ગેરમુસ્લિમોના રિવાજો પર અમલ કરવો, બુઝુર્ગોના મઝારો પર જુગાર રમવો, ત્યાં કવ્વાલ અને કવ્વાલણ બોલાવી ઈજ્જતનું લિલામ કરાવવું, આવાં અનેક ગુનાહનાં કામો છે જેને આપણે કરી રહ્યા છીએ તથા લોકોને શિર્કત કરવાની દાવત પણ આપીએ છીએ. મારી બહેનો ! કુર્આન તો એલાન કરી રહ્યું છે કે ઈમાનવાળા મર્દ અને ઔરતો

પોતે નેક કામ કરતાં હોય છે અને બીજાઓને નેકીનો હુકમ કરી બુરાઈથી બચાવતાં હોય છે અને મુનાફિક મર્દો અને ઔરતો પોતે બુરાઈ કરી બીજાઓને પણ બુરાઈનો હુકમ આપે છે તથા નેક કામથી રોકે છે. શું આજનો માહોલ જોતાં અને કુર્આનની આયતો જોતાં એવું નથી લાગતું કે જે કામો મુનાફિક કરતા હતા તેના તરફ આપણે જઈ રહ્યા છીએ !

ડોકટર ઈકબાલ સાહબ ફર્માવે છે :–

**ખબર નહીં કયા હય નામ ઉસ્કા ખુદા ફરેબી કે ખૂદ ફરેબી**
**અમલસે ફારિગ હુઆ મુસલમાં બનાકે તકદીર કા બહાના**

એટલે કે માણસ આજે ગુનાહનાં કામો કરે છે અને જ્યારે તેને કહેવામાં આવે છે તો જવાબ આપે છે, અલ્લાહ તઆલાએ નસીબમાં લખ્યું હશે તે થશે ! મતલબ કે તકદીર અને નસીબને બહાનું બનાવી ગુનાહનાં કામો કરતો જાય છે. પરંતુ એટલું યાદ રાખવું જોઈએ કે ખોટા બહાના બનાવી તમે અલ્લાહ સાથે તો ફરેબ કરી નથી શકવાના, પણ તમે તમારા નફસ સાથે ફરેબ કરી રહ્યા છો, કે દીનથી દૂર થઈ અમલથી ગફલત કરી દોઝખનું ઈંધન બનવાની કોશિશમાં લાગેલા છો. માણસ પથ્થર માફક મજબૂર અને બેકસ નથી કે તેની પાસે કોઈ પાવર કે ઈખ્તિયાર ન હોય, બલ્કે અલ્લાહ તઆલાએ અનેક કામોમાં તેને પાવર આપેલો છે, જેનાથી તે સારા અને ખરાબનો ફેંસલો કરી બેમાંથી ગમે તે કામ પસંદ કરી શકે છે તો તે ઈખ્તિયારવાળા કામોમાં તમારે તમારી અક્કલનો ફેંસલો કરવાનો નથી બલ્કે ઈસ્લામી શરીઅતનો ફેંસલો કબૂલ કરવાનો છે અને આવાજ ઈખ્તિયારવાળા કામોની બાબત અલ્લાહ તઆલા એ તકદીરમાં, નસીબમાં પોતાના ઈલ્મેગૈબથી બે માંથી તમારી પસંદ કંઈ હશે તે પ્રમાણે લખેલું છે. જ્યારે તમારી ઈચ્છા જેમાં હશે તે લખવામાં આવ્યું હશે તો પછી તેમાં તકદીર અને નસીબને બહાનું બનાવી ગુનાહના રસ્તે કેમ કરી ચાલી શકાય છે ! આ દુનિયામાં પથ્થર, ઝાડ જેવી અનેક ચીજ વસ્તુઓ છે જેને પોતાનો સ્વ ઈખ્તિયાર આપવામાં આવ્યો નથી એટલે તેઓ તકદીરની પાબંદ હોય છે. જ્યારે એમના માટે આખેરતમાં કોઈ હિસાબો કિતાબ પણ નથી. જો તમો પણ પત્થરની માફક જ છો તો તમારો પણ હિસાબ ન હોત,





પરંતુ તમો તો અશરફૂલ મખલૂકાત છો પછી તમારી વાતો પત્થરો માફક કેમ થઈ રહી છે ! આ વિષે ડો. ઈકબાલ સાહબ ફર્માવે છે :–

**તકદીરકે પાબંદ, નબાતાત વ જમાદાત**
**મોમિન ફકત અહકામે ઈલાહીકા હૈ પાબંદ**

આજની હાલત જોતાં એવું કહી શકાય છે કે જે કૌમ દુનિયા માટે માર્ગદર્શક હતી, તેના અમલો સીધા માર્ગેથી એવા ખસેલા અને વિરૂદ્ધ દિશાઓમાં જતા જોવા મળે છે કે તેને પોતાને જ પોતાનો માર્ગદર્શક શોધવાની જરૂરત છે, જે તેને સાચા માર્ગ પર લગાવી શરાફતનો શરબત પીવડાવે.

ડોકટર ઈકબાલ સાહેબ મુસલમાનોની બદઅમલી જોઈને અફસોસ જાહેર કરતાં ફર્માવે છે :–

**નિશાને રાહ દિખાતે થે જો સિતારોં કો**
**તરસ ગયે હૈં કિસી મર્દે રાહદાં કે લિયે**

સહાબાએ કિરામના અમલ શરીઅતે ઈસ્લામીની બિલકુલ માફક જ હતા અને કોઈપણ વાતમાં તેમનો ફેંસલો અલ્લાહ વ રસૂલ વિરુદ્ધમાં થતો ન હતો. એટલે તેમનામાંથી દરેક કયામત સુધી અવતા મુસલમાનો માટે માર્ગદર્શક છે. જેમ કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું... اَصۡحَابِیۡ کَالنُّجُوۡمِ فَبِاَیِّہِمِ اقۡتَدَیۡتُمۡ اِھۡتَدَیۡتُمۡ મારા સહાબા તારાઓ માફક છે, તેમનામાંથી જેની પણ પૈરવી કરશો હિદાયત પામશો. એટલે કે દરેક સહાબી પોતાની જગ્યાએ રાહદાં (રસ્તો બનાવનાર) છે. તો તેમનો ફોલો (અનુસરણ) કરી દરેક મુસલમાને બીજા મુસલમાન માટે રાહદાં બનવું જોઈએ. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**ઝમાના અબ ભી નહીં જિસકે સોઝસે ફારિગ**
**મૈં જાનતા હૂં વો આતિશ તેરે વજૂદમેં હય**

મુસ્લિમ શરીફની હદીષ છે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે કોઈ ખરાબ કામ થતું જુએ તો તે પોતાના હાથથી તેને રોકે, અને તેની તાકત ન હોય તો જીભથી રોકે, અને તેટલી પણ તાકાત ન હોય તો

દિલથી તેને બુરૂ સમજે, અને એ કમઝોર ઈમાનવાળો છે.

જ્યારે આપણને લાગે કે ખરાબ કામ કરનારને આપણે કહીશું તો તે માની જશે, તો કહેવું વાજિબ છે. નહીં કહે અને તેને કરવા દેશે તો પોતે પણ ન કહેવાનો ગુનેગાર થશે. અને જે તમારા હાથ હેઠળ હોય અથવા જેમની ઉપર તમે ઈમ્પ્રેશન પાડી શકો છો તો આમ જ કરવું, અને પૈસાના કામમાં પૈસા આપી રોકી શકાતું હોય તો રોકવું અને બન્ને રીતે રોકવાની શક્તિ ન હોય તો દિલથી બુરું સમજવું તો જરૂરી છે. આ કમઝોર ઈમાનવાળો હોવાની દલીલ છે. મતલબ એ થયો કે મુસલમાન બુરા કામોથી રોકવાનું કામ કરે છે. નહીં તો પોતે દિલથી બુરું સમજી દૂર રહે છે. તે સિવાય મોમિનની ત્રીજી શાન થઈ શકતી જ નથી.

## ★ મોમિન તથા મુનાફિકમાં તફાવત ! ★

નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોમિન અને મુનાફિકનો ફર્ક પૂછવામાં આવ્યો તો આપે અનેક તફાવત બયાન ફર્માવ્યા : (૧) મોમિનની તવજ્જોહ નમાઝ, રોઝા તરફ હોય છે જ્યારે મુનાફિકની તવજ્જોહ ખાવાપીવામાં હોય છે. (૨) મોમિન અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે અને અલ્લાહ તઆલાથી ગુનાહોની બક્ષિશ માંગે છે, જ્યારે મુનાફિક લાલચ અને નફસની વાસનામાં લાગેલો રહે છે. (૩) મોમિન અલ્લાહ તઆલા સિવાય કોઈનાથી ઉમ્મીદ રાખતો નથી અને મુનાફિક અલ્લાહને છોડી મખલૂકથી ઉમ્મીદ રાખે છે. (૪) મોમિન દીન અને ધર્મને માલ કરતાં વધારે મહત્ત્વ આપે છે જ્યારે મુનાફિક દુનિયાને દીનથી વધારે મહત્ત્વ આપે છે. (૫) મોમિન નેકીઓ કરે છે અને પછી પણ આંસું વહાવે છે જ્યારે મુનાફિક ગુનાહ કરીને પણ ખુશ થાય છે. (૬) મોમિન અલ્લાહ સિવાય કોઈથી ડરતો નથી, જ્યારે મુનાફિક અલ્લાહને છોડી સર્વેથી બીતો હોય છે. (૭) મોમિન એકાંતવાસને પસંદ કરે છે, જ્યારે મુનાફિક મેળા ઠેલામાં (ભીડમાં) રહેવું પસંદ કરે છે. (૮) મોમિન દીનની ખેતી કરે છે અને પછી બરબાદ ન થઈ જાય તેની બીક રાખે છે, જ્યારે મુનાફિક ખેતી કર્યા વિના જ ફાયદાની ઈચ્છા ધરાવે છે. (૯) મોમિન સમજદારીથી સારાં કામોનો હુકમ કરે છે અને બુરા કામોથી મનાઈ કરે છે જ્યારે મુનાફિક માન મર્તબો વધારવા લોકોમાં લડાઈ ઝઘડા





ઉભા કરે છે. સારા કામોથી રોકવાની કોશિષ કરે છે અને બુરા કામોનો શોખ અપાવે છે. ત્યાર બાદ ઉપરોક્ત આયત ફર્માવી.

વિચારવા જેવી વાત એ છે કે આપણે મુનાફિકને બુરો સમજીએ છીએ, દીનનો છુપો દુશ્મન હોવાને કારણે તેની સાથે દુશ્મની કરીએ છીએ પરંતુ એ કેટલી ખરાબ વાત કહેવાય કે તે જ દુશ્મનના ખરાબ કામો આપણે પોતે કરીએ તેને દુશ્મની ન કહેવાય ! જો દિલથી તેમને દુશ્મન સમજવામાં આવે તો તેમની જેવાં કામો આપણાથી થઈ શકે જ નહીં. મોમિનનું ધ્યાન નમાઝમાં હોય છે, અને મુનાફિકનું ખાવામાં. શું આજે મુસલમાનોની આવી હાલત જોવા નથી મળતી કે સારું સારું ખાવામાં ટાઈમ આપી શકે છે. ઘરમાં સારું ખાવું ન બન્યું હોય તો હોટલમાં જઈ શકે છે. અને નમાઝનો સમય થયો હોય, અઝાન પણ સંભળાઈ હોય, મસ્જિદની પાસે રહેતો હોય, તો પણ નમાઝ માટે આવતા નથી. ઔરતો એકબીજા સાથે બેસી ગપસપ લગાવી શકે છે, જાતજાતનું અને ભાતભાતનું ખાણું બનાવી શકે છે પણ નમાઝનો તેમને વિચાર સુદ્ધાં પણ આવતો નથી ! તો મોમિન હોવા છતાં આપણે ઈબાદત છોડી ખાવાપીવામાં ધ્યાન કેમ લગાવી દીધું છે ? સારાંશ કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જે જે નિશાનીઓ મુનાફિકોની બયાન ફર્માવી તે બધી જ આજે આપણા મુસલમાનોમાં જોવા મળે છે. આ એક સવાલ છે જેનો જવાબ મારાથી બની શકે તેમ નથી, તો તમે પોતે જ એનો જવાબ શોધવાની કોશિશ કરશો. હું તો માત્ર આ શેઅર કહી શકું છું જે ડોકટર ઈકબાલ સાહેબે મુસલમાનોને સંબોધી પોતાની હાલત સુધારવાની દા'વતમાં પેશ ફર્માવ્યો :–

**તેરી દુઆસે કઝા તો બદલ નહીં સકતી**
**મગર હય ઉસસે યે મુમ્કિન કે તૂ બદલ જાયે**

મુસલમાન આજે ગેરમુસ્લિમ કરતાં બુરાઈઓમાં એક કદમ આગળ વધેલો છે. તેઓ પોતે જ કહેતા હોય છે કે ઈસ્લામ સત્ય ધર્મ છે પરંતુ તેને માનનારાઓમાં તે સચ્ચાઈ જોવામાં આવતી નથી. બલ્કે જે બુરાં કામો કરવામાં આપણને શરમ આવે છે મુસલમાન તેને ગર્વથી કરતો જાય છે.

ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**શોર હૈ હો ગયે દુન્યાસે મુસલમાં નાબૂદ**
**હમ યેહ કહેતે હૈં થે ભી કહીં મુસલમાં મૌજૂદ**

**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુન મેં હુનૂદ**
**યે મુસલમાં હૈ જિન્હેં દેખ કે શરમાયે યહૂદ**

**યૂં તો સય્યદ ભી હો, મિર્ઝા ભી હો અફ્ઘાં ભી હો**
**તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો**

એટલે કે મુસલમાનોએ જે શાન અને વકારની સાથે રહેવું જોઈએ તે તો જોવા નથી મળતું, પરંતુ મુસલમાનોના કામો એટલી હદે ખરાબ જોવા મળે છે કે તેઓને જોઈ એવું અનુમાન થાય છે કે જાણે મુસલમાન નામી કોઈ દુનિયામાં આવ્યો જ નથી.

મારી બહેનો ! જ્યારે અલ્લાહ, રસૂલ, સહાબા અને બુઝુર્ગો સાથે આપણને અકીદત અને મહોબ્બતનો દાવો છે તો જીવન ગુજારવામાં તેમનું ફર્માન ધ્યાનમાં રાખવું જોઈએ, અને જ્યારે ગેરમુસ્લિમ સાથે આપણને ધાર્મિક દુશ્મની છે તો તેમના રસ્મો રિવાજથી બચવું જોઈએ અને દુશ્મનો સાથે દુશ્મનો જેવો જ વર્તાવ કરવો જોઈએ. કારણ કે આખેરતની સફળતા અલ્લાહ વ રસૂલના ફર્માન પર અમલ કરવામાં છે. તો તેનાથી આખેરતની કામયાબી પ્રાપ્ત થાય તેવું જ કામ કરવું જોઈએ.

મારી બહેનો ! આપણુ બયાન સહાબાએ કિરામની સહનશીલતાના વિષય પર થઈ રહ્યું છે કે તેઓ દીનથી કેટલી સાચી મહોબ્બત રાખતા હતા કે ગમે તેટલી તકલીફ અને મુસીબત વેઠીને પણ તેઓ ઈસ્લામી શરીઅત પર અમલ કરતા હતા અને દીનની વાતો બીજા સુધી પહોંચાડવા પૂરેપૂરી મહેનત કરતા હતા, તેઓનાં બધાં જ કામો અલ્લાહ વ રસૂલને ખુશ રાખવા માટે હતાં. માથાથી લઈને પગ સુધી ઈખ્લાસ બનીને હતા. દુનિયાની નાશવંત નેઅમતો તેમની નજરમાં ધૂળ સમાન હતી. ગમે તેવી મોટી મોટી લાલચો તથા ખતરનાક ધમકીઓ પણ તેઓને તેમના માર્ગથી જરા પણ હટાવી શકતી ન હતી.





## ★ હઝરત ઈબ્ને હુઝૈફાની અડગતા ★

હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ મુલ્કે રૂમ ઉપર ચઢાઈ માટે એક લશ્કર મોકલ્યું. તેમાં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યારા સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફા رضی اللہ عنہ પણ હતા. જયારે રૂમી સિપાહીઓએ મુસલમાનોના અમુક સિપાહીઓને કેદી બનાવી તેમના રાજા તાગિયાના દરબારમાં હાજર કર્યા તેમાં અબ્દુલ્લાહ બિન હુઝૈફા رضی اللہ عنہ પણ હતા. રૂમી બાદશાહે મુસલમાનોની હાલત જોઈ અનુમાન કર્યું કે આ કોમ ઘણી જ તંગદસ્ત અને ખૂબ ગરીબ હોય એમ લાગે છે. એટલે તેમને તેમના માર્ગથી હટાવવાનો સરળ ઈલાજ એ છે કે તેમને દુનિયવી એશઆરામની લાલચ આપો. જો તેમને દોલત મળી જશે તો બળવાખોરીનું જીવન છોડી દેશે. કારણ કે ગરીબ માણસને ધનદોલતની જરૂર હોય છે તેને પ્રાપ્ત કરવા છેલ્લે તે પોતાની જાન પણ આપી દે છે, લડાકૂ બની બીજાઓની માલમિલ્કતને હડપ કરવાની કોશિશ કરે છે. પરંતુ તે નાસમજ રાજાને શું ખબર કે સહાબાઓએ ગરીબી પોતાના નબીની સુન્નતમાં પસંદ કરી છે, તેને શું ખબર કે આપની નજરમાં દુનિયાની દોલત ધૂળ સમાન છે, તે નાસમજને શું ખબર કે આ લોકો દુનિયા માટે નહીં, દીન અને ધર્મ માટે લડી રહ્યા છે. તે નાસમજને શી ખબર કે આ કોમ દીની મહોબ્બતના જુનૂનમાં ખુશી ખુશી પોતાની જાન પણ આપી શકે છે. તે નાસમજને શી ખબર કે આ લોકોને અલ્લાહના માર્ગમાં મરી ફીટવું, જીવવાથી પણ વધારે પ્યારું છે. પરંતુ રાજા તાગિયો પોતે પોતાની કોમની હાલત જોઈ સહાબાઓને પણ પોતાની માફક લાલચુ સમજી રહ્યો હતો.

રાજા તાગિયાએ અબ્દુલ્લાહ બિન હુઝૈફાને સંબોધી કહ્યું, અય અબ્દુલ્લાહ ! તમને ઈસ્લામ ધર્મ સ્વીકારવાથી શું મળ્યું ? જે તમારી પાસે છે તે પણ ચાલી ગયું હશે. હું તમારા લોકોની હાલત જોઈ રહ્યો છું, કે તમો સાવ ગરીબમાં ગરીબ છો, હું તમને ઈસાઈ ધર્મની દાવત આપું છું. જો તમે અમારો ઈસાઈ ધર્મ અંગિકાર કરી લેશો તો અમે તમને માલામાલ કરી દઈશું, બલ્કે હું પોતે તમને મારી સલ્તનતમાંથી એક ભાગ આપીશ. તથા મારો ખજાનો તમારા પર લૂંટાવી દઈશ., તમારી ઈજ્જત વધી જશે, લોકો તમને સલામી આપશે અને તમને

જિંદગીમાં એવો આરામ મળશે કે જે તમોએ કદાપિ જોયો નહીં હોય.

મારી બહેનો ! હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફા સાચા આશિકે રસૂલ હતા. આજના મુસલમાનો માફક માત્ર દાવેદાર ન હતા, જેઓ બે પાંચ પૈસા કમાવા માટે દીનને બાજુ પર મૂકી દે છે. દુનિયાની નાશવંત મિલ્કત વસાવવા માટે અલ્લાહનો મહત્ત્વનો ફર્ઝ નમાઝને છોડી દે છે. ચાર દિવસના જીવનને સારું બનાવવા હમેશાંની આખેરત બર્બાદ કરી નાખે છે. વાત વાતમાં અલ્લાહની જૂઠી કસમો ખાઈ બેસે છે, સો ટકા જૂઠી વાતમાં પણ કુર્આન જેવી મુકદસ કિતાબ ઉઠાવી લે છે. પરંતુ આવા સાચા આશિકે રસૂલ પોતાની જીભથી તથા અમલથી બન્ને રીતે મુસલમાન બનીને રહેતા હતા. દીન માટે દુનિયાને લાત મારી દેતા તેમજ દુનિયા માટે દીનની ભલાઈઓ છોડવાનો પણ ઈરાદો દિલમાં લાવતા ન હતા. ભલા દુનિયાની નેઅમતો શું ચીજ છે ?! દીનની ભલાઈ માટે પોતાની જાન પણ આપી દેતાં જરા ખચકાતા ન હતા. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**અપને રઝ્ઝાક કો ન પહચાને તો મોહતાજે મોલૂક**
**ઔર પહચાને તો હૈં તેરે ગદા દારા વજમ**

એટલે કે જે અલ્લાહ ત્આલાને રઝ્ઝાક સમજે છે તે રિઝ્કમાં અલ્લાહ ત્આલાનની જાત પર ભરોસો રાખે છે. રિઝ્કનો ભાર પોતે પોતાના શીરે લઈ નથી ફરતો. મતલબ કે રોજીની કોશિશ તેને દીન પર અમલ કરવામાં ખલલ રૂપ નથી બની શકતી. શું તમને નથી ખબર કે ખ્વાજા ગરીબ નવાઝ પાસે દુનિયવી સામાનમાંથી શું હતું ? માત્ર પહરેવાનાં કપડાં અને ખાવાના અમુક વાસણો તે સિવાય કોઈ મહેલ ખ્વાજા સાહેબના નામનો જોવા મળતો નથી. એટલે કે ફકીરી જીવનમાં રહેતા હતા. પરંતુ તે જમાનાના મોટા મોટા રાજા મહારાજાઓ પણ તેમના દરબારમાં આવી ભીખ માંગતા હતા. તે કઈ તાકત અને શક્તિ હતી જે સશક્ત લશ્કરોના રાજાઓને પણ આપના દરબારમાં લઈ આવતી તે બાબત ડોકટર ઈકબાલ સાહેબ પોતાની શાયરીમાં બયાન ફર્માવે છે :–

**મુકામે ફકર હય કિતના બુલંદ શાહી સે**
**રવિશ કિસીકી ગદાયા ન હોતો કયા કહીયે**





રાજા તાગિયાની અજુગતી વાત સાંભળી હઝરત અબ્દુલ્લાહ જલાલમાં આવી ફર્માવવા લાગ્યા. 'અય તાગિયા ! તારા મનમાં તુ શું સમજી બેઠો છે ? શું તુ અમને દુનિયાના કૂતરા સમજી ગયો છે ? કાન ખોલીને સાંભળ ! અગર તુ તારી રાજભૂમિનો એક ભાગ તો શું આખી સલ્તનત મને આપી દે અને કહે કે હું મારા પ્યારા આકા અહમદે મુજતબા મોહંમદ મુસ્તુફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીન અને ધર્મથી ફક્ત આંખ ઝપકે તેટલા સમય માટે પણ અલગ થઈ જાઉં તો તે પણ મને કબૂલ નથી. તો પછી તુ તો સલ્તનતના એક ભાગ માટે અને વળી હમેશાંને માટે મને દીન છોડવાની દા'વત આપી રહ્યો છે ! ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :

**ખ્વાર જહાં મેં કભી હો નહીં સકતી વો કોમ**
**ઈશ્ક હો જિસકા જસૂર, ફકર હો જિસકા ગુયૂર**

રાજાએ જોયું કે આ કોમને દુનિયાની લાલચ આપી દીનથી હટાવી શકાય એમ નથી. તો પછી જાનથી મારી નાંખવાની ધમકી આપવી જોઈએ કારણ કે માણસને જાન વધારે પ્યારી હોય છે અને તે જાન બચાવવા ગમે તે કરવા તૈયાર થાય છે. જેથી રાજાએ અબ્દુલ્લાહને કહ્યું, અબ્દુલ્લાહ ! સીધી રીતે માની જાવ, તમારો ધર્મ છોડી ઈસાઈયત કબૂલ કરી લો, નહીં તો હું તમને ફાંસીના માચડે લટકાવી દઈશ. તમારી પત્નીને વિધવા અને તમારાં બાળકોને યતીમ બનાવી દઈશ. ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**આઈને જવાં મર્દા હક્ક ગોઈ વ બેબાકી**
**અલ્લાહકે શેરોંકો આતી નહીં રૂબાઈ**

રાજાની જાનથી મારી નાંખવાની ધમકી હઝરત અબ્દુલ્લાહને શું ધ્રુજાવી શકે છે ? તે તો અલ્લાહના શેર હતા. દુનિયાની કોઈ પણ તાકત તેમને સીધા માર્ગેથી હટાવી શકતી ન હતી. ભલા જાનથી મારી નાખવાની ધમકી તો તેવા માણસને ડરાવી શકે છે જે દુનિયવી જિંદગીને ઉત્તમતા આપતો હોય, પરંતુ જેઓ મોતને જ ગર્વ સમજતા હોય, જેમને અલ્લાહના માર્ગમા મરવું જીવવાથી અનેક ઘણું પ્યારું હોય તેઓ તો આવી વાતો સાંભળી વધારે મક્કમ અને મજબૂત થાય છે. ડોકટર

ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**મરકે જી ઉઠના ફકત આઝાદ મર્દોકા કા હય કામ**
**ગર ચે હર ઝી રૂહકી મંઝિલ હૈ આગોશે લહદ**

એટલે કે ગમે ત્યારે તો મરવાનું જ છે તો પછી અલ્લાહના માર્ગમાં શહાદત પામી હમેશાંની હયાત કેમ પ્રાપ્ત કરવી ન જોઈએ.

મારી બહેનો ! હઝરત અબ્દુલ્લાહ فَلَا تَخَافُوهُمْ وَخَافُونِ إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ ની સાચી અમલી તફસીર હતા. ખુદાના માર્ગમાં શહાદત મેળવવી પોતાની તરક્કીની મેઅરાજ સમજતા હતા. રાજાની ધમકી સાંભળતાની સાથે આપે જવાબ આપ્યો, અય રાજા તાગિયા ! તેં એ તો જાણી લીધું કે દોલતની લાલચ અમને ડગમગાવી શકતી નથી, હવે એ પણ જાણી લે કે અલ્લાહના માર્ગમાં મરવું અમોને જીવવાથી વધારે પ્યારું છે. જેથી તારી જાનથી મારી નાખવાની ધમકી મારા દિલમાં તારી ધાક લાવી શકતી નથી ! ડો. ઈકબાલ સાહેબ ફર્માવે છે :

**મુઝે સઝા કે લિયે ભી નહીં કબૂલ વોહ આગ**
**કે જિસ્કા શોઅલા ન હો તુન્દ વ સરકશ વ બેબાક**

રાજા તાગિયાએ આપના મુખેથી જુસ્સેદાર શબ્દો સાંભળી ગુસ્સે થઈ સિપાહીઓને કહ્યું, એને હમણાંને હમણાં ફાંસીના માંચડે લટકાવી દો ! અને તીરંદાઝોને કાનમાં કહ્યું, જ્યારે એને પાટલા પર ઉભો રાખવામાં આવે, તેની આજુબાજુ તીર ફેંકવાનું શરૂ કરી દેશો, અગર તે ડરી જશે તો આપણું કામ બની જશે અને એક મુસલમાનને ઈસાઈ બનાવી લઈશું.

રાજાની વાત સાંભળતાં જ આપને પાટલા પર ઉભા કરવામાં આવ્યા, અને આપની ચારે બાજુ બાણોની વર્ષા થવા લાગી. કોઈ બાણ હાથ પાસેથી જતું, કોઈ માથા પાસેથી, તો કોઈ પગ પાસેથી પસાર થઈ જતું પરંતુ આપ બાણોના વરસાદને એ રીતે જોઈ રહ્યા હતા જાણે નાના બાળક સામે રમકડાં !

રાજાનું આ કાવત્રુ પણ નાકામ નિવડયું, આથી તેણે સિપાહીઓને હુકમ કર્યો કે દેગોમાં પાણી ઉકાળો અને જેલમાંથી બે





માણસોને લાવી ઉકળતા પાણીમાં નાખી દો ! સિપાહીઓએ રાજાના હુકમ મુજબ પાણી ઉકાળ્યું અને બે માણસોને દેગોમાં નાંખ્યા. પડતાંની સાથે જ તેઓ ભસ્મ થઈ ગયા. ત્યારબાદ રાજાએ હઝરત અબ્દુલ્લાહને કહ્યું, અબ્દુલ્લાહ ! તમોએ બન્નેની કરૂણ ઘટના જોઈ લીધી, હવે મારી વાત સ્વીકારી લો, નહીં તો તમારો સમય પણ આવી ગયો છે. હઝરત અબ્દુલ્લાહે જવાબ આપ્યો, અય રાજા ! તું ફાવે તેવી આકરી સજા મારી સામું લાવ, મારી જાત પર તેની કોઈ અસર પડવાની નથી. જ્યારે હું મૌતને જ મસીહા (જીવતદાન) સમજું છું, તો પછી બીક શાની ? ડો. ઈકબાલ સાહેબ બયાન ફર્માવે છે :

**કાંપતા હૈ દિલ તેરા અંદેશએ તૂફાં સે કયા**
**નાખુદા તૂ, બહર તૂ, કશ્તી ભી તૂ, સાહિલ ભી તૂ**

રાજાએ કહ્યું કે સિપાહીઓ ! એને મારી સામું દેગમાં નાખી દો, આપને દેગની નજીક લાવવામાં આવ્યા તો આપ રડવા લાગ્યા. સિપાહીઓએ રાજાને કહ્યું કે આ તો રડી રહ્યા છે ! તો રાજાએ કહ્યું, અબ્દુલ્લાહ ! શા માટે રડો છો ? હજુ પણ સમય છે, ઈસાઈયત કબૂલ કરી લો, તમને છોડી આપીશ ! આપે કહ્યું, હે રાજા ! તુ એમ ન સમજ કે મોતથી ડરી ગયો છું બલ્કે હું તો એટલા માટે રડું છું કે મારી પાસે ફક્ત એક જ જીવ છે જે આ આગમાં પડતાંની સાથે ચાલ્યો જશે. ત્યારબાદ મને શહીદ થવાનો મોકો નહીં મળે. મારી દિલી તમન્ના તો એ છે કે મારી પાસે અનેક જીવ હોત તો હું એક પછી એક બધા જ રબના માર્ગમાં શહીદ કરી આપું અને વારંવાર શહીદ થવાનું મુકામ પ્રાપ્ત કરું.

આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહોબ્બત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ સહાબાની દિલી તમન્નાનો નકશો ખેંચતા ફર્માવે છે :–

**કરૂં તેરે નામપે જાં ફિદા ન બસ એક જાં દો જહાં ફિદા**
**દો જહાંસે ભી નહીં જી ભરા કરૂં કયા કરોળોં જહાં નહીં**

**જાન હય ઈશ્કે મુસ્તુફા રોઝ ફુઝૂં કરે ખુદા**
**જિસ્કો હો દર્દકા મઝા નાઝે દવા ઉઠાયે કયૂં**

અને બીજા મુકામ પર ઈમામે એહલે સુન્નત ફર્માવે છે :–

**હુસ્ને યૂસુફ પે કટી મિસ્રમેં અગુસ્તે ઝનાં**
**સર કટાતે હૈં તેરે નામપે મર્દાને અરબ**

એટલે કે યૂસૂફ عليه الصلوٰة والسلام ની ખૂબસૂરતી જોઈને મિસ્રની ઔરતોએ બેખબરીમાં લીંબુની જગાએ પોતાની આંગળીઓ કાપી નાખી. પરંતુ નબી આખેરૂઝઝમાંની શાન તો એ છે આપના નામ પર અરબના જવાનો (સહાબા) શહાદતના શોખમાં પોતાની ગરદનો કપાવી નાંખે છે.

હઝરત અબ્દુલ્લાહ સામે રાજા તાગિયાનું કંઈપણ કાવત્રુ સફળ વર્યું નહીં, જેથી તેણે આજીજ થઈ કહ્યું, અબ્દુલ્લાહ ! તમે ફક્ત મારી પેશાની ચૂમી લો તો હું તમને અને તમારા સાથીઓને મુક્ત કરી આપીશ. આપે પહેલાં મનન કર્યું, અને મનોમન કહેવા લાગ્યા કે અગર રાજાની આટલી વાત સ્વીકારી લેવામાં આવે તો મારી સાથે બીજા અનેક મુસલમાનોને મુક્તિ મળી શકે છે. માટે આપે કહ્યું, મને કબૂલ છે ! આમ કહી રાજાની પેશાની ચૂમી લીધી અને આમ પણ કહેવામાં આવે છે કે આપે પોતાની જભ્ભાની બાંય વચમાં રાખી અને પોતાની બાંય જ ચૂમી. રાજા સમજ્યો કે અબ્દુલ્લાહે મારી પેશાની ચૂમી, અને તેના વચન પ્રમાણે હઝરત અબ્દુલ્લાહ તથા તેમના સાથીઓને છોડી દીધા. ડો. ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**હાથ હય અલ્લાહ કા, બંદએ મોમિનકા હાથ**
**ગાલિબ વકારે આફરીં કારકુશા, કારસાઝ**

હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફાએ મુક્તિ મેળવ્યા બાદ પોતાના સાથીઓને લઈ હઝરત ઉમર ફારૂકે આઝમ رضي الله عنه ની ખિદમતમાં હાજરી આપી અને રાજા તાગિયા સાથે જે કંઈ બન્યું તે કહી સંભળાવ્યું. અંતે જ્યારે આપે કહ્યું કે રાજાએ મને કહ્યું, અબ્દુલ્લાહ ! જો તુ મારી પેશાની ચૂમી લઈશ તો હું તને અને તારા તમામ સાથીઓને છોડી દઈશ. જેથી હું મારા સાથી મુસલમાનોની મુક્તિ માટે તે કામ પર સંમત થયો, અને રાજા તાગિયાનું કપાળ (પેશાની) ચૂમી લીધું અને તેણે તેના વચન પ્રમાણે અમને બધાંને મુક્ત કરી આપ્યા. વાત સાંભળી





અમીરૂલ મોઅમેનીન ઉમર ફારૂકે આઝમે ફર્માવ્યું, અબ્દુલ્લાહ ! તમે ઘણો સારો ફેંસલો કર્યો, હવે અમારી ઉપર જરૂરી થઈ ગયું કે અમે તમારા કપાળનું ચૂંબન કરીએ. આમ કહી સૌ પ્રથમ ઉમર ફારૂકે આઝમે આપની પેશાની ચૂમી, ત્યાર બાદ તમામ મુસલમાનોએ એક પછી એક આપની પેશાનીનું ચૂંબન કર્યું. આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહોબ્બત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضي الله عنه ફર્માવે છે :–

*લબપે કિસ મુંહસે ગમે ઉલ્ફત લાએં કયા બલા દિલ હય અલમ જિસકા સુનાએં*
*હમ તો ઉન્કે કફે પા પે મિટ જાએં ઉન્કે દરપે જો મિટા કરતે હૈં*

એટલે કે નબી પાક صلى الله تعالى عليه وسلم ના કદમો પર તો બધા જાન આપવાની તમન્ના કરતા હોય છે. પરંતુ જેઓ આપના કદમોમાં પોતાની જાન આપે, અમે તો તેમની ઉપર પણ જાન અને દિલથી ફિદા છીએ.

મારી બહેનો ! શરીઅતનો એક મસ્અલો છે કે જયારે મુસલમાન દુશ્મનોના નરગામાં (હાથોમાં) ફસાય જાય અને તેઓ તરફથી મુસલમાનને જાનથી મારી નાખવાની ધમકી કે હાથપગ કાપી નાખવાની કે કોઈ અંગ બેકાર કરી દેવાની સાચી ધમકી આપવામાં આવે, અને કુફ્રનો શબ્દ બોલવા પર મજબૂર કરવામાં આવે તો તે વખતે માત્ર શબ્દોમાં (દિલથી નહીં) કુફ્રનો શબ્દ બોલવાની ઈસ્લામમાં ઈજાજત આપવામાં આવેલ છે. જેમ કે કુર્આન શરીફના ચૌદમાં સિપારામાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

مَنْ كَفَرَ بِاللّٰهِ مِنْۢ بَعْدِ اِيْمَانِهٖٓ اِلَّا مَنْ اُكْرِهَ
وَقَلْبُهٗ مُطْمَئِنٌّۢ بِالْاِيْمَانِ

જે ઈમાન લાવ્યા બાદ અલ્લાહ સાથે કુફ્ર કરે (તેની ઉપર અલ્લાહનો ગઝબ છે) પરંતુ જેને મજબૂર કરવામાં આવે અને તેનું દિલ ઈમાન પર શાંત (મુત્મઈન) હોય (તો તેને ઈજાજત આપવામાં આવી છે).

જ્યારે હઝરત અમ્માર બિન યાસિર رضي الله عنه ના વાલિદ હઝરત યાસિર رضي الله عنه ને કાફિરોએ ઘણી બેરહેમીની સાથે શહીદ કરી નાખ્યા અને હઝરત અમ્મારનો પીછો કર્યો, આપ પોતાની જાન બચાવવા નાસવા લાગ્યા. પરંતુ જ્યારે આપને એવું યકીન થઈ ગયું કે હવે હું પકડાઈ

જઈશ અને કાફિરો મને જાનથી મારી નાખશે તો આપે જાન બચાવવા માટે કુફ્રનો શબ્દ ઉચ્ચાર્યો અને કાફિરોએ એમને છોડી મૂકયા. કારણ કે તેઓ તો ઈસ્લામ વિરુદ્ધ વાત સાંભળવા ઈચ્છતા હતા, જ્યારે સાંભળી લીધું તો કાફિરોના મનને શાંતિ થઈ કે અમ્માર હવે અમારો થઈ ગયો છે.

એક તરફ હઝરત અમ્માર પોતાની જાન બચાવવા કુફ્રી કલામ બોલ્યા અને બીજી બાજુ કાફિરોએ હાહાકાર મચાવ્યો કે અમ્મારને અમે અમારો બનાવી લીધો. સહાબાએ, રસૂલે પાકને ખબર આપી કે યા રસુલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અમ્માર કાફિર થઈ ગયા છે ! ગૈબની ખબર જાણનાર નબી પાકે હઝરત અમ્મારનું દિલ અને તેમાં ઈસ્લામી મહોબ્બત જોઈ લીધી હતી. આપે અમ્મારના ઈમાનની શહાદત આપતાં ફર્માવ્યું, 'નહીં ! બલ્કે અમ્માર માથાથી લઈને પગ સુધી મુસલમાન છે. તેમના ગોશતની બોટી બોટીમાં ઈસ્લામ સમાઈ ગયો છે.

હઝરત અમ્મારે જાન બચાવવા કાફિરો સામું કુફ્રનો શબ્દ તો બોલી નાંખ્યો, પરંતુ આપને ખૂબ અફસોસ થવા લાગ્યો કે મેં આ કામ ન કર્યું હોત અને બદલામાં જાન આપી દીધી હોત તો સારું હતું ! મેં તો મારી આખેરત ખરાબ કરી લીધી ! આપ આંસું સારતા નબીપાકની ખિદમતમાં આવ્યા. આકા ! મારાથી મહાન ભૂલ થઈ ગઈ છે કે મેં મારા મુખેથી કુફ્રનો શબ્દ બોલી દીધો છે. આપે ફર્માવ્યું, અય અમ્માર ! જ્યારે તમારા મોઢેથી તે શબ્દી નીકળ્યો ત્યારે તમારા દિલની શી હાલત હતી ? તો અમ્મારે જવાબ આપ્યો, આકા ! દિલ તો ઈમાન પર હતું, દિલી ઈમાનમાં તો કોઈ જ કમી ન હતી. તો આપે ફર્માવ્યું, અય અમ્માર ! જો બીજી વખત જરૂર પડે તો પણ આમ જ કરશો. ત્યારબાદ અલ્લાહ ત્આલાએ ઉપરોક્ત આયત નાઝિલ ફર્માવી.

મારી બહેનો ! ઈસ્લામમાં મજબૂરીની હાલતમાં (એવી મજબૂરી જે મેં તમને બતાવી) જાન બચાવવા ખાતર ઈસ્લામ વિરુદ્ધ વાત બોલવાની ઈજાઝત આપવામાં આવી છે. પરંતુ દિલની હાલત ઈસ્લામથી બદલાવવી જોઈએ નહીં. પરંતુ આ મસ્અલો છૂટકારા (રૂખસત) માટે છે કે જાન બચાવવા આમ કરી શકાય છે. છતાં પણ કોઈ માણસ મોઢેથી કુફ્રનો શબ્દ ન બોલે અને શહીદ કરી નાંખવામાં





આવે તો તેને શહાદતનો રૂત્બો મળશે તથા વધારે સવાબ પ્રાપ્ત થશે. જેમ કે હઝરત અમ્મારના વાલિદ હઝરત યાસિરને અને તેમની પત્ની હઝરત સુમૈય્યાને શહીદ કરી નાખ્યાં, પરંતુ તેઓ માત્ર જીભથી પણ ઈસ્લામની ખિલાફ કોઈ પણ શબ્દ બોલ્યા નહીં. અને જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફાનો વાકેઓ પણ તમે સાંભળ્યો કે રાજા તાગિયાએ આપને અનેક પ્રકારની ધમકીઓ આપી છતાં પણ ઈસાઈ ધર્મ કબૂલ કરવાનો શબ્દ પોતાના મુખેથી કાઢયો નહીં. છેવટે આપને મુક્તિ મળી અને અઝીમત પર અમલ કરવાનો સવાબ મેળવ્યો.

ડો. ઈકબાલ સાહેબ ફર્માવે છે :

**અકલ વ દિલ વ નિગાહકા મુર્શિદે અવ્વલી હૈ ઈશ્ક**
**ઈશ્ક ન હો તો શરઅ વ દીન બુતકદએ તસવ્વુરાત**

મતલબ એ કે ઈન્સાનની અક્કલ ઈન્સાનને દરેક કામમાં ફાયદાની વાત બતાવતી હોય છે, અને નુકસાનથી બચવાની તાલીમ આપતી હોય છે. તો અક્કલ પર ચાલનાર ફાયદો શોધે છે અને નુકસાનથી દૂર રહે છે. જયારે ઈશ્ક અને મહોબ્બતને નજર સમક્ષ રાખનાર ફાયદો શોધતો નથી પણ મહબૂબને જોતો હોય છે, તેની ખુશીને ધ્યાનમાં રાખે છે. એવું ન હોય તો શું જેહાદમાં જનારને અક્કલ જેહાદમાં જવાની પરવાનગી આપે ખરી ? પરંતુ ઈશ્ક કહે છે, જાન શું વસ્તુ છે, મહબૂબના હુકમ પર બધું જ કુર્બાન કરી આપવું તે જ સાચી મહોબ્બત છે. આમ ઈશ્કનો જામ પીનાર ફાયદો કે નુકસાન જોતો નથી, માત્ર મહબૂબનું ફર્માન અને તેની ખુશી જોતો હોય છે. ડો. ઈકબાલ એ જ કહી રહ્યા છે કે શરીઅતે મોહમ્મદીની બુનિયાદ ઈશ્કો મહોબ્બત પર છે. અને એટલા માટે તો મૌલાના રૂમ رحمۃ اللہ علیہ ફર્માવે છે 'અકલ કુર્બાન કુન બપેશે મુસ્તફા' નબી સામુ અક્કલને કુર્બાન કરી દો ! અને એટલા જ માટે હઝરત અલી رضی اللہ عنہ અન્હોએ ફર્માવ્યું, જો દીનની બુનિયાદ અકલ પર હોત તો હું મોજાની ઉપર મસોહ ન કરતે પણ તેની નીચે કરતે, કારણ કે ચાલવામાં ધૂળ નીચે લાગતી હોય છે પરંતુ શરીઅતના ફર્માનને અક્કલથી તોલવામાં નથી આવતું પણ ઈશ્કથી તોલવામાં આવે છે. શું મેઅરાજનું બયાન અક્કલથી સમજમાં આવી શકે છે ? અને

જેઓએ તેમાં અક્કલને દખલ આપી તેઓ ખતરામાં પડી ગયા અને જેણે ઈશ્કને દખલ આપી તેઓ સિદ્દીકનો લકબ પામી ગયા.

મારી બહેનો ! આ હતી સહાબાએ કિરામની દીનના માર્ગમાં મક્કમતા કે ગમે તેવી ધમકીઓ પણ તેઓને દીનથી જરા સરખી મચક પણ આપી શકતી ન હતી. જ્યારે કાફિરોની ધમકીઓ તેમને દીનથી હટાવી ન શકે તો પછી આપ મેળે ઈસ્લામની વિરૂદ્ધનું કામ તેઓ કેવી રીતે કરે ! જાનથી મારી નાખવાની કાફિરોની વોર્નિંગો (ચેતવણીઓ) કાફિરોના જેવું કામ કરાવી ન શકી તો પછી સહાબાઓ તેમની ખુશી માટે આપ મેળે કાફિરોની પસંદનાં કામો કેવી રીતે કરી શકે છે ! પરંતુ આજે મુસલમાનોની હાલત જોતાં એવું જોવા મળે છે કે તેઓ કાફિરોને ખુશ રાખવા માટે તેમના ઘણાં બધાં કામોમાં વ્યસ્ત હોય છે. અલ્લાહ અને રસૂલ નારાજ થતા હોય તો થાય પણ કાફિર દોસ્તો અને સંબંધીઓ નારાજ ન થવા જોઈએ ! રાજકારણમાં ભાગ લેનાર મુસલમાનોમાં આવી ઢીલી નીતિ વધારે જોવા મળતી હોય છે. તેઓ ઈલેકશનમાં વિજયી બનવા કાફિરોની ખુશીનાં કામો કરતા હોય છે. મંદિર જવું, મૂર્તિઓ સામે નમવું, તેમના ધાર્મિક ઉત્સવમાં હાજરી આપવી, હોળી દિવાળીમાં તેમના જેવાં ભોજનો બનાવવાં અને તેઓના ઘરે મોકલવાં, દિવાળી કાર્ડ છપાવી પોતાના તરફથી તેમને આપવા, હોળી દિવાળીની ઉજવણી કરવી વગેરે અનેક કામો જે કુફ્ર છે અને ઈસ્લામથી ખારિજ કરી આપે છે. પરંતુ રાજકારણમાં ભાગ લેનારા અને તેમના ચમચાઓ તથા ઢીલી નીતિના મુસલમાનો કાફિરોને સારું લાગવા માટે આવા અનેક કામો કરી અલ્લાહના ગઝબનો શિકાર બને છે. કાફિરો તો મુસલમાનોનું એક કામ કરવા પણ તૈયાર નથી અને થાય તો પણ શું તેઓનો ધર્મ જ કયાં સાચો છે કે તેમાં કોઈ કાયદા કાનૂન કે ધાર્મિક પાબંદી હોય કે આમ કરવાથી ધર્મમાં રહેવાય અને આમ કરવાથી ધર્મથી બહાર નીકળી જવાય. આ તો માત્ર ઈસ્લામ ધર્મની જ શાન છે અને તે પણ એટલા માટે કે અલ્લાહનો પસંદ કરેલો અને તેનો મોકલેલો ધર્મ છે. પછી મુસલમાનોને તો કાફિરોની ખુશીનાં કામો કરવાની ઈજાઝત મળી શકતી જ નથી. અને શું રાજકારણીઓ કોમ્યુનિટીના ફાયદા કરતા હોય છે ? ના ! માત્ર પોતાની





ભલાઈ માટે કોશિશમાં લાગેલા હોય છે. અને કોમ્યુનિટીનો ફાયદો હોય તો પણ શું ? કુફ્ર કરી ફાયદો કરવો એ કયાંની સમજદારી છે !

બહારે શરીઅતના નવમાં ભાગમાં એકસો પચાસ નંબરના પેજ પર છે, હોળી દિવાળી પૂજવી કુફ્ર છે કારણ કે ગેરેખુદાની બંદગી છે. કાફિરોના મેળાઓ અને તેમના તહેવારોમાં હાજર રહી તેમની શોભામાં વધારો કરવો કુફ્ર છે, જેમ કે રામલીલા, જન્માષ્ટમી અને રામનવમી વગેરેમાં ઉપસ્થિત રહેવું. તેમજ તેમના તહેવારોના દિવસે માત્ર એટલા માટે ચીજવસ્તુઓ ખરીદી કરવી કે દિવાળી ઉજવવા સિવાય કંઈ નથી. તેવી જ રીતે કોઈ ચીજ ખરીદ કરી તે દિવસે કાફિરોને ભેટ આપવી તેમના દિવસની તાઝીમ અને રિસ્પેકટને લીધે તો પણ કુફ્ર છે. *(બહરુર્રાઈક)*

મારી બહેનો ! જ્યારે તેમના દિવસની રિસ્પેકટ (માન)ની નિય્યત કરવાથી કુફ્ર થાય છે, તો પછી મંદિર બનાવી આપવું અથવા મંદિર બનાવવામાં માલી મદદ કરવી, મંદિર માટે ચંદો કરવા તેમની સાથે ફરવું, મંદિરમાં જવું, મૂર્તિઓ સામે નમવું, તેમની સમાધિઓમાં હાજરી આપવી અને તેમના માટે દુઆ કરવી આ બધુ કુફ્ર કેમ ન હોય, બલ્કે વધુ ભયાનક કુફ્ર છે. માટે તે મુસલમાનો કેટલા મહાન બેવકૂફ અને નાસમજ છે જેઓ દુનિયામાં ખોટું નામ કમાવવા દીન અને ધર્મ છોડી રહ્યા છે.

## ☆ ચેતવણી ☆

**કેટલાક મુસલમાન પુરૂષ-સ્ત્રી માધ્યમિક કે પ્રાથમિક શાળાના ટીચરો પણ મિટિંગોમાં કે ટ્રેનિંગ સેન્ટરોમાં આરતીના પ્રોગ્રામમાં જોડાતા હોય છે તથા ભજનો ગાય છે. જેમાં કુફ્રી વાણી, મુશ્રિકોના ભગવાનની પ્રશંસા હોય છે તેને ગાય છે, કાફિરો તેમની વાહ વાહ કરે છે અને આ કહેવાતા મુસલમાન માસ્તર તથા મહેતીઓ કુફ્ર કરી ઈમાન ગુમાવી પોતાની મહાનતા સમજી મનમાં હરખાતાં હોય છે ! તેમણે આ જાણીને તાત્કાલિક તૌબા કરી, કલમો પઢી, નિકાહ દોહરાવવા જોઈએ.**

ફતાવાએ રઝવિય્યહ્ ભાગ છઠ્ઠામાં છે કે કાફિરો સાથે ઈત્તેફાક હરામ છે અને તેમની સાથે દિલી ઈખ્લાસ (હાર્દિક પ્રેમ) શંકા વગર કુફ્ર છે. અલ્લાહ તબારક વ ત્આલા ઈર્શાદ ફર્માવે છે :–

تَرٰى كَثِيْرًا مِّنْهُمْ يَتَوَلَّوْنَ الَّذِيْنَ كَفَرُوْا لَبِئْسَ مَا قَدَّمَتْ لَهُمْ اَنْفُسُهُمْ اَنْ سَخِطَ اللّٰهُ عَلَيْهِمْ وَفِي الْعَذَابِ هُمْ خٰلِدُوْنَ. وَلَوْ كَانُوْا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالنَّبِيِّ وَمَا اُنْزِلَ اِلَيْهِ مَا اتَّخَذُوْهُمْ اَوْلِيَآءَ وَلٰكِنَّ كَثِيْرًا مِّنْهُمْ فٰسِقُوْنَ

"તેઓમાં તમે વધુ પડતાને જોશો કે કાફિરો સાથે દોસ્તી કરે છે. કેટલી ખરાબ વસ્તુ પોતાના માટે આગળ મોકલી. એ ક અલ્લાહનો તેમના પર ગજબ થયો અને તેઓ અઝાબમાં હમેશાં રહેશે. અને જો તેઓ ઈમાન લાવતા અલ્લાહ અને તેના હબીબ પર જે તેમના પર ઉતાર્યું તો કાફિરો સાથે દોસ્તી ન કરતા, પરંતુ તેઓમાં વધારે પડતા ફાસિક છે."

આ આયતથી સાબિત થયું કે કાફિરો સાથે દોસ્તી અને હાર્દિક પ્રેમ હરામ અને કુફ્ર છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تُطِيْعُوا الَّذِيْنَ كَفَرُوْا يَرُدُّوْكُمْ عَلٰۤى اَعْقَابِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ.

અય ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોના કહેવા પર ચાલશો તો તમને પાછલા પગે પલટાવી નાંખશે પછી નુકશાન પામી પલ્ટાઈ જશો.

દુર્રે મુખ્તારમાં છે :– لَوْ سَلَّمَ عَلَى الذِّمِّيِّ تَبْجِيْلًا لِاَنَّ تَبْجِيْلَ الْكَافِرِ كُفْرٌ. કાફિરને સલામ કરવામાં આવે તો કુફ્ર છે એટલા માટે કે કાફિરની રિસ્પેકટ કુફ્ર છે. નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જેણે બદમઝહબ અને ગુમરાહનો રિસ્પેકટ કર્યો તેણે ઈસ્લામને ફેંકવામાં મદદ કરી. જ્યારે બદમઝહબ અને ગુમરાહની તાઝીમ અને રિસ્પેકટ પર આ હુકમ છે તો પછી કાફિર અને મુશ્રિકની તાઝીમ પર કેટલો કડક હુકમ હશે ?!

હુલ્યામાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. આપ ફર્માવે છે,

نَهَى النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُصَافِحَ الْمُشْرِكُوْنَ اَوْ يُكَنُّوْا اَوْ رُحِّبَ بِهِمْ.





નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ મુશ્રિકો સાથે હાથ મિલાવવાથી અથવા કુન્નિયત (બાપ બેટા સાથે સંબંધ જોડી નામ બોલવાથી) કરવાથી અથવા મરહબા (સ્વાગતમ) કહેવાથી મનાઈ ફર્માવી. કાફિરો સાથે દિલી મહોબ્બત અને તેમની ધાર્મિક વિધિઓમાં, શોભામાં વધારો કરવા ઉપસ્થિત રહેવાને કુફ્ર કહેવામાં આવ્યું. દિલી મહોબ્બત ન હોય અને ધાર્મિક વિધિઓમાં ઉપસ્થિત રહેવામાં ન આવે તો અમુક વાતોમાં છૂટ આપી શકાય છે. પરંતુ દુનિયવી મહોબ્બત પણ દિલી મહોબ્બતથી ન હોવી જોઈએ.

આથી સ્પષ્ટ થયું કે ખૂબ સખત જરૂરી હોય અને અમુક વાતોમાં ઢીલ આપ્યા વગર મુસલમાનોનો હક મળી શકતો નથી તો પોતાનો હક મેળવવા જાહેરમાં દુન્યવી સંબંધો જોડવામાં આવ્યા હોય તો ઈજાઝત છે પરંતુ ધાર્મિક દ્રષ્ટિએ તેમનો સાથ આપવામાં નહીં આવે. મુસલમાનોએ સાવ બુઝદિલ ન બનવું જોઈએ તથા પોતાની ધાર્મિક ખુદ્દારીનું ખૂન કરવું ન જોઈએ. અલ્લાહની જાત પર કામિલ ભરોસો રાખો, તેની મદદ થશે તો તમને કોઈ નુકશાન નહીં પહોંચાડી શકે. જ્યારે ફક્ત ત્રણસો તેર (૩૧૩) હતા ત્યારે નષ્ટ ન થયા તો હવે કરોડોની સંખ્યામાં છો, પછી ઢીલી નીતિ શા માટે ? ડો. ઈકબાલ સાહેબ મુસલમાનોને પોતાની ખુદ્દારી યાદ અપાવતાં ફર્માવે છે :–

**ઉસ્કી તકદીરમેં મહકૂમી વ મઝલૂમી હૈ**
**કોમ જો ન કર સકી અપની ખુદી સે ઈન્સાફ**

જે પોતાની ખુદ્દારી ગુમાવી બેસે છે તેને બેઈજ્જત કરવામાં આવે છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ મુસલમાનને નફસની વાસનાથી દૂર રહેવાની તાલીમ આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

**ઈમાન પે મૌત બેહતર ઓ નફ્સ તેરી નાપાકા ઝિંદગીસે**
**ઓ શહદ નુમાએ ઝહર દર જામ ગુમજાવું કિધર તેરી બદીસે**
**તૂને હી કિયા ખુદાસે નાદિમ તૂને હી કિયા ખજલ નબીસે**

એટલે કે ગુનાહના કામો પર તત્પર કરનાર ઈન્સાનનો નફસ છે. નફસની વાસના પર ચાલી પોતાની આખેરત ખરાબ કરવી ન જોઈએ. દુનિયામાં અલ્લાહ વ રસૂલના ફર્માનને ધ્યાનમાં રાખી તેના પર અમલ કરવો જોઈએ. નહીં તો નફસના કહેવા પર ચાલવું એટલું ભયાનક છે કે તે કયારેક નામ કમાવવા માટે માણસને કુફ્રના અંધકારમાં પણ પહોંચાડી આપે છે.ડો. ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**વો મર્દે મુજાહિદ નઝર આતા નહીં મુઝકો**
**હો જિસકે રગ વ પૈ મેં ફક્ત મસ્તીએ કિરદાર**

મારી બહેનો ! સહાબાએ કિરામની સહનશીલતાના બે નમૂના તમે સાંભળ્યા, હવે એક બીજો નમૂનો સાંભળો અને ઈમાનને મજબૂત બનાવો કે તેઓ ઓછી સંખ્યામાં રહીને પણ કેટલી દિલેરીની સાથે રહેતા હતા.

## ★ હઝરત ઉસ્માન બિન મઝઉનનો પ્રસંગ ★

હઝરત ઉસ્માન બિન મઝઉન رضی اللہ عنہ અન્હો ઈમાન લાવ્યા બાદ વલીદ બિન મુગેરાની પનાહ અને હિફાઝતમાં રહેતા હતા. અને જાહેલિયતના જમાનામાં તેમનો પંચાયતી કાયદો એ હતો કે જો કોઈ દુશ્મન પણ તેમની પનાહ લે તો તેને પનાહ આપવામાં આવતી હતી. અને જ્યાં સુધી પનાહ તોડવાનું એલાન કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ તેને તકલીફ પહોંચાડી શકતું ન હતું. અને જો કોઈ તકલીફ પહોંચાડે તો પનાહ આપનારાઓ તેને સાથ આપતા હતા. આવા જ કાયદા અનુસાર હઝરત ઉસ્માન બિન મઝઉનને વલીદની પનાહ પ્રાપ્ત હતી. એટલે કોઈ પણ કાફિર આપને મુસલમાન હોવા છતાં પણ તકલીફ પહોંચાડી શકતા ન હતા. આપને કાફિરો તરફથી કોઈ ચિંતા ન હતી. આપ ખૂબ જ શાંતિ અને આરામથી જીવન ગુજારી રહ્યા હતા.

દિવસે દિવસે મુસલમાનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હતો. ઈસ્લામી દિપકનો પ્રકાશ વધુને વધુ તેજ થઈ રહ્યો હતો. એટલે મુશ્રેકીન ફિકર ચિંતામાં હતા અને એકબીજાને કહેવા લાગ્યા કે જો આપણે કોઈ ચળવળ નહીં ઉપાડીશું અને આમ જ આળસમાં બેસી રહીશું તો મુસલમાન વધતા જશે અને અંતે આપણી સલ્તનત પડાવી આપણને





ગુલામ બનાવી દેશે. આવો કરૂણ અંજામ આવે તે પહેલાં આપણે કોશિશમાં લાગી જવું જોઈએ. અને તેમાં સફળતા મેળવવા ગરીબ મુસલમાનોને એટલી સજાઓ આપવી જોઈએ જે બીજાઓ માટે સબક બની જાય અને તેમને જોઈ બીજા લોકો મુસલમાન બનવાની કલ્પના સુદ્ધાં ન કરે.

બધા કાફિરોએ સહમત થઈ ગરીબ અને બેસહારા મુસલમાનોને ગંભીર સજાઓ આપવાનું શરૂ કરી દીધું, જે મુસલમાનોને તેમના ખાનદાનનો સહારો હતો તેમને તો એટલી તકલીફ નથી પડી. પરંતુ જેઓ કાફિરોની ગુલામીની સાંકળોમાં બંધાએલા હતા, તેઓને હૃદય ધ્રુજાવે તેવી સજાઓ મળવા માંડી. ગરમ ગરમ રેતીમાં હાથપગ બાંધી ફેંકી દેતા, પાસુ ફેરવી ન શકે તેના માટે તેમની છાતીઓ ઉપર વજની પત્થરો મૂકી આપતા, ગોશ્ત બફાઈ જતો, ચામડી ઉખડી જતી. ચરબી તેલ બની વહેવા લાગતી અને સાંજ પડે લોકો તેમના ગળે દોરડી બાંધી રસ્તા ઉપર ઘસેડતા. આખો દિવસ રેતીમાં બફાયા અને પત્થરો પર ઘસેડાયા, વલ્લાહ ! કેટલી તકલીફ થતી હશે ! કેવું દુઃખ થતું હશે ! બદનમાં કેટલી આગ વરસતી હશે તેમની અકથ્ય તકલીફોનું વર્ણન કરવા માટે ડિક્ષનરીના શબ્દો પણ કાફી નથી.

માણસને જ્યારે આવી ગંભીર સજાઓ આપવામાં આવે છે ત્યારે તેને તેનો નફસ અનેક પ્રકારના બુરા ખયાલો આપી કેવા કેવા શબ્દો બોલવા પર મજબૂર કરે છે. પરંતુ કુર્બાન જાવ ઈસ્લામના આ વફાદાર સપૂતો પર કે જ્યારે ભાનમાં આવતા તો તેમના મુખેથી અબ્દો અહદના શબ્દો નીકળતા હતા.

હઝરત ઉસ્માન બિન મઝઉન ફર્માવે છે, હું તો કાફિરોની પનાહમાં આરામથી દિવસો ગુઝારી રહ્યો હતો. પરંતુ મુસલમાનોની ગંભીર હાલત જોઈ મારું દિલ ભરાઈ આવ્યુ અને હું મનોમન કહેવા લાગ્યો, અય ઉસ્માન ! ગરીબ મુસલમાનો કાફિરો દ્વારા અસહ્ય તકલીફો સહન કરી રહ્યા છે અને તુ એક કાફિરની પનાહમાં આરામથી રહે છે ! એ તારા માટે યોગ્ય નથી.

હઝરત ઉસ્માન બિન મઝઉન તો પોતાના નફસ સાથે આટલો ફેંસલો કરી વલીદ પાસે આવ્યા અને કહેવા લાગ્યા, 'અય અબૂ અબ્દે

શમ્સ ! હું તમને તમારી પનાહ પાછી આપું છું, મારે હવે તમારી પનાહ નથી જોઈતી. વલીદે કહ્યું, ભત્રીજા ! શું તમને મારા ખાનદાનના કોઈ માણસે સતાવ્યો છે ? તુ શા માટે મારી પનાહ મને પાછી આપે છે ? તો આપે કહ્યું, મને કોઈએ પણ તકલીફ નથી આપી પરંતુ મારા માટે ફક્ત મારા અલ્લાહની પનાહ પૂર્ણ છે. હવે હું બીજા કોઈની પનાહમાં રહેવા ઈચ્છતો નથી. વલીદે કહ્યું, ઉસ્માન ! પનાહ આ રીતે પરત ન કરી શકાય ! લોકોની રૂબરૂમાં મેં તમને પનાહમાં લીધા હતા એટલે તમે તે બધાંની રૂબરૂમાં મને મારી પનાહ પરત કરો. તો જો તમને કોઈ તકલીફ આપે તો લોકોને કહેવાનો મોકો ન મળે કે વલીદે ઉસ્માનને પનાહ આપી હતી અને પછી વાયદા ખીલાફી કરી ઉસ્માનને દગો દીધો. જેથી તમે મારી સાથે મસ્જિદે હરામમાં ચાલો અને બધાંની રૂબરૂમાં કહી આપો.

વલીદ અને ઉસ્માન બન્ને કા'બામાં આવ્યા ત્યાં કાફિરો બેઠેલા હતા. વલીદને જોઈ લોકોનું ધ્યાન તેના તરફ સ્થગિત થયું. વલીદે કહ્યું ભાઈઓ ! તમે જોઈ રહ્યા છો કે મારી સાથે ઉસ્માન બિન મઝઉન છે, તેઓ એટલા માટે આવ્યા છે કે પોતાની રાજી ખુશીથી મને મારી પનાહ પરત કરી રહ્યા છે. મારા તરફથી તેમને આ કામ પર મજબૂર કરવામાં નથી આવ્યા અને મારા ખાનદાન તરફથી પણ એમને કોઈ શિકાયત નથી. ઉસ્માને કહ્યું, ભાઈઓ ! વલીદને હું વાયદાનો પાબંદ માનું છું. તેમના કે તેમના ખાનદાન તરફથી મને કોઈ શિકાયત નથી પરંતુ હવે હું ખુદાને છોડી બીજા કોઈની પનાહમાં રહેવાનું પસંદ કરતો નથી જેથી મારી રાજીખુશીથી વલીદની પનાહ પરત કરું છું, તમે બધા ગવાહ રહેજો. આટલું કહી ચાલતા થયા. રસ્તામાં એક જગ્યાએ કુરૈશની મહેફિલ જામેલી હતી તેમાં લબીદ શાઈર પોતાની શાયરી સંભળાવી રહ્યો હતો. ઉસ્માન તેમની મહેફિલમાં બેસી શાયરી સાંભળવા લાગ્યા. લબીદે જ્યારે આ મિસ્રો કહ્યો :- اَلَا كُلُّ شَيْءٍ مَا خَلَا اللّٰهَ بَاطِلٌ. નિશંક ! અલ્લાહ તઆલા સિવાય બધું જ બાતિલ છે. હઝરત ઉસ્માને લબીદને ખૂબ ખૂબ શાબાશી આપી અને કહ્યું, લબીદ ! સત્ય છે અલ્લાહ તઆલા સિવાય બધું જ બાતિલ છે. ત્યારબાદ લબીદે બીજો મિસ્રો કહ્યો. كُلُّ نَعِيْمٍ لَا مُحَالَةَ زَائِلٌ

બધી જ નેઅમતો યકીનન ફના થઈ જવાની છે. આ વાત





સાંભળવાની સાથે ઉસ્માને કહ્યું, લબીદ તારો આ મિસ્રો ખોટો છે ! અલ્લાહની બનાવેલી જન્નત બાકી રહેશે તે ફના થવાની નથી.

લબીદ અરબનો મોટો શાયર હતો. જ્યારે તેણે જોયું કે કોઈ મારી શાયરીમાં ભૂલ કાઢી રહ્યો છે, તો તેણે કુરેશીઓને સંબોધી કહ્યું, અત્યાર સુધી તમારામાંથી કોઈએ મને તકલીફ નથી પહોંચાડી. અય કુરેશીઓ ! આ નવી વાત તમારામાં કયારથી શરૂ થઈ કે હવે મારી શાયરીમાં ભૂલો કાઢી રહ્યા છો ?

મહેફિલમાંથી એક માણસે ઉભા થઈ કહ્યું લબીદ જાહિલની વાત પર ધ્યાન ન આપો અને માઈન્ડ ન કરો, કારણ કે તે તો બીજા બેવકૂફોની માફક પોતાના દીન અને ધર્મ છોડી મોહમ્મદ બિન અબ્દુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથે અધર્મી થઈ ગયો છે.

હઝરત ઉસ્માન બિન મઝઉને જવાબ આપતાં કહ્યું, હું જાહિલ નથી પણ તમે લોકો જાહિલ છો કે અત્યાર સુધી તમને હક વાત સમજમાં નથી આવી અને એટલા માટે બેજાન મૂર્તિઓ સામે તમો પોતાનું માથું નમાવી રહ્યા છો. ઈબાદત અને બંદગીના લાયક કોણ છે તેની પણ તમને ખબર નથી પછી તમો પોતાને અક્કલવાળા કેવી રીતે સમજો છો.

બન્નેમાં ગરમા ગરમી ચાલી રહી હતી. એટલામાં પેલા માણસે ઉભા થઈ ઉસ્માનને એટલા જોરથી તમાચો માર્યો કે તેમની આંખ કાળી પડી ગઈ. વલીદ પણ તે મેહફિલમાં હાજર હતો. તેણે ઉસ્માન ને કહ્યું, ઉસ્માન મારી પનાહમાં હતો ત્યારે તને કેટલો આનંદ હતો, હવે પનાહ પરત કરવાથી કેવી મજા આવી રહી છે ! ઉસ્માને જવાબમાં કહ્યું, વલીદ ! હજુ તો મારી એક આંખને તકલીફ પહોંચી છે પરંતુ મારી બીજી આંખ પણ એ જ ઉમ્મીદમાં છે કે મને પણ મારી સહેલીની જેમ તકલીફ પહોંચે ! વલીદ આ તકલીફ તો મને અલ્લાહના માર્ગમાં પહોંચી છે. જો તે ખુશ થઈ જાય તો તેની રાહમાં આવતી બધી જ મુશ્કેલીઓને હું નેઅમત સમજું છું. ત્યારબાદ આપે અમુક શેઅર કહ્યા, જેનો મતલબ હું તમારી સમક્ષ રજુ કરું છું :-

(૧) અલ્લાહ તઆલાના માર્ગમાં તેને ખુશ કરવા માટે એક બેદીન

તરફથી મારી આંખને તકલીફ પહોંચાડવામાં આવી. મને કોઈ જાતની ચિંતા નથી કારણ કે આના બદલામાં મને મારા રબે સવાબ અર્પણ કર્યો અને અલ્લાહ તઆલા જેને પસંદ ફર્માવે તે જ સફળતા પ્રાપ્ત કરનાર છે.

(૨) આ મુસીબત સહન કરવાથી અમારો મકસદ દુનિયામાં નામ કમાવવાનો નથી, પરંતુ રબને ખુશ કરવાનો છે. એટલે દુનિયાની મુસીબત અમારા માર્ગમાં રૂકાવટ બની શકશે નહીં અને અમે મુસીબતોથી ગભરાવવાના પણ નથી.

(૩) કાફિરો તમે અમને અધર્મી કહો, નાસમજ કહો કે બેવકૂફ કહો, તેથી અમને જરાય ચિંતા નથી અને તમારા કહેવાથી અમારું કશું જ બગડવાનું નથી, અમે છાતી ઠોકીને કહીએ છીએ કે અમે મોહમ્મદ બિન અબ્દુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીન અને ધર્મ પર છીએ.

મારી બહેનો ! તમે સાંભળ્યું કે રસૂલે પાકના સહાબા પોતે તો દીન વિરૂદ્ધ કોઈ કામ કરતા જ ન હતા. પરંતુ કાફિરોની મહેફિલમાં જો તેઓ કોઈ કારણસર હાજર થતા અને ઈસ્લામ વિરુદ્ધ કોઈ વાત સાંભળવા મળતી તો તેઓ ચૂપ ન રહેતા. તેઓને ખબર પણ હતી કે જો કંઈક બોલવામાં આવશે તો માર ખાવો પડશે, આમ છતાં તકલીફ સહન કરીને પણ હક વાત કહીને જ રહેતા. અને આજે આપણે મહોબ્બતના દાવા કરી આપણી મહેફિલમાં પોતે જ અમુક કામો ઈસ્લામ વિરૂદ્ધ કરીએ છીએ. આપણે જ્યારે મુસલમાન થઈને આપણા જ ધર્મ વિરુદ્ધ કરીએ છીએ તો પછી ઈસ્લામના શત્રુઓ ઈસ્લામથી વિરૂદ્ધ કામો કરે અથવા વાતો કરે તેમાં નવાઈ જેવું શું ? જ્યાં સુધી આપણે દીની તથા ધાર્મિક બાબતોમાં મક્કમતાનો સબૂત આપીશું નહીં ત્યાં સુધી સફળતા મળવી અશક્ય છે.

ડો. ઈકબાલ સાહેબ ફર્માવે છે :

**આજ ભી હો અગર ઈબ્રાહીમ સા ઈમાં પૈદા**
**આગ કર સકતી હૈ અંદાઝે ગુલિસ્તાં પૈદા**

આજે પણ આગ બાગ બની શકે છે પરંતુ તેવું યકીન અને ઈમાન પૈદા કરવાની જરૂરત છે.





## ★ ઈસ્લામ માટે પૂર્વજાએ શું શું વેઠયું ? ★

મારી બહેનો ! હઝરત ખબ્બાબ ઈબ્નુલ અર્ત رضی اللہ عنہ પ્રથમ ઈસ્લામ સ્વીકારનારાઓમાંથી એક છે. આપને દીન અને ધર્મના માર્ગમાં એવી એવી મુસીબતો સહન કરવી પડી કે અગર ધ્યાનથી સાંભળવામાં આવે તો આંખોમાંથી આંસું સરી પડે, બદનમાં ધ્રુજારી આવી જાય. હઝરત ખબ્બાબને કાફિરો ઝેરહ એટલે કે લોખંડના વસ્ત્રો પહેરાવી ગરમ ગરમ રેતીમાં નાંખી દેતા. અરબનું રણ, દુનિયામાં અતિ ગરમીનો પ્રદેશ અને વળી શરીર પર લોખંડનો પોષાક ! આપના બદન પર ફોલ્લા પડી જતા, સાંજ પડતાં ગળામાં દોરડું બાંધી રસ્તાઓ પર ઘસેડતા, પત્થર આવે, કાંટા આવે પરંતુ જાલિમોને તેનાથી શું ? તેઓ તો ખેંચ્યે જ જતા. ક્યારેક શરીરમાં કાંટા ભોંકાઈ જતા, ક્યારેક માથુ ફૂટી જતું પરંતુ આવી મુશ્કેલ હાલતમાં પણ આપના મુખેથી અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબરની સદા સંભળાતી હતી. કાફિરોને અલ્લાહુ અકબર, અલ્લાહો અહદના શબ્દોથી ચીડ હતી. જેથી આ શબ્દો સાંભળી તેમના ક્રોધની અગ્નિ વધારે ભભૂકતી અને જુલ્મનું પ્રમાણ વધી જતું. જ્યારે દરેક પ્રકારની સજાઓ આપના સશક્ત દિલને કુફ્ર તરફ કેન્દ્રિત ન કરી શકી. ત્યારે તેમણે આગ સળગાવી અને હઝરત ખબ્બાબને આગ પર સૂવડાવવામાં આવ્યા અને હલનચલન ન કરી શકે તે માટે છાતી પર વજની પત્થર મૂકવામાં આવ્યો. ચામડી બળી રહી છે, ચરબી ઓગળીને તેલ રૂપે બહાર આવી રહી છે.

મારી બહેનો ! જરા અંદાજો તો લગાવો કે જ્યારે તમે રોટલી બનાવો છો અને ક્યારેક રોટલી ઉઠાવવામાં થીકડી સાથે હાથ અડકી જાય તે વેળા કેટલી જલન થાય છે ! તો પછી અહીંયા તો આપને આગ પર સૂવાડવામાં આવ્યા હતા. પરંતુ ઈસ્લામના આ મહાન વફાદાર આગની પથારી પર પણ અલ્લાહની તસ્બીહ પઢી રહ્યા છે. આપ પોતે જ ફર્માવે છે કે મને એટલા સમય સુધી આગ પર રાખવામાં આવ્યો કે મારી ચરબીથી આગ હોલવાઈ ગઈ.

મારી બહેનો ! હઝરત ખબ્બાબ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم કા'બાતુલ્લાહના છાંયડામાં પોતાની ચાદર મુબારકથી ટેક લગાવી આરામ ફર્માવી રહ્યા હતા. એટલામાં આપ ત્યાં

જઈ પહોંચ્યા અને કાફિરો તરફથી મળતી તકલીફો વિષે શિકાયત કરવા લાગ્યા અને રબથી દુઆ કરવાની દરખાસ્ત કરી. નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم જલાલમાં આવ્યા અને ટેક છોડી સીધા બેસી ગયા અને ફર્માવવા લાગ્યા, ખબ્બાબ ! આપણા પૂર્વજોને દીનના માર્ગમાં સખત મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. કાફિરોએ તેમના બદનનો ગોશ્ત લોખંડની કાંસકી (ખુરપી)ઓથી ખેંચી લીધો હતો, તેમ છતાં પણ તેઓ પોતાના મુખેથી રબની બારગાહમાં શિકાયત કરતા ન હતા. ત્યારબાદ આપે ફર્માવ્યું, આ દીન (ઈસ્લામ) અલ્લાહ ત્આલાનો છે અને અલ્લાહ એને જરૂર પૂરો ફર્માવશે અને લોકો એટલા શાંતિથી જીવન ગુજારતા હશે કે સનઆને યમનથી હઝરામૌત સુધી આવતો એકલો રાહગીર (મુસાફર) ખુદા સિવાય કોઈનો ડર રાખતો નહીં હોય. પરંતુ તમે લોકો જલ્દબાઝ છો દરેક કામમાં જલ્દી કરો છો.

મારી બહેનો ! એ તો તમે જોયું હશે કે શરીરનો કોઈ ભાગ આગમાં બળી જાય છે. પણ સારું થયા પછી બળેલાના નિશાન સેફદ સફેદ જોવા મળે છે. હઝરત ખબ્બાબની પીઠ પર જોઈ ન શકાય તેવા અનેક નિશાન પડી ગયાં હતાં. એક વખત સહાબાની મહેફિલમાં હઝરત બિલાલ અને હઝરત ખબ્બાબ પણ મોજૂદ હતા. હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ હઝરત બિલાલ પાસેથી દીનના માર્ગમાં પડેલી મુશ્કેલીઓ બાબત જાણકારી મેળવી રહ્યા હતા. ત્યારે હઝરત ખબ્બાબે અર્ઝ કરી, યા અમીરૂલ મોમેનીન ! મને પણ પૂછો કે દીનની બાબતમાં મેં કેટલી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. આમ કહી પોતાની પીઠ પરથી ચાદર હટાવી દેખાડયું તો આખી પીઠ પર સફેદ સફેદ ચાઠાંઓ પડી ગયા હતા. હઝરત ઉમર ફારૂકે આઝમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં અને રડતાં રડતાં ફર્માવ્યું, ' ખબ્બાબ ! આવી પીઠ તો મેં કોઈની જોઈ નથી. આવું કેવી રીતે બન્યું ? ત્યારે હઝરત ખબ્બાબે ઉપરોક્ત વાકેઓ હઝરત ઉમરને કહી સંભળાવ્યો.

મારી બહેનો ! આ છે સાચી મહોબ્બતના દાવેદારો જેઓ તકલીફો વેઠીને પણ અલ્લાહ તબારક વ ત્આલાને યાદ કરતા હતા





તથા ઈસ્લામની વિરુદ્ધનું કોઈ કામ જોવા માગતા ન હતા. આજે આપણે આરામથી રહીને ભાત ભાતની વાનગીઓ ખાઈને પણ રબને ભૂલી બેઠા છીએ. બીજા મુસલમાનોમાં તબ્લીગનું કામ તો શું કરે, પોતાના જ ઘરોમાં શૈતાન નાચી રહ્યો છે, એટલે કે આપણે પોતે જ દીનથી દૂર થઈ ગયા છીએ આવું કેમ ? આનું રીઝન (કારણ) શું ? તો કહેવું જ પડશે કે તેઓ સાચી મહોબ્બતના દાવેદાર હતા એટલે તેમના અમલો અલ્લાહ રસૂલની ખુશી પ્રાપ્ત કરવા શરીઅતે ઈસ્લામી મુજબ હતા અને આપણે માત્ર મુખેથી મુસલમાન રહી ગયા છીએ.

અલ્લાહ ત્આલા અમલ કરવાની તૌફીક અતા ફર્માવે, સબ્ર અને સહનશીલતાની તૌફીક બખ્શે.

**મંઝિલે ઈશ્કમેં તસ્લીમ વ રઝા મુશ્કિલ હય**
**જિન્કે રૂત્બે હંય શેવા ઉન્કે શેવા મુશ્કિલ હય**

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

# સહાબાને દીનના માર્ગમાં પડેલી ખાવા-પીવાની તકલીફો

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ! فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَلَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرَاتِ وَبَشِّرِ الصَّابِرِيْنَ الَّذِيْنَ اِذَا اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ قَالُوْا اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ ط اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ وَّ اُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ ط صَدَقَ اللّٰهُ مَوْلَانَا الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْاَمِيْنُ الْكَرِيْمُ وَنَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ.

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰہِ۔
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰہِ۔
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَانَبِیَّ اللّٰہِ۔
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَانُوْرَاللّٰہِ۔
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ۔

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મે શર્ફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ ત્આલા મને હક કહેવાની અને તમને બધાને હક સાંભળવાની અને તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિ સૈય્યેદિલ મુર્સલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.

મારી બહેનો ! **સહાબાની હિજરત** અને **સહાબાની સહનશીલતા** એ બે પ્રકરણ પર બયાન તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યું હતું. આજે હું તમને નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબાએ કિરામની 'દીનની ખાતિર ખાવા પીવાની પડેલી તકલીફો'ના પ્રકરણ પર બયાન સંભળાવું છું.

મારી બહેનો ! આપણા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના મહબૂબ નબી છે. અલ્લાહ ત્આલાએ પોતાની મખ્લૂકમાં સૌથી વધારે ઈખ્તિયાર અને અધિકાર આપને અતા ફર્માવ્યો છે. દુનિયાના ખજાનાઓની ચાવીઓ આપને આપવામાં આવી છે. અતા અને અર્પણ અલ્લાહ ત્આલા તરફથી છે, પરંતુ તેની વહેંચણી રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી છે. એટલા માટે તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી صلی اللہ تعالیٰ علیہ وسلم અન્હો ઈર્શાદ ફર્માવે છે :–

રબ હય મોઅતી યહ હંય કાસિમ
રિઝ્ક ઉસ્કા હય ખિલાતે યહ હંય





બે ઉન્કે વાસ્તે કે ખુદા કુછ અતા કરે
હાશા ગલત ગલત યહ હવસ બેબસરકી હય

વહી રબ હય જિસ્ને તુઝકો હમાતન કરમ બનાયા
હમેં ભીક માંગનેકો તેરા આસ્તાં બતાયા

તુમ્હી હાકિમે બરાયા તુમ્હીં કાસિમે અતાયા
તુમ્હી દાફએ બલાયા તુમ્હી શાફેએ ખતાયા

હાથ જિસ સમ્ત ઉઠ્ઠા ગની કર દિયા
મૌજે બહરે સખાવત પે લાખોં સલામ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ના આ અશઆરનો ભાવાર્થ એ છે કે, અલ્લાહ ત્આલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ અધિકાર આપ્યો છે કે જે કાંઈ આપવામાં આવે છે તે અલ્લાહ ત્આલા તરફથી છે, પરંતુ તેની વહેંચણી નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહથી કરવામાં આવે છે. એટલે કે અલ્લાહ ત્આલા પોતાના હબીબને અતા ફર્માવે છે અને નબીયે પાક મખ્લૂકમાં તેની વહેંચણી કરે છે.

આ'લા હઝરતનું આ મંતવ્ય માત્ર પોતાની પસંદથી નથી, બલ્કે તેના પર હદીષોનો સુબૂત પ્રાપ્ત છે. સહીહૈનમાં હઝરત ઉકબા رضی اللہ عنہ થી રિવાયત છે. નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : اِنِّیْ اُعْطِیْتُ مَفَاتِیْحُ خَزَائِنِ الْاَرْضِ مَفَاتِیْحُ الْاَرْضِ۔ બેશક ! જમીનના ખજાનાઓથી અથવા જમીનની ચાવીઓ મને આપવામાં આવી.

સહીહૈનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : اُوْتِیْتُ خَزَائِنُ الْاَرْضِ فَوُضِعَ فِیْ یَدَیَّ

મને જમીનના સઘળા ખજાનાઓ આપવામાં આવ્યા અને તે મારા હાથમાં રાખવામાં આવ્યા.

બુખારી શરીફમાં છે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

અલ્લાહ ત્આલા અર્પણ કરનાર અને હું વહેંચણી કરનાર છું

## ★ શું આપણા નબી ગરીબ હતા ?! ★

મુસ્લિમ શરીફમાં છે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, اُعْطِيْتُ الْكَنْزَيْنِ الْاَحْمَرَ وَالْاَبْيَضَ મને સફેદ અને લાલ (સોના અને ચાંદી) બે ખજાના આપવામાં આવ્યા.

તિબ્રાની શરીફમાં છે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, اُوْتِيْتُ مَفَاتِيْحَ كُلِّ شَيْءٍ મને દરેક ચીઝની ચાવીઓ આપવામાં આવી.

**કુંજી તુમ્હેં દી અપને ખજાનોંકી ખુદાને**
**મહબૂબ કિયા માલિકો મુખ્તાર બનાયા**

આ હદીષોથી જાણવા મળ્યું કે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને દરેક પ્રકારના ખજાનાઓ આપવામાં આવ્યા હતા, પરંતુ આપની શાન એ હતી કે આપે પોતાના માટે અને પોતાના ઘરવાળાંઓ માટે ગરીબી પસંદ ફર્માવી હતી. તા કે લોકોને એ જાણવા મળે કે આ દુનિયા માત્ર આંખોનો ફરેબ છે, દિલમાં બેસાડવાના લાયક નથી. જો દુનિયા દિલમાં બેસાડવા લાયક હોતી તો નબીયે પાક જેમને દુનિયાની દરેક ચીઝના ખજાનાઓ આપવામાં આવ્યા હતા, આપ પોતાના માટે અને પોતાના ઘરવાળાઓ માટે જરૂર તેને પસંદ ફર્માવતા અને પોતે સારા સારા મેહલો બનાવી તેમાં રહેવાની કોશિશ કરતા. પરંતુ આપે આમ ન કર્યું અને આપણને દુનિયાથી બેરગબત (લાલચ વિહોણા) થઈ આખેરત તરફ નમવાની તાલીમ આપી.

નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ દુનિયાની હયાતના જમાનામાં વધુ પડતા મુસલમાનો ગરીબ હતા અને તેમના માટે જીવન પસાર કરવું પણ મુશ્કેલ થઈ પડયું હતું, પરંતુ જેમ નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના માટે અને પોતાના ઘરવાળાંઓ માટે દુનિયાની માલદારી પસંદ ન ફર્માવી તેમજ આપે પોતાના સહાબા માટે પણ માલદારીની દુઆ ન કરી.

નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે પોતાની પસંદથી ગરીબીને ઉત્તમતા આપી હતી તેનો સુબૂત પણ હદીષ શરીફથી મળી આવે છે. શર્હુસ્સુન્નહ્‌માં હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે આપે કહ્યું નબીયે પાકે મને ફર્માવ્યું, અય આઈશા ! لَوْ شِئْتُ لَسَارَتْ مَعِيَ جِبَالُ الذَّهَبِ





જો હું ઈચ્છતો તો મારી સાથે સોનાના પહાડો ચાલતા ! મારી પાસે એક ફરિશ્તો આવ્યો જેની કમર કા'બાતુલ્લાહ બરાબર હતી તેણે મને કહ્યું તમારો રબ તમને સલામ કહે છે અને ફર્માવે છે, ઈચ્છો તો બંદા નબી બનો અને ઈચ્છો તો બાદશાહ નબી બનો. તો મેં જિબ્રઈલ તરફ જોયું તો તેમણે મને ઈશારો કર્યો કે હું મારી જાતને નમાવું. ઈબ્ને અબ્બાસની રિવાયતમાં છે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાનું ધ્યાન જિબ્રઈલ તરફ કેન્દ્રિત કર્યું, જાણે તેમનાથી મશ્વરો માંગ્યો, જિબ્રઈલે પોતાના હાથથી ઈશારો કર્યો કે હું પોતાને નમાવું. તો મેં કહ્યું, હું નબીયે અબ્દ (બનવા ઈચ્છું છું). હઝરત આઈશા કહે છે ત્યારબાદ નબીયે પાક ટેક લગાવીને ન ખાતા હતા અને ફર્માવતા હું ગુલામની માફક ખાઉં છું, અને ગુલામની માફક બેસું છું.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ અધિકાર આપવામાં આવ્યો હતો કે આપ ઈચ્છતે તો પહાડો સોનુ બની જતા અને આપની સાથે સાથે ચાલતા, પરંતુ આપે આખેરતને દુનિયા પર ઉત્તમતા આપી જેને લઈને દુનિયામાં ગરીબ રહેવું પસંદ કર્યું અને પોતાના ઘરવાળાંઓ માટે પણ આપે જરૂરત જેટલું જ રહેવાની દુઆ ફર્માવી હતી, એટલે આમ નથી કહી શકાતું કે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ગરીબ હતા બલ્કે આપે પોતે જ ગરીબીને ઉત્તમતા આપી હતી. જેનો સુબૂત આ હદીષથી પણ પ્રાપ્ત થાય છે અને ખાવા પીવા વિષે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની અધિકારવાળી અનેક હદીષો તમારી ખિદમતમાં રજુ કરીશ.

## ★ ભૂખ વિશેના દર્દનાક પ્રસંગો ★

સહીહૈનમાં હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે (એક દિવસ) હું રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો તો જોયું કે હુઝૂર ખજૂરના પાનાની સાદડી પર આડા પડેલા હતા. આપના બદન મુબારક અને સાદડીની વચમાં કોઈ ચીઝ ન હતી જેથી કરીને હુઝૂરના બદન મુબારકમાં સાદડીનું નિશાન પડી ગયું હતું, આપે મુબારક માથા નીચે ચામડાનો તકીયો રાખેલો હતો તેમાં ખજૂરના છાલાં ભરેલાં હતા. મેં (સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ સ્થિતિમાં

દેખીને) અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! અલ્લાહ ત્આલાથી દુઆ કેમ નથી કરતા ? فَلْيُوَسِّعْ عَلٰى اُمَّتِكَ કે તે આપની ઉમ્મતને માલી ખુશહાલી અતા ફર્માવે. ફારસ અને રૂમના લોકોને કેવી માલી ખુશહાલી આપવામાં આવી છે, જ્યારે કે તેઓ અલ્લાહની બંદગી નથી કરતા ! હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, ઈબ્ને ખત્તાબ ! તમે આ શું કહી રહ્યા છો ? તેઓ એ લોકો છે જેમને પોતાની ભલાઈ દુનિયાની જિંદગીમાં આપી દેવામાં આવી. અને એક રિવાયતમાં છે, શું તમે ખુશ નથી કે તેઓના માટે દુનિયા છે અને આપણા માટે આખેરત છે. (એટલે કે કાફિરોને તેમની ભલાઈનો બદલો આ ફાની જગતમાં આપી દેવામાં આવે છે. જેનો કોઈ મતલબ નથી કારણ કે માણસ પોતે મરી જશે અથવા નેઅમત તેના હાથમાંથી ચાલી જશે, જ્યારે આખેતરમાં અલ્લાહ તરફથી મુસલમાનોને જે ઈમાન આપવામાં આવશે તેના માટે ફના નથી, એટલે નેઅમતો પણ હમેશાંની અને સાથ આપનાર જીવન પણ હમેશાંનું કારણ કે ત્યાં કોઈના માટે મૌત નથી.

હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ રસૂલે પાક صلی اللہ تعالٰی علیہ وسلم ના અદબ અને અહેતેરામને લઈને આમ ન ફર્માવ્યું કે અય અલ્લાહના હબીબ ! તમે પોતાના માટે ખુશહાલીની દુઆ કરો કારણ કે પાયા વિનાની દુનિયા પ્રાપ્ત કરવાનો સંબંધ નબીયે પાકની જાત સાથે શોભા ન આપે, એટલે તેમણે આમ કહ્યું કે આપની ઉમ્મતની ખુશાલીની દુઆ કરો.

આ હદીષથી એ પણ જાણવા મળ્યું કે હઝરત ઉમર ફારૂકે આઝમ રસૂલે પાક صلی اللہ تعالٰی علیہ وسلم ને અધિકારવાળા નબી જાણતા હતા અને આપનું એ વાત પર ઈમાન હતું કે, આપ અલ્લાહના હબીબ છે. આપની જીભ મુબારકથી નીકળેલા શબ્દો રદ થઈ શકતા નથી બલ્કે આપની જીભ મુબારકથી નીકળેલ શબ્દો તકદીરને પણ બદલી શકે છે.

**નિગાહે વલી મેં વો તાસીર દેખી**
**બદલતી હઝારોં કી તકદીર દેખી**

જ્યારે અલ્લાહના વલીઓને એ ઈખ્તિયાર આપવામાં આવે છે કે તેઓની જીભથી નીકળેલ વાત રદ કરવામાં આવતી નથી તો પછી





અલ્લાહના નબીઓની વાત શી રીતે થઈ શકે છે. જો આપે દુઆ કરી હોતે તો સઘળા પહાડ સોનાના થઈ જતે પરંતુ ફના થનાર ચીઝ અપનાવવા લાયક નથી હોતી એટલે આપે ફર્માવ્યું, અય ઈબ્ને ખત્તાબ ! તમે તમારું ધ્યાન કાફિરોની ખુશહાલી તરફ કેન્દ્રિન ન કરો ! કારણ કે તેમને તો આ દુનિયામાં જે કંઈ મળવાનું છે તે મળી જશે, આખેરતમાં તેમના માટે દોઝખની ભડકતી આગ સિવાય કાંઈ નથી. શું તમને ખબર નથી કે રસૂલે પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ષઅલ્બા બિન હાતિબ માટે તેમના અનેક વખત કહેવાથી ખુશહાલીની દુઆ કરી તો તેમના માલમાં એટલી બરકત થઈ કે જંગલોને જંગલો તેમની બકરીઓથી ભરાઈ ગયાં. પરંતુ નબીયે પાકે તેમને પ્રથમથી જ કહી આપ્યું હતું કે અય ષઅલ્બા ! હું દુઆ કરીશ તો તમને દુનિયામાં ખુશહાલી તો જરૂરથી મળશે પરંતુ તમારા માટે દોલત સારી નથી. તો એવું જ થયું, તેમને માલદારી મળી તો તેમના દિલમાં નિફાક આવી ગયો. આ વાકયાનો ઉલ્લેખ ઝકાતના બયાનમાં કરવામાં આવ્યો છે.

મુસ્લિમ શરીફમાં હઝરત નુઅમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે, તેઓ ફર્માવે છે કે શું એ વાત નથી કે જે તમારા મનમાં આવે છે તે ખાવો છો અને પીવો છો ? મેં તમારા નબી صلی اللہ تعالٰی علیہ وسلم ને જોયા છે કે આપને સૂકી ખજૂરો પણ એટલી ન મળતી હતી કે જેનાથી આપ પેટ ભરી લેતા. (એટલે કે પોતે પસંદ કરેલ ગરીબીનો એ હાલ હતો કે માત્ર સૂકી ખજૂરો પણ એટલા પ્રમાણમાં ન હતી જેનાથી પેટ ભરી શકાય.)

કન્ઝમાં છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ લોકોને દુનિયાના એશ આરામ વિષે માહિતી આપતાં ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ને જોયા કે આપ સઘળો દિવસ ભૂખથી બેકરાર રહેતા હતા. સૂકી ખજૂરો પણ એટલી ન હતી જેનાથી પેટ ભરાય જતું.

હુલ્યામાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, આપ ફર્માવે છે કે હું હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો (મેં જોયું કે) આપ બેસીને નમાઝ અદા કરી રહ્યા છે. મેં અર્ઝ કરી, અલ્લાહના રસૂલ ! શી તકલીફ છે કે આપ બેસીને નમાઝ પઢી રહ્યા છો ? આપે

ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ભૂખ ! (એટલે કે સતત ભૂખા રહેવાથી એટલી અશક્તિ આવી ગઈ છે કે મારે બેસીને નમાઝ પઢવી પડી) (હઝરત અબૂ હુરૈરહ્ ફર્માવે છે કે આ વાત સાંભળીને હું રડવા લાગ્યો. આપે ફર્માવ્યું, અય અબુ હુરૈરહ્ ! રડો નહિ ! કિયામતના દિવસે હિસાબની સખ્તી અને કષ્ટી ભૂખાને નહિ પહોંચે, એ શર્તની સાથે કે તેણે સવાબની નિય્યતથી દુનિયામાં વેઠી લીધું હોય. એટલે કે મુસલમાનને દુનિયામાં જે કાંઈ તકલીફ, મુસીબત અને કષ્ટી પહોંચે છે, તે અલ્લાહ ત્આલા તરફથી છે, અને તેનાથી મુસલમાનના ગુનાહ માફ કરવામાં આવે છે અને ખુશી ખુશી વેઠી લેવાથી સવાબ પણ મળે છે, તો જો કોઈ વ્યક્તિને ભૂખા રહેવાની તકલીફ વેઠવી પડે તો તેણે પોતાની જીભે શિકાયતનો શબ્દ ન લાવવો જોઈએ બલ્કે સબ્ર અને સહનશીલતાથી કામ લેવું જોઈએ. બે સબ્રા બનવામાં તકલીફ તો જતી નથી રહેતી પરંતુ ઉપરથી ગુનોહ થાય છે અને સવાબથી પણ મહરૂમ થવું પડે છે.

ઈમામ અહમદે તખરીજ કરી છે કે, હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ ના ઘરેથી બકરીના પાયા આવ્યા, મેં તેને પકડયા અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેના ટુકડા પાડયા, અથવા આપે પકડયા અને મેં ટુકડા પાડયા, હદીષના રિવાયત કરનાર કહે છે કે, હઝરતે આઈશા જેનાથી આ હદીષ બયાન કરતાં તો ફર્માવતાં કે આમ દીવો ન હોવાને લઈને થયું હતું, (એટલે કે ઘરમાં અધારું હતું, દીવો સળગવાવા માટે તેલ પણ ન હતું, એટલે એ યાદ ન રહ્યું કે કોણે પકડયા અને કોણે ટુકડા પાડયા !)

તિબ્રાની શરીફમાં છે ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને પૂછવામાં આવ્યું કે (પાયા બનાવવાનું) દીવાના અજવાળામાં હતું ? તો આપે ફર્માવ્યું, જો અમારી પાસે એટલું તેલ હોત તો દીવો ભરવો તો દૂરની વાત ભૂખની તકલીફને લઈને અમે તેલ જ પી જતાં !

તરગીબમાં છે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરવાળાંઓ કેટલા કેટલા ચાંદ પસાર





થતા (ચાંદવાળા મહિના બદલાતા) એમનામાંથી કોઈના ઘરમાં ન દીવો સળગતો અને ન આગ સળગતી, જો કોઈ જગાથી તેલ મળી જતું તો (બદન પર) માલિશ કરી લેતા અને જો ચરબી મળતી તો ખાઈ લેતા.

ઈમામ અહમદે હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરવાળાઓ પર મહિનાને મહિના પસાર થઈ જતા પણ તેમના ઘરોમાં આગ સળગાવામાં ન આવતી હતી ન રોટલી માટે ન ખાવા માટે. લોકોએ હઝરત અબૂ હુરૈરહ્થી માલૂમ કર્યું કે પછી ખાવા પીવાની વ્યવસ્થા કઈ ચીજથી કરવામાં આવતી હતી. ફર્માવ્યું, બે કાળી ચીજોથી ખજૂર અને પાણી આપતા. અન્સારી પડોશી કે અલ્લાહ ત્આલા તેઓને શ્રેષ્ઠ બદલો આપે કે તેમની પાસે દૂધાળી ઊંટડીઓ હતી તેઓ થોડું ઘણું દૂધ મોકલી આપતા હતા.

તરગીબમાં છે હઝરત ઉર્વહ ફર્માવે છે કે, હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવ્યા કરતાં હતાં, ખુદાની કસમ ! અય મારા ભાણિયા ! અમે એક ચાંદ દેખતા પછી બીજો, ત્રીજો (એટલે કે) બે મહિના પૂરા થતા અને અમારા ઘરોમાં આગ સળગતી ન હતી. મેં પૂછયું, માસી પછી તમારા ખાવા પીવાની શું વ્યવસ્થા હતી ? હઝરત આઈશાએ ફર્માવ્યું, બે કાળી ચીજો ખજૂર અને પાણી. હા ! જનાબ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અન્સારી (સહાબીઓ) પડોશીઓ પાસે દૂધાળી ઊંટડીઓ હતી તો આ લોકો આપની પાસે દૂધ મોકલાવતા અને આપ અમને પીવડાવતા.

કન્ઝમાં હઝરત ઈબ્ને જરીર رضی اللہ عنہ થી રિવાયત છે કે,

હઝરત આઈશા સિદ્દીકાએ ફર્માવ્યું, ચાલીસ ચાલીસ દિવસો સુધી અમારા ઘરોમાં આગ અને દીવો ન સળગતો ! મેં પૂછયું, પછી તમારા લોકોની ખાવા પીવાની વ્યવસ્થા કઈ ચીજથી થતી હતી ? આપે ફર્માવ્યું, બે કાળી ચીજોથી, ખજૂર અને પાણી ! અને તે પણ મળી ગયું તો મળી ગયું !

તિરમિઝી શરીફમાં હઝરત મસરૂક رضی اللہ عنہ થી રિવાયત છે આપ ફર્માવે છે કે હું હઝરત આઈશાના ત્યાં હાજર થયો. આપે મારા

માટે ખાવા મંગાવ્યું અને કહેવા લાગ્યાં, હું જ્યારે પણ પેટ ભરી લઉં છું તો રડવા ઈચ્છું તો રડી શકું છું ! મેં પૂછયું, શા માટે ? ફર્માવ્યું, મને એ વખત યાદ આવી જાય છે જે સ્થિતીમાં નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم આ જગતને વિદાય આપી ત્યારે કસમ અલ્લાહની ! આપને દિવસમાં બે વખત એટલે સવાર સાંજ રોટલી અને ગોશ્ત પેટ ભરીને નથી મળ્યો.

તરગીબમાં હઝરત ઈબ્ને જરીર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણ દિવસ પણ ઘઉંની રોટલીથી પેટ નથી ભર્યું, જ્યારથી આપ મદીના પધાર્યા ત્યાં સુધી કે આપ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા.

બયહકી શરીફમાં છે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરે સતત ત્રણ દિવસ સુધી પેટ ન ભર્યું અને જો અમે લોકો ઈચ્છતે તો પેટ ભરી પણ લેતા પરંતુ આપની શરીફ આદત એ હતી કે પોતાની જાત પર બીજાને ઉત્તમતા આપતા હતા. (એટલે કે ગરીબો અને ફકીરોને આપી દેતા હતા.)

તિર્મિઝીએ તખરીજ કરી છે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما માં ફર્માવે છે, હુઝૂર પર સતત એવી રાતો પણ પસાર થતી હતી જેમાં આપના ઘરવાળાઓને સાંજનું ખાણું ન મળતું અને વધુ પ્રમાણમાં ઘરવાળાઓની રોટલી જવની બનતી.

તરગીબમાં છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એક જમાઅતની નિકટથી પસાર થયા જેમની પાસે શેકેલી બકરી રાખી હતી. તેમણે હઝરત અબૂ હુરૈરહ્ને (ખાવા માટે) બોલાવ્યા. આપે ખાવાથી મનાઈ કરી આપી અને ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم દુનિયાથી તશરીફ લઈ ગયા અને જવની રોટલીથી પણ પેટ નથી ભર્યું !

ઈમામ અહમદે તખરીજ કરી છે. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત ફાતિમા رضی اللہ عنہا એ જવની રોટલીનો એક ટૂકડો હઝૂરની ખિદમતમાં પેશ કર્યો. આપે ફર્માવ્યું, આ પ્રથમ ખાવા છે જેને ત્રણ દિવસ પછી આજે તમારા અબ્બા ખાશે. તિબ્રાની શરીફમાં આ પ્રમાણેનો વધારો કરવામાં આવ્યો છે કે, જ્યારે હઝરત ફાતેમાએ આપને





રોટલીનો ટૂકડો આપ્યો તો આપે પૂછયું, આ શું છે ? હઝરત ફાતેમાએ ફર્માવ્યું, આ ટીકડી છે જે મેં બનાવી હતી, મારું મન ન માન્યું કે હું એકલી ખાઈ લઉં, તેમાંથી આ ટૂકડો તમારી ખિદમતમાં લાવી છું.

ઈબ્ને માજહ્ શરીફમાં છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર પાસે ગરમ ખાવા લાવવામાં આવ્યું. જ્યારે આપ ખાઈને ફારેગ થયા. આપે ફર્માવ્યું, "અલ્ હમ્દુલિલ્લાહ !" મારા પેટમાં આટલા આટલા દિવસોથી ખાવા ન ગયું હતું !

બુખારી શરીફમાં છે. હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ ફર્માવે છે કે પેદા થવાથી લઈને વફાત સુધી આપે મેદાની રોટલી નથી જોઈ ! તરગીબમાં છે. હઝરત સઅદ رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું, શું હુઝૂરના જમાનામાં તમારા લોકો પાસે ચારણી હતી ? હઝરત સઅદે ફર્માવ્યું, હુઝૂરે પેદાઈશથી વફાત સુધી ચારણી નથી જોઈ ! પૂછવામાં આવ્યું, તમે લોકો ચાર્યા વિના જવનો આટો કેવી રીતે ખાતા હતા ? ફર્માવ્યું, જવ દળી લેવામાં આવતા પછી ઉપરથી ફૂંક મારી દેવામાં આવતી જે ચારણ ઉડી જાય તે ઉડી જાય પછી આટો ગુંદી લેવામાં આવતો.

તિબ્રાની શરીફમાં છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂરના દસ્તરખાન પર જવ (ની રોટલી)નો ટુકડો વધુ અથવા ઓછો ન વધતો હતો. (એટલે કે વધે તેટલું હોતું જ ન હતું.)

તિર્મિઝી શરીફમાં છે. હઝરત અબૂતલ્હા رضی اللہ عنہ ફર્માવે છે કે અમે લોકોએ હુઝૂરથી ભૂખની શિકાયત કરી અમે પોતાનું ખમીસ ઉઠાવીને પેટો પર એક એક પથ્થર બાંધેલો બતાવ્યો. આપે પોતાનું ખમીસ ઉઠાવ્યું તો આપના પેટ પર ભૂખને લઈને બે પથ્થર બંધાએલા હતા.

તરગીબમાં છે. હઝરત ઈબ્ને બોજૈર ફર્માવે છે કે હુઝૂરને એક દિવસ ભૂખ લાગી તો આપે એક પથ્થર ઉઠાવીને પેટ પર રાખ્યો અને ફર્માવ્યું, અય લોકો ! સાંભળી લો ! ઘણા લોકો પોતાને બહુ મહાન સમજે છે. કિયામતના દિવસે પોતાને બેઈજ્જત સમજશે અને ઘણા લોકો પોતાની જાતને નમાવે છે, કિયામતના દિવસે પોતાને ઈજ્જતવાળા જોશે.

બુખારી શરીફમાં છે. હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના (પર્દો ફર્માવ્યા) બાદ આ ઉમ્મતમાં જે પહેલી મુસીબત આવી તે પેટ ભરીને ખાવું છે, જે લોકો પેટ ભરી લે છે તેમના શરીર મોટાં થઈ જાય છે, અને તેમના દિલ અશકત બની જાય છે, અને તેમની વાસનાઓ ઉછાળા મારે છે.

મારી બહેનો ! તમારી ખિદમતમાં અનેક હદીષો રજા કરવામાં આવી જેનાથી સાબિત થયું કે ઈસ્લામના પ્રથમ યુગમાં નબી અને તેમના ઘરવાળાંઓને ખાવા પીવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ભૂખથી બેકાબૂ થઈને પેટ પર પથ્થર બાંધવા પડતા હતા, મહિના મહિના સુધી તેમના ઘરોમાં ચુલા સળગતા ન હતા, માત્ર ખજૂર અને પાણી પર સબ્ર કરી લેવામાં આવતી હતી અને ખજૂરો પણ પેટ ભરીને ખાવા ન મળતી હતી !

નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના ઘરવાળાંઓની ગરીબી પોતાની પસંદ કરેલી હતી તા કે કિયામત સુધી આવનાર મુસલમાન માટે આપનું અને આપના ઘરવાળાંઓનું જીવનચરિત્ર માર્ગદર્શક રહે કે તેઓને દુનિયા મળી શકતી હતી તો પણ ન લીધી અને ગરીબીને ઉત્તમતા આપી કે તેમાં મુશ્કેલી પર સબ્ર કરવામાં આવે તો સબ્રનો સવાબ અને દુનિયામાં ઓછું મળે તો આખેરતમાં જવાબ પણ ઓછો આપવો પડશે. એટલા માટે તો નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને એ તાલીમ આપી કે જો તમે શુક્ર અદા કરવાની ઈચ્છા ધરાવતા હોઉ તો તમારા માટે જરૂરી છે કે દુનિયામાં તમે એવી વ્યક્તિને જુઓ જે તમારાથી નીચી કક્ષાનો હોય કારણ કે આપણાથી નીચી કક્ષાના માણસને જોઈ આપણને મળેલ નેઅમતો વધારે લાગે છે અને માણસ દિલથી ખુદા ત્આલાનો શુક્ર અદા કરે છે.

સહીહૈનમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારાંથી કોઈ વ્યક્તિ એવા માણસને દેખે જે તેનાથી વધારે માલદાર અને અધિક ખૂબસૂરત હોય (અને તેને દેખી પોતાની હાલત પર અફસોસ કરે તો ખુદા ત્આલાનો શુક્ર





અદા કરવામાં સુસ્તી અને આળસ આવી જાય છે.) فَلْيَنْظُرْ اِلٰى مَنْ هُوَ اَسْفَلَ مِنْهُ તો તેણે પોતાની નીચેના માણસને દેખવો જોઈએ.

દુનિયામાં એકબીજાથી હસદ અને દુશ્મની વધુ પ્રમાણમાં દોલત અને જાયદાદ પર નજર કરવાથી વજૂદમાં આવે છે. જો માણસ પોતાના દિલમાંથી દુનિયાની મહોબ્બત કાઢી નાખે અને તેને મહત્ત્વ ન આપે તો અનેક બુરાઈઓ અને કુટેવોથી બચી શકે છે, અને તેનો બહેતર ઈલાજ એ છે કે, માણસ પોતાની નીચેના માણસને દેખે. જો તેની પાસે લાખ હોય તો હજારવાળાને ધ્યાનમાં લાવે, હજાર હોય તો સોવાળાને ધ્યાનમાં લાવે ઝુંપડીમાં રહેતો હોય તો ફુટપાથવાળાને ધ્યાનમાં લાવે. આમ તેને પોતાની નેઅમતો વધારે લાગશે અને દિલ ખુદાનો શુક્ર અદા કરવા તત્પર રહેશે. જો લખપતિ કરોડપતિને દેખે અને તેને મળેલ વધુ નેઅમતોને ખ્યાલમાં લાવી અફસોસ કરે તો તે લખપતિ હોવા છતાં પોતાને ગરીબ સમજશે અને તેનું દિલ શુક્ર અદા કરવાની જગાએ વધારે પ્રાપ્ત કરવા માટે બેસબ્રુ બની જશે. અને એટલા માટે તો નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ નબીએ અબ્દ હોવું પસંદ ફર્માવ્યું અને પોતાના માટે ફકીરીના જીવનને ઉત્તમતા આપી તા કે કિયામત સુધી આવનાર મુસલમાન ગમે તેટલી તકલીફ અને મુસીબતમાં હોય ગરીબી અને મોહતાજીની ગમે તે હદે પહોંચ્યો હોય પરંતુ મારા ધારવા મુજબ તેને ભૂખની એ હદે તો નહિ પહોંચવું પડતું હશે કે, તે પોતાના પેટ પર પથ્થર બાંધે, જયારે કે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ભૂખથી પોતાના પેટ પર બે પથ્થર બાંધતા હતા, તો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું સાદગીભર્યું જીવન કિયામત સુધી આવનાર મુસલમાનો માટે શાંતી પ્રાપ્ત કરવાનું સેન્ટર છે. તમે તકલીફ અને મુસીબતમાં સબ્રથી કામ લેવા અને શુક્રગુઝાર બનવા માટે બીજાને કેમ જોશો ? પોતાના નબીની પ્યારી પ્યારી હદીષો પઢો તો તમે સાબિર પણ બની જશો અને શાકિર પર બની જશો. તમને સાબિર તથા શાકિર બનાવવા માટે જ આપે ગરીબીને ઉત્તમતા આપી.

માણસને દુનિયામાં ગમે તેટલી રાહત અને આનંદ હોય પરંતુ જો તે રબ તબારક વ તઆલાનો શુક્રગુઝાર બંદો ન હોય તો આ રાહત

અને આરામ તેના માટે આખેરતનો અઝાબ વધવાનો સબબ બને છે. જો તેની પાસે ખાવા પીવા માટે અનેક વાનગીઓ હોય, પહેરવા માટે કિંમતી કપડાં હોય, રહેવા માટે આલીશાન મહેલ હોય પરંતુ તે નમાઝ ન પઢે, અલ્લાહના ફર્માન પર અમલ ન કરે, તો તે નેઅમતો મળવા છતાં તે શુક્રગુઝાર નથી અને જો તે નેઅમતોનો શુક્ર અદા કરતો હોય તો તેને અઝાબ તો નહિ થાય પરંતુ એટલો વધારે હિસાબ આપવો પડશે. સ્પષ્ટ થયું ગરીબીમાં રબથી રાજી રહેવામાં આવે અને સબ્રથી કામ લેવામાં આવે તો તે માલદારી અને અમીરીથી બહેતર છે.

શુક્રગુઝાર મુસલમાનના મુખેથી શિકાયત અને ફરિયાદના શબ્દો નીકળી શકતા નથી દરેક કામને અલ્લાહ ત્આલા તરફથી સમજનાર તકલીફ અને મુસીબત પર બેસબ્રો બની શકતો નથી. શિકાયત અને ફરિયાદ કરવાનો હક તો તેને છે જે મળેલ સઘળી નેઅમતોનો પૂરેપૂરો શુક્ર અદા કરે, જ્યારે કે અલ્લાહ ત્આલાની અતા કરેલ નેઅમતો બેહિસાબ છે, જ્યારે તેનો હિસાબ નથી લગાડી શકાતો તો પછી તેનો પૂરે પૂરો શુક્ર કઈ રીતે અદા કરી શકાય છે ? તો માણસે કોઈ ચીઝ ન મળવા પર શિકાયત કરતાં પહેલાં એ વાત તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કે તેણે મળેલી નેઅમતોનો શુક્ર અદા કર્યો કે નહિ. જો આ નસીહત અને બોધને અમલમાં લાવવામાં આવે તો કોઈ મુસલમાન નાશુક્રો જોવા ન મળે.

ન મળવા પર શિકાયત કરવાનો હક તો તેને છે જેનો હક અદા કરવો બીજા પર જરૂરી હોય, જ્યારે કે મખ્લૂકને કંઈક આપવું અલ્લાહ ત્આલા પર જરૂરી નથી. એ જે કંઈ અતા કરે તેના ફઝ્લ અને મહેરબાનીથી છે, જ્યારે અતા કરવું જરૂરી નથી તો ન મળવા પર શિકાયતનો હક નથી અને જ્યારે તે પોતાની મહેરબાનીથી અતા કરે તો તેનો શુક્ર અદા કરવો જરૂરી. જે વ્યક્તિ આ રહસ્યથી વાકેફ થઈ જાય છે તે ફરિયાદનો શબ્દ ભૂલી જાય છે.

હઝરત રાબિઆ رضی اللہ عنہا એ એક માણસને જોયો જેણે માથે પટ્ટી બાંધેલી હતી. આપે તેને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું કે ભાઈ ! તે તારા માથે પટ્ટી કેમ બાંધી છે ? તેણે જવાબ આપ્યો કે મારા





માથામાં દર્દ છે એટલે મજબુરન્ મારે પટ્ટી બાંધવી પડી છે. આપે પૂછ્યું, તારી ઉમર કેટલી છે ? કહ્યું, ત્રીસ વર્ષની પૂછ્યું, ત્રીસ વર્ષમાં કેટલી વખત માથામાં દર્દ થયો ? જવાબ આપ્યો, પ્રથમવાર ! આપે ફર્માવ્યું, તુ કેટલો નાશુક્રો છે કે ત્રીસ વર્ષ સુધી જ્યારે તારું માથુ સારું રહ્યું ત્યારે તેં શુક્રની પટ્ટી ન લગાડી અને આજે જ્યારે તારા માથામાં દર્દ છે તો તુ માલિક વિરુદ્ધ ફરિયાદની પટ્ટી લગાવીને ફરે છે ! એટલે કે જ્યારે તુ સારો હતો ત્યારે શુક્ર અદા ન કરતો હતો અને આજે જ્યારે દર્દ છે અને તે પણ એક અંગમાં તો હજારો અને લાખો નેઅમતો ભૂલાવીને એક અંગમાં દર્દ થવાની ફરિયાદ કરવી નાદાની અને નાસમજી છે. માણસ શુક્રમાં જ્યારે આ રહસ્ય જાણી લે છે તો તે કદાપિ નાશુક્રી નથી કરી શકતો. નબીયે પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ તકલીફ અને મુસીબતવાળુ જીવન એટલા માટે પસંદ ફર્માવ્યું કે આપને જોઈ લોકોને મુસીબત પર સબ્ર કરવાની અને તકલીફ પર રાજી રહેવાની તાલીમ મળે.

બયહકી શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالٰی عنہما માંથી રિવાયત છે કે નબીયે પાક صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, જે ભૂખો હોય અથવા હાજતમંદ હોય પછી તેને લોકોથી ગુપ્ત રાખે (એટલે પોતાની જરૂરત બીજા સમક્ષ જાહેર ન કરે) તો અલ્લાહ عزوجل ના કરમના ઝિમ્મે છે કે તેને એક વર્ષની હલાલ રોજી આપશે.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે માણસ મિસ્કીન ન હોય અને ભૂખથી લઈને તેની જાન પર આવી ન બંને તો તેણે સબ્ર કરી લેવી જોઈએ અને ભીખ માટે હાથ લાંબો ન કરવો જોઈએ. કારણ કે વેઠી શકાય તો પણ ન વેઠવું અને ભીખ માંગવી અથવા પોતાની જરૂરત બીજા સમક્ષ રજુ કરવી એ પોતાની હાજત અને જરૂરત પર ફરિયાદ સમાન છે. એટલે મુસીબત અને કષ્ટને રબ તરફથી જાણી તેના પર સબ્ર કરી લેવી જોઈએ તો રબ તબારક વ ત્આલા તેનાથી રાજી થઈ ગયબથી તેને રોજી આપે છે. તો ઉમ્મીદ પણ પૂરી થાય અને સવાબ પણ મળે.

દુનિયાની દોલત અને માલદારી એવી નથી કે તેના તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. દુનિયા તો કારૂનને પણ આપવામાં આવી હતી,

ફિરઔનને પણ આપવામાં આવી હતી, શદ્દાદને પણ આપવામાં આવી હતી, નમરૂદને પણ આપવામાં આવી હતી, પરંતુ દુનિયાના સુખ ચેનથી તેમને શું ફાયદો હાંસલ થયો ? તેઓની પાસે દોલત આવી માલદારી આવી અને તેઓ ધનવાન બન્યા તો તેમના અભિમાનમાં એટલો વધારો થયો કે અલ્લાહ ત્આલાએ તેમને હલાક બર્બાદ કરી નાખ્યા અને તેઓની કરૂણ દશાને તેમના બાદવાળાઓ માટે સબક બનાવી. પરંતુ આજની હાલત જોતાં એ જાણવા મળે છે કે માણસને હાથ પગ અને બદનની સલામતી મળી હોય પણ જો તેની પાસે દોલત ઓછી હોય અથવા તે ગરીબ અને ફકીર હોય તો તે માથાથી લઈને પગ સુદ્ધાં હજારો અને લાખો નેઅમતો મળવા છતાં તેમના મુખેથી એવા શબ્દો નીકળતા હોય છે કે મને તો કશું નથી મળ્યું ! ફલાણાનું નસીબ કેટલું કામ કરે છે અને આપણે સાવ કમનસીબ છીએ ! કેટલાક અક્કલ વિનાના લોકો તો માલ ઓછો હોવાને લઈને કુફ્રી શબ્દો મોઢા પર લાવતાં અટકતા નથી અને બે પૈસાની તમન્નામાં પોતાનું ઈમાન ખરાબ કરી નાખે છે. દુનિયાની લાલચમાં નથી હલાલ જોતા કે નથી હરામ જોતા, જે મળે તે અને જ્યાંથી મળે ત્યાંથી બસ માલ આવવો જોઈએ અને માલદાર બનવું જોઈએ. જ્યારે કે દુનિયાની માલદારી અલ્લાહની નજરમાં પસંદને પાત્ર ચીજ નથી. એટલા માટે મહાન મહાન ઔલિયાએ કિરામે દુનિયામાં ગરીબી અને મોહતાજીને પસંદ ફર્માવી. એટલા માટે તો દુનિયામાં રાજાઓના મહેલો તો જોવા મળે છે પરંતુ ઔલિયા અલ્લાહના મહેલો જોવા નથી મળતા. બલ્કે તેઓમાંથી અમુકે તો રાજમહેલો અને હીરા જવાહેરાતના તાજોને લાત મારી અને ગરીબીનું જીવન પસંદ કર્યું, જેમ કે હઝરત ઈબ્રાહીમ અદહમ અને હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ રસૂલે અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પસંદ કરેલી ગરીબી વિષે તો તમે અનેક હદીષો સાંભળી.

તિર્મીઝી શરીફમાં હઝરતે કતાદા બિન નોઅમાન رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ ત્આલા કોઈ બંદાને દોસ્ત રાખે છે અને તેને પસંદ ફર્માવે છે તો તેને દુનિયાથી બચાવે છે જેમ કે તમારામાંથી કોઈ માણસ પોતાના બીમાર





માણસને પાણીથી બચાવે છે. એટલે કે અમુક બીમારીઓ એવી હોય છે જેમાં પાણીનો ઉપયોગ નુકશાનકારક હોય છે અને પાણીના ઉપયોગથી બીમારીમાં વધારો થતો હોય છે તો અલ્લાહ ત્આલા જેને પસંદ ફર્માવે છે અને તેને આખેરતમાં બુલંદ મુકામ આપવાનો ઈરાદો ફર્માવે છે તો તેની દુનિયાની તારા મારીથી બચાવે છે, તેના દિલમાં દુનિયાની શોહરત, ઈજ્જત માન મર્તબા, દોલત, ષરવત વિગેરેની મહોબ્બત આવવા દેતો નથી જેને લઈને તે અલ્લાહ ત્આલાની ઈબાદત અને બંદગી તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત રાખે છે અને આમ દરેક પળ રબથી નિકટતામાં વધારો થતો જાય છે અંતે અલ્લાહ ત્આલા તેને મકસદમાં સફળ બનાવે છે. અને આ વાત તરફ આપણું ધ્યાન લઈ જવા માટે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે સાદગીનું જીવન ગુજાર્યું અને પેટ પર પથ્થર બાંધીને પણ રહ્યા તા કે આપને માનવાવાળો દુનિયામાં પોતાનું દિલ લગાવી પોતાની આખેરતની કામયાબી અને સફળતાથી વંચિત ન રહે.

એટલું જોવા મળે છે કે જે વ્યક્તિ દુનિયાને જેટલી આબાદ કરવા ઈચ્છે છે તે આખેરતથી એટલો જ નચિંત થાય છે. ફના થનાર દુનિયાની આબાદીની ઈચ્છા ધરાવી હમેશાં સાથ આપનાર આખેરતની અનાશવંત (કાયમી) નેઅમતોને ત્યાગી દે છે. પરંતુ દુનિયાનો આનંદ ઈચ્છનાર અને તેની પ્રાપ્તિમાં પોતાનું અમૂલ્ય જીવન કુર્બાન કરનાર જ્યારે મૌતથી નિકટ થાય છે અને મૌતનો ફરિશ્તો જ્યારે તેના માથે આવી ઉભો રહે છે ત્યારે તે અફસોસ કરતો રહી જાય છે. કારણ કે દુનિયા આબાદ હતી અને આખેરત તરફ ધ્યાન ન આપ્યું તો તે વેરાન રહી ગઈ, પછી આબાદીને ત્યજી વેરાન જગાએ જવાનું શી રીતે પસંદ આવે ! પરંતુ જીવનના દિવસો પૂરા થતાંની સાથે મૌત તેને પોતાના લોખંડી પંજામાં પકડી લેશે. એટલે જ હું વારંવાર કહ્યા કરું છું કે મરવા માટે જીવો જીવવા માટે ન મરો !

દુનિયામાં કોશિશ કરવી અને હલાલ રોજી પ્રાપ્ત કરવી અને લોકોની સમક્ષ ભીખનો હાથ લાંબો કરવાથી બચવું ફર્ઝોમાંથી એક ફર્ઝ છે, જેનો ઉલ્લેખ ઝકાતના બયાનમાં થઈ ગયો છે એટલે એવું તો નથી કહી શકાતું કે દુનિયાથી સદંતર બે રગબત થઈ લોકોના માથે ભાર સમાન

બની જાવ ! બલ્કે જાઈઝ તરીકાથી રોજી પ્રાપ્ત કરવી અને હકદારોનો હક અદા કરવો દુનિયાદારી નથી દીનદારી છે, અને એ નિય્યતે દુનિયામાં પગ રાખવાથી માણસને ઈબાદત અને બંદગીનો સવાબ મળે છે, દુનિયાદારીનો મતલબ એ છે કે દુનિયામાં એટલું તલ્લીન થઈ જવું કે આખેરતથી વંચિત થઈ જવાય, જો એવું નથી તો દુનિયા હાંસલ કરવી દુનિયાદારી નથી દીનદારી છે.

હાલની પરિસ્થિતિ જોતાં એ જાણવા મળે છે કે માણસ પાસે જરૂરત પૂરતું હોય છે તો તે કંટ્રોલમાં રહી જીવન પસાર કરે છે અને ગુનાહના નાના મોટા અન્ય કામોથી બચી જાય છે. અને હાથમાં રૂા. પૈસાનો વધારો થતાંની સાથે જ તેનાં ઘરવાળાંઓ તરફથી ગુનાહની ચીજ વસ્તુઓની માંગ વધવા લાગે છે. જે કામ ઓછા પૈસામાં પતી શકે છે તેમાં નામ ખાતર હજારો રૂા. નો ધૂમાડો કરાવામાં આવે છે, જે માણસ માલદારી આવ્યા બાદ પોતાનો કંટ્રોલ ગુમાવી બેસે અને બેલેન્સ છોડી દે તેવા વ્યક્તિ માટે માલદારી હલાક કરનાર ઝહેર છે જેને તે શિફાનું મધ સમજીને લઈ રહ્યો છે.

દુનિયાના ગરીબમાંથી માલદાર બનેલ મુસલમાનોની સંખ્યા (લિસ્ટ) બતાવવામાં આવે તો ૯૯ ટકા એવા જોવા મળશે કે જ્યારે તેઓ ગરીબ હતા ત્યારે કંટ્રોલથી જીવન ગુજારતા, ગુનાહની ચીજ વસ્તુઓની ખરીદીથી દૂર રહેતા, જરૂરત વિનાના ખર્ચાઓથી પરહેઝ કરતા, પરંતુ જ્યાં માલદારી ટપકી ત્યાં તેમનાં દિલોમાં સંતાયેલી બુરાઈ પ્રગટ થવા લાગી ! તો એવા માણસો માલદારીથી પોતાની આખેરત ખરાબ કરી લે છે. જેથી તેમના હકમાં ગરીબી જ બહેતર છે જેનાથી કંટ્રોલમાં રહી ગુનાહોથી બચેલા રહે. એટલા માટે જ નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગરીબીને ઉત્તમતા આપી અને પોતાના માટે માલદારી પર ગરીબીને મહત્વ આપ્યું તા કે કોઈ મુસલમાન ગરીબીને બુરી ન સમજી શકે. અને એટલે જ અલ્લાહ ત્આલા જે બંદાથી પ્યાર કરે છે અને તેને પ્રિય રાખે છે તેને દુનિયાથી દૂર રાખે છે અને દુનિયાની મહોબ્બત તેના દિલમાં પેદા થવા દેતો નથી.

માલદાર માણસ પાસે દોલત વધારે હોય છે તો તે જરૂરતથી





વધારે ચીજ વસ્તુઓ ખરીદતો હોય છે, અનેક પ્રકારની વાનગીઓ આરોગતો હોય છે, અમૂલ્ય કપડાં પહેરતો હોય છે, અનેક જગાએ હાજરી આપતો હોય છે. અને તમને ખબર છે કે આપણી સાથે હિસાબ લખનાર ફરિશ્તાઓ મૌજૂદ છે તેઓ કોઈ પણ ગફલત અને આળસ વિના દરેક કામ લખી રહ્યા છે. કોઈપણ કામ કોઈપણ શબ્દ અને કોઈ પણ હાલત લખવામાં છૂટતી નથી તો તે પ્રમાણે હિસાબમાં પણ વધારો થતો રહેશે. તો આખેરતમાં કિયામતના મેદાનમાં એટલું વધારે રોકાવું પડશે એટલે જ નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બે ચીજો એવી છે જેને માણસ પસંદ કરતો નથી, એક તો એ કે માણસ મૌતને પસંદ કરતો નથી જ્યારે કે મૌત ઈમાનવાળા માટે ફિત્નાથી બહેતર છે. બીજું એ કે માલ દોલતની કમી નાપસંદ રાખે છે. وَقِلَّةُ الْمَالِ اَقَلُّ لِلْحِسَابِ અને ઓછો માલ હિસાબ પણ ઓછો રાખે છે. એટલે કે જેની પાસે માલ ઓછો હોય તેની જરૂરતો પણ ઓછી હોય છે અને તે પોતાના માટે અને પોતાના ઘરવાળાંઓ માટે સાદગીને ઉત્તમતા આપતો હોય છે. ગુનાહથી દોલત ન હોવાને લઈને પણ દૂર રહેતો હોય છે, અને તકલીફોમાં માણસને ખુદા પણ યાદ આવે છે એટલે નેકીઓમાં વધારો થતો હોય છે. સારાંશ એ કે ગરીબીમાં અને માલ દોલત ઓછો હોવામાં અનેક ફાયદાઓ છે એટલા માટે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગરીબીને ઉત્તમતા આપી.

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ તો ભૂખ અને તકલીફો વેઠી હતી પરંતુ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરવાળાંઓ અને આપના સહાબા પણ કિયામત સુધી આનવાર મુસલમાનો માટે માર્ગદર્શક છે, એટલે આપે તેમના માટે પણ માલદારી અને અમીરીની દુઆ ન કરી. જો સહાબાએ કિરામને માલદારી મળતી તો તેઓ માલદારીથી બહેકી શકતા ન હતા અને તેમને માલદારીથી નુકસાન પણ થઈ શકતું ન હતું તો પણ આપે તેમના માટે પસંદ ન કરી અને સહાબાએ કિરામ પાસે જ્યારે દુનિયા દોડતી આવવા માંડી તો તેઓ ફિકર ચિંતામાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે એવું તો નથી કે અલ્લાહ ત્આલાએ અમારી નેકીઓનો બદલો દુનિયામાં આપી દીધો ? તેનો ઉલ્લેખ ગત બયાનમાં થઈ ગયો હતો.

## ★ ભૂખ અને હઝરત અબૂબક્ર તથા ઉમર ★

તિબ્રાની શરીફમાં છે, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما માં ફર્માવે છે કે ખરા બપોરે હઝરત અબૂબકર સિદ્દીક رضی اللہ عنہ ઘરેથી નીકળી મસ્જિદ તરફ ગયા. હઝરત ઉમર ફારૂકે આઝમે અર્ઝ કરી, અય અબૂબકર ! આ કસમયે કઈ ચીજ તમને ઘરેથી બહાર લાવી ? હઝરત અબૂ બકરે ફર્માવ્યું કે કષ્ટદાયક ભૂખ સિવાય કોઈ ચીજ નહીં. હઝરત ઉમર ફારૂકે આઝમે અર્ઝ કરી, ખુદાની કસમ ! હું પણ ભૂખથી પરેશાન થઈને ઘરેથી બહાર આવ્યો છું ! આ બન્ને સાહેબોમાં વાતચીત ચાલી રહી હતી કે ઓચિંતા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઘરેથી બહાર આવ્યા. આપે ફર્માવ્યું, આ કસમયે (વખતે) તમે બન્ને (અહિંયા) કેવા ? તેમણે બંનેએ અર્ઝ કરી કે કસમ અલ્લાહની ! ભૂખની કષ્ટી અને તકલીફ સિવાય કોઈ ચીજ નહિ. આપે ફર્માવ્યું, કસમ તે જાતની જેના કબ્જા હેઠળ મારો જીવ છે ! હું પણ ભૂખને લઈને જ ઘરેથી નીકળ્યો છું ! ફર્માવ્યું, ચાલો જઈએ. આ ત્રણેવ હઝરાત ચાલીને હઝરત અબૂઐય્યૂબ અન્સારીના ઘરે પહોંચ્યા, અબૂ ઐય્યૂબ અન્સારી કંઈક ન કંઈક દૂધ અથવા ખાણું આપના માટે રાખી મૂકતા હતા. તે દિવસે આપ તેમના ઘરે પહોંચવામાં લેટ થયા જેથી તેઓ પોતાના ઘરવાળાઓને ખવડાવીને પોતાના ખજૂરના બાગમાં કામ કરવા ચાલ્યા ગયા હતા. જ્યારે આ હઝરાત દરવાજે પહોંચ્યા તો તેમની વાઈફ ઘરમાંથી નીકળી અને અર્ઝ કરી, નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સાથે છે તેમને મરહબા ! હઝરતે પૂછયું, અબૂ ઐયૂબ કયાં છે ? આપનુ પૂછવું અબૂ ઐયૂબે સાંભળી લીધું, ખેતરમાંથી દોડતા આવ્યા અને અર્ઝ કરી, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના દોસ્તો માટે મરહબા ! અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! આ તે ટાઈમ તો નથી જેમાં આપ પધારતા હતા ! આપે ફર્માવ્યું, તમે ઠીક કહ્યું. પછી જલ્દીથી બાગમાં ગયા અને ખજૂરની એક ડાળી જેમાં સુખી, લીલી, કાચી પાકી ખજૂરો હતી તોડી લાવ્યા. આપે ફર્માવ્યું, તમે આ શું કર્યું ? અમારા માટે ખજૂર જ તોડી લાવ્યા હોતે ? અબૂઐયૂબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને એ વધારે પસંદ આવ્યું કે આપ તેમાંથી પાકી, લીલી, કાચી, પાકી ખજૂરો ખાવ અને હાલ આપના માટે એક બકરી કાપવી છે ! આપે ફર્માવ્યું, જો બકરી કાપવી છે તો દૂધવાળી બકરી ન કાપશો. હઝરત અબૂ ઐય્યૂબે વર્ષ અથવા





વર્ષથી નાની વયનું બકરીનું બચ્ચું લઈ તેને કાપ્યું અને પોતાની વાઈફને કહ્યું, તુ અમારા માટે રોટલી બનાવ અને આટો ગુંદ, તને રોટલી બનાવતાં આવડે છે. હઝરત અબૂ ઐય્યૂબે અડધો ગોશ્તનું સાલન બનાવ્યું અને અડધો ગોશ્ત શેકયો. જ્યારે ખાવા બનીને તૈયાર થઈ ગયું અને આપ તથા આપના સહાબા સામે રાખવામાં આવ્યું તો હુઝૂરે થોડું ગોશ્ત રોટલી પર રાખી અબૂ ઐય્યૂબ અન્સારીથી ફર્માવ્યું, આને (હઝરત) ફાતેમા رضی اللہ عنہا પાસે પહોંચાડી આપો, તેમને આના જેવું ખાણું મુદ્દતોથી નથી મળ્યું ! હઝરત અબૂ ઐય્યૂબ અન્સારી હઝરત ફાતેમાને દઈ આવ્યા. પછી જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાઈ લીધું અને પેટ ભરાઈ ગયું તો આપે ફર્માવ્યું, કસમ તે જાતની કે રોટલી, ગોશ્ત સુખી, તાજી અને ભરદી ખજૂરો ! આટલું કહેતાંની સાથે આપની આંખો આંસુંથી ભરાઈ ગઈ અને ફર્માવ્યું, કસમ તે જાતની કે મારો નફસ તેના કુદરતના કબ્જામાં છે ! આ તે નેઅમતો છે જેની બાબત કિયામતના દિવસે તમને પૂછવામાં આવશે. આ વાત આપના સહાબાને બહુ મહાન (કષ્ટદાયક) લાગી. આપે ફર્માવ્યું, જ્યારે તમે આનાં જેવાં ખાણા તરફ હાથ લંબાવો તો કહો ''**બિસ્મિલ્લાહ**'' અને જ્યારે ખાવાથી ફારેગ થઈ જાવ તો પઢો :–

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَشْبَعَنَا وَاَنْعَمَ فَاَفْضَلَ

(સઘળી તારીફો તે અલ્લાહના માટે જેણે અમારું પેટ ભર્યું અને ઈનામ આપ્યું શ્રેષ્ઠ ઈનામ.) આ પઢવાથી તે સવાલથી બચાવ થઈ જશે. જ્યારે આપ ત્યાંથી ચાલ્યા તો હઝરત અબૂ ઐય્યૂબ અન્સારીથી ફર્માવ્યું, સવારે મારી પાસે આવજો ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શરીફ આદત એ હતી કે જ્યારે કોઈ આપની સાથે ભલાઈ અને સારો વર્તાવ કરતો તો આપને તેનો બદલો આપવો અધિક પ્રિય હતો. હદીષ રિવાયત કરનાર કહે છે અબૂ ઐય્યૂબે આપની વાત ન સાંભળી તો હઝરત ઉમરે ફર્માવ્યું, હુઝૂર તમને આદેશ આપી રહ્યા છે કે કાલે સવારે આપની ખિદમતમાં હાજરી આપજો. જ્યારે સવારમાં હઝરતે અબૂ ઐય્યૂબ આપની ખિદમતમાં હાજર થયા તો હુઝૂરે પોતાની લોંડી તેમને આપી અને ફર્માવ્યું, અય અબૂ ઐય્યૂબ ! આની સાથે સદવર્તાવ રાખજો. એ જ્યાં સુધી અમારા ત્યાં રહી અને તેણીને ભલી જોઈ છે.

જ્યારે તેણીને લઈને હઝરત અબૂ ઐય્યૂબ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસેથી પોતાના ઘરે આવ્યા અને કહ્યું, હુઝૂરના ફર્માન પર શ્રેષ્ઠ અમલ એ છે કે તેણીને હું આઝાદ કરી આપું, પછી આપે તેણીને આઝાદ કરી દીધી.

આ હદીષે પાકથી એ જાણવા મળ્યું કે સરકારે દો આલમ અને આપના સહાબાએ કિરામમાં પોતે પસંદ કરેલ ગરીબી હતી અને તેઓને અનેક વખત ભુખ્યા રહેવું પડતું હતું, બીજું એ કે માણસ જ્યારે ભૂખથી બેકાબૂ થઈ જાય તો તે પોતાની હાજત જાહેર કરી શકે છે. ત્રીજું એ કે કોઈ વાત બતાવવામાં નિય્યત સત્ય હોય તો તેને દેખાડો કહી શકાશે નહીં. ચોથુ એ કે મહેમાનની ઈજ્જત કરવી જોઈએ. પાંચમું એ કે ખાવા પીવામાં પોતાના બાલ બચ્ચાંઓનો ખ્યાલ પર રાખવો જોઈએ. છઠ્ઠુ એ કે બીજાના દસ્તરખાનથી ઈજાઝત હોય તો ખાવા મોકલાવી શકાય છે. સાતમુ એ કે કોઈ આપણી સાથે ભલાઈ કરે તો તેનો બદલો ભલાઈથી આપવો જોઈએ.

## ★ હઝરત ફાતેમા તથા અલી અને ભૂખ ★

તિબ્રાની શરીફમાં છે, હઝરત ફાતેમા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે એક દિવસ હુઝૂરે મારી પાસે આવીને પૂછયું, મારા બંને બેટા હસન અને હુસૈન رضی اللہ تعالیٰ عنہما કયાં છે ? હઝરત ફાતેમાએ ફર્માવ્યું, સવારમાં અમારા ઘરમાં એટલી ચીજ પણ ન હતી જેને કોઈ ચાખવાવાળો ચાખે તો હઝરત અલીએ ફર્માવ્યું, હું આ બન્ને બાળકો માટે જાવું છું એવું ન થાય કે તેઓ ખાવા માટે રડે અને તમારી પાસે કંઈ નથી. તો તેઓ ફલાણા યહૂદીના ત્યાં લઈ ગયા છે. નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم તે તરફ તશરીફ લઈ ગયા. બંને બાળકોને જોયા કે એક હોઝ પર રમી રહ્યા છે અને તેમના સામું થોડી ખજૂરો રાખેલી છે. આપે ફમાવ્યું, અય અલી ! ગરમી સખ્ત થાય ત્યાર પહેલાં તેમને ઘરે પાછા લઈ જાવ ! હઝરત અલીએ અર્ઝ કરી કે સવારથી ઘરમાં ખાવા માટે કંઈ નથી. અય અલ્લાહના રસૂલ ! તમે થોડીવાર માટે થોભો તો હું ઝાડ નીચેથી પડેલી ખજૂરો હઝરતે ફાતેમા માટે પણ લઈ લઉં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એટલી વાર માટે થોભી ગયા કે હઝરત અલીએ હઝરત ફાતિમા માટે ખજૂરો લઈ કપડામાં રાખી અને ચાલી નીકળ્યા. બન્ને બાળકોમાંથી એકને હુઝૂર





صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉચકયું અને એકને હઝરત અલીએ ઉચકયું પછી બંનેને ઘરે લઈ આવ્યા.

કન્ઝમાં હઝરતે અતા ફર્માવે છે કે મને જાણ થઈ કે હઝરત અલીએ ફર્માવ્યું કે અમારી ઉપર કેટલાક દિવસો એવા પસાર થયા જેમાં ન તો અમારી પાસે અને ન તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે કંઈ હતું, હું નીકળીને ચાલવા લાગ્યો તો રસ્તામાં એક દીનાર પડેલો મળ્યો. થોડીવાર તો મેં વિચાર્યું કે ઉઠાવું કે ન ઉઠાવું ! અંતે મેં તેને લઈ લીધો કારણે કે હું અતિ કષ્ટિમાં હતો. તેને લઈને દુકાનદાર પાસે આવ્યો અને આટો લઈને હઝરત ફાતેમા પાસે ગયો અને કહ્યું, આને ગુંદીને રોટલી બનાવ ! તેમણે ગુંદવાનું શરૂ કર્યું. ભૂખથી લઈને તેમની કમજોરીની એ હાલત હતી કે તેમની પેશાનીના વાળ કુંડા સુધી પહોંચી રહ્યા હતા. સારાંશ એ કે તેમણે રોટલી બનાવી, મેં હુઝૂરની ખિદમતમાં હાજરી આપી તે વાતની ખબર કરી. આપે ફર્માવ્યું, તે ખાઈ લો ! અલ્લાહ પાકે તમને રોજી આપી છે. (એટલે કે એ દીનાર જે તમને મળ્યો અલ્લાહ ત્આલા તરફથી તમારી ગયબી મદદ હતી, એનો માલિક શોધવો જરૂરી નથી.)

મારી બહેનો ! આ હતી નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી બેટી હઝરત ફાતેમા ઝોહરા ખાતૂને જન્નતની રબની રેઝામાં પ્રાપ્ત કરેલી ગરીબીનો હાલ કે ભૂખથી તેમનું બદન કમજોર થઈ ગયું હતું અને તેમણે પોતાના ઘરનું દરેક કામ પોતાના હાથે કરવું પડતું હતું. પાણી ખેંચીને ઊંચકી લાવવાનું, ઘંટીમાં આટો હાથથી દળવાનો, ઘર સફાઈનું કામ જાતે કરવાનું, બાળકોની દેખભાળ કરવાની અને ઉપરથી ભૂખની કમજોરી ! આટલું આટલું કરવા છતાં શરીઅતની પાબંદી, નમાઝની પાબંદી અને પળ પળ અલ્લાહ ત્આલાની યાદ ! ત્યારે જ તો આપને ખાતુને જન્નત કહેવામાં આવ્યાં. જાણવા મળ્યું કે દુનિયા અલ્લાહની બારગાહમાં પ્રિય ચીજ નથી નહીં તો તે પોતાના મહબૂબ બંદા અને બંદીઓને તેમાંથી વધુ ભાગ અતા ફર્માવતો. પરંતુ સ્પષ્ટ છે કે દુનિયા પ્રિય નથી તેનો અંજામ ફના થવું છે. તો માણસે દુનિયા તરફ પૂરતું ધ્યાન કેન્દ્રિત ન કરતાં આખેરતને વધુ લક્ષમાં રાખવી જોઈએ અને દુનિયાની તકલીફો અને મુસીબતોમાં નબી અને તેમના ઘરવાળાઓની સીરત અને

જીવન ચરિત્ર ભૂલવું ન જોઈએ.

આલા હઝરત ઈમામે ઈશ્કો મહબ્બત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**કુલ જહાં મિલ્ક ઔર જવકી રોટી ગિઝા**
**ઉસ શિકમકી કનાઅત પે લાખોં સલામ**

## ★ હઝરત ફાતેમા માટે જન્નતી લિબાસ ! ★

હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا એ ગરીબી પોતાની પસંદથી ઈખ્તિયાર કરેલી હતી, નહિ તો આપ નબીની સાહબઝાદી હતાં, આપ રબની બારગાહમાં જો માલ દોલતની દુઆ કરતાં તો સઘળી દુનિયાના ખજાનાઓ સમેટાઈને આપના કદમોનું ચુંબન કરી લેતા, પરંતુ આટલી આટલી તકલીફો અને મુસીબતો હોવા છતાં રિવાયતોમાં એ જોવા નથી મળતું કે તેમણે દુનિયા વધુ મળવાની દુઆ કરી હોય. કારણ કે જ્યારે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે ભૂખા રહીને અને પેટ પર પથ્થર બાંધીને દુઆ ન કરી હતી, અને દુનિયા પસંદ ન કરવાની તાલીમ આપી હતી, પછી આપના ઘરમાં જન્મ લેનાર પોતાના મુખેથી એવી દુઆ શી રીતે કરી શકે છે જેનાથી એ અનુમાન થાય કે આપને દુનિયાથી મહોબ્બત હતી.

યહૂદી ઔરતોએ જ્યારે જોયું કે હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا પાસે ફાટેલાં થીંગડાં મારેલાં જુનાં કપડાં છે અને આપણી પાસે અકેથી એક કિમતી વસ્ત્રો છે તો આપણે તેમને આપણા ત્યાં શાદી પ્રોગ્રામમાં દાવત આપીશું અને બધાની વચમાં પોતાના કિમતી વસ્ત્રો બતાવી તેમનું અપમાન કરીશું, પરંતુ અલ્લાહ ત્આલા પોતાના મહબૂબ બંદા અને બંદીઓનું અપમાન શી રીતે વેઠી શકે છે. જ્યારે હઝરતે ફાતેમાએ દાવત કબૂલ કરી લીધી અને દાવતમાં જવાનો સમય નિકટ થયો તો અલ્લાહ ત્આલા તરફથી તેમના માટે જન્નતી વસ્ત્રની વ્યવસ્થા થઈ. જે અલ્લાહ દાવતમાં જવા માટે જન્નતી વસ્ત્રની વ્યવસ્થા ફર્માવે છે તે શું તેમના માટે દરેક સમયે સારાં સારાં ભોજન અને કિંમતી કિંમતી વસ્ત્રો અતા ન ફર્માવી શકતો હતો ! પરંતુ અલ્લાહ ત્આલાએ દુનિયાની ઔરતો માટે હઝરત ફાતિમાના જીવનને માર્ગદર્શક બનાવ્યું હતું એટલે તેમને દુનિયા અતા ન ફર્માવી અને તેઓને





તકલીફમાં રાખી તેમના જીવનને લોકો માટે દલીલ બનાવી કે કોઈ મુસલમાન ગમે તેવી તકલીફ અને મુસીબતમાં હોય પરંતુ તે નબી અને તેમના અહલે બૈતની તકલીફોની હદીષો પઢી સબ્ર અને સહનશીલતાથી કામ લે.

નુઝહતુલ મજાલિસમાં છે કે એક યહૂદીની છોકરીની શાદી કરવામાં આવી જે ઘણી માલદાર અને ધનવાન હતી. તેની શાદીમાં અનેક યહૂદી ઔરતો આવી તેમણે કિંમતી કિંમતી વસ્ત્રો પહેરેલા હતા, તેમણે પોતાની દિલી ખ્વાહિશ પ્રગટ કરતાં કહ્યું કે ફાતેમાને આપણી મહેફિલમાં બોલાવો તા કે આપણે તેની ગરીબી જોઈએ. યહૂદીની છોકરીએ હઝરતે ફાતેમાને બોલાવવા મોકલ્યાં. આપે તેના શાદી પ્રસંગે હાજરી આપવાનો વાયદો કર્યો. હજુ થોડો સમય પણ ન થયો હતો કે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم જન્નતની જોડ લઈને આવ્યા અને નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે જોડ હઝરત ફાતેમાને પહેરવા માટે આપી. આપે તે જન્નતી વસ્ત્ર પહેરી યહૂદીની છોકરીની શાદીમાં પધરામણી કરી. જ્યારે આપ તે ઔરતોમાં બેઠાં તો આપના વસ્ત્રથી નૂરની ચમકાર થવા લાગી. યહૂદી ઔરતો આપના વસ્ત્ર જોઈ અચરજમાં પડી ગઈ અને કહ્યું, ફાતેમા ! આ વસ્ત્ર તમારી પાસે કયાંથી આવ્યા ? ફમાવ્યું, મારા અબ્બાના ઘરેથી ? પૂછયું, તમારા અબ્બાને કોણે આપ્યાં ? ફમાવ્યું જિબ્રઈલે ! પૂછયું, જિબ્રઈલ કયાંથી લાવ્યા ? ફર્માવ્યું, જન્નતથી ! આ વાત સાંભળીને સૌએ સર્વસંમતિએ કલ્મો પઢી લીધો.

આ વાકયાથી એ જાણવા મળ્યું કે હઝરત ફાતેમા ખાતૂને જન્નત જેમને અલ્લાહ ત્આલાએ જન્નતી વસ્ત્ર અતા ફર્માવ્યાં અને યહૂદી ઔરતોમાં આપનું અપમાન થાય તેનાથી ફિહાઝત ફર્માવી, તો જેમને અપમાનથી બચાવવા માટે અલ્લાહ ત્આલા જન્નતી વસ્ત્ર અતા ફર્માવે, તેમને બીજાં શું અતા નથી કરી શકતો ! પરંતુ અલ્લાહ ત્આલાને આપ અધિક પ્રિય હતાં એટલે અલ્લાહ ત્આલાએ તેમને દુનિયાવી માલ વધારે અતા ન ફર્માવ્યો, કારણ કે અલ્લાહ ત્આલા તેઓની દુનિયાથી એવી હિફાઝત ફર્માવે છે જેમ કે બીમારને પાણીથી બચાવવામાં આવે છે, જેનો ઉલ્લેખ થઈ ગયો છે.

હઝરત ફાતેમા ખાતૂને જન્નત رضی اللہ عنہا ની દુઆમાં કેટલી

તાસીર હતી કે જયારે તેમણે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની દાવતની વ્યવસ્થા કરવા ઈચ્છયું અને તેમની પાસે ખાવા પીવા કંઈ જ ન હતું તો તેમણે રબથી દુઆ માંગી તો અલ્લાહ ત્આલાએ ગૈબથી ખાણું અતા ફર્માવ્યું, અને આમ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની દાવતની વ્યવસ્થા કરી. જે અલ્લાહ દાવત પર દુઆ કરવાથી તૈયાર ખાણું અતા કરી શકે છે શું તે દરેક વખતે નથી અતા કરી શકતો ? જરૂર કરી શકતો હતો ! પરંતુ તેમણે પોતાની જરૂરત માટે દુઆ નથી કરી કારણ કે તેમનો મકસદ એક જ હતો કે જેમાં અલ્લાહ રાજી તેમાં આપણે રાજી.

જામેઉલ મોઅજેઝાતમાં છે, એક દિવસ હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! આજે આપની મારા ઘર દાવત છે. હુઝૂરે તેમની દાવત કબૂલ ફર્માવી અને પોતાના સહાબા સાથે હઝરત ઉસ્માને ગનીના ઘરે પધાર્યા. હઝરત ઉસ્માન ગની હુઝૂરની પાછળ પાછળ ચાલવા લાગ્યા, અને હુઝૂરે પાકનું ડગલુ ડગલુ ગણવા લાગ્યા. હુઝૂરે પૂછયું, ઉસ્માન મારા ડગલાં કેમ ગણો છો ? હઝરત ઉસ્માને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા મા–બાપ તમારા પર કુર્બાન ! હું ઈચ્છું છું કે હુઝૂરે પાકની તાઝીમમાં દરેક પગલાંના બદલે એક ગુલામ આઝાદ કરું અને આપે આમ જ કર્યું કે જેટલાં ડગલાં તેમના ઘર સુધી પહોંચવામાં થયા એટલા ગુલામ આઝાદ ફર્માવ્યા.

આ દાવત થઈ ગયા બાદ હઝરત અલી رضی اللہ عنہ પોતાના ઘરે તશરીફ લાવ્યા તો હઝરત ફાતિમાએ હઝરત અલીને ફિકર ચિંતામાં ડૂબેલા જોયા. પૂછયું, તમે આટલી ફિકર શા માટે કરો છો ? ફર્માવ્યું, ફાતેમા ! આજે મારા ભાઈ ઉસ્માન ગનીએ રસૂલે પાકની જોરદાર દાવત કરી હતી અને હુઝૂરના દરેક પગલાના બદલામાં એક ગુલામ આઝાદ કર્યો છે. આપણે પણ આ પ્રમાણેની દાવત કરતે તો કેટલું સારું ? હઝરત ફાતેમાએ અર્ઝ કરી, ગભરાવો નહિ ! જાવ ! અને તમે પણ દાવત દઈ આવો. હઝરત અલીએ ફર્માવ્યું, પરંતુ આટલી મોટી વ્યવસ્થા આપણાથી શી રીતે થઈ શકશે ? ફર્માવ્યું, ઈન્શાઅલ્લાહ ! બધી વ્યવસ્થા થઈ જશે ! હઝરત અલી બારગાહે રસૂલમાં હાજર થયા અને પોતાના ઘરે દાવત





અર્ઝ કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબૂલ ફર્માવી અને પોતાના સહાબા સાથે હઝરત ફાતેમાના ઘરે પધાર્યા. હઝરત ફાતેમાએ સરકારે દો આલમ અને આપના સહાબાને બેસાડયા અને પોતે એકાંતવાસમાં જઈ સિજદામાં પડી રબ તબારક વ ત્આલાથી અર્ઝ કરવા લાગ્યાં, અય અલ્લાહ ! તારી બંદી ફાતેમાએ તારા હબીબ અને તેમના સહાબાને આમંત્રણ આપ્યું છે અને તારી બંદીનો તારા પર ભરોસો છે. ઈલાહી તારી બંદીની લાજ રાખ અને દાવતના ખાણાની વ્યવસ્થા તુ ફર્માવ !

આ દુઆ માંગીને હઝરત ફાતેમાએ હાંડલીને ચૂલા પર ચડાવી અને રડી રડીને અલ્લાહ ત્આલાથી દુઆ કરી, મૌલા ! તારી બંદી ફાતેમાને રૂસ્વા ન કરતો. અલ્લાહ ત્આલાના કરમનો દરિયો જોશમાં આવ્યો અને તેણે હાંડલીને જન્નતના ખાણાથી ભરી દીધી. હઝરત ફાતેમાએ તે હાંડલીમાંથી બધાને ખાણું મોકલવાનું આરંભ કર્યું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબાએ ખાવા ખાઈ લીધું પરંતુ હાંડલીમાંથી થોડું પણ ઓછું ન થયું.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના સહાબાને પૂછયું, તમને ખબર છે આ ખાવા કયાંથી આવ્યું હતું ? અર્ઝ કરી, નહીં ! અય અલ્લાહના રસૂલ ! ફર્માવ્યું, આ ખાવા અલ્લાહે આપણા માટે જન્નતથી મોકલાવ્યું હતું ! સહાબાએ કિરામ આ વાત સાંભળીને ઘણા ખુશ થયા.

હઝરત ફાતેમા رضی اللہ عنہا ફરી એકાંતવાસમાં ગઈ અને દુઆ કરવા લાગ્યાં,

અય અલ્લાહ ! ઉસ્માન ગનીએ તારા હબીબના એક એક પગલાના બદલામાં એક ગુલામ આઝાદ કર્યો હતો અને તારી બંદીમાં એટલી માલી શક્તિ નથી. મૌલા ! જયારે તેં ખાણું મોકલીને મારી લાજ રાખી અને તારા હબીબની દાવતની વ્યવસ્થા ફર્માવી તો મૌલા તારા હબીબ જેટલાં ડગો ચાલીને મારા ઘરે આવ્યા છે તેટલા તારા હબીબના ઉમ્મતીઓમાંથી ગુનેહગારને દોઝખથી આઝાદ ફર્માવ !

હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا જયારે દુઆથી ફારેગ થયાં તો હઝરત જિબ્રઈલ અમીને બારગાહે રસૂલમાં હાજર થઈ અર્ઝ કરી, અય

અલ્લાહના રસૂલ ! અલ્લાહ ત્આલાએ મને આ ખુશખબર આપીને મોકલ્યો છે કે એક એક હજાર ગુલામ દોઝખથી આઝાદ ફર્માવ્યા.

આ વાકયાથી જાણવા મળ્યું કે હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا ની દુઆમાં એ તાસીર હતી કે આપના કહેવા પર અલ્લાહ ત્આલાએ જન્નતથી ખાણું મોકલ્યું તો તે અલ્લાહ દરેક સમયે તેમને ખાવા માટે પણ ગૈબથી મદદ ફર્માવી શકતો હતો, પરંતુ આપે કયારેય પણ પોતાના માટે દુઆ ન કરી હતી, કારણ કે જ્યારે નબીએ દુનિયા પ્રિય ન રાખી તો આપની દિકરી તેને કેમ કરી પ્રિય રાખી શકે છે ?

બયહકી શરીફમાં છે હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ تعالےٰ عنہما ફર્માવે છે કે હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે હતો. હઝરત ફાતેમા رضی اللہ عنہا રસૂલે પાકની ખિદમતમાં પધાર્યા તે સમય આપનો ચહેરો પીળો પડી ગયેલ હતો. સરકારે મદીના જોઈને સમજી ગયા કે ભૂખથી આમ થયું છે. આપે પોતાનો મુબારક હાથ તેમના ગળા નીચે હાર રાખવાની જગાએ આંગળીઓ પહોળી કરીને રાખ્યો અને ફર્માવ્યું, અય અલ્લાહ ! ભૂખ્યાઓનું પેટ ભરનાર અને પડેલાને ઉઠાવનાર ફાતેમા બિન્તે મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બુલંદ ફર્માવ ! હઝરત ઈમરાને કહ્યું કે હું તેમની તરફ જોઈ રહ્યો હતો કે તેમના ચહેરા પરથી ભૂખના ચિન્હો ચાલ્યાં ગયાં અને તેના પછી ઘણા દિવસે મેં હઝરત ફાતેમાથી મુલાકાત કરી અને ભૂખની બાબત પૂછયું તો આપે ફર્માવ્યું, ત્યાર બાદ મને ક્યારે પણ ભૂખથી તકલીફ નથી થઈ.

આ વાકયાથી એ જાણવા મળ્યું કે હઝરત ફાતેમા رضی اللہ عنہا ના ચહેરાનો રંગ ભૂખથી બદલાઈ ગયો હતો અને આપ ઘણી અશક્ત થઈ ગયાં હતાં. તો પણ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એતો દુઆ ફર્માવી કે અય અલ્લાહ ! તુ ફાતમાને બુલંદ ફર્માવ ! અને તે દુઆની તાસીરથી આપને ત્યારબાદ ભૂખ લાગી નહિ. પરંતુ આપે એ દુઆ ન કરી કે અય અલ્લાહ ! ફાતેમા પાસે ખાવા નથી, તુ એને ખાવા અતા ફર્માવ ! અય અલ્લાહ ! ફાતેમા પાસે ધન દૌલત નથી તો તુ એને માલદાર અને ધનવાન બનાવી દે ! એટલા માટે જ કે આપને દુનિયા પ્રિય ન હતી અને આપે





પોતાની નેક દુખ્તર માટે પણ દુનિયાની માલદારી પસંદ ન ફર્માવી નહીં. તો આપ તે નબી છે કે આપના હાથોમાં રબતઆલાએ દુનિયાના સઘળા ખજાનાઓની ચાવીઓ અતા ફર્માવી હતી, આપની બારગાહમાં કઈ ચીઝની કમી રહી શકતી હતી ?! પરંતુ આપે એટલા માટે જ દુનિયામાં સાદગીવાળુ જીવન પસંદ ફર્માવ્યું કે આપના ઉમ્મતીઓ દુનિયાની મહોબ્બતમાં આખેરતની કામયાબીથી વંચિત ન રહે અને આપે પોતાની નેક દુખ્તર માટે સાદગીવાળા જીવનને ઉત્તમતા એટલા માટે આપી હતી કે આપની નેક દુખ્તરનું સાદગીભર્યું જીવન કિયામત સુધીની મુસલમાન ઔરતો માટે માર્ગદર્શક બની જાય.

હુલ્યામાં છે હઝરત સઅદ ફર્માવે છે કે અમે તે લોકો છીએ જેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે મક્કામાં ખાવા પીવાની તંગી જરૂરથી વધારે વેઠવી પડી. જ્યારે અમે તે તકલીફમાં મૂકાઈ ગયા તો અમને તે તંગી, ફકીરી અને કષ્ટ વેઠવાની આદત પડી ગઈ અને અમે ઘણી સબ્ર અને સહનશીલતાથી કામ લીધું અને અમે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મક્કા શરીફમાં રહીને એ પણ જોયું કે રાતના અંધારામાં જ્યારે હું પેશાબ કરવા માટે ઉઠયો જ્યાં પેશાબ પડવાનો અવાજ સાંભળ્યો તેને ધ્યાનથી જોયું તો ઊંટના ચામડાનો ટુકડો હતો, તેને ઉઠાવ્યો અને ધોયો પછી તેને સળગાવી બે પથ્થરોની સાથે ઘસીને પાવડર બનાવ્યો પછી તેને ફાંકીને પાણી પી લીધું અને તેના પર મેં ત્રણ દિવસ પસાર કર્યા !

જાણવા મળ્યું કે ઈસ્લામના આરંભમાં સહાબાએ કિરામને ભૂખની તકલીફો પણ વેઠવી પડી હતી. અંતે તેમણે ચામડાના સુકા ટૂકડાને પણ સળગાવીને તેનો પાવડર બનાવીને ખાધો અને તેટલા ખાણા પર ત્રણ ત્રણ દિવસ પસાર કર્યા ! ગરીબીની આટલી હદે તકલીફ હોવા છતાં પણ તેઓની જીભેથી નાશુક્રીના શબ્દો નીકળતા ન હતા અને તેમણે ઈબાદત અને બંદગીમાં થોડો પણ ઘટાડો કર્યો ન હતો. બલ્કે ખાવા ન હોવાથી એટલી વધુ બંદગી કરતા હતા કારણ કે તેઓને સમજ હતી કે આપણા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના મહબૂબ થઈને ભૂખથી પોતાના પેટ પર બે પથ્થરો બાંધે છે ! પછી અમારે તો એક પથ્થર બાંધવો પડે છે. જ્યારે અલ્લાહ તઆલાને પોતાના મહબૂબ માટે આ

હાલત પસંદ છે તો પછી આપણે તો તેના બંદા અને રસૂલના ઉમ્મતી છીએ. આપણને પસંદ કેમ ન હોય ? બીજું એ કે દુનિયા એટલી જ સારી હોતે તો અલ્લાહ તઆલા પ્રથમ પોતાના હબીબને લેવાની ઈજાઝત ફર્માવતે, પરંતુ તેણે દુનિયાનો મસ્અલો હબીબની રઝા પર છોડયો કે તેમણે 'બંદા નબી' રહેવું હોય તો ગરીબીને ઉત્તમતા આપે અને 'બાદશાહ નબી' બનવું હોય તો જીભેથી કહી આપે તો બનાવી દેવામાં આવશે. પરંતુ આપે બંદા નથી હોવું પસંદ ફર્માવ્યું. ત્રીજું એ કે સહાબાએ કિરામ જાણતા હતા કે આ દુનિયા ફના થઈ જવાની છે, નથી માલદારી રહેવાની કે નથી ગરીબી રહેવાની, રાહત હોય કે મુસીબત દરેકને ત્યાગવાનું છે તો પછી જે હાલતમાં અલ્લાહ રાખે તે હાલત આપણા માટે ઉત્તમ છે. ચોથું એ કે અલ્લાહ તઆલા તરફથી કયારેક માણસની પરીક્ષા પણ લેવામાં આવે છે અને મુસીબત પર તેના સબ્ર કરવાથી મુકામો મર્તબામાં વધારો કરવામાં આવે છે. તેનો ઉલ્લેખ સહાબાની સહનશીલતામાં પણ થઈ ગયો છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرَاتِ وَبَشِّرِ الصَّابِرِيْنَ الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ قَالُوْٓا اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ ط اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ وَاُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ۔

અને જરૂર અમે તમને અજમાવીશું અમુક ડર અને ભૂખથી અને અમુક જાન માલ અને ફળોની કમીથી. અને ખુશખબરી સંભળાવ તે સબ્રવાળાઓને કે જ્યારે એમના પર કોઈ મુસીબત પડે તો કહે અમે ખુદાનો માલ છીએ અને તેના જ તરફ ફરવું. આ તે લોકો છે જેમના પર એમના રબના દુરૂદો અને રહમત અને તે જ લોકો છે રસ્તા પર છે.

આ આયતને લક્ષમાં રાખીને સહાબાએ કિરામ દીનના માર્ગમાં આવતી દરેક મુશ્કેલીને ખુશી ખુશી કબૂલ કરી લેતા હતા. માથાના વાળ થી લઈને પગોના નખો સુદ્ધાં સબ્ર બનીને રહેતા હતા. પોતાની જીભ પર ફરિયાદનો શબ્દ કદાપિ લાવતા ન હતા. આ આયતમાં જેટલા પ્રકારની મુસીબતોની ખબર આપવામાં આવી છે, સહાબાએ કિરામની





તારીખમાં નજર કરવામાં આવે તો જાણવા મળશે કે તેઓને દરેક પ્રકારની મુસીબત સહન કરવી પડી હતી. ઈસ્લામને ફતહ મળતાં સુધી હર વખત દુશ્મનોની તકલીફનો ડર, દુશ્મનોના ત્રાસથી વધુ સમય ભૂખ્યા રહેવું, દુશ્મનોનુ માલ સામાન લૂટી લેવું, તૈયાર પાક પડાવી લેવો, જંગોમાછં અને લડાઈઓમાં શહીદ થવું વિગેરે વિગેરે.

હુલ્યામાં હઝરત મિકદાદ બિન અસ્વદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું અને મારા બે સાથીઓ એવી સ્થિતિમાં આવ્યા કે અમારી સાંભળવાની અને દેખવાની શકિત ભૂખ અને મોહતાજીને લઈને ખત્મતાની નિકટ પહોંચી ગઈ હતી. અમે લોકો પોતાને રસૂલે પાકના સહાબા સમક્ષ લાવતા પરંતુ કોઈ કરતા કોઈ અમને કબૂલ ન કરતો. (કારણ કે બધાની એક જેવી જ હાલત હતી.) રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم અમને પોતાના ઘરે લઈ ગયા. આપના સઘળા ઘરવાળાંઓ માટે માત્ર ત્રણ બકરીઓ હતી જેનું દૂધ કાઢવામાં આવતું. દૂધ અમારા વચમાં વહેંચણી કરવામાં આવતું. અમે લોકો હુઝૂરનો ભાગ અલગ કરી રાખતા. આપ રાત્રે જ્યારે અમારી પાસે તશરીફ લાવતા તો એટલા અવાજે સલામ કરતા કે જાગતો સાંભળી લેતો અને ઊંઘતાની ઊંઘ ન ખુલતી. એક દિવસ શૈતાને મને ધોખો આપ્યો અને મારા દિલમાં આવ્યું કે રસૂલે પાકનો ભાગ પણ પી જાઉં કારણ કે હુઝૂરની અન્સાર પાસે આવ જા હતી તો તેઓ આપની ખિદમત કરી લેશે. શૈતાન સતત મને ધોખો આપતો રહ્યો. એટલે સુધી કે મેં આપના ભાગનું દૂધ પી લીધું ! જ્યારે પી લીધું તો મને શરમ જનક કર્યો કે તેં આ શું કર્યું ! મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે તશરીફ લાવશે અને પોતાનો પીવાનો ભાગ ન પામશે તો તારા માટે બદદુઆ કરશે અને તુ હલાક થઈ જશે ! મારા બંને દોસ્તો તો પોતાનો ભાગ પીને સૂતા રહ્યા, પરંતુ મને ઉંઘ ન આવી. મારી પાસે એક એટલી લાંબી ચાદર હતી કે જો એનાથી માથુ ઢાંકતો તો પગ ખુલી જતા અને પગ ઢાંકતો તો માથુ ખુલી જતું ! એટલામાં હુઝૂર તશરીફ લઈ આવ્યા, જેમ આપ દરરોજ પધારતા હતા. જ્યાં સુધી અલ્લાહે ઈચ્છયું આપે નમાઝ પઢી. પછી આપે પોતાના પીવાના વાસણને જોયું, જ્યારે તેમાં કંઈ ન જોયું પોતાના બંને હાથ દુઆ માટે ઉઠાવ્યા, મેં મનોમન કહ્યું કે હવે આપ મારા માટે બદદુઆ કરશે

અને હું હલાક થઈ જઈશ ! પરંતુ હુઝૂરે એવી દુઆ માંગી કે અય મારા અલ્લાહ ! તે વ્યકિતને ખાવા આપ જે મને ખવડાવે અને તે વ્યકિતને પીવડાવ જે મને પીવડાવે ! આ વાત સાંભળતાંની સાથે મેં દંડો લીધો અને પોતાની ચાદર લીધી અને બકરીઓ તરફ ગયો અને એમનાં પર હાથ ફેરવવા લાગ્યો કે કોણ મોટી તાજી છે તા કે તેને હુઝૂર માટે ઝબહ કરું ! તો ઓચિંતા દરેક બકરીના આચણમાં દૂધ ભરાઈ આવ્યું ! મેં હુઝૂરનું વાસણ લીધું તે જ વાસણ જેમાં આપ દૂધ દોહતા હતા. મેં દૂધ દોહયું તો તેમાં ઉપર સુધી ફીણ આવી ગયું. પછી હુઝૂરની ખિદમતમાં લાવ્યો. આપે પીધું પછી મને આપ્યું. મેં પીને આપને પરત કર્યું, ફરી આપે મને પરત કર્યું અને પછી હું હસવા લાગ્યો, અને એટલો હસવા પર ચઢી ગયો કે આડો પડી ગયો ! આપે મને ફર્માવ્યું, તારું સતર ઢાંક ! પછી મેં જે કર્યું હતું તે હુઝૂરને સંભળાવ્યું. હુઝૂરે ફર્માવ્યું, જે થયું તે અલ્લાહની રહમત છે. તેં તારા દોસ્તોને ઉઠાડયા હોત તો તેમને પણ આમાંથી થોડો ભાગ મળી જાત. મેં અર્ઝ કરી, કસમ તે જાતની જેણે તમને હક્કની સાથે મોકલ્યા ! મને કોઈ પરવા નથી, જ્યારે મને અને આપને મળી ગયું. મેં આપનુ વધેલુ પી લીધું તો હવે બીજા કોઈને મળે કે ન મળે. હઝરત મિકદાદ ફર્માવે છે કે જ્યારે અમે લોકો મદીના પહોંચ્યા તો હુઝૂરે અમારામાંથી દસ દસ માણસોને એક એક ઘરના હવાલે કર્યા. હું તે દસ માણસો સાથે રહેતો જેમને હુઝૂરે રાખ્યા હતા. અમારા લોકો પાસે માત્ર એક બકરી હતી જેનું દૂધ અમે વહેંચીને પીતા અને ગુજરાન ચલાવતા.

## ★ હઝરત અબૂ હુરૈરહ્ અને ભૂખ ★

ઈમામ અહમદે તખરીજ કરી કે હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہ એ ફર્માવ્યું, ખુદાની કસમ ! ભૂખની એ હાલત હતી કે હું મારું કલેજું જમીન પર લટકાવીને આડો પડયો હતો અને કયારેક પેટ પર પથ્થર બાંધતો હતો. એક દિવસે હું લોકોની આવજાના રસ્તા પર બેસી ગયો. હઝરત અબૂબકર પસાર થયા તો મેં તેમનાથી કુર્આન શરીફની એક આયતની બાબત સવાલ કર્યો અને મારો મકસદ એના સિવાય કંઈ ન હતો કે આપ મને પોતાની સાથે ચાલવાનું કહેશે, પણ આપે કંઈ ન કહ્યું ! તેમના પછી હઝરત ઉમર પસાર થયા તો મેં તેમનાથી પણ એક





આયતની બાબત સવાલ કર્યો અને મારો મકસદ એ જ હતો ! તેમણે પણ સાથે ચાલવાનું ન કહ્યું, ત્યાર બાદ અબુલ કાસિમ મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યાંથી પસાર થયા અને મારો ચહેરો જોઈને હાલ માલૂમ કરી લીધો અને ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! મેં કહ્યું, લબ્બૈક યા રસૂલલ્લાહ ! આપે ફર્માવ્યું, મારી સાથે ચાલો ! મેં અંદર જવાની રજા માંગી, મને રજા મળી ગઈ. મેં ત્યાં એક પ્યાલામાં દૂધ જોયું, આપે ઘરવાળાઓને પૂછયું કે આ દૂધ તમારી પાસે કયાંથી આવ્યું ? તેમણે કહ્યું કે ફલાણા અથવા ફલાણા ઘરવાળાંઓ તરફથી તોહફો મોકલ્યો છે. આપે ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! મેં કહ્યું, લબ્બૈક યા રસૂલલ્લાહ ! આપે ફર્માવ્યું, અહલે સુફફા પાસે જાવ અને તેમને મારી પાસે બોલાવી લાવો. હઝરત અબૂ હુરૈરહ્ ફર્માવે છે કે અહલે સુફફા ઈસ્લામી મેહમાન હતા, ન અહિંયા તેમનો કોઈ સગો હતો ન અહિંયા તેમનો કોઈ માલ હતો. જ્યારે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે કોઈ તોહફો આવતો તો આપ તેમાંથી થોડું લેતા બાકી બધું તેમને મોકલાવી દેતા હતા અને સદકો આવતો તો બધું જ અમને મોકલી દેતા અને તેમાંથી કંઈ ન લેતા. હઝરત અબૂ હુરૈરહ્ ફર્માવે છે, (આપના એ કહેવાથી કે અહલે સુફફાને બોલાવી લાવો) હું ફિકરમાં પડી ગયો ! કારણ કે હું તે દૂધથી ઉમ્મીદ લગાવીને બેઠો હતો કે તે દૂધમાંથી થોડું મને મળી જાય તો બાકી દિવસ અને રાત થોડી શક્તિ રહે અને મેં એ પણ વિચાર્યું કે હું પોતે જ આમંત્રણ આપવા જાઉં છું ! જ્યારે આ બધા આવશે તો હું પોતે જ પીવડાવીશ તો મારા ભાગ શું આવશે ! પરંતુ અલ્લાહ અને તેના રસૂલની વિરુદ્ધ કરવાનો કોઈ માર્ગ નથી. હું ગયો અને તેમને બોલાવી લાવ્યો. તેઓ પોત પોતાની જગાએ ઘરમાં બેસી ગયા. આપે ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! લો આમને પીવડાવો ! મેં પ્યાલું ઉઠાવ્યું અને તેમને પીવડાવવાનું શરૂ કર્યું. દરેક માણસ પ્યાલું લેતો અને છક થઈ જતો તો પરત કરી આપતો. જ્યારે તે બધાને પીવડાવીને મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપ્યું, આપે પ્યાલું પોતાના મુબારક હાથમાં લીધું તેમાં થોડું ઘણું બાકી રહી ગયું હતું. આપે પોતાનું મુબારક માથુ મારી તરફ ઉઠાવ્યું અને મુસ્કુરાવા લાગ્યા અને ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! મેં અર્ઝ કરી, લબ્બૈક યા રસૂલલ્લાહ ! આપે

ફર્માવ્યું, હવે હું અને તમે જ રહી ગયા છીએ ! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપે સાચુ ફર્માવ્યું. આપે ફર્માવ્યું, બેસીને પીઓ ! હું બેસ્યો અને પીધું, આપે ફરીથી મને કહ્યું કે પી ! મેં પીધું. આપ વારંવાર મને ફર્માવતા રહ્યા અને હું પીતો રહ્યો. એટલે સુધી કે હું એટલો છક થઈ ગયો કે મારે કહેવું પડયું, અય અલ્લાહના રસૂલ ! હવે નહિ ! કસમ તે જાતની કે જેણે આપને હક દઈને મોકલ્યા ! હવે હું મારામાં તે દૂધ માટે કોઈ જગા નથી રાખતો. આપે ફર્માવ્યું, ત્યારે તો પ્યાલું લાવો ! મેં પ્યાલું પરત કર્યું અને વધેલું આપે પી લીધું.

ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં રિવાયત કરી છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મારા પર ત્રણ દિવસ પસાર થયા જેમાં કંઈ ખાવાનું ન મળ્યું. હું ઘરેથી અહલે સુફફા પાસે જવાના ઈરાદે નીકળ્યો પરંતુ અશક્તિથી પડી જતો, છોકરાઓએ મને પાગલ કહેવાનું શરૂ કર્યું, હું પણ તેમને બૂમો પાડીને કહેતો હતો કે તમે મજનું છો. ગમે તેમ કરીને સુફફા સુધી પહોંચી ગયો, ત્યાં હુઝૂરને જોયા કે આપની પાસે ષરીદ (ચુરેલી ગોશત રોટલી)ના બે પ્યાલા રાખેલા છે. આપે અહલે સુફફાને તે ખાણા પર ભેગા કર્યા. હું પણ ગળુ ઉઠાવીને જોવા લાગ્યો તા કે મને પણ બોલાવી લે. જ્યારે લોકોએ ખાઈ લીધું અને પ્યાલાના કિનારે કિનારે થોડુ ચોટેલું હતું તે બધાને હુઝૂરે પ્યાલામાં ભેગું કર્યું જે એક કોળિયાથી વધારે ન હતું, આપે તેને પોતાની આંગળીઓ ઉપર રાખીને ફર્માવ્યું, ખા ! **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહિમ** કસમ તે જાતની કે મારી જાન તેની કુદરતમાં છે ! હું બરાબર ખાતો રહ્યો ત્યાં સુધી કે છક થઈ ગયો.

તિર્મિઝી શરીફમાં છે ઈબ્ને સીરીન ફર્માવે છે કે અમે લોકો હઝરત અબૂ હુરૈરહ્‌ની ખિદમતમાં હતા (તે સમયે આપે) કંતાનની બે ચાદરો પહેરેલી હતી. પોતાની એક ચાદરથી નાક સાફ કરતાં ફર્માવ્યું, વાહ ! વાહ ! અબૂ હુરૈરહ્ કંતાનના કપડાંમાં નાક સાફ કરે છે ! મેં પોતાને જોયો છે કે હું આપના હુજરા મુબારક અને મિમ્બર શરીફની વચમાં ભૂખથી બે હોશ થઈને પડી જતો હતો. આવનાર આવતો અને પોતાનો પગ મારા ગળા પર રાખીને એ ખ્યાલથી દબાવતો કે હું પાગલ





થઈ ગયો છું, જ્યારે કે આ સ્થિતિ ભૂખથી હતી !

ઈબ્ને સઅદે રિવાયત કરી છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, મેં પોતાને એ સ્થિતિમાં જોયો છે કે હું ઈબ્ને અફ્ફાન અને ગઝવાનની બેટીને ત્યાં પેટ ભર ખાવા અને એક જોડ બૂટના બદલામાં કામ કરતો હતો. તેમના ઊંટોને સવાર થયા બાદ હાંકીને લઈ જતો. જ્યારે ઉતરતા તો તેમની સેવા કરતો. એક દિવસ મારાથી કહેવા લાગી કે ખુલ્લા પગે ઉતર અને ઉભેલા ઊંટે સવારી કર ! (એટલે કે ઉતરવામાં બૂટ પહેરવાનો સમય પણ ન મળતો હતો અને સવાર થવામાં ઊંટ બેસાડવાની પણ ફુરસત ન મળતી હતી.) ખુદાની કુદરત જુઓ કે તેણીથી જ મારી શાદી કરાવી. મેં તેને કહ્યું કે ખુલ્લા પગે ઉતર અને ઉભા ઊંટે સવાર થા (એટલે કે મેં તેને ગત વાત યાદ અપાવી !)

ઈમામ અહમદે તખરીજ કરી હઝરત અબ્દુલ્લાહ બિન શકીક ફર્માવે છે કે હું હઝરત અબૂ હુરૈરહ્ પાસે એક વર્ષ રહ્યો, એક દિવસ જ્યારે અમે બધા હઝરત આઈશા સિદ્દીકાના હુજરા પાસે બેસેલા હતા. મને કહેવા લાગ્યા કે અમે લોકોએ પોતાને એ હાલતમાં પણ જોયા છે કે અમારી પાસે માત્ર મોટી જાડી ચાદરો સિવાય કંઈ ન હતું અને કેટકેટલા દિવસો અમારા એ હાલતમાં પસાર થઈ જતા જેમાં કાંઈ ખાવાનુ મળતુ ન હતું. જેને ખાઈને અમે અમારી કમર સીધી કરી લેતા. અમારામાંથી અમુક પથ્થર લઈને પેટની ઊંડાઈમાં ફિટ દબાવી કપડાંથી બાંધી લેતો તા કે તેની પીઠ સીધી થઈ શકે.

તેમનાથી જ રિવાયત છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ દીનની તબ્લીગના માર્ગમાં અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો છે. તેમને એટલું ભૂખુ રહેવું પડતું હતું કે ચાલવાની પણ શકિત ન રહી જતી, અમુક નાસમજ લોકો આપને આ હાલતમાં જોઈ એવું પણ અનુમાન કરતા કે અબૂ હૂરૈરહ્ પાગલ થઈ ગયા છે ! તો પણ તેમણે સબ્ર અને સહનશીલતાથી કામ લીધું અને દીનની ખિદમત કરતા રહ્યા. આટલી આટલી અશકિત હોવા છતાં તેઓ જમાઅતની પાબંદીની સાથે નમાઝો અદા કરતા હતા અને અલ્લાહના ઝિક્ર અને તેની યાદથી કદાપિ ગાફેલ ન થતા હતા. તેમનું જીવન ચરિત્ર આપના માટે માર્ગદર્શક છે કે તકલીફ

અને મુસીબતમાં હિંમત ન હારવી જોઈએ અને દરેક સ્થિતિમાં રબથી રાજી રહી સબ્રનું દામન મજબૂત પકડી રાખવું જોઈએ. કારણ કે કયારે તકલીફ અને મુસીબત મુસલમાનના ઈમાનને અજમાવવા માટે પણ આપવામાં આવે. જેમ કે ઉપરોકત આયતોથી સ્પષ્ટ થયું.

બેસબ્રા બનવાથી અને ધીરજ ગુમાવવાથી માણસની મુસીબત જતી નથી રહેતી પરંતુ મુસીબત અને બલા આવવા પર જે નેકીઓ મળ વાની હોય છે તેનાથી પણ મહેરૂમ રહેવું પડે છે. એટલે એક સાચા પાકા અને સત્ય મુસલમાનની ઓળખ એ છે કે, નેઅમત મળવા પર શુક્ર અદા કરે અને મુસીબતમાં સપડાવા પર સબ્રથી કામ લે. સહાબાએ કિરામનું મુસીબતો પર સબ્ર કરવું આપણા માટે માર્ગદર્શન છે કે ગમે તેવા સંકટના સમયે પણ અલ્લાહને ભૂલવો ન જોઈએ અને સબ્રથી કામ લઈ અલ્લાહ તઆલા તરફથી થતી પરીક્ષામાં સફળ થવાની કોશિશ કરવી જોઈએ.

## ★ હઝરત અસ્મા અને ભૂખ ★

તિબરાની શરીફમાં છે હઝરત અસ્મા رضی اللہ عنہا ફર્માવે છે કે એક વખત હું તે જમીનમાં હતી જે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબૂ સલ્મા અને હઝરત ઝુબૈર رضی اللہ عنہ ને આપી હતી જે બનુનુઝૈરવાળી જમીન કહેવામાં આવે છે. હઝરત ઝુબૈર હુઝૂર સાથે નીકળ્યા. અમારો એક યહૂદી પડોશી હતો તેણે એક બકરી કાપી, સેકી અને બનાવી. તેની ખૂશ્બૂ જ્યારે મારા નાકમાં પહોંચી તો મારા દિલમાં એવી લાલચ પ્રવેશી જે કયારેક પણ પ્રવેશી ન હતી અને હું મારી બેટી ખદીજાથી ગર્ભાવિત હતી, મારાથી સબ્ર ન થઈ શકી અને હું યહૂદી ઔરત પાસે આગ લેવા માટે ગઈ એ ઈચ્છાએ કે શકય છે કે મને ખાવાની વાત પૂછે. જ્યારે કે મને આગની કોઈ જરૂરત ન હતી. ત્યાં જઈને જ્યારે ખૂશ્બૂ સુંઘી તો તે ચીઝે મારી લાલચમાં વધારો કર્યો. મેં આગ ઓલવી અને બીજી વખત આગ લેવા માટે ગઈ, તો પણ કોઈ વાત ન પૂછી. ત્રીજી વખત ફરી આગ લેવા માટે ગઈ તો પણ કોઈએ કંઈ ન પૂછયું. તો હું મારા ઘરે આવીને રડવા લાગી અને અલ્લાહ તઆલાથી દુઆ કરવા લાગી. એટલામાં તે યહૂદી ઔરતનો શોહર પોતાના ઘરે આવ્યો અને પૂછયું, શું તારી પાસે કોઈ આવ્યું હતું ? તેની ઔરતે કહ્યું, હાં ! અરબી





ઔરત આગ લેવા માટે આવી હતી. તેણે કહ્યું, જ્યાં સુધી તુ આ ખાવામાંથી તે ઔરતને નહીં મોકલાવે હું ખાઈશ નહીં. (કારણ કે તેમની માન્યતા એવી હતી કે કોઈના જોવાથી ખાવામાં નજર લાગી જાય છે.) તેણીએ મારી પાસે એક પ્યાલું ભરીને મોકલાવ્યું. તે જમીન પર મારા માટે તેનાથી અધિક પ્રિય અને પસંદને પાત્ર કોઈ ખાણું ન હતું.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે ઈસ્લામની શરૂઆતમાં મુસલમાનોએ ઘણી કષ્ટી વેઠવી પડી હતી અને તેમાં ઔરતોનો પણ સમાવેશ છે કે મરદોની સાથે તેમણે પણ કાફિરોની માર અને ત્રાસ સહન કર્યો. દીનની હિફાઝત માટે પોતાનું વતન ત્યજ્યું, લડાઈઓમાં પણ શિર્કત કરી અને ભૂખનો પણ તપાડો વેઠયો, પરંતુ તેમણે સબ્ર ગુમાવી નહીં અને ધીરજથી કામ લીધું.

## ★ ગઝવએ ખંદક અને ભૂખ ★

અબૂ નુઈમે તખરીજ કરી છે કે એક સહાબી અબૂ જેહાદ رضی اللہ عنہ થી તેમના પુત્રએ પૂછયું, પિતાજી ! તમે લોકોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા છે અને આપની સોહબતમાં રહ્યા છો ? ખુદાની કસમ ! જો હું તેમને જોતો તો ઘણી જ સેવા ચાકરી કરતો. અબૂ જેહાદે પોતાના બેટાને કહ્યું, અલ્લાહથી ડર અને સીધી તમન્નાઓની ઈચ્છા ધરાવ ! કસમ તે જાતની જેની કુદરતમાં મારો જીવ છે ! અમે લોકોએ ગઝવએ ખંદકની રાતમાં આપને એ ફર્માવતાં સાંભળ્યા હતા, છે કોઈ જે જઈને મુશ્રિકોની ખબર અમારી પાસે લાવે ? અલ્લાહ તઆલા તે ખબર લાવવાવાળાને કિયામતના દિવસે મારો મિત્ર બનાવશે. ભૂખ અને સખત ઠંડીને લઈને તે કામ માટે કોઈ માણસ તૈયાર ન થયો. આમ જ આપે બે વખત અવાજ આપી, પરંતુ કોઈએ કંઈ જવાબ ન આપ્યો. ત્રીજી વખતે આપે હઝરતે હુઝૈફાને અવાજ આપી.

આ હદીષનો મતલબ એ નથી કે રસૂલ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આદેશ આપ્યો અને સહાબામાંથી કોઈ તૈયાર ન થયું. બલ્કે તમામ સહાબાએ કિરામની તમન્ના એ હતી કે રસૂલે પાકની રઝા અને ખુશીમાં પોતાની જાન આપી દે અને એટલે તો આપના આદેશ પર જેહાદમાં શિર્કત કરી હતી, પરંતુ અહિંયા જવાબ ન આપવાનો હેતુ એ હતો કે

કોઈની અંદરમાં એટલી શકિત ન હતી કે આ મકસદને પૂરો કરી શકે, કારણ કે ખાવા પીવા ન મળવાથી અને ઠંડીથી બચવા પૂરતાં કપડાંની વ્યવસ્થા ન હોવાથી તેમની હિંમત બની નહીં.

આ હદીષે પાકથી એ વાત જાણવા મળે છે કે તે વખતના જેહાદની એ સ્થિતિ ન હતી જે આજની લડાઈઓની છે કે જેમાં મુલ્ક તરફથી એકથી એક ખાવા પીવા અને કપડાં લત્તાની વ્યવસ્થા થતી હોય છે. બલ્કે જેહાદમાં શરીક થનારે પોતે પોતાની વ્યવસ્થા કરવી પડતી હતી. દરેકે પોતે પોતાનું ખાણુ ખાવાનું હોય છે, જ્યારે બધાનું ખાણુ પૂરૂં થઈ જતું તો મેદાને જિહાદમાં પણ તેમને ભૂખા રહેવું પડતું હતું. ગઝવએ ખંદકમાં મુસલમાનોની એ જ હાલત હતી. દરેકમાં એટલી કમજોરી અને અશકિત આવી ગઈ હતી કે કોઈએ કાફિરોની ખબર લાવવા જવા માટે હિંમત ન કરી. પરંતુ એવી હાલતમાં પણ તેઓ ખંદક એટલે મોટા મોટા અને ઊંડા ઊંડા ખાડા ખોદતા હતા.

બુખારીએ તખરીજ કરી છે. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ખંદક તરફ તશરીફ લઈ ગયા. મુહાજેરીન અને અન્સાર સખત ઠંડકમાં સવાર સવારમાં ખોદી રહ્યા હતા. તેમની પાસે કોઈ નોકર અને મજૂર ન હતો જે તેમના તરફથી કામો કરે. હુઝૂરે તેમની મહેનત મજૂરી અને ભૂખને જોઈને ફર્માવ્યું :

اَللّٰهُمَّ اِنَّ الْعَيْشَ عَيْشُ الْاٰخِرَةْ فَاغْفِرِ الْاَنْصَارَ وَالْمُهَاجِرَةْ

અય મારા અલ્લાહ ! બેશક ! આખેરતનું જીવન જીવન છે તો તુ અન્સાર અને મુહાજેરીનને માફ કરી આપ.

મુહાજેરીન અને અન્સારે આપને જવાબ આપતાં ફર્માવ્યું :

نَحْنُ الَّذِيْ بَايَعُوْا مُحَمَّدًا عَلَى الْجِهَادِ مَا بَقِيْنَا اَبَدًا

અમે તે લોકો છીએ જેમણે મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અંતિમ શ્વાસ સુધી જેહાદની બયઅત કરી છે.

બુખારીએ તખરીજ કરી છે હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે મુહાજેરીન અને અન્સારે મદીનાની ચારે બાજુ ખંદક ખોદવાનું શરૂ કર્યુ અને માટી પોતાની પીઠ પર ઉઠાવીને ફેંકવા જતા હતા





અને કહેતા જતા હતા...

نَحْنُ الَّذِيْ بَايَعُوْا مُحَمَّدًا عَلَى الْاِسْلَامِ مَا بَقِيْنَا اَبَدًا

અમે તે લોકો છીએ જેમણે મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અંતિમ શ્વાસ સુધી ઈસ્લામ પર સાબિત રહેવાની બયઅત કરી.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને જવાબ આપતાં ફર્માવ્યું :

اَللّٰهُمَّ اِنَّهٗ لَاخَيْرَ اِلَّا خَيْرُ الْاٰخِرَةْ فَبَارِكْ فِي الْاَنْصَارِ وَالْمُهَاجِرَةْ

ખુદાની કસમ ! બેશક ! ભલાઈ તો આખેરતની ભલાઈ છે, અય અલ્લાહ ! અન્સાર અને મુહાજેરીનમાં બરકત ઉતાર.

હઝરત અનસ ફર્માવે છે, એક મુટ્ઠી જવ તેમના માટે દુર્ગંધ પીગળેલી ચર્બીમાં તૈયાર કરવામાં આવતું અને તેમના સમક્ષ રાખવામાં આવતું. જ્યારે કે તેઓ અતિ ભૂખા હોતા, આ ખાવા અંતિમ કક્ષાનું ખરાબ હોતું તેમાંથી ગંધ આવતી જેને ગળા નીચે ઉતારવું મુશ્કેલ થઈ પડતું.

બુખારીએ તખરીજ કરી છે, હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હું ખંદકના દિવસે ખોદકામ કરી રહ્યો હતો કે એક સખત પથ્થર નીકળી આવ્યો. લોકોએ હુઝૂરની ખિદમતમાં હાજરી આપી અર્ઝ કરી કે ખંદકમાં સખત મોટો પથ્થર નીકળી આવ્યો છે. આપે ફર્માવ્યું, સારું હું ખંદકમાં ઉતરૂં છું, આપ ઉભા થયા. આપના પેટ પર પથ્થર બાંધેલા હતા અને અમે બધાએ પણ ત્રણ દિવસથી કોઈ ચીજ નથી ચાખી.

એટલે કે ત્રણ ત્રણ દિવસ સુધી તેઓ વગર ખાધે કામ કરતા હતા અને ભૂખથી પોતાના પેટ પર પથ્થર બાંધીને શાંતિ મેળવતા હતા. જ્યારે તેઓની ભૂખ વધી ગઈ અને હઝરત જાબિર رضی اللہ عنہ એ રસૂલે પાકને દા'વત આપી તેનો કિસ્સો ઈન્શા અલ્લાહ હું તમને પછી સંભળાવીશ.

બઝ્ઝારે તખરીજ કરી છે, હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હુઝૂરે પોતાના સહાબાના ચહેરા પણ ભૂખના ચિન્હો જોઈને ફર્માવ્યું : ખુશ થઈ જાવ ! નિકટમાં તમારી ઉપર એક જમાનો એવો આવશે કે તમારામાંથી દરેક સવારમાં એક પ્યાલું ષરીદ ખાશે અને એવી જ રીતે સાંજે પણ. સહાબાએ કિરામે કહ્યું : અય અલ્લાહના

રસૂલ ! તે દિવસ અમારા માટે સારો હશે ? આપે ફર્માવ્યું, નહીં, તે દિવસ કરતાં આજે તમે ભલાઈમાં છો.

## ★ ભૂખને કારણે સહાબા શું કરતા હતા ? ★

ઈબ્ને અબી દુન્યાએ તખરીજ કરી કે મોહમ્મદ બિન સીરીન ફર્માવે છે કે આપના સહાબા પર ત્રણ ત્રણ દિવસો એવા પસાર થતા કે ખાવાની કોઈ ચીજ ન મળતી. જો કોઈ જગ્યાએથી ચામડાનો ટુકડો મળી જતો તો તેને શેકી લેતા અને પછી ખાતા અને જો તે પણ ન મળતો તો કમર સીધી કરવા માટે પેટ પર પથ્થર બાંધી લેતા.

તિર્મિઝીએ તખરીજ કરી છે કે ફોઝાલા બિન ઓબૈદ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝ પઢાવતા તો ઘણા બધા લોકો અસ્હાબે સુફ્ફામાંથી ભૂખને લઈને પડી જતા. ગામડિયા લોકો કહેતા કે આ પાગલ છે અથવા તેમને જિન અને આસેબની અસર છે. જ્યારે હુઝૂર નમાઝથી ફારેગ થતા તો તેમની પાસે તશરીફ લાવતા અને ફર્માવતા કે **તમારા લોકોને એ મુકામ અને મર્તબાનું ઈલ્મ થઈ જાય, જે તમારા માટે અલ્લાહ તઆલા પાસે છે, તો તમે મોહતાજી અને ફકીરીને અતિ પ્રિય રાખો.**

તિબ્રાનીમાં છે, હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે નબીયે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબામાંથી સાત માણસો ખજૂરની એક પેશી ચૂસતા હતા અને સૂકાં પાંદડાં ખાઈને ગુજારો કરતા હતા. જેથી તેમના હોઠ ફૂલી ગયા હતા. (એટલે કે ખાવા ન મળવાથી મજબૂર થઈને ખજૂરની એક પેશી ચૂસીને શાંતિ મેળવવી પડતી હતી અને પેટનો ખાડો ભરવા અંતે ઝાડના સૂકાં પાનાંઓ પણ ખાવા પડતાં હતાં.

ઈબ્ને સઅદે તખરીજ કરી છે, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હું મારા ઘરેથી એક દિવસ મસ્જિદે નબવી ગયો અને હું ઘરેથી બહાર માત્ર ભૂખથી નીકળ્યો હતો. મારી અમુક સહાબાએ કિરામ સાથે મુલાકાત થઈ. તેમણે પૂછયું : અય અબૂ હુરૈરહ્ ! કસમયે કયા કારણસર બહાર આવવું પડયું ? ફર્માવ્યું, ભૂખે મને હેરાન કર્યો છે ! તેમણે કહ્યું, ખુદાની કસમ ! અમને પણ ભૂખે કાઢયા છે ! અમે લોકો ત્યાંથી ચાલીને હુઝૂરની ખિદમતમાં હાજર થયા. આપે ફર્માવ્યું, કસમયે





તમારે આવવું પડયું ? અમે અર્ઝ કરી કે ભૂખ લાવી છે. આપે એક તબાક મંગાવી જેમાં ખજૂરો હતી. અમારામાંથી દરેકને બે બે ખજૂરો આપીને ફર્માવ્યું, આને ખાવ અને પછી પાણી પીવો ! સઘળા દિવસ માટે તમને પૂરતું છે. હઝરત અબૂ હુરૈરહ્એ ફર્માવ્યું કે તેમાંથી મેં એક ખાધી અને એક ખોળામાં રાખી. હુઝૂરે ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! આ કોના માટે રાખી છે ? મેં અર્ઝ કરી, મારી માતા માટે. આપે ફર્માવ્યું, તમે ખાઈ લો, તમારી માતા માટે હું બીજી બે ખજૂરો આપીશ. પછી આપે મને મારી માતા માટે અલગથી બે ખજૂરો આપી.

તિબ્રાનીમાં છે, હઝરત અબ્દુલ્લાહ બિન આમિર બિન રબીઆ પોતાના વાલિદથી નકલ કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા લોકોને જેહાદ માટે મોકલતા હતા. અમારા લોકો પાસે માત્ર ખજૂરના એક થેલા સિવાય કંઈ ન હતું. અમારા લશ્કરનો અમીર પ્રથમ એક એક મુઠ્ઠી ભરીને આપતો પછી એક એક ખજૂરનો વખત આવતો. હઝરત અબ્દુલ્લાહ કહે છે કે અય પિતાજી ! એક એક ખજૂરથી તો શું સહારો બને ? પિતાજીએ કહ્યું, અય મારા બેટા ! એ વાત ન પૂછ ! બલ્કે જ્યારે એક પેશી પણ ન મળતી તો તેની પણ તમન્ના થતી હતી !

બયહકીએ તખરીજ કરી, હઝરત જાબિર ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમારા લોકો પર હઝરત અબૂ ઓબેદા رضی اللہ عنہ ને અમીર બનાવીને મોકલ્યા, તા કે અમે કુરૈશના વેપારી કાફલા પર કબ્જો કરીએ. આપે અમને એક થેલો ખજૂરનો ખાવા માટે આપ્યો, તે સિવાય આપ પાસે કંઈ ન હતું. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ એક એક ખજૂર અમને આપતા હતા. રાવી કહે છે, મેં હઝરત જાબિરથી પૂછયું કે આપ લોકો એક ખજૂરથી કેમ કરી ગુજારો કરી લેતા હતા ? ફર્માવ્યું કે અમે લોકો તેને એ પ્રમાણે ચૂસતા જેમ બાળક દૂધ ચૂસે છે અને એના પર પાણી પી લેતા હતા. આ સવારથી લઈને સાંજ સુધી અમારા માટે પૂરતું હતું. અમે દંડાથી કેકરના પાનાં પાડતા અને પાણીમાં પલાળી તેને ખાતા.

તિબ્રાનીમાં છે, અબૂ હોબૈશ ગેફારી رضی اللہ عنہ ફર્માવે છે કે હું

ગઝવએ તેહામામાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે હતો. આપ તંબુમાં પધારેલ હતા. આપની પાસે સહાબાએ કિરામે અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! ભૂખે અમને બેકાબૂ કરી દીધા છે. આપ અમને સવારીના જાનવરો કાપીને ખાવાની ઈજાઝત આપો. આપે ફર્માવ્યું, ઘણું સારૂં. હઝરત ઉમર બિન ખત્તાબને જાણ થઈ તો આપની ખિદમતમાં પધાર્યા અને અર્ઝ કરી, અય અલ્લાહના નબી ! આપે આ શું કર્યું કે લોકોને સવારીનાં જાનવરો કાપી નાખવાની રજા આપી. હવે તેઓ કોની ઉપર સવારી કરશે ? આપે ફર્માવ્યું, પછી તમારો શું ખયાલ છે ? હઝરત ઉમરે અર્ઝ કરી, મારો ખયાલ એ છે કે આપ લોકોને હુકમ આપો એમના મુસાફરીના ખવામાંથી જે કંઈ વધ્યું હોય તે લઈ આવે. આપ તેને એક વાસણમાં ભેગું કરી અલ્લાહ તઆલાથી બરકતની દુઆ કરો. આપે લોકોને હુકમ આપ્યો. તેમણે પોત પોતાનાં બચેલા ખાણાને લાવી એક વાસણમાં ભેગું કર્યું. આપે તેમના માટે અલ્લાહ તઆલાથી દુઆ કરી, પછી ફર્માવ્યું, જાવ ! પોત પોતાનાં વાસણો લઈ આવો ! દરેકે પોતાના વાસણો દબાવી દબાવીને ભરી લીધા !

મારી બહેનો ! મેં તમારી ખિદમતમાં એ વાત રજુ કરી હતી કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબાની ગરીબી અને તંગ દસ્તી પોતાની પસંદ ફર્માવેલી હતી અને તેમણે પોતાના માટે દુનિયાથી આખેરતને વધારે ઉત્તમતા આપી હતી અને એક મુસલમાનની શાન પણ એ જ છે કે આખેરતને વધારે ઉત્તમતા આપે. કારણ કે ત્યાં હમેશાં રહેવાનું છે અને દુનિયા છોડી દેવાની છે. છૂટનાર ચીજથી બાકી રહેનાર ચીજની ફિકર ચિંતા વધારે હોવી જોઈએ. તો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ખુશીથી ગરીબીને પસંદ કરી હતી.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અદ્દભૂત ઈખ્તિયારો વિષે પ્રસંગો ★

હઝરત ઈબરાઝ બિન સારિયા رضی اللہ عنہ ફર્માવે છે કે, ગઝવએ તબૂકમાં એક રાત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત બિલાલને કહ્યું, અય બિલાલ ! શું તમારી પાસે કંઈ ખાવાનું છે ? હઝરત બિલાલે અર્ઝ કરી, હુઝૂર તમારા રબની કસમ ! અમે તો અમારા થેલા ખાલી કરી નાખ્યા છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, સારી રીતે જુઓ અને પોતાનો સામાન ખંખેરો, શકય છે કે કંઈ નીકળી આવે. બધાએ પોત પોતાનો સામાન





ખંખેડયો તો કુલ સાત ખજૂરની પેશીઓ નીકળી. આપે તેના પર પોતાનો મુબારક હાથ રાખ્યો અને ફર્માવ્યું, "બિસ્મિલ્લાહ" ખાવ ! અમે ત્રણેએ હુઝૂરના મુબારક હાથ નીચેથી ઉઠાવીને એક એક ખાધી. હઝરત બિલાલ ફર્માવે છે કે હું ગુથલીઓ મારા ડાબા હાથમાં રાખતો હતો, જ્યારે ધરાઈને મેં તેને ગણી તો ૫૪ હતી. એવી જ રીતે તે બંને માણસોએ પણ ધરાઈને ખાધી. જ્યારે મેં ધરાઈને હાથ ઉઠાવી લીધો તો હુઝૂરે પણ પોતાનો હાથ ઉઠાવી લીધો. તે સાતેવ ખજૂરની પેશીઓ મૌજૂદ હતી. હુઝૂરે ફર્માવ્યું : અય બિલાલ ! આને સાચવીને રાખો, આમાંથી કોઈ ન ખાય, પછી કામ લાગશે. હઝરત બિલાલ ફર્માવે છે કે અમે એને ન ખાધી. જ્યારે બીજો દિવસ થયો અને ખાવાનો સમય થયો તો આપે તે જ સાત ખજૂરની પેશીઓ લાવવાનો હુકમ આપ્યો. આપે ફરી પહેલાં માફક તેની ઉપર હાથ રાખ્યા અને ફર્માવ્યું, ખાવ ! અલ્લાહના નામથી. હવે અમે દસ માણસ હતા. બધા જ ધરાઈ ગયા. હુઝૂરે પોતાનો મુબારક હાથ ઉઠાવ્યો, તો તે જ પ્રમાણે સાત ખજૂરની પેશીઓ મૌજૂદ હતી. આપે ફર્માવ્યું, અય બિલાલ ! જો મને અલ્લાહ તઆલાથી હયા ન આવતી તો મદીના પાછા જતા સુધી આજ સાત ખજૂરોથી ખાતા. પછી આપે એક છોકરાને આપી તો તે ખાઈને ચાલ્યો ગયો.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગરીબી પોતાની પસંદ કરેલી હતી, નહીં તો અલ્લાહ તઆલાએ આપને એ ઈખ્તિયાર અને અધિકાર આપ્યો છે કે આપ કોઈ પણ ચીજમાં જેટલી બરકત કરવા ઈચ્છે તેટલી બરકત કરે અને વધારો કર, પરંતુ આપે ગરીબી પોતાની પસંદથી ઈખ્તિયાર કરેલી હતી. એટલે કયારેક પોતાનો અધિકાર બતાવવા માટે મો'જેઝા રૂપે એક ચીજને અનેકમાં બદલીને હજારોની સંખ્યામાં જરૂરતો પૂરી ફર્માવતા હતા અને પછી પોતાના બંદા નબી હોવાની પસંદ તરફ ધ્યાન કરી તે ચીજને પોતાની પ્રથમ હાલત પર લઈ આવતા હતા. એટલે કોઈને આમ કહેવાનો તો મોકો મળી શકતો જ નથી કે સરકારે મદીના ગરીબ હતા ! બલ્કે અલ્લાહ તઆલાએ સઘળી દુનિયા અને તેની ચીજો આપના ઈખ્તિયાર અને અધિકારમાં આપી હતી કે, આપ રબના રજા આપવાથી દરેક ચીજ

વસ્તુમાં પોતાનો હુકમ ચલાવી શકતા હતા. (ખસાઈસે કુબ્રા)

બયહકી શરીફમાં છે, હઝરત અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે એક જેહાદમાં ઈસ્લામી લશ્કર પાસે ખાવાનું કંઈ ન રહ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને કહ્યું, તમારી પાસે કંઈ છે ? મેં અર્ઝ કરી કે થેલામાં થોડી ખજૂરો છે. ફર્માવ્યું, લઈ આવો ! મેં હાજર કરી આપી. તે સઘળી એકવીસ હતી. આપે તેના ઉપર પોતાનો મુબારક હાથ રાખીને દુઆ ફર્માવી. પછી ફર્માવ્યું, દસ માણસોને બોલાવો ! મે બોલાવ્યા. તેઓ આવ્યા અને ધરાઈને ચાલ્યા ગયા. ફરી દસ માણસોને બોલાવવાનો હુકમ આપ્યો. તેઓ પણ ખાયને ચાલ્યા ગયા. આમ જ દસ માણસો આવતા અને ધરાઈને ચાલ્યા જતા. ત્યાં સુધી કે સઘળા લશ્કરે ખાધું અને જે વધ્યું તે વધી રહ્યું. ફર્માવ્યું, અય અબૂ હૂરૈરહ્ એને થેલામાં રાખો અને જ્યારે ઈચ્છો હાથ નાખીને એમાંથી કાઢી લો પરંતુ થેલો ખંખેરશો નહીં. હઝરત અબૂ હૂરૈરહ્ ફર્માવે છે કે, હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના (આ દુનિયાવી હયાતના) જમાનામાં અને અબૂ બકર સિદ્દીક, ઉમર ફારૂકે આઝમ અને ઉસ્માને ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین ખિલાફતના જમાના સુધી તે જ ખજૂરોથી ખાતો રહ્યો અને ખર્ચ કરતો રહ્યો. લગભગ પંદર હજાર મણ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી અને તેની ચાર ગણી મેં પોતે ખાધી. જ્યારે હઝરત ઉસ્માન ગની શહીદ થઈ ગયા ત્યારે તે થેલો મારી પાસેથી ખોવાઈ ગયો.

આ હદીષે પાકથી પણ જાણવા મળ્યું કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલાએ એ અધિકાર અને શકિત આપી હતી કે જે ચીજમાં જેટલો ઈચ્છે વધારો કરી આપે અને તેમાં બરકતની સીમા ન રહી જાય જેમ કે હઝરત બિલાલ માટે ૨૧ ખજૂરોને હજારો મણ ખજૂરોમાં ફેરવી નાખી અને તે જ ખજૂરોથી આપે અલ્લાહના માર્ગમાં ખર્ચ કર્યો અને તે જ ખજૂરોથી સઘળા લશ્કરને પણ ખવડાવ્યું. પછી કોઈને આમ કહેવાનો મોકો શી રીતે મળી શકે છે કે સરકારે મદીનાની પાસે ગરીબી હતી. આપે ભૂખથી પોતાના પેટ પર પથ્થરો બાંધ્યા હતા ! બલ્કે એ બધું આપના પસંદ કરવાથી અને આપણી તાલીમ માટે હતું કે





દુનિયા ફના થઈ જવાની છે. તેમાં મળે તો પણ શું અને ન મળે તો પણ શું ? પરંતુ જ્યાં હમેશાં રહેવાનું છે ત્યાંની ફિકર ચિંતા હમેશાં રહેવી જોઈએ અને તેને જ કામયાબ બનાવવાની સંપૂર્ણ કોશિશ કરવી જોઈએ. શું તમને ખબર નથી ? કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અધિકાર આપવામાં આવ્યો અને ખજાનાઓની ચાવીઓ આપના હાથમાં રાખી દેવામાં આવી કે બધું જ તમારૂં છે, જે પ્રમાણે ઉપયોગમાં લાવવું હોય લાવો, તમારા માટે કોઈ રોક ટોક નથી. તો પણ આપે કુબૂલ ન ફર્માવી અને ગરીબીને ઉત્તમતા આપી, જ્યારે કે માલદારીથી આપને દુનિયાવી કોઈ નુકસાન વજૂદમાં આવી શકતુ નથી, પરંતુ આપનો તરીકો જોઈ બીજાને દુનિયા વધારે હાંસલ કરવાનો શોખ પેદા થઈ શકતો હતો. એટલે આપે વગર મહેનતે માત્ર જીભ હલાવવાથી દુનિયાના પહાડો સોનુ બની શકતા હતા તો પણ તેના તરફ કોઈ ધ્યાન કેન્દ્રિત ન કર્યું.

ખસાઈસે કુબ્રામાં છે, હઝરત સોહેબ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે થોડું ખાવા બનાવ્યું અને બોલાવવા માટે હાજર થયો તો આપ સહાબાની એક જમાઅત સાથે પધારેલ હતા. શરમના માર્યા મેં કંઈ ન કહ્યું અને ચૂપ ચાપ ઉભો રહ્યો. આપે મારા તરફ જોયું. મેં ઈશારાથી ખાવા માટે ચાલવાનું કહ્યું. આપે ફર્માવ્યું, અને આ લોકો ? મેં અર્ઝ કરી, ના ! તેઓ નહીં. હુઝૂર ચૂપ થઈ ગયા અને હું તે જગાએ ઊભો રહ્યો. હુઝૂરે ફરી મારા તરફ જોયું. મેં તે જ પ્રમાણે ઈશારાથી અર્ઝ કરી. ફર્માવ્યું, આ લોકો પણ ? મેં અર્ઝ કરી ના ! તેઓ નહીં. બીજી અને ત્રીજી વખતના જવાબમાં મેં કહ્યું, ઘણું સારૂં (એટલે કે તેમને પણ સાથે લઈ લો) અને સાથે એ પણ અર્ઝ કરી કે ખાવા માત્ર તમારા માટે જ થોડુ ઘણું બનાવ્યું છે. આપ બધા સહાબાને લઈને તશરીફ લાવ્યા અને બધાએ સારી રીતે ખાધું તો પણ વધ્યું.

આ વાકયાથી પણ એ જાણવા મળ્યું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ મો'જેઝો આપવામાં આવ્યો હતો કે આપ એક માણસના ખાણાને હજારો માટે પૂરતું કરી આપતા હતા. પરંતુ આપ હર હંમેશ આમ એટલા માટે ન કરતા હતા કે આપે બંદા નબી હોવું પસંદ ફર્માવ્યું હતું. એટલે આમ નથી કહી શકાતું કે આપ ગરીબ હતા, બલ્કે આપના

હાથોમાં તો સમગ્ર દુનિયાની ચાવીઓ આવી હતી, પરંતુ આપે ગરીબી અને ફકીરીને ઉત્તમતા આપી હતી. એટલે આપની ગરીબી મોહતાજીની ન હતી પરંતુ પોતે પસંદ કરેલી હતી.

**કુલ જહાં મિલ્ક ઔર જવકી રોટી ગેઝા**
**ઉસ શિકમકી કનાઅત પે લાખો સલામ**

ખસાઈસે કુબ્રામાં છે, હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે એક દિવસ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એ પોતાની પત્નીને કહ્યું કે આજે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અવાજ સાંભળ્યો, જેમાં ભૂખને લઈને કમજોરી અને અશકિત જણાતી હતી. શું તમારી પાસે કંઈ ખાવાનું છે ? તેમણે અર્ઝ કરી, છે ! અને થોડી જવની રોટલીઓ રાખેલી હશે તે કાઢી અને મને હુઝૂરે પાકને બોલાવવા મોકલ્યો.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે પછી હું હુઝૂરે પાકની ખિદમતમાં હાજર થયો. ફર્માવ્યું, શું તમને અબૂ તલ્હાએ મોકલ્યા છે ? મેં અર્ઝ કરી, હા ! આપે પોતાની પાસે બેસતા તમામ સહાબાને કહ્યું, ચાલો ઉઠો. મેં તેમની આગળ જઈને અબૂ તલ્હાને ખબર આપી કે હુઝૂર તો સહાબાની સાથે પધરામણી કરી રહ્યા છે. આ વાત સાંભળીને અબૂ તલ્હાએ પોતાની પત્નીને કહ્યું કે હુઝૂર તો ઘણા બધા સહાબાને લઈને તશરીફ લાવી રહ્યા છે અને આપણી પાસે એટલું ખાણુ નથી કે બધાને ખવડાવી શકીએ. આપની વાઈફ ઉમ્મે સોલૈમે કહ્યું કે અલ્લાહ અને રસૂલ આપણી હાલત સારી રીતે જાણે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, ઉમ્મે સુલૈમ ! તમારી પાસે જે કંઈ હોય તે લાવો. તેમણે થોડી રોટલીઓ જે હતી તે ખિદમતમાં હાજર કરી. હુઝૂરે ટુકડાઓ પર અલ્લાહે જે ચાહ્યું તે પઢયું. પછી દસ માણસોને બોલાવવાનો હુકમ આપ્યો. તેઓ આવ્યા અને ધરાઈને ગયા. ફરી દસ માણસોને બોલાવવાનો હુકમ આપ્યો. તેઓ આવ્યા અને પેટ ભરીને નીકળ્યા. ફરી દસ માણસોને બોલાવવાનો હુકમ આપ્યો. તેઓ પણ આવ્યા અને ધરાઈને ગયા. ત્યાર બાદ આપે અને ઘરવાળાઓએ ખાધું. ત્યાર પછી પણ ખાવા વધ્યું જે પડોશીને આપવામાં આવ્યું.

એટલે તો ઈમામે ઈશ્કો મહબ્બત મુજદ્દિદે દીનો મિલ્લત





ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ ફર્માવ્યું :-

**રબ હૈ મોઅ્તી યે હંય કાસિમ**
**રિઝ્ક ઉસ્કા હૈ ખિલાતે યે હૈં**

**ઠંડા ઠંડા મીઠા મીઠા**
**પીતે હમ હૈં પિલાતે યે હૈં**

બયહકી શરીફમાં છે હઝરત કઅબ બિન માલિક ફર્માવે છે કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા તો આપના ચહેરાને બદલાએલો જોયો. આ જોઈને તે જ સમયે પોતાના ઘરે પાછા આવ્યા અને પોતાની પત્નીને કહ્યું કે મેં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો ચહેરો બદલાએલો જોયો છે. મારું અનુમાન એવું છે કે ભૂખના લીધે આમ થયું છે. શું તારી પાસે કંઈ છે ? બીવીએ કહ્યું, આ બકરી અને થોડા વધેલા આટા સિવાય કંઈ નથી. તે જ વખતે બકરી કાપી અને કહ્યું, લે જલદી ગોશ્ત અને રોટલી બનાવ ! તેને એક મોટા પ્યાલામાં લઈને રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં પધાર્યા અને તે ખાણું હાજર કરી આપ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, અય જાબિર ! પોતાની કૌમને મારી પાસે ભેગી કરો ! હું તેમને લઈને આપની ખિદમતમાં આવ્યો. આપે ફર્માવ્યું, તેમની અલગ અલગ ટોળકી બનાવીને મારી પાસે મોકલતા રહો. આમ તેઓ ખાવા લાગ્યા. જ્યારે એક ટોળકી ધરાઈ જતી તો બીજી આવતી. ત્યાં સુધી કે બધાએ ધરાઈને ખાય લીધું અને પ્યામાં જેટલું ખાણું હતું બધાના ખાધા પછી પણ એટલું મૌજૂદ હતું. હુઝૂર ફર્માવતા હતા, ખાવ ! પણ હાડકાં ન તોડો. પછી આપે વાસણની વચમાં હાડકાં ભેગા કર્યા અને તેના પર હાથ મુબારક રાખીને કશું પઢ યા જે મેં નથી સાંભળ્યું. ઓચિંતા તે બકરી કાન ખંખેરતી ઉભી થઈ ગઈ. આપે મને કહ્યું, તારી બકરી લઈ જા. હું બકરી મારી પત્ની પાસે લઈ આવ્યો. તેણીએ કહ્યું, આ શું ? મેં કહ્યું, અલ્લાહની કસમ ! આ અમારી તે જ બકરી છે જેને આપણે કાપી હતી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆથી અલ્લાહ તઆલાએ તેને જીવંત કરી નાખી. આ વાત સાંભળીને તેમની પત્નીએ કહ્યું, હું ગવાહી આપું છું કે, બેશક ! તે અલ્લાહના રસૂલે છે.

શવાહેદુન્નબુવ્વતમાં આરિફે રબ્બાની આશિકે મહબૂબે સુબ્હાની હઝરત મોલાના જામી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે હઝરત જાબિર رضی اللہ عنہ એ જ્યારે બકરી કાપી ત્યારે આપના નાના બે બાળકો પણ ત્યાં હાજર હતાં. તેમણે પોતાની આંખોથી બકરી કાપતાં જોઈ. જ્યારે હઝરત જાબિર ત્યાંથી ચાલ્યા ગયા તો તેઓ છરી લઈને છાપડે ચડયા. મોટા છોકરાએ પોતાના નાના ભાઈને કહ્યું, આવ ! હું પણ તારી સાથે એવું જ કરૂં જેવું વાલિદ સાહેબે બકરી સાથે કર્યું. મોટાએ નાનાને બાંધ્યો અને ગળા પર છરી ચલાવી દીધી અને નાસમજીમાં તેને કાપી નાખ્યો અને માથું અલગ કરીને ઉઠાવ્યો. ઓચિંતા હઝરત જાબિરની પત્નીની નજર તેના પર પડી તો તેની પાછળ દોડયાં, તે ડરીને છાપરેથી નીચે પડયો અને મરી ગયો. હઝરત જાબિરનાં પત્નીએ બૂમ બરાડા એટલા માટે ન કર્યા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પરેશાન ન થઈ જાય. સબ્ર અને સહનશીલતાથી બંનેને ઘરમાં લાવીને તેમની ઉપર કપડુ નાખી દીધું અને કોઈને પણ તેની જાણ ન થવા દીધી. ત્યાં સુધી કે હઝરત જાબિરને પણ ન બતાવ્યું. જ્યારે કે દિલ ગમથી લોહીનાં આંસું સારતું હતું તો પણ ચહેરાને પ્રફુલ્લિત અને ખુશ રાખ્યો, ખાવા રાંધ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા અને ખાવા આપના સામું રાખવામાં આવ્યું. તે જ સમયે જિબ્રઈલે અમીને આવી ગયા અને અર્ઝ કરી, અય મોહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ તઆલા ફર્માવે છે કે જાબિરને કહો કે તે પોતાનાં બાળકોને પણ ત્યાં હાજર કરે, તા કે તેઓ આપની સાથે ખાવા ખાવાનો શર્ફ મેળવી શકે. આપે હઝરત જાબિરને કહ્યું, તમારાં બાળકોને લાવો ! તેઓ તરત બહાર આવ્યા અને પત્નીને કહ્યું, બાળકો કયાં છે ? તેણીએ કહ્યું, હુઝૂરની ખિદમતમાં અર્ઝ કરો કે તેઓ હાજર નથી. હુઝૂરે કહ્યું, અલ્લાહનું ફર્માન છે કે તેમને જલ્દી લાવો. ગમ અને ફિકરમાં જાબિરે કહ્યું, વાત શું છે ? અને તુ કેમ રડે છે ? પત્નીએ ઘરમાં જઈને બધી હકીકત કહી સંભળાવી અને કપડું ઉઠાવી બાળકો દેખાડયાં તો તેઓ પણ રડવા લાગ્યા, કારણ કે આપ તેમની હાલતથી અજાણ હતા. અંતે હઝરત જાબિરે બંને બાળકો લાવીને હુઝૂરના ચરણોમાં રાખી દીધાં. તે સમયે ઘરમાંથી બૂમ બરાડાની અવાજો આવવા લાગી. અલ્લાહ





તઆલાએ જિબ્રઈલે અમીનને મોકલ્યા અને ફર્માવ્યું, અય જિબ્રઈલ ! મારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહો કે, અલ્લાહ રબ્બુલ ઈજ્જત ફર્માવે છે, અય પ્યારા હબીબ ! આપ તેમના માથા પાસે ઉભા રહીને દુઆ કરો અમે તેમને જીવંત કરી દઈશું. હુઝૂર ઉભા થયા અને તેમના માથા પાસે આવીને દુઆ કરી અને તેઓ અલ્લાહ તઆલાના હુકમથી તે જ વખતે જીવંત થઈ ગયાં.

આ વાકયાથી જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ ઈખ્તિયાર અને અધિકાર આપવામાં આવ્યો છે કે આપ થોડા ખાવાને અનેક લોકો માટે પૂરતું કરી નાખે અને એ પણ જાણવા મળ્યું કે હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم જેવી રીતે મૃતદેહોને જીવંત કરતા હતા તે મો'જેઝો નબીએ પાકે صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ આપવામાં આવ્યો હતો. સારાંશ એ કે આગલા નબીઓને જે કંઈ આપવામાં આવ્યું હતું, સરકારે મદીનાને તે સઘળું અને તેનાથી પણ કંઈ ગણુ અધિક આપવામાં આવ્યું હતું અને એ પણ જાણવા મળ્યું કે જ્યારે આપને આટલો ઈખ્તિયાર અને અધિકાર આપવામાં આવ્યો હતો તો પણ આપ ગરીબ કેમ હતા ? પરંતુ આનાથી સ્પષ્ટ થાય છે કે આપે ગરીબીને ઉત્તમતા આપી હતી અને બંદા નબી હોવું પસંદ કર્યું હતું જેને લઈને વધુ પ્રમાણમાં આપ ભૂખ્યા રહેતા, ઘરમાં ચૂલા ન સળગતા, ભૂખથી કયારેક પેટ પર પથ્થરો પણ બાંધવા પડતા હતા. માત્ર એટલે જ કે દુનિયા નાશવંત છે અને માણસ તેમાં મુસાફર છે. દુનિયા તરફ તેનું ધ્યાન ન હોવું જોઈએ, બલ્કે દુનિયાને પેદા કરનાર કુદરતવાળા રબ તરફ પૂરતું ધ્યાન હોવું જોઈએ.

مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ

બિદાયામાં છે હઝરતે ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما ફર્માવે છે કે હઝરત ઉમરથી લોકોએ કહ્યું, આપ તંગી અને ગરીબીના સમયની કોઈ એક હાલત બયાન કરો. આપે ફર્માવ્યું, અમે લોકો ગઝવએ તબૂક માટે સખત ઉનાળામાં રવાના થયા, એક જગાએ પહોંચીને અમને એટલી બધી તરસ લાગી કે અમને એ અનુમાન થવા લાગ્યું કે હવે અમારાં ગળાં તૂટીને પડી જશે. અમુકે પોતાના ઊંટને કાપ્યું અને તેની લીંદ નિચોવીને

તેનો રસ પીધો અને વધેલું જિગર પર ઠંડક માટે ચોપડી લીધું. હઝરત અબૂ બકર સિદીક رحمۃ اللہ علیہ એ હુઝૂરથી અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! અલ્લાહ પાકે આપની સાથે દુઆ પર ભલાઈનો વાયદો કર્યો છે. આપ અલ્લાહ પાકથી અમારા લોકો માટે દુઆ કરો. આપે ફર્માવ્યું, શું તમે ઈચ્છો છો કે હું દુઆ કરૂં ? હઝરત અબૂ બકરે કહ્યું, હા ! આપે પોતાના બંને હાથ આકાશ તરફ દુઆ માટે ઉઠાવ્યા અને હજુ નીચે ન લાવ્યા હતા કે આકાશની હાલત બદલાઈ ગઈ અને નાના નાના છાંટા પડવા લાગ્યા, પછી વરસાદ પડયો. સહાબાએ કિરામે પોતાના સઘળા વાસણો ભરી લીધાં. ત્યાર બાદ અમે લોકો એ જોવા માટે ગયા કે વરસાદ કયાં સુધી થયો છે ? તો લશ્કરની બહાર કોઈ જગાએ વરસાદના ચિન્હો ન જોવાયાં !

આ હદીષ પાકથી એ પણ જાણવા મળ્યું કે જેવી રીતે સહાબાએ કિરામે ભૂખ્યા રહેવાની તકલીફો વેઠી હતી અને પેટે પથ્થર બાંધીને શાંતિ મેળવતા હતા તેવી જ રીતે તેમને લડાઈઓના મેદાનમાં તરસની તકલીફો પણ વેઠવી પડી હતી. સહાબા શકય હદે તો તકલીફો સહન કરતા અને સહનશીલતાથી કામ લેતા, પરંતુ જ્યારે તકલીફ હદથી વધી જતી અને તેઓ મજબૂર થઈ જતા ત્યારે નબીએ પાકની ખિદમતમાં હાજરી દેતા અને દુઆની વિનંતી કરતા હતા. કારણ કે તેઓને ખબર હતી કે આ જે કંઈ તકલીફો પડી રહી છે તે અલ્લાહ તઆલા તરફથી આપણી પરીક્ષા છે અને તેના થકી આપણા મુકામો મરતબામાં વધારો થઈ રહ્યો છે અને ગુનાહ માફ થઈ રહ્યા છે. અને તેમને એ પણ ખબર હતી કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલા તરફથી એ ઈખ્તિયાર અને અધિકાર આપવામાં આવ્યો છે કે આપ ઈચ્છે તો પાણી અતા ફર્માવે અને આપ ઈચ્છે તો ખાવા અતા ફર્માવે. જેમ કે અનેક હદીષોથી આપે સાંભળ્યું. એનો મતલબ એ નથી કે અલ્લાહ નથી આપતો અને રસૂલ આપે છે ! કોઈ મુસલમાનનો એવો અકીદો નથી હોતો, બલ્કે અલ્લાહ તઆલા તરફથી આપને એ અધિકાર આપવામાં આવ્યો છે એટલે ખરેખર માલિક અને ખરો અતા કરનાર તો અલ્લાહ તઆલા છે અને રસૂલે પાક આપના ખલીફા અને નાઈબ છે. આપ અલ્લાહના





આદેશથી દરેક કામ કરે છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી ઈર્શાદ ફર્માવે છે...

**મૈં તો માલિક હી કહુંગા કે હો માલિકકે હબીબ**
**યઅની મહબૂબો મોહિબમેં નહીં મેરા તેરા**

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીનો આ શેઅર સાંભળા બાદ કોઈ સમજદાર વ્યકિત આમ નથી કહી શકતો કે સુન્ની અસલ માલિક રસૂલે પાકને સમજે છે અને તેમનાથી માંગે છે. બલ્કે અસલ માલિક અલ્લાહ છે અને આપ અલ્લાહના હબીબ છે. હબીબ હોવાને લઈને આપને ઈખ્તિયાર અને અધિકાર આપવામાં આવે છે.

**રબ હય મોઅતી યે હંય કાસિમ**
**રિઝ્ક ઉસ્કા હય ખિલાતે યે હંય**

એટલે કે અતા કરવાવાળો રબ છે અને તેની અતા અને બખ્શિશની વહેંચણી કરનાર સરકારે દો આલમ છે. રિઝ્ક અને રોજી તો અલ્લાહ તઆલાની છે. ખવડાવવાનું કામ અલ્લાહ તઆલાના રસૂલ કરે છે. જેમ કે સહાબાએ કિરામે બારગાહે રસૂલમાં હાજરી આપી અને રબથી દુઆ કરવાની વિનંતી કરી. કેમ કે સહાબાને ખબર હતી અને તેમનું એ મંતવ્ય હતું કે રસૂલ મહબૂબ છે અને તેમની બારગાહથી ખુદાની મખ્લૂકમાં વહેંચણી થઈ રહી છે, પછી તેમનાથી જ વિનંતી કરવામાં કેમ ન આવે ?

અબૂ નુઈમે તખરીજ કરી કે હબીબ બિન અબી સાબિત ફર્માવે છે. હારિષ બિન હિશામ, ઈકરમા બિન અબૂ જહલ, અય્યાશ બિન અબી રબીઆ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જંગે યરમૂક માટે નીકળ્યા અને તે જંગમાં ઝખ્મોથી ચારણી જેવા બની ગયા હતા. હારિષ બિન હિશામે પીવા માટે પાણી માંગ્યું, તેમની તરફ હઝરતે ઈકરમાએ જોયું. હારિષે કહ્યું, આ પાણી ઈકરમાને આપો. હજુ હઝરત ઈકરમાએ હાથમાં લીધું હતું કે તેમની તરફ હઝરત અય્યાશે જોયું. તેમણે કહ્યું, આ પાણી અય્યાશને આપી દો. હજી અય્યાશ સુધી પાણી પહોંચ્યું ન હતું કે તેમનો

વિસાલ થઈ ગયો. આમ જ પરત થવામાં જેની પાસેથી પસાર થતું તે પાણી પહોંચતાં પહેલાં તેનો વિસાલ થઈ ગયો. એટલે સુધી કે તે ત્રણેવ હઝરાતનો વિસાલ થઈ ગયો. (અને પાણી તેમના ગળા સુધી ન પહોંચી શકયું.)

આ હદીષે પાકથી એ પણ જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સોહબતમાં આપના સહાબાનાં દિલો કેટલાં પાક અને સાફ થઈ ગયાં હતાં કે તેમને પોતાના મુસલમાન ભાઈની તકલીફની ચિંતા પોતાની તકલીફ અને પરેશાનીથી વધારે થતી હતી અને પોતાનું દુઃખ પડતુ રાખી પોતાના ભાઈના દુઃખને દૂર કરવા માટે કોશિશ કરતા હતા અને અલ્લાહ તઆલાએ પણ એમની બાબત ઈર્શાદ ફર્માવ્યો :–

وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ

અને તેમના સાથીદારો કાફિરો પર સખત છે અને પરસ્પર મહેરબાન છે. આ વાકયો સહાબાની પરસ્પર મહેરબાન હોવાની સ્પષ્ટ તફસીર છે, કે તેમને પોતે પાણીની જરૂરત છે પરંતુ પોતાના ભાઈને તરસ્યો જોઈ પોતાની જાત પર તેને ઉત્તમતા આપી.

તિબ્રાની શરીફમાં છે મોહમ્મદ બિન હનફીયા ફર્માવે છે કે મેં અબૂ અમ્ર અનસારીને જોયા જેમણે બદ્ર, ઓહદ અને બયઅતે ઉકબામાં શિર્કત કરી હતી. આપ રોઝદાર હતા, તરસથી ઘણા જ પરેશાન લડાઈના સમયે પોતાના ગુલામને કહી રહ્યા હતા, તારો નાશ થાય ! મને ઢાલ આપ ! ગુલામે તેમની ઉપર ઢાલથી આડ કરી. તેમણે ધીમે ધીમે બાણ કાઢયું, કારણ કે સખત તરસથી અતિ પરેશાન હતા અને તેને અલ્લાહના રસતામાં ચલાવ્યું. આમ જ ત્રણ બાણ ચલાવ્યાં, અને ત્યાર બાદ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું છે કે, આપ ફર્માવતા હતા, જેણે અલ્લાહના રસ્તામાં તીર ચલાવ્યું. પછી તે નિશાને પહોંચ્યું હોય કે રસ્તામાં રોકાઈ ગયું હોય, તેના માટે કિયામતના દિવસે એક નૂર હશે. સૂર્યાસ્તથી થોડા પહેલાં તેમની શહાદત થઈ.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાના માર્ગમાં સહાબાએ કિરામની મુશ્કેલીઓ અતિ કષ્ટદાયક હતી તો પણ તેમણે





સબ્રનું દામન ન છોડયું અને દીનનાં કામો કરતા રહ્યા અને હિમ્મતની સાથે કાફિરોથી લડાઈ લડતા રહ્યા.

સહાબાએ કિરામ મુશ્કેલીઓ પર સબ્ર અને સહનશીલતાથી કામ એટલા માટે લેતા હતા કે, તેમને ખબર હતી કે આ દુનિયા નાશવંત છે, ન તો તેની રાહતો હમેશાં રહેવાની છે, ન તેની મુશ્કેલીઓ હમેશાં રહેવાની છે, બલ્કે દરેકે ફના થવાનું છે. કયાં તો તે રાહતો અને મુશ્કેલીઓનો નાશ થઈ જશે અથવા માણસ મૌતથી મુલાકાત કરી નજાત પ્રાપ્ત કરી લેશે. જ્યારે રાહતો અને મુશ્કેલીઓનો કોઈ ભરોસો નથી તો પછી પોતાનું ધ્યાન ન રાહતો તરફ લઈ જવામાં આવે, ન મુશ્કેલીઓ પર બેસબ્રી જાહેર કરવામાં આવે. બલ્કે આપણું ધ્યાન માત્ર અલ્લાહ તઆલા તરફ રહેવું જોઈએ. એ જે હાલમાં આપણે રાખે તે આપણા હક્કમાં બહેતર છે. જેમ કે હઝરત રાબીઆ અદવિય્યા رضی اللہ عنہا એ રબની બારગાહમાં એ અર્ઝ કરી, મૌલા ! દુનિયાનો જે ભાગ મારા માટે હોય તે તુ કાફિરોને અતા કર અને મારો આખેરતનો ભાગ મુસલમાનોને અતા કર. હું દુનિયામાં તારી રઝા અને આખેરતમાં તારા દીદારની ઈચ્છા ધરાવું છે.

સહાબાએ કિરામની આ જ હાલત હતી કે તેમની નજર ન તો રાહત તરફ હતી ન તકલીફ તરફ, બલ્કે અલ્લાહ રબ્બુલ ઈઝઝતની રઝા તરફ હતી કે હાલત ગમે તેવી હોય પણ ઈચ્છા એક જ છે કે અલ્લાહ તઆલા રાજી થઈ જાય.

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم લડાઈના મેદાનમાં સહાબાએ કિરામની સાથે રહેતા હતા તેને સીરતની પરિભાષામાં **ગઝવહ** કહેવામાં આવે છે. તમે એ તો સાંભળ્યું કે સરકારે મદીના અને આપના સહાબાની તંગી ચાહે ખાવા પીવાની હોય કે પછી કપડાં લત્તાની બધુ ઈખ્તિયારી અને પોતાનું પસંદ કરેલું હતું. નહીં તો સરકારે મદીનાને એ અધિકાર આપવામાં આવ્યો હતો કે આપ એક ઈશારો કરે તો આકાશ પર વાદળો છવાવા લાગે અને જોતજોતામાં તો વર્ષા થવા લાગે, પરંતુ પાણીની તરસની જે તકલીફ છે અને તેનાથી જે સવાબ મળે છે અને માણસના મુકામો મર્તબામાં વધારો થાય છે તે દરેક વખત મો'જેઝાથી પાણી

વરસાવી જરૂરત પૂરી કરવાથી કયાં મળી શકે છે ? એટલા માટે જ્યારે જરૂરતથી વધારે કષ્ટદાયક તરસ લાગતી ત્યારે જ સહાબાએ કિરામ સરકારે મદીનાની ખિદમતમાં હાજરી આપતા અને રસૂલે પાકથી દુઆની વિનંતી કરતા હતા. જેમ કે હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ ની દુઆની વિનંતીથી તમે જાણ્યું કે આપે વિનંતી કરી અને સરકારે દુઆ ફર્માવી તો હાથ નીચે આવતા પહેલાં વર્ષા થવા લાગી અને તે વર્ષા માત્ર લશ્કરની સીમા સુધી હતી. હવે હું તમારી ખિદમતમાં પાણીના મો'જેઝા વિષે બીજી હદીષો રજુ કરૂં છું.

### ★ તરસના પ્રસંગો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝા ★

બુખારી શરીફમાં છે. હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુદૈબિયામાં લોકો સખત તરસથી પરેશાન હતા. દરબારે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم માં હાજર થયા અને અર્ઝ કરી, હુઝૂર ! અમારા પાસે પાણી નથી જેની પી શકાય અને વુઝૂ કરી શકાય. માત્ર તે પાણી જે આપ સમક્ષ એક નાના સરખા વાસણમાં રાખેલું છે. (સહાબાએ કિરામના વિનંતી કરવા પર સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાનો મુબારક હાથ વાસણમાં રાખ્યો તો આપની મુબારક આંગળીઓથી ઝરણું વહેવા લાગ્યું. સઘળા સહાબાએ પીધું અને વુઝૂ કર્યું. હઝરત જાબિર رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું કેટલા લોકોએ પીધું અને વુઝૂ કર્યું ? ફર્માવ્યું, જો અમે એક લાખની સંખ્યામાં હોતે તો પણ તે પાણી અમારા માટે પૂરતું રહેતું, પરંતુ તે સમયે અમે પંદરસો હતા જેમણે પીધું અને વુઝૂ કર્યું.

એટલે કે સહાબાએ કિરામ પાસે જ્યારે પાણી ન હતું અને તેઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા તો તેમને ખબર હતી અને તેમનો એ અકીદો હતો કે દરેક ચીજ વસ્તુ તો અલ્લાહ તઆલા તરફથી મળે છે, પરંતુ અમે પોતે દુઆ કરીએ તો બની શકે કે પાણી આપવામાં આવે અને બની શકે કે કંઈ આપવામાં ન આવે, પરંતુ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના મહબૂબ છે, અલ્લાહ તઆલાએ આપને પોતાના મહબૂબ બનાવીને એ ઈખ્તિયાર અતા ફર્માવ્યો છે કે, આપ જે ચીજ વસ્તુનો ઈરાદો કરે તે જરૂરથી અતા કરવામાં આવે. તો આ અકીદાને પોતાની સમક્ષ રાખી તેમણે સરકારની





ખિદમતમાં પાણીની વિનંતી કરી તો સરકારે ન તો કોઈ આયત પઢી, ન દુઆ કરી, ન વરસાદનો ઈરાદો કર્યો, બલ્કે પોતાનો મુબારક હાથ વાસણમાં રાખ્યો કે તેમને પાણી અતા કરે તો આપની આંગળીઓથી પાણીનું ઝરણું વહેવા લાગ્યું.

ઉપરોકત હદીષે પાકને પોતાની સમક્ષ રાખી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ પોતાની અકીદત અને મહબ્બતને આ શબ્દોમાં પ્રગટ કરે છે :–

**નૂરકે ચશ્મે લેહરાએ દરિયા બહે**
**ઉંગલીયોંકી કરામત પે લાખોં સલામ**

બયહકી શરીફમાં છે હઝરત ઝિયાદ બિન હારિષ સદાઈ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક સફરમાં તુલૂએ ફજથી પહેલાં પોતાની જરૂરત પૂરી કરવા માટે તશરીફ લઈ ગયા. જ્યારે પાછા આવ્યા તો મને કહ્યું, શું તમારી પાસે પાણી છે ? મેં અર્ઝ કરી, ઘણું થોડું છે જે આપના માટે પૂરતું નથી થઈ શકતું. ફર્માવ્યું, એને એક વાસણમાં નાખીને લાવો. ફર્માવે છે, હું લઈ આવ્યો તો આપે પોતાનો મુબારક હાથ એમાં રાખ્યો. મેં જોયું કે આપની બે આંગળીઓની વચમાંથી ઝરણું જોશ મારવા લાગ્યું, તો આપે ફર્માવ્યું, લોકોમાં અવાજ આપી દો જેને પાણીની જરૂરત હોય આવી જાય ! મેં અવાજ આપ્યો તો ઘણા બધા લોકોએ એ પાણીમાંથી લીધું. આ જોઈને અમે લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા કબીલામાં એક કૂવો છે તેનું પાણી શિયાળામાં તો અમારા લોકોને પૂરતું રહે છે અને જ્યારે ઉનાળો આવે છે તો એનું પાણી ઘણું ઓછું થઈ જાય છે અને અમે એક જગાએ ભેગા રહીએ, અલગ થવાની જરૂરત પેશ ન આવે. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાત કાંકરીઓ મંગાવી અને તેને પોતાના હાથમાં લઈને દુઆ કરી, ત્યાર બાદ ફર્માવ્યું, આ કાંકરીઓ લઈ જાવ અને જ્યારે તે કૂવા પર પહોંચો તો અલ્લાહ તઆલાનું નામ લઈને એક એક તેમાં નાખી દો. ફર્માવે છે, જ્યારે તે કાંકરીઓ તે કૂવામાં નાખવામાં આવી તો એ કૂવામાં

એટલુ પાણી આવ્યું કે તેના તળિયે અમે પહોંચી શકતા ન હતા !

કૂવામાં રસૂલ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક હાથની બરકત પહોંચાડવાની હતી. એટલે સરકારે મદીનાએ કાંકરીઓ પર હાથ રાખીને આપ્યો કે આને અલ્લાહનું નામ લઈ કૂવામાં નાખવામાં આવે તો તેમણે એ પ્રમાણે જ કર્યું અને કૂવો હમેશાં માટે પાણીથી ભરાઈ ગયો, ગમે તેટલા માણસોના પાણી ઉપયોગમાં લાવ્યા પછી પણ તેનું પાણી ઓછું થતું ન હતું, આ હતો નબીએ પાકનો અતાઈ અધિકાર જે અલ્લાહ તઆલા તરફથી આપને આપવામાં આવ્યો હતો. નબીથી વિનંતી કરવી એ અલ્લાહથી વિનંતી કરવી સમાન છે, કારણ કે નબીએ પાકને જે કંઈ મળ્યું તે અલ્લાહ તઆલા તરફથી છે.

ખસાઈસે કુબ્રામાં છે હઝરત અબૂ અમ્ર અન્સારી رضی اللہ عنہ ફર્માવે છે કે, એક ગઝવહ્‌માં અમે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હતા. એક દિવસ અમે લોકો ઘણા તરસ્યા થયા. આપે એક લોટો મંગાવ્યો તેને પોતાની સામું રાખ્યો, થોડુ પાણી તેમાં નાખીને આપે તેમાં કુલ્લી કરી અને જે કંઈ અલ્લાહે ઈચ્છયું પઢયું. ત્યાર બાદ પોતાની નાની આંગળી તેમાં રાખી. ખુદાની કસમ ! મેં જોયું કે, આપની સઘળી આંગળીઓથી પાણીનું ઝરણું વહી ગયું. પછી આપે લોકોને હુકમ આપ્યો તો ઈર્શાદ મુજબ લોકોએ પોતે પીધું, પોતાનાં જાનવરોને પીવડાવ્યું, મશકો અને ડોલ ભરી દીધી. આ જોઈને આપ હસવા લાગ્યા ત્યાં સુધી કે, આપના દાંત મુબારક દેખાયા. પછી ફર્માવ્યું, હું ગવાહી આપું છું કે, અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ નથી અને બેશક ! મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم તેના બંદા અને રસૂલ છે. જે માણસ આ બંને વાતો સાથે કિયામતના દિવસે અલ્લાહને મળશે તે જરૂર જન્નતમાં દાખલ થશે.

મારી પ્યારી મુસલમાન બહેનો ! મેં તમારી ખિદમતમાં





સહાબાએ કિરામની દીનના માર્ગમાં ખાવા પીવાની તંગીના પ્રકરણ પર દિલ ધ્રુજાવી આપે એવું બયાન સંભળાવ્યું અને તમે અતિ ધ્યાનપૂર્વક સાંભળ્યું, પરંતુ માત્ર સાંભળવાથી કામ નહીં ચાલે. આપણા માટે જરૂરી છે કે, આપણે તેમના સીરતે તૈય્યેબા પર અમલ કરવો જોઈએ કે તેમણે દીનના માર્ગમાં અતિ કષ્ટદાયક તકલીફો વેઠીને અને મુસીબતે બરદાશ્ત કરીને પણ દીનની વાતો પર એવો અમલ કર્યો કે, તેમની નમાઝ કઝા ન થઈ, તેમનાથી રસૂલે પાકની સુન્નત છૂટી અને તેઓ અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ કરતા રહ્યા. જ્યારે કે આજે આપણી પાસે ખાવા પીવાની અનેક વાનગીઓ છે, એકથી એક શરબત અને પીણાઓ છે. સૂવા માટે નરમ નરમ બિસ્તરા છે, રહેવા માટે આલીશાન મહેલો છે, દુશ્મનોનો કોઈ ખૌફ અને ડર નથી, આરામથી જીવન ગુજારી રહ્યા છીએ, એટલે આપણી ઉપર તો વધારે શુક્ર અદા કરવો જરૂરી છે, તો પણ આપણે ટાઈમસર નમાઝ ન પઢીએ અને રસૂલ પાકની સુન્નતો પર અમલ ન કરીએ, માલ દોલતને હરામ ચીજોની ખરીદીમાં ખર્ચ કરીએ, તે આપણને શોભા ન આપે, તે આપણી સરકારે દો આલમ અને આપના સહાબા સાથે સાચી મહોબ્બતની દલીલ નથી. સત્ય મહોબ્બત તો એ છે કે તેમના જીવન ચરિત્ર પર અમલ કરવામાં આવે. હઝરત રાબેઆ ફર્માવે છે....

لَوْ كَانَ حُبُّكَ صَادِقًا لَأَطَعْتَهُ اِنَّ الْمُحِبَّ لِمَنْ يُّحِبُّ مُطِيْعٌ

જો તમારી મહોબ્બત સાચી હોતે તો તમે જરૂર તેના ફર્માન પર અમલ કરતે, કારણ કે મહોબ્બત કરનાર મહબૂબના હુકમનું પાલન કરે છે.

અલ્લાહ તઆલા આપણને અમલ કરવાની તૌફીક બખ્શે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

# ☆ સહાબાનો ઈશ્કે રસૂલ ☆

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ. اَمَّا بَعْدُ! فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط قُلْ اِنْ كَانَ اٰبَاۤؤُكُمْ وَاَبْنَاۤؤُكُمْ وَاِخْوَانُكُمْ وَاَزْوَاجُكُمْ وَعَشِيْرَتُكُمْ وَاَمْوَالُ ۨاقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَمَسَاكِنُ تَرْضَوْنَهَاۤ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ وَجِهَادٍ فِىْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِىَ اللّٰهُ بِاَمْرِهٖ ط وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفَاسِقِيْنَ. صَدَقَ اللّٰهُ مَوْلَانَا الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْاَمِيْنُ الْكَرِيْمُ وَنَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ بِرَحْمَتِكَ يَاۤ اَرْحَمَ الرَّاحِمِيْنَ.

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ.
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ.
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ.
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ.
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ.

મારા પ્યારા આકા صلى الله تعالىٰ عليه وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો, તેની બાબત અલ્લાહ તઆલા મને હક કહેવાની અને તમને બધાને હક સાંભળવાની અને તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે... (આમીન).

મારી બહેનો ! ગત વીકે મેં તમને **"સહાબાને દીનના માર્ગમાં ખાવા પીવાની તકલીફો"**ના પ્રકરણ પર બયાન સંભળાવ્યું હતુ, જેમાં સહાબાએ કિરામને દીનના માર્ગમાં ખાવા પીવામાં પેશ આવેલી તકલીફોનું વર્ણન કરવામાં આવ્યું છે. આજે હું તમને **"સહાબાનો ઈશ્કે રસૂલ"**ના પ્રકરણ પર ઈમાની બયાન સંભળાવવા ઈચ્છું છું, ધ્યાન દઈને સાંભળો અને ઈશ્કો મહોબ્બતમાં વધારો કરવાની કોશિશ કરો.





રસૂલે પાક صلى الله تعالىٰ عليه وسلم ની મહોબ્બત અને આપનો પ્રેમ ઈમાનનું મૂળ છે, બલ્કે માણસ ઈમાનના વર્તુળમાં ત્યારે જ કદમ રાખે છે, જ્યારે તે સરકારે દો આલમ صلى الله تعالىٰ عليه وسلم ની જાતને કબૂલ કરે છે અને એટલા માટે તો અલ્લાહ તબારક વતઆલાએ પ્રથમ નબીએ પાકને આ જગતમાં મોકલ્યા. તેમણે ચાલીસ વર્ષની ખામોશ જિંદગીમાં પોતાના અમલોથી પોતાની જાત કબૂલાવી, ત્યાર બાદ આપે નબુવ્વતનું એલાન ફર્માવ્યું અને ત્યાર બાદ આપ પર કિતાબ ઉતારવામાં આવી, તો કબૂલ કરવામાં પ્રથમ નબી છે અને નબીને કબૂલવાથી અલ્લાહ તઆલાનું એક હોવું, કુર્આનનું ખુદાની કિતાબ હોવું અને દીનની સઘળી જરૂરી વાતો કબૂલવાનું મુકામ છે.

આ વાતને લક્ષ્યમાં રાખીને ડૉક્ટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :

**મોહમ્મદકી મહબ્બત દીને હક્કી શર્તે અવ્વલ હય**
**ઉસીમેં હય અગર ખામી તો સબ કુછ ના મુકમ્મલ હય**
**મોહમ્મદકી મહબ્બત હય સનદ આઝાદ હોનેકી**
**ખુદાકે દામને તૌહીદમેં આબાદ હોનેકી**

આ'લા હઝરત ઈમામે અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضى الله عنه ફર્માવે છે :

**આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉન્સે**
**ફિર ન માનેંગે કિયામતમેં અગર માન ગયા**

સરકારે મદીના રાહતે કલ્બો સીના صلى الله تعالىٰ عليه وسلم પર જ્યારે અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આન શરીફની આ આયત નાઝિલ ફર્માવી..... وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ અને તમારા નિકટના સગાઓને ડરાવો. તો આપે કોહે સફા પર ચઢીને પોતાના ખાનદાનવાળાઓને અવાજ આપી. અવાજ સાંભળતાની સાથે તમામ સગાઓ દોડતાં આવ્યા અને અર્ઝ કરી, તમે અમને શા માટે બોલાવ્યા છે ? આપે ફર્માવ્યું, અય મારી કૌમ ! હું તમને ખબર આપું કે આ પહાડની પાછળ એક લશ્કર સંતાએલું છે જે તમારી ઉપર હુમ્લો કરવાનું છે, તો શું તમે મારી પર યકીન કરી લેશો ? તો બધાએ એક અવાજે કહ્યું, કેમ નહીં ? અમે કોઈ

પણ શંકા વિના આપની વાત પર યકીન કરી લઈશું. કારણ કે અમે હમેશાં આપને સાચા અને અમીન પામેલા છે. આપે ફર્માવ્યું, સારૂં ત્યારે, તો હું તમને કહું છું કે હું તમારા લોકોને અઝાબે ઈલાહીથી ડરાવું છું. જો તમે લોકો ઈમાન નહીં લાવો તો તમારી ઉપર અઝાબે ઈલાહી ઉતરી પડશે. આ વાત સાંભળીને તમામ કુરૈશ જેમાં આપનો કાકો અબૂ લહબ પણ હતો, સખ્ત નારાઝ થઈને ચાલ્યો ગયો અને હુઝૂરની બાબત નાપસંદ વાતો બોલવા લાગ્યો. આ રિવાયત બુખારી શરીફની છે.

આ રિવાયતથી જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈમાન લાવવાનો હુકમ આપતા પહેલાં પોતાની જાત તેમની સમક્ષ પેશ ફર્માવી કે, પ્રથમ તેઓ મને અને મારી વાતને માન્ય રાખે છે કે નહીં, તો બધાએ એક અવાજે કહ્યું કે અમે આપને સાચા અને અમીન કહીએ છીએ. આપ કહેશો તો અમે વગર દેખે કબૂલ કરી લઈશું. પરંતુ જ્યારે તેમની સમક્ષ તેમના દેવતાઓને છોડીને એક અલ્લાહ પર અને તેના દીન પર ઈમાન લાવવાનું કહેવામાં આવ્યું તો તેઓ મોં બનાવીને ચાલ પડયા, એટલા માટે કે દેવતાઓની મહોબ્બત તેમના દિલોમાં ઊંડાઈમાં પહોંચી ગઈ હતી. પણ જેમ જેમ નબીના મો'જેઝા દેખીને તેમના દિલોની આપની મહોબ્બત ઘર કરવા લાગી, તેમ તેમ તેઓ બુતોથી દૂર થવા લાગ્યા અને અંતે મુસલમાન બની ગયા. સ્પષ્ટ થયું ઈમાન લાવવા માટે અને દીનની જરૂરી વાતોનો ઈન્કાર કરવા માટે પ્રથમ નબીની જાતને માન્ય રાખવી અને તેમનાથી મહોબ્બત પેદા કરવી જરૂરી છે.

**મોહમ્મદકી મહોબ્બત હય સનદ આઝાદ હોનેકી**
**ખુદાકે દામને તૌહીદમેં આબાદ હોનેકી**

દીને મોહમ્મદી અંતિમ દીન છે અને તેના વર્તુળમાં ઈમાન સાથે પ્રવેશવું તમામ જિન્નાતો અને ઈન્સાનો પર જરૂરી છે અને તે નબીએ પાકની મહોબ્બત વગર શકય નથી.

ઈમાન લાવવા માટે અને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશવા માટે માત્ર રસૂલે પાકની ઓળખ કાફી નથી. જો ઓળખને સંપૂર્ણ માનવામાં





આવે તો યહૂદીઓ અને ઈસાઈઓને તે જમાનામાં આપના અંતિમ નબી હોવાનાં ચિન્હો જોઈને એ વાતની જાણ હતી કે આપ અલ્લાહના નબી છે, પરંતુ તેમણે દુશ્મનીમાં આપને કબૂલ ન કર્યા. તો નબીની ઓળખ હોવા છતાં તેઓ મુસલમાન ગણવામાં ન આવ્યા. એટલા માટે કે નબીની ઓળખ સાથે તેમને મહોબ્બત સાથે નબી માનવું અને તે વાત જાહેર કરવી જરૂરી છે. જો કોઈ પોતાને મુસલમાન જાહેર કરે, કલેમાએ શહાદત પઢીને પોતાના મો'મિન અને મુસ્લિમ હોવાનો સબૂત આપે, પરંતુ તેના દિલમાં રસૂલે પાકની મહોબ્બત ન હોય તો તે મુસલમાન થઈ શકતો જ નથી. જેમ કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપીને મુનાફિકો આપના નબી હોવાની ગવાહી આપતા હતા, પરંતુ તેમના દિલોમાં હુઝૂરની મહોબ્બત ન હતી અને કલેમએ શહાદતની ગવાહી દિલી મહોબ્બતથી ન આપી હતી, તો પોતાને મુસલમાન જાહેર કરવા છતાં કુર્આને તેમને ગેરમુસ્લિમ જાહેર કર્યા.

કુર્આન શરીફના અઠ્ઠાવીસમા સિપારામાં સૂરએ મુનાફેકૂનમાં અલ્લાહનું ફર્માન છે :

اِذَا جَآءَكَ الْمُنٰفِقُوْنَ قَالُوْا نَشْهَدُ اِنَّكَ لَرَسُوْلُ اللّٰهِ ۘ وَاللّٰهُ يَعْلَمُ اِنَّكَ لَرَسُوْلُهٗ ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّ الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ ۔

''જ્યારે મુનાફિકો તમારી પાસે આવીને કહે છે કે અમે ગવાહી આપીએ છીએ કે આપ જરૂરથી અલ્લાહના રસૂલ છો ! અને અલ્લાહ જાણે છે કે આપ તેના રસૂલ છો ? અને અલ્લાહ ગવાહી આપે છે કે મુનાફિકો જરૂરથી જૂઠા છે.''

મુનાફિકોનું ગવાહી આપવું અને નબીની ખિદમતમાં હાજરી આપીને પોતાના મુસલમાન હોવાનો સુબૂત આપવો એટલા માટે માન્ય રાખવામાં ન આવ્યો કે, તેઓ દુનિયાનો ફાયદો પ્રાપ્ત કરવા માટે માત્ર મોંહ જબાની કહેતા હતા. જ્યારે કે તેમના દિલોમાં ઈસ્લામ અને સરકારે દો આલમથી દુશ્મની હતી. દિલી દુશ્મનીની સાથે ગવાહી માન્ય નથી થઈ શકતી અને તેવી વ્યકિતને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી જવાની બશારત નથી આપી શકાતી. તો સ્પષ્ટ થયું, ઈમાન માટે સરકારે દો

આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત જરૂરી છે. મહોબ્બતે રસૂલ વિના માણસ મુસલમાન નથી બની શકતો.

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે....

قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا قُلْ لَّمْ تُؤْمِنُوْا وَلٰكِنْ قُوْلُوْا اَسْلَمْنَا وَلَمَّا يَدْخُلِ الْاِيْمَانُ فِيْ قُلُوْبِكُمْ

''ગમારો બોલ્યા, અમે ઈમાન લાવ્યા ! તમે ફર્માવો તમે ઈમાન તો નથી લાવ્યા, હા ! એવું કહો કે અમે તાબેદાર બન્યા.''

ઉપરોકત આયતે કરીમા બની સઅદ બિન ખોઝૈમા બાબત ઉતરી, જેઓ દુકાળના સમયે હુઝૂરની સેવામાં હાજર થયા અને મો'મિન હોવાની જાહેરાત કરી. વાસ્તવમાં તેઓ ઈમાનવાળા ન હતા. સવાર સાંજ રસૂલે પાકની ખિદમતમાં હાજરી આપી પોતાના ઈસ્લામ સ્વીકારવાનું અહેસાન કહી સંભળાવતા હતા અને કંઈક માંગણી કરતા. તો તેમના હક્કમાં આ આયત ઉતરી કે તમે માત્ર પોતાના મોંઢાથી ગવાહી આપીને અને પોતાનું ઈમાનવાળા હોવાનું જાહેર કરીને ઈસ્લામ અને ઈમાનના વર્તુળમાં પ્રવેશી શકતા નથી. તેના માટે પ્રથમ દિલથી કબૂલ કરવું જરૂરી છે અને દિલથી કબૂલવું ત્યારે જ નસીબ થાય છે જ્યારે માણસ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી મહોબ્બત અને પ્રેમ રાખે.

એ તો શકય નથી કે માણસ નબીથી અદાવત, દુશ્મની અને શત્રુતા રાખે અને પછી પણ આપની વાતોને સ્વીકારે. હા ! જો દુનિયાની વાતો હોય અને તેનો સંબંધ દુનિયા સાથે જ હોય તો તેનો સ્વીકાર કરવા માટે મહોબ્બત અને પ્રેમ હોવો જરૂરી નથી. દુનિયાનો ફાયદો લક્ષમાં રાખીને કહેનારની જાતને ન માનવા છતાં પણ તેની વાતો સ્વીકારી શકાય છે. પરંતુ આખેરતને સંબંધિત વાતો જેમ કે કુર્આનનું ખુદાની કિતાબ હોવું, કિયામતનું હક્ક હોવું, જન્નતનું હક્ક હોવું, દોઝખનું હક્ક હોવું, હિસાબના દિવસનું હક્ક હોવું વગેરે દીનની જરૂરી વાતો ત્યારે જ કબૂલી શકાય છે જ્યારે નબીને સાચા અને અમીન કબૂલ કરવામાં આવે અને તેના માટે મહોબ્બત જરૂરી છે, કારણ કે મહબૂબની વાત માન્ય રાખવામાં આવે છે.

ઈમાન બિલ ગયબ સાચુ ઈમાન છે અને સાહિબે ઈમાન





બનવા માટે જોયા વગર ઈમાન લાવવું જરૂરી છે, એટલા માટે કિયામતના મેદાનમાં દુનિયાના સઘળા કાફિરો ઈમાન લાવશે અને દરેક વસ્તુ જેનો દુનિયામાં અસ્વીકાર કરતા હતા, ત્યાં જરૂરથી સ્વીકારશે. પરંતુ તેમનું કબૂલવું અને સ્વીકારવું માન્ય રાખવામાં આવશે નહીં અને તેમને કોઈ ભલાઈ તેનાથી મળશે નહીં. કારણ કે ઈમાન બિલ ગયબ માન્ય રાખવામાં આવે છે અને ત્યાંનું ઈમાન બિલ ગયબ નથી, બિલ અયન દેખીને છે એટલે માન્ય રહેશે નહીં. અને એ જ પ્રમાણે આ જગતમાં જ્યારે માણસની મૌતનો સમય નિકટ હોય અને તેના સકરાતની હાલત શરૂ થઈ ગઈ હોય તો તે સમયે મુડદાને નજર પહોંચે ત્યાં સુધી ફરિશ્તાઓની જમાઅત દેખા દે છે અને તે સમયે ગેરમુસ્લિમને પણ ઈસ્લામના હક્ક હોવાનું યકીન થઈ જાય છે, પરંતુ આ ઈમાન માન્ય નથી, કારણ કે દેખીને ઈમાન લાવી રહ્યો છે.

કુર્આન શરીફમાં છે :–

حَتّٰى اِذَا اَدْرَكَهُ الْغَرَقُ قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَا اِلٰهَ اِلَّا الَّذِيْ اٰمَنَتْ بِهٖ بَنُوْا اِسْرَائِيْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ ط آٰلْئٰنَ وَقَدْ عَصَيْتَ قَبْلُ وَكُنْتَ مِنَ الْمُفْسِدِيْنَ ط

''ત્યાં સુધી કે જ્યારે તેને ડૂબવાએ પકડી લીધો, બોલ્યો હું ઈમાન લાવ્યો કે તેના સિવાય કોઈ સાચો મઅબૂદ નથી જેના પર બની ઈસરાઈલ ઈમાન લાવ્યા અને હું મુસલમાન છું. શું હવે ! અને પહેલાં નાફર્માની કરી ! અને તુ ફસાદી હતો.''

આ આયતમાં એ વાતનો ઉલ્લેખ છે કે ફિરઔન જ્યારે દરિયામાં ડૂબવા લાગ્યો અને તેને જીવવાની આશા બાકી રહી નહીં અને તેનો જીવ લેવા ફરિશ્તાઓ હાજર થઈ ગયા, ત્યારે તેને મૂસા علیہ الصلوٰۃ والتسلیم ના દીનના હક્ક હોવાનું યકીન થઈ ગયું અને તેણે ત્રણ વખત ઈમાનવાળો હોવાનું સ્વીકાર્યું, તો પણ તેનું ઈમાન કબૂલવામાં આવ્યું નહીં. એટલા માટે કે ઈમાન બિલ ગયબ જરૂરી છે અને તેણે ફરિશ્તાઓને દેખીને કબૂલ્યું હતું.

જો ફિરઔને હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم ના મો'જેઝાત જોઈને

ઈમાન સ્વીકાર્યું હોત અથવા સકરાતની હાલત શરૂ થતા પહેલાં સ્વીકાર કરી લીધો હોત તો તેનું ઈમાન માન્ય રાખવામાં આવતું, પરંતુ આખેરતની ચીજ જાહેર થયા પછી માન્ય રાખવાનો કોઈ ચાન્સ નથી. એટલા માટે કે ઈમાન લાવવા માટે નબીને નબી માનવો અને તેની સાથે મહોબ્બત રાખવી જરૂરી અને તેની મહોબ્બતનું જ કારણ આખેરતને સંબંધિત તમામ ચીજોને કબૂલવું છે.

જ્યારે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મેઅરાજથી આવીને ફર્માવ્યું કે મેં રાતના થોડા સમયમાં મેઅરાજ કરી તો કાફિરોને જૂઠુ લાગ્યું અને તેમણે મજાક બનાવાનું ચાલુ કર્યું. જ્યારે કોઈએ હઝરતે અબૂ બકર સિદીક رضی اللہ عنہ ને કહ્યું કે તમારા નબીનું કહેવું એવું છે કે તેમણે રાતના થોડા સમયમાં મેઅરાજ કરી, શું તે શકય છે ? હઝરતે અબૂ બકરે ફર્માવ્યું કે મારા નબીએ કહ્યું હોય તો હું તેનો સ્વીકાર કરૂં છું. ત્યારથી આપને સિદીકે અકબરનો લકબ આપવામાં આવ્યો.

અક્કલમાં ન આવે તેવી વાત કે જેને અક્કલથી વિચારી પણ નથી શકાતું. પરંતુ બીજાના મોઢે સાંભળીને કબૂલવું એ વાતની દલીલ છે કે તેમની મહોબ્બત નબી સાથે સીમાપારની હતી, એટલે નબીના મુખેથી જે શબ્દ નીકળતા તેને માનવામાં કોઈ પ્રકારની શંકા રહેતી ન હતી. સ્પષ્ટ થયું ગયબની વાતો પર ઈમાન લાવવું અને જોયા વિના કબૂલવું ત્યારે જ શકય છે જ્યારે મહોબ્બતથી નબીને નબી માનવામાં આવે. એટલે જ પ્રથમ નબીને મોકલવામાં આવ્યા. ત્યાર બાદ તેમની ઉપર કિતાબ ઉતારવામાં આવી.

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી જે મહોબ્બત છે તે મઝહબી અને ઈમાની મહોબ્બત છે અને દુનિયાની કોઈ પણ મહોબ્બતનું મુકામ આ મહોબ્બત પછી છે. એટલે કે મુસલમાનથી સંબંધ રાખવામાં આવશે યાને દિલી મહોબ્બત સાહિબે ઈમાનથી રાખવામાં આવશે. ગેરમુસ્લિમ ગમે તેટલા નિકટનો હોય પરંતુ દિલી મહોબ્બતમાં તેને ભાગ આપવામાં આવશે નહીં. કારણ કે દરેક રિશ્તો અને દરેક સગાઈને ઈમાનના ત્રાજવામાં તોલવામાં આવશે. હઝરત નૂહ علیہ الصلوٰۃ والتسلیم





નો બેટો હઝરત નૂહ પર ઈમાન ન લાવ્યો તો બેટા હોવા છતાં અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવ્યો :– اِنَّهٗ لَيْسَ مِنْ اَهْلِكَ તે તમારા ઘરવાળાઓમાંથી નથી. કારણ કે તેની પાસે ઈમાન નથી અને દરેક સંબંધ ઈમાનના ત્રાજવામાં તોલવામાં આવશે. જ્યારે નબીનો બેટો જેને નબીના સદકામાં વજૂદ મળ્યો, નબીના બદનના હિસ્સામાંથી એક ભાગ તેને મળ્યો તેનું કેટલું ઊંચું મકામ, મર્તબો અને તેનું કાબિલે કદ્ર હોવું જોઈએ ? પરંતુ નબીના બેટાનો મુકામ, મર્તબો અને તેનું કાબિલે કદ્ર હોવું ઈમાનના ત્રાજવામાં લાવીને તોલવામાં આવે છે, જો ઈમાનનું ત્રાજવું તેને ફેલ કરી આપે તો તે કોઈ પણ મુસલમાન માટે દિલમાં બેસાડવા લાયક નથી રહી જતો અને તેનું મુકામ એક સામાન્ય મુસલમાન જેટલું પણ નથી રહેતું. કારણ કે દરેક રિશ્તો દરેક સંબંધ અને દરેક મુકામો મર્તબો ઈમાન પછી જ વજૂદમાં આવશે. ઈમાન ન હોય તો નબીનો બેટો હોવું તેના માટે ફાયદામંદ નથી. તો પછી ઈમાન ન હોય તો વલીનો બેટો હોવું શું ફાયદો પહોંચાડી શકે ? ઈમાન ન હોય તો જ્યારે વલીનો બેટો હોવું તેના માટે ફાયદામંદ નથી તો પછી એક સામાન્ય મુસલમાનનો બેટો હોવું ઈમાન વગર કેમ કરી ફાયદામંદ થઈ શકે છે ? અને જ્યારે બેટાનો સંબંધ બાપ સાથે સૌથી વધારે નિકટનો અને ઈમાન વગર તેનો કોઈ ફાયદો નથી તો પછી બીજા રિશ્તાઓ અને બીજી સગાઈઓ ઈમાન વગર ફાયદામંદ શી રીતે થઈ શકે છે ? એટલા માટે તો આજે મુસલમાન હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہ ને સહાબી માને છે અને તેમની કદ્રનો ઈકરાર કરે છે. હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ ને સહાબી માને છે અને તેમની કદ્રનો ઈકરાર કરે છે જ્યારે કે હઝરત બિલાલ હબ્શી હબ્શાના રહેવાળા હતા, નબી સાથે સગાઈનો કોઈ સંબંધ ન હતો. હઝરત સલ્માન ફારસી ફારસના રહેવાવાળા હતા, નબી સાથે તેમનો સગાઈનો કોઈ સંબંધ ન હતો, તો પણ તેમની સાથે બેહદ અકીદત અને મહોબ્બત રાખવામાં આવે છે, એટલા માટે કે દરેક સંબંધ ઈમાનના ત્રાજવામાં તોલવામાં આવે છે. ઉપરોકત સહાબાએ કિરામને નબી સાથે સગાઈનો તો કોઈ સંબંધ નથી પરંતુ તેઓ સાહિબે ઈમાન હતા અને ઈમાન સાથે તેમણે નબીનો દીદાર કર્યો અને ઈમાન સાથે આ દુનિયાથી આખેરતનો

સફર ફર્માવ્યો, ઈમાનના ત્રાજવામાં તેઓ વજની નિવડયા તો મુસલમાનોની આંખોના તારાઓ બની ગયા. જયારે કે આપણે તેની બીજી દિશામાં ધ્યાન કેન્દ્રિત કરીએ તો જાણવા મળશે કે રસૂલ પાક رضی اللہ عنہ નો કાકો અબૂ લહબ અને આપનો સગો અબૂજહલ અને ખાનદાનના બીજા લોકો જેમણે હઠે ચઢીને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નબુવ્વતને માન્ય ન રાખી અને કુફ્ર સાથે આ દુનિયાથી ગયા. તો મુસલમાન ત્યારથી લઈને આજ સુધી તેમનું નામ સાંભળીને લાહૌલ પઢવા લાગે છે, શું તમે નબીના સગાઓને નહીં માનો ? શું તમે નબીના સગાઓની બુરાઈ કરશો ? શું તમે નબીના ખાનદાનના લોકોનું સાંભળીને દિલમાં દુશ્મની લાવશો ? પરંતુ સરકારના ખાનદાનના કાફિરો સાથે આપણી આ પ્રકારનું વર્તણૂંક શા માટે છે ? માત્ર એટલા માટે કે મુસલમાન દરેક મુકામ, મર્તબા અને સંબંધને ઈમાનના ત્રાજવામાં રાખીને તોલે છે, ઈમાનના ત્રાજવામાં ફેલ થનાર ગમે તેટલા નિકટના સંબંધો રાખવા છતાં તે ઈજ્જત અને તારીફના લાયક નથી રહી જતો.

## ★ અલ્લાહ વ રસૂલ પર ઈમાન કોને કહેવાય ? ★

કુર્આન શરીફ ફુર્કાને હમીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ દુનિયાની સગાઈઓ અને દુનિયાવી સંબંધોને બયાન ફર્માવ્યા અને ત્યાર બાદ પોતાની અને પોતાના હબીબની મહોબ્બતનું દુનિયાવી તમામ ચીજોથી વધારે હોવાની તાલીમ આપી. અલ્લાહ તઆલા ફર્માવે છે : આયત ખુત્બામાં બયાન કરવામાં આવી, અહીં તેનો તર્જુમો સાંભળો. ''તમે ફર્માવો, જો તમારા બાપ અને તમારા પુત્રો અને તમારા ભાઈ અને તમારી સ્ત્રીઓ અને તમારૂં કુટુંબ અને તમારી કમાણીના માલ અને તે સોદો જેમાં ખોટ જવાથી તમે ડરો છો અને તમારી પસંદગીનાં ઘરો. આ વસ્તુઓ અલ્લાહ અને તેના રસૂલ અને તેના માર્ગમાં લડવા કરતાં વધારે વહાલી હોય તો રાહ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે અને અલ્લાહ બિન આજ્ઞાંકિતોને માર્ગ આપતો નથી.''

આ આયતની શાને નુઝૂલ એ છે કે મુસલમાનોને કાફિરો સાથેથી સંબંધો તોડી નાખવાનો આદેશ આપવામાં આવ્યો. તો અમુક લોકોએ કહ્યું કે એ તો શી રીતે શકય છે કે માણસ પોતાના બાપ, ભાઈ વગેરે સંબંધીઓ સાથેથી સંબંધ તોડી નાખે ? ત્યારે આ આયત ઉતરી





અને કહેવામાં આવ્યું કે કાફિરો સાથે સંબંધો જાઈઝ નથી ભલે ને તેમની સાથે ગમે તેવી સગાઈ હોય. કારણ કે મુસલમાનનો પ્રથમ રિશ્તો અને પ્રથમ સગાઈ ઈમાન છે. ઈમાનના ત્રાજવામાં રાખીને જ દરેક સંબંધનો ફૈસલો કરી શકાય છે.

અલ્લાહ અને રસૂલ સાથે ઈમાન સત્ય મહોબ્બત એ પણ છે કે જે તેમની ઉપર ઈમાન ન લાવે અને કુફ્ર પર રહેવું તેને પસંદ આવે અથવા પોતાને મુસલમાન કહેવા છતાં તેમની શાનમાં કોઈ પ્રકારની ગુસ્તાખી કરે તો તેની સાથે ધાર્મિક કોઈ પ્રકારનો સંબંધ રાખવામાં આવશે નહીં. કારણ કે જયારે તે અલ્લાહ પર ઈમાન નથી લાવતો, નબીને નબી નથી માનતો અથવા અલ્લાહ અને રસૂલની શાનમાં ગુસ્તાખી કરે છે તો પછી આપણી મહોબ્બત કેવી કે મહોબ્બતનો દાવો કરવા છતાં તેમના દુશ્મનોથી મહોબ્બત રાખવામાં આવે અને મિત્રતાનો સંબંધ રાખવામાં આવે ?! વિચારવા જેવી વાત છે કે કોઈ માણસ આપણી સાથે દુશ્મની રાખે, આપણી બેઈજ્જતી કરે, જગા જગાએ આપણી બુરાઈ કરે તો આપણે તેની સાથે સંબંધ રાખતા નથી. આપણા નિકટના સગા સંબંધીની સાથે કોઈ દુશ્મની રાખે તો આપણે તેની સાથે પણ દુશ્મની રાખીએ છીએ, જયારે આપણો દુશ્મન આપણને દુશ્મન લાગે છે, આપણા નિકટનાં સગાંઓના દુશ્મન આપણને આપણા દુશ્મન લાગે છે, જયારે કે આ દુનિયાવી સંબંધો છે, ઈમાન વગર તેનું કોઈ મુકામ નથી અને અલ્લાહ અને રસૂલ સાથે આપણી મહોબ્બત ઈમાની છે, જેની ઉપર તમામ સંબંધોનો દારોમદાર છે. પછી તેમના દુશ્મનોથી મિત્રતા શી રીતે રાખી શકાય છે ! અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَكُمْ وَ اِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْاِيْمَانِ وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ۔

''અય ઈમાનવાળાઓ પોતાના બાપ અને પોતાના ભાઈઓને મિત્ર ન સમજો, જો તેઓ ઈમાન કરતાં કુફ્રને પસંદ રાખતા હોય અને તમારામાં જો કોઈ તેમની સાથે મિત્રતા રાખશે તો તે જ ઝાલિમ છે.''

ઉપરોકત આયતે કરીમામાં કાફિરો અને ગેરમુસ્લિમો સાથે મિત્રતા અને દિલી સંબંધને જોડવામાં આવશે નહીં, કારણ કે દરેક રિશ્તો, દરેક સગાઈ અને દરેક સંબંધને અલ્લાહ અને રસૂલ સાથેની મહોબ્બત સાથે સંબંધિત કરીને પારખવામાં આવશે. જો તે ત્રાજવામાં તોલવાથી ફેલ થાય તો દુનિયાવી સગાઈ અને સંબંધ કામનો સમજવામાં આવશે નહીં. જો અલ્લાહ અને રસૂલના દુશ્મનોથી દિલી સંબંધ અને મહોબ્બત રાખવામાં આવે તો કુર્આનની તાલીમમાં તેને સત્ય મહોબ્બત કહેવામાં આવતી નથી.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

لَاتَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَاَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ.

જે લોકો અલ્લાહ પર અને પાછલા દિવસ પર યકીન ધરાવે છે તેમને તમે એવા લોકો સાથે મૈત્રી ધરાવતા જોશો નહીં જેમણે અલ્લાહ અને તેમના રસૂલનો વિરોધ કર્યો, ભલેને તે તેમના બાપ અથવા દીકરાઓ અથવા ભાઈઓ અથવા કુટુંબીઓ હોય. આ જ છે તે લોકો જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી દીધું અને પોતાના તરફથી રૂહ વડે તેમની સહાય કરી.

સ્પષ્ટ થયું કે અલ્લાહ અને રસૂલથી સાચી મહોબ્બત રાખવાવાળાઓ તેમના દુશ્મનો સાથે દિલી મહોબ્બત રાખી શકતા નથી, પછી તે દુશ્મનો સગાઈમાં ગમે તેટલા નિકટના હોય. જેમ કે જંગે બદ્રમાં સહાબાએ કિરામે પોતાની સત્ય મહોબ્બતનો સુબૂત આપ્યો હતો અને જંગમાં નિકટનો સગો સામે આવ્યો તો તેને પણ પોતાની તલ્વારથી દોઝખમાં પહોંચતો કર્યો હતો. જાણવા મળ્યું રિશ્તા અને સંબંધનો ખ્યાલ ત્યારે જ રાખવામાં આવશે જ્યારે ત્યાં ઈમાન હોય. ઈમાન વગર કોઈ પણ રિશ્તો અને સંબંધ કદ્રના દરજ્જામાં આવતો નથી. એટલે ઈમાન અસલ રિશ્તો છે, તેમનાથી સઘળા રિશ્તાઓ અને સંબંધો અલ્લાહ તઆલા ફર્માવે છે... اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ બેશક ! ઈમાનવાળાઓ ભાઈ ભાઈ છે.





રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે દરેક પ્રકારની સત્ય મહોબ્બત રાખવાવાળા સહાબાએ કિરામ હતા. તેમના ઈશ્કો મહોબ્બતના સત્ય વાકયાઓમાં કિયામત સુધીના મુસલમાનો માટે સત્ય માર્ગદર્શન છે. એટલે હું તમારી ખિદમતમાં સહાબાના ઈશ્કો મહોબ્બતનું માર્ગદર્શન કરતા અમુક વાકયા તમારી ખિદમતમાં રજુ કરૂં છું. અલ્લાહ તઆલા તેમના ઈશ્કો મહોબ્બતમાંથી આપણને ભાગ અતા ફર્માવે.

એક છે મહોબ્બત અને એક છે કામિલ મહોબ્બત. સામાન્ય મહોબ્બત તો દરેક મુસલમાન માટે જરૂરી છે, તેના વગર તો મુસલમાન થઈ શકતો જ નથી, પરંતુ દરેકની મહોબ્બત એક પ્રકારની નથી હોતી. મહોબ્બતમાં વધારો ઘટાડો થતો રહે, તમામ લોકોમાં વધારે મહોબ્બત ધરાવતા સહાબાએ કિરામ છે, તેમનામાં પરસ્પર વધારો ઘટાડો થઈ શકે છે પરંતુ આપણા લોકોથી તેમની મહોબ્બત કામિલ હતી અને જેટલી મહોબ્બત કામિલ હોય છે તેટલું જ ઈમાન પર કામિલ હોય છે. તો એ પણ સ્પષ્ટ થયું કે તેમનું ઈમાન જેટલું કામિલ અને મુકમ્મલ હતું તેટલું આપણું નથી. તેઓ પોતાની આંખોથી રસૂલે પાકના મુબારક ચહેરાનો દીદાર કરતા હતા. કુર્આન રસૂલે પાકની જીભ મુબારકથી સાંભળતા હતા. મો'જેઝાત પોતાની આંખોએ દેખતા હતા. એક તો એ છે કે મો'જેઝાને રિવાયત અને હદીષની કિતાબોના લખાણથી જાણવો અને એક છે પોતાની આંખોથી દેખવો, બંનેમાં ઘણો ફરક છે. એટલા માટે તો ફારસીમાં કહેવામાં આવે છે. **શુનીદા કય બુવદ માનિન્દે દીદા** સાંભળેલું જોએલા માફક શી રીતે થઈ શકે છે ?!

બુખારી શરીફમાં હઝરત અસન બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى اَكُوْنَ اَحَبَّ اِلَيْهِ مِنْ وَّالِدِهٖ وَوَلَدِهٖ وَالنَّاسِ اَجْمَعِيْنَ.

તમારામાંથી કોઈ ત્યાં સુધી કાલિમ ઈમાનવાળો નથી થઈ શકતો જ્યાં સુધી હું તેના નજીક તેના બાપ, ઔલાદ અને તમામ લોકોથી વધુ પ્રિય ન બની જાઉં.

આ હદીષે પાકમાં કામિલ અને મુકમ્મલ ઈમાન તરફ ઈશારો

કરવામાં આવ્યો છે કે મુસલમાનના દિલમાં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે ઈમાનને લઈને મહોબ્બત તો હોય જ છે, પરંતુ મહોબ્બતના અલગ અલગ પ્રકાર હોય છે, તેમાં અંતિમ કક્ષાની મહોબ્બત એ છે કે, હુઝૂરથી મખ્લૂકમાં સૌથી વધારે મહોબ્બત કરવામાં આવે. બલ્કે દુનિયાની કોઈ પણ ચીજ વસ્તુથી મહોબ્બત આ મહોબ્બતના સદકામાં જ હોવી જોઈએ. એટલે કે જે રસૂલનો તે આપણો અને જે રસૂલો નહીં તે આપણો પણ નહીં, પછી ભલેને ગમે તેટલો નિકટનો હોય.

આપણે તો કાલિમ મહોબ્બતનું વર્ણન કરીએ છીએ, પરંતુ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ના ઈમાન અને મહોબ્બત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આપણને યકીન થઈ જાય છે કે તેમનું ઈમાન આ હદીષે પાક મુજબ કાલિમ અને મુકમ્મલ હતું. કારણ કે તેમણે દીનના માર્ગમાં દિલ ધ્રુજી ઉઠે તેવી તકલીફોનો સામનો કર્યો હતો. તેમના મા બાપને ઈમાન લાવવાના કારણે તેમની નજરો સમક્ષ કાપી નાખવામાં આવ્યાં હતાં, પોતે તેમની ઉપર ઝુલ્મીઓએ કેવા કેવા ઝુલ્મ કર્યા હતા, અંતે તેમણે પોતાનો માલ સામાન અને જમીન જાયદાદ છોડીને અને પોતાનું પ્યારૂ વતન ત્યજીને હબ્શા અને મદીના તરફ હિજરત કરી હતી. તેના અન્ય કિસ્સાઓ **સહાબાની સહનશીલતા** અને **સહાબાની હિજરત**ના પ્રકરણમાં બયાન કરવામાં આવ્યા છે અને મહોબ્બતે રસૂલમાં કાફિર મા બાપ અને સગા સ્નેહીઓ સાથે સંબંધ તોડવામાં તેમણે થોડી પણ ઢીલ આપી ન હતી, બલ્કે સહાબાની સીરતમાં નજર કરવામાં આવે છે તો જાણવા મળે છે કે સહાબાએ કિરામમાંથી ઘણા સહાબાએ જંગોમાં પોતાની તલ્વારથી પોતાના સગા સંબંધીઓને કાફિર હોવાને લઈને જહન્નમ સુધી પહોંચાડયાં છે.

માણસને માલ ઔલાદ અને સગા સંબંધીઓથી મહોબ્બત હોય છે અને પોતાની જાતથી પણ મહોબ્બત હોય છે. પરંતુ બન્ને મહોબ્બતમાં ફરક છે. માણસને પોતાની જાત સાથેની મહોબ્બત તમામ લોકોથી વધારે હોય છે અને તેનો અનુભવ ત્યારે થઈ શકે છે જ્યારે કોઈ ઘરમાં આગ લાગી હોય અને તેમાં બાળકો પણ હોય, પરંતુ બાળ





કોને બચાવવાની કોઈ સૂરત બાકી ન રહે તો તેવા સમયે મા બાપ પોતાની જાન બચી શકે તો બચાવવાની કોશિશ કરે છે. ભલે તે પછી ઔલાદ સળગીને રાખ બની જાય. જાણવા મળ્યું માણસને પોતાની જાતથી દરેક કરતાં વધારે મહોબ્બત હોય છે. પરંતુ ઈમાનનો કામિલ દરજ્જો એ છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના જીવ અને પ્રાણ કરતાં પણ વધુ પ્રિય રાખવામાં આવે અને આ પણ સહાબાએ કિરામની સીરતના અરીસામાં જોવા મળે છે કે સહાબાએ કિરામ જંગના મેદાનમાં ઈસ્લામ માટે કાફિરો સાથે લડીને શહાદતનો રૂત્બો અને પદવી હાંસલ કરવાની કોશિશ કરતા હતા. શહાદત માટે ખુશી પ્રગટ કરવી એ, એ વાતની દલીલ છે કે તેમને અલ્લાહ અને રસૂલ સાથે પોતાની જાન, જીવ અને પ્રાણથી વધુ મહોબ્બત હતી.

બુખારી શરીફમાં છે, એક દિવસ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ બારગાહે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم માં અર્ઝ કરી, અય અલ્લાહના રસૂલ ! આપ મને મારા જીવ સિવાય દરેક ચીજથી પ્રિય છો ! તો સરકારે દોઆલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું, لَا یُؤْمِنُ اَحَدُکُمْ حَتّٰی اَکُوْنَ اَحَبَّ اِلَیْہِ مِنْ نَّفْسِہٖ. તમારામાંથી કોઈ કામિલ મો'મિન નથી થઈ શકતો જ્યાં સુધી હું તેના નજીક તેના પ્રાણથી વધુ પ્રિય ન બની જાઉં. આ ઈર્શાદ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, તે જાતની કસમ ! જેણે આપ પર કિતાબ ઉતારી, આપ મને મારા પ્રાણથી પણ વધુ પ્રિય છો. ત્યારે હુઝૂરે ફર્માવ્યું, હવે તમારૂં ઈમાન સંપૂર્ણ થયું !

આ રિવાયતથી જાણવા મળ્યું કે ઈમાનના દરજએ કમાલ પર ત્યારે જ પહોંચી શકાય છે જ્યારે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની જાતથી પણ વધુ પ્રિય રાખવામાં આવે અને તેની દલીલ એ છે કે પોતાની ચાહત અને ઈચ્છા પર ચાલવામાં ન આવે, પોતાની મનમાની કરવામાં ન આવે, બલ્કે પોતાની મનેચ્છાઓને ત્યજી સરકારે મદીનાની શરીઅત પર અમલ કરવામાં આવે અને કયારેક દીન માટે જાન દેવાની જરૂરત પડે તો ખુશી ખુશી તે રાહમાં પોતાની જાન પણ કુર્બાન કરી દેવામાં આવે. સહાબાએ કિરામની આજ શાન હતી કે કોઈ પણ કામમાં

કયારેક પણ પોતાની મરજી ન ચલાવી, બલ્કે અલ્લાહ અને રસૂલના ઈર્શાદ પર અમલ કરતા અને દીન માટે જરૂરત પડે પોતાના પ્રાણો આપી દેતા. સારાંશ એ કે એક તરફ રસૂલે પાકની હદીષો અને બીજી તરફ સહાબાએ કિરામની સીરત અને જીવન ચરિત્ર રાખવામાં આવે તો દરેકે કહેવું પડશે કે રસૂલે પાકની હદીષોની અમલી તસ્વીરો સહાબાએ કિરામ હતા અને એટલે તો સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :- اَصْحَابِیْ کَالنُّجُوْمِ فَبِاَیِّهِمْ اِقْتَدَیْتُمْ اِهْتَدَیْتُمْ મારા સહાબા તારાઓ સમાન છે તો તેમનામાંથી જેનું પણ અનુસરણ કરશો સીધે માર્ગે રહેશો. એટલે જ કે તેમનું કોઈ કામ ઈસ્લામી શરીઅત વિરૂધ્ધ હશે નહીં અને કયારેક કોઈ ભૂલ કરશે તો બીજા સહાબા તરત જ તેમને બાખબર કરી આપશે. એટલે તેઓ ભૂલ પર પણ રહી શકશે નહીં. અને સહાબાની સિરતમાં એ પણ જોવા મળે છે કે અમીરૂલ મો'મિનીનથી પણ કોઈ ભૂલ થતી તો તરત જ તેમને ચેતવી આપતા હતા. ક્રમે ક્રમે તેમની સીરતના અલગ અલગ ભાગો અલગ અલગ પ્રકરણથી બયાન કરીશ, ઈન્શાઅલ્લાહુ તઆલા.

કુર્આન શરીફની જે આયત ખુત્બામાં બયાન કરવામાં આવી તેમાં ઉલ્લેખ છે કે સગા સંબંધીઓ અને માલ મિલ્કતોથી વધુ અલ્લાહ અને રસૂલને પ્રિય રાખવામાં આવે. તો એક મતલબ તો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યો કે જો તેઓ કાફિર અને મુશ્રિક હોય તો તેમની કોઈ વાત માન્ય રાખવામાં આવશે નહીં અને દિલમાં તેમને જગા આપવામાં આવશે નહીં, અને બીજો મતલબ એ છે કે જો સગા સંબંધીઓ મુસલમાન હોય તો તેમનાથી દિલી મહોબ્બત રાખવામાં આવશે, પરંતુ અલ્લાહ અને રસૂલની મહોબ્બત તેમનાથી અધિક રહેશે. એટલે કે સગા સંબંધીઓની કોઈ વાત ઈસ્લામી શરીઅત વિરૂધ્ધ હોય અથવા કોઈ ગુનાહનું કામ હોય તો તેમાં તેમનો સાથ આપવામાં આવશે નહીં. પ્રથમ તેમને સમજાવવામાં આવશે અને ન સમજે તો પછી ભલેને તે નારાજ થાય પરંતુ તેવા ગલત અને ગુનાહિત કામોમાં તેમનો સાથ આપવામાં આવશે નહીં. કારણ કે જ્યારે અલ્લાહ અને રસૂલ વધુ પ્રિય છે તો તેમની ખુશી, તેમનો ઈર્શાદ અને તેમની શરીઅતને પ્રથમ સ્થાન





આપવામાં આવશે. સહાબાએ કિરામની સીરતમાં વાકયા રૂપે આના પણ નમૂના જોવા મળે છે. તો સહાબાએ કિરામના રસૂલે પાક સાથેના ઈશ્કો મહોબ્બતના વાકયા તમારી ખિદમતમાં રજુ કરવાનો મતલબ એ નથી કે માત્ર તેને સાંભળીને તેમના ઈશ્કો મહોબ્બતની તારીફ કરવામાં આવે, બલ્કે ઈશ્કો મહોબ્બતમાં તેમનું અનુસરણ કરવાની કોશિશ કરવી જોઈએ. કારણ કે તેઓ પણ મુસલમાન હતા અને આપણે પણ મુસલમાન છીએ. તેઓ પણ ઈશ્કો મહોબ્બતવાળા હતા અને આપણે પણ ઈશ્કો મહોબ્બતવાળા છીએ, તેમનું અનુસરણ કરીને સહાબી નથી બની શકતા, તેમના દરજ્જે નથી પહોંચી શકતા, પરંતુ અલ્લાહ અને રસૂલથી ખરી મહોબ્બત કરવાવાળા તો બની શકીએ છીએ. અલ્લાહ તઆલા સહાબાએ કિરામના મિશન પર ચાલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

## ★ મહબ્બતે રસૂલ અને સહાબી ઔરત ★

સીરતે ઈબ્ને હિશામમાં છે ઓહદની લડાઈમાં એક સહાબિયાના બાપ, ભાઈ અને પતિ (શોહર) લડતા લડતા શહીદ થઈ ગયા. તેમને જ્યારે એ જાણ થઈ કે મારા બાપ, ભાઈ અને મારા પતિ શહાદત પામી ગયા છે, તો તેમણે આ ખબર પર ગમ પ્રગટ કરતાં પહેલાં પૂછયું કે પ્રથમ મને એ બતાવો કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શી ખબર છે ? કહેવામાં આવ્યું કે સરકારે દોઆલમ તો સારા અને ખૈરિયતમાં છે. તેણીએ કહ્યું કે મને બતાવો હુઝૂર કયાં છે ? સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દીદાર કરીને કહેવા લાગી, આપ સલામત છો તો દરેક મુસીબત મારા માટે હલકી અને સામાન્ય છે.

આ હતી ઔરતોની સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સાચી ઈમાની મહોબ્બત કે પોતાના નિકટના સગાઓના શહીદ થવાની ખબર આપવામાં આવે છેતો તેઓ તેની તરફ ધ્યાન કેન્દ્રિત નથી કરતી પરંતુ એ વાતની ઈચ્છા પ્રગટ કરે છે કે બધુ રહેવા દો, પ્રથમ અમને એ બતાવો કે સરકારે દો આલમ કેવા છે ! જો આપ ખૈરિયત અને સલામત હોય તો અમારા માથે પહાડ પડવો પણ અમને સામાન્ય લાગે છે. જો આજની ઔરતોને એમની મહોબ્બતે રસૂલમાંથી એક છાંટો પણ મળી જાય તો તેઓ અસંખ્ય ગુનાહોથી બચી શકે છે.

આજની ઔરતોને ગમ એ નથી કે તેમની નમાઝ કઝા થઈ ગઈ છે, પરંતુ તેમને એ વાતની ફિકર હોય છે કે અમારાં ફેશની કપડાં છૂટવાં ન જોઈએ. જો કપડાં તેમની ફર્માઈશ પર આપવામાં ન આવે તો તેમનાં મોઢાંની એ હાલત થાય છે કે જાણે તેમના કુટુંબ કબીલાના લોકો હલાક બરબાદ થઈ ગયા. આજની ઔરતો કપડાં પર દીવાની છે અને રસૂલે પાકના જમાનાની ઔરતો અલ્લાહ અને રસૂલ પર દીવાની હતી. એટલે તેમનાં કામો ઈસ્લામી શરીઅત મુજબ હતાં અને આજની ઔરતો કપડાંની દીવાની છે. એટલે તેઓ તેની પ્રાપ્તિમાં અનેક ગુનાહો કરી લે છે. ઔરતો માટે સત્ય માર્ગ પર આવવાની એક જ યુકિત છે પોતાના દિલોમાં કપડાં લત્તાની નહીં, અલ્લાહ અને રસૂલની મહોબ્બત પેદા કરે ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે :–

**ફિરકે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ કયૂં**
**દિલકો જો અકલ દે ખુદા તેરી ગલીસે જાએ કયૂં**

## ★ હઝરત ઉમરે કાફિર મામાને કત્લ કર્યો ★

જંગે બદ્રમાં મક્કાથી લડવા માટે આવનાર કાફિરો મુહાજિરોના નિકટના સગાઓ હતા. પરંતુ મુહાજિરોના દિલોમાં અલ્લાહ અને રસૂલની મહોબ્બત એટલા વધુ પ્રમાણમાં હતી કે પોતાની સામુ પોતાના બાપ, બેટા અને નિકટના સગાને દેખીને તેમની હિંમતમાં કોઈ કમી આવી શકતી ન હતી, તે જ લડાઈમાં અમીરૂલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો સગો મામો આસ બિન હિશામ બિન મોગીરા ગુસ્સા અને ક્રોધથી મેદાનમાં આવ્યો. તેનાથી મુકાબલો કરવા માટે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ આવ્યા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ તેના માથામાં એટલી તાકતથી તલ્વાર મારી કે તલ્વાર માથું કાપતી જડબા સુધી પહોંચી ગઈ અને હઝરત ફારૂકે આઝમે કિયામત સુધી આવતા મુસલમાનો માટે એ દાખલો કાયમ કર્યો કે કબીલો અને સગાઈ બધુ જ મહોબ્બતે રસૂલ પર કુર્બાન કરી શકાય છે. જે રસૂલનો તે આપણો અને જે રસૂલનો નહીં તે આપણો પણ નહીં, ભલેને ગમે તેટલો નિકટનો હોય.

## ★ હઝરત અબૂબક્ર તથા તેમનો પુત્ર ★

તારીખુલ ખુલ્ફામાં છે હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ પોતાના સાહેબઝાદા હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ થી વાતચીત કરી રહ્યા હતા.





જંગે બદ્ર વિષે ચર્ચા થઈ, હઝરત અબ્દુર્રહમાને ઝમાનએ જાહિલિયતનો કિસ્સો બયાન કરતાં અર્ઝ કરી, અબ્બા હુઝૂર ! જંગે બદ્રમાં હું અબૂજહલના લશ્કર સાથે હતો અને આપ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબા સાથે હતા. જ્યારે લડાઈની આગ ભડકી રહી તી તે સમયે અનેક વખત આપ મારી તલ્વારની લપેટમાં આવ્યા પરંતુ મેં તમારી ઉપર હુમ્લો ન કર્યો. આ વાત સાંભળીને હઝરતે અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું, બેટા ! لَوْ اَهْدَفْتَ لِیْ لَمْ اَنْصَرِفْ مِنْكَ જો તુ મારી લપેટમાં આવી ગયો હોત તો હું તારાથી પાછો ન ફરતો અને તને મારીને જ રહેતો કારણ કે અલ્લાહ અને રસૂલની મહોબ્બતમાં અમારી માન્યતા જ એ છે કે જે તેમનો તે અમારો અને જે તેમનો નહીં અમારો નહીં, પછી સગાઈમાં તે અમારો ગમે તેટલો નિકટનો હોય.

## ★ હઝરત અબૂ હુઝૈફાએ બાપ સામે તલ્વાર ખેંચી ! ★

સીરતે ઈબ્ને હિશામમાં છે, જંગે બદ્રમાં કાફિર લશ્કરનો જનરલ ઉત્બા બિન રબીઆ હતો. તે મુકાબલા માટે મેદાનમાં આવ્યો, મુસલમાનો તરફથી તેના બેટા હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ તલ્વાર ખેંચીને તેની સાથે લડવા માટે નીકળ્યા. પરંતુ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ પસંદ ન આવ્યું કે બેટાની તલ્વારથી બાપનું લોહી વહે, એટલે તેમને સ્થાને હઝરત હમ્ઝા رضی اللہ عنہ ને મોકલ્યા. આપે તેને કત્લ કર્યો.

બાપને કતલ કરવા માટે નીકળવું કોઈ સામાન્ય કામ નથી ! પરંતુ સહાબાએ કિરામ દુનિયાની સઘળી સગાઈઓ અને સંબંધોને ઈમાનના ત્રાજવામાં લાવીને જોખતા હતા. ઈમાનવાળો ગેર હોય તો પણ તે તેમને ભાઈથી વધારે પ્યારો હતો અને બાપ ગેરમુસ્લિમ હોય તો તેમને દુશ્મનથી વધુ બુરો લાગતો હતો. કારણ કે દરેક સગાઈ અને સંબંધની ઈજ્જત અને કદ્ર ઈમાન પછી જ થાય છે, ઈમાન વગર બધી નિસ્બતો બેકાર અને બેઈજ્જત છે.

## ★ બાપના ગળા પર તલ્વાર મૂકી ! ★

તારીખે ખમીસમાં છે, સન હિજરી પાંચમાં બનૂ મુસ્તલિકની ખ્યાતિ પામેલ લડાઈ થઈ હતી. તે લડાઈમાં એક મુહાજિર અને એક અન્સારની પરસ્પર બોલા ચાલી થઈ. (મુહાજિર મક્કા શરીફથી હિજરત

કરીને મદીના આવેલો મુસલમાન, અન્સારી મદીનાનો મુસલમાન) વાત સામાન્ય હતી પરંતુ જોત જોતામાં તેણે ઘણું મોટું રૂપ ધારણ કરી લીધું અને બંનેમાંથી એક બીજાએ પોતાની કોમથી મદદ માંગી. બે પાર્ટીઓ પડી ગઈ. નજીક હતું કે લડાઈ થઈ જાય, પરંતુ અમુક લોકોએ વચમાં પડીને સુલેહ કરાવી.

અબ્દુલ્લાહ બિન ઓબય મુનાફિકોનો સરદાર અને મુસલમાનોનો સખ્ત દુશ્મન અને વિરોધી હતો. પરંતુ તે પોતાને મુસલમાન જાહેર કરતો હતો અને તેની સાથે ગેરમુસ્લિમ જેવો વર્તાવ કરવામાં ન આવતો હતો અને સઘળા મુનાફિકો સાથે આજ પ્રમાણેનો વર્તાવ કરવામાં આવતો હતો. તેને જ્યારે મુહાજિર અને અન્સારીની પરસ્પર લડાઈની ખબર થઈ તો તેણે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુરાઈ કરી અને પોતાના દોસ્તોને સંબોધીને કહ્યું કે આ બધી તમારી ભૂલોનો બદલો છે તમે જ તેમને પોતાના શહેરમાં ઠેકાણું આપ્યું, પોતાના માલ તેમને અડધા અડધા વહેંચી આપ્યા. જો તમે તેમની મદદ બંધ કરી આપો તો તેઓ ચાલ્યા જશે અને એ પણ કહ્યું કે ખુદાની કસમ ! જો અમે મદીના પહોંચીશું તો અમે ઈજ્જતવાળા મળીને તે બેઈજ્જત લોકોને બહાર કરી દઈશું.

હઝરત ઝૈદ બિન અકરમ નાની ઉમરના છોકરા હતા. તેઓ અબ્દુલ્લાહ બિન ઓબયના ભાષણ વખતે ત્યાં હાજર હતા, તેઓ મુનાફિકની વાત સહન ન કરી શકયા અને ફર્માવવા લાગ્યા, ખુદાની કસમ ! તુ બેઈજ્જત છે અને તારી કોમ પણ તને આડી આંખે દેખે છે. તારી મદદ કરવાવાળો કોઈ નથી અને મોહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈજ્જતવાળા છે. અબ્દુલ્લાહ બિન ઓબયે હઝરત ઝૈદના ગરમ ગરમ શબ્દો સાંભળ્યા તો સમજી ગયો કે મારા ભાષણનું પરિણામ સારૂં નહીં આવે, તો તેણે કહ્યું, તમે તમારૂં કામ કરો, હું તો મસ્તી કરી રહ્યો હતો. પરંતુ હઝરત ઝૈદે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કહી સંભળાવ્યું, આ વાત સાંભળતાની સાથે હઝરત ઉમરે બારગાહે રિસાલતમાં પરવાનગી માંગી કે આકા મને રજા આપો તો હું તે કાફિરને કતલ કરી નાંખુ ! પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રજા ન આપી.





અબ્દુલ્લાહ બિન ઓબય મુનાફિકને ખબર મળી કે ઝૈદે સરકારે મદીનાને મારી વાતો પહોંચાડી છે. અન્સારના અમુક લોકો ખિદમતે અકદસમાં હાજર હતા. તેમણે અરજ કરી, અલ્લાહના રસૂલ ! અબ્દુલ્લાહ બિન ઓબય કોમનો સરદાર છે, મોટો માણસ ગણવામાં આવે છે. એક બાળકની વાત તેના વિરોધમાં સાંભળવામાં ન આવે. શકય છે કે ઝૈદથી સાંભળવામાં કોઈ ભૂલ થઈ હોય ? સરકારે મદીનાએ તેમની વાત માન્ય રાખી અને તેની વિરોધમાં કોઈ કારવાઈ કરવામાં ન આવી.

અબ્દુલ્લાહ બિન ઓબયએ તો જૂઠી કસમો ખાઈને પોતાની વાત મનાવી લીધી અને હઝરત ઝૈદ પર જૂઠનો આરોપ લગાવી તેમને બદનામ કરવાની કોશિશ કરી. હઝરત ઝૈદ رضی اللہ عنہ ને ખબર થઈ કે અબ્દુલ્લાહ બિન ઓબયે જૂઠી કસમ ખાઈને મારી ઉપર જૂઠનો આક્ષેપ લગાવ્યો છે, તો આપે શરમજનક થઈને બહાર નીકળવાનું છોડી દીધું. અંતે સૂરએ મુનાફેકૂન નાઝિલ થઈ, જેમાં મુનાફિકોને જૂઠા સાબિત કરવામાં આવ્યા અને અબ્દુલ્લાહ બિન ઓબયના કસમોનું રહસ્ય જાહેર થઈ ગયું, હઝરત ઝૈદની ઈજ્જત લોકોમાં વધી ગઈ અને અબ્દુલ્લાહ બિન ઓબયનો કિસ્સો પણ લોકોમાં જાહેર થઈ ગયો કે તેણે મુનાફિકે રસૂલે પાક અને આપના મુહાજિર સહાબીની બાબત કેવી ખરાબ વાતોનું લેકચર કર્યું હતું.

અબ્દુલ્લાહ બિન ઓબય મુનાફિકના ફરઝંદનું નામ અબ્દુલ્લાહ હતું, પરંતુ આપ સાચા અને પાકા મુસલમાન અને આશિકે રસૂલ હતા. જ્યારે તેમને જાણવા મળ્યું કે મારા બાપે રસૂલે પાકની શાનમાં ગુસ્તાખી કરી છે તો જંગથી પરત આવવા પર મદીના મુનવ્વરાથી બહાર તલ્વાર લઈને ઉભા થઈ ગયા અને પોતાના બાપને કહ્યું કે હું તને મદીનામાં ત્યાં સુધી પ્રવેશવા નહીં દઉં, જ્યાં સુધી તુ એ વાતનો ઈકરાર ન કરે કે તુ બેઈજ્જત છે અને મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈજ્જતવાળા છે ! તે અચરજમાં પડી ગયો ! કારણ કે હઝરત અબ્દુલ્લાહ પોતાના બાપ સાથે હમેશાં સારો વર્તાવ કરતા હતા, પરંતુ હુઝૂરના વિરોધમાં બાપની કોઈ ઈજ્જત અને મહોબ્બત બાકી રહેતી નથી ! અંતે તેણે મજબૂર થઈને કહ્યું, વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈજ્જતવાળા છે. ત્યાર બાદ મદીનામાં પ્રવેશવા દીધો.

## ★ કાફિર બાપને બિસ્તર ન બેસવા દીધો ! ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ના વાલિદ હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ સુલહે હુદૈબિયાના જમાનામાં મદીના શરીફ આવ્યા, પરંતુ ત્યારે આપ મુસલમાન ન થયા હતા. તેઓ પોતાની બેટી ઉમ્મે સલ્માને મળવા આવ્યા અને રસૂલે પાકની પથારી પાથરેલી હતી, તેની ઉપર બેસવા લાગ્યા. હઝરત ઉમ્મે સલ્માએ બિસ્તર (પથારી) ઊંધી કરી દીધી અને ફર્માવ્યું, આ અલ્લાહના હબીબનો પાક બિસ્તર છે અને તમે મુશ્રિક હોવાને લઈને નાપાક છો એટલા માટે બિસ્તરે નબુવ્વત પર નથી બેસી શકતા ! અબૂ સુફયાનને તેનાથી ઘણો અફસોસ થયો, પરંતુ હઝરત ઉમ્મે હબીબાના દિલમાં જે રસૂલે પાકની અઝમત અને મહોબ્બત હતી, જેને લઈને તેઓ કયારે સહન કરી શકે છે કે નબુવ્વતના બિસ્તર પર એક મુશ્રિક બેસે !

ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ પોતાના બાપની ઈજ્જત ન કરી અને તેમને રસૂલે પાકની પથારી પર બેસવા ન દીધા. એટલા માટે કે તેઓ તે સમયે મુસલમાન ન થયા હતા. રસૂલે પાકનો દુશ્મન બાપ હોય તો તે પણ ઈજ્જતના લાયક રહી જતો નથી. કારણ કે મહોબ્બતે રસૂલ મખ્લૂકથી અધિક હોવી જોઈએ. તે દાવાની અમલ રૂપે દલીલ હતી અને તેનું જ નામ ખરી મહોબ્બત છે.

આ વાકયાથી આજની ઔરતોએ સબક લેવો જોઈએ. તેમને અલ્લાહ અને રસૂલથી મહોબ્બતનો દાવો છે પરંતુ તેમની પાસે મહોબ્બતની દલીલ જોવા મળતી નથી. કારણ કે તે જમાનાની ઔરતો તો અલ્લાહ અને રસૂલની મહોબ્બતમાં તેમના ફર્માન પર અમલ કરતાં હતાં અને જે અલ્લાહ અને રસૂલને નાપસંદ હતું તેની નિકટ પણ જતી ન હતી. જેઓ અલ્લાહ અને રસૂલના દુશ્મન હતા તે કેટલા નિકટના સગા બલ્કે બાપ હોવા છતાં તેની ઈજ્જત કરતી ન હતી. અને આજની ઔરતોને હીરો હીરોઈનો પસંદ આવે, ફિલ્મી ગાયનો અને મ્યુઝિક પસંદ આવે. ખુલ્લું શરીર રહે તેવા ફેશની કપડાં સારા લાગે, શાદી વિવાહમાં નાચવું ગાવું પસંદ આવે, મરદો સામે બજારી ઔરતો બનીને ફરવું પસંદ આવે. સારાંશ એ કે અલ્લાહ અને રસૂલને જે નાપસંદ છે તે તેમને





પસંદ છે, અને જે તેમને પસંદ છે તે ઔરતોને નાપસંદ છે ! આને સાચી મહોબ્બત ન કહેવાય ? કારણ કે જેનાથી મહોબ્બત હોય છે તેને અને તેની વાતોને પ્રિય રાખવામાં આવે છે. જો ઔરતોને અલ્લાહ અને રસૂલથી સાચી મહોબ્બત હોય તો તેમણે શરીઅત વિરોધની સઘળી વાતોને ત્યજી દેવી જોઈએ.

સહાબાએ કિરામ સરકારે દો આલમની પસંદને કેટલી ઉત્તમતા આપતા હતા તેની તાલીમ આ વાકયાથી પણ મળી શકે છે. નસીમુર્રિયાઝમાં છે. ફત્હે મક્કાના દિવસે અમીરૂલ મો'મિનીન હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ ના વાલિદ અબૂ કોહાફા મુસલમાન થયા તો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઘણી ખુશી પ્રગટ કરી. ત્યારે હઝરત અબૂ બકરે અરજ કરી, કસમ છે તે જાતની જેણે આપને હક સાથે મોકલ્યા, મારા બાપના ઈમાન લાવવા કરતાં આપના કાકા અબૂ તાલિબ ઈમાન લાવતા તે મારી આંખોને વધુ ઠંડી કરનાર હતું. (કારણ કે મારા બાપનો સંબંધ મારી સાથે છે અને આપના કાકાનો સંબંધ આપની સાથે છે અને જેનો સંબંધ આપની સાથે હોય તે મને વધુ પસંદ છે.)

બયહકી શરીફમાં ફત્હે મક્કામાં હઝરત અબ્બાસ અબૂ સુફયાન બિન હર્બને જે હજુ સુધી ઈમાન લાવ્યા ન હતા, પોતાની પાછળ ટટ્ટુ પર સવારી કરીને લાવ્યા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમે અરજ કરી, હુઝૂર ! રજા આપો તો આ ખુદાના દુશ્મનનું ગળું કાપી નાખું ? હઝરત અબ્બાસે અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! મેં અબૂ સુફયાનને પનાહ આપી છે. હઝરતે ઉમર ફારૂકે આ'ઝમે અનેક વખત રજા માંગી કે જો મને પરવાનગી આપો તો હું તેમને કતલ કરી નાંખું ? હઝરતે અબ્બાસે કહ્યું, અય ઈબ્ને ખત્તાબ ! અબૂ સુફયાન કબીલએ બનૂ અદીમાંથી હોતા તો તમે તેમની બાબત આવુ ન કહેત. હઝરત ઉમર ફારૂકે આઝમે ફર્માવ્યું, અય અબ્બાસ ! જે દિવસે આપ ઈમાન લાવ્યા, આપનું ઈસ્લામ સ્વીકારવું મારા નજીક મારા બાપ ખત્તાબના ઈસ્લામ સ્વીકારવાથી વધુ પ્રિય હતું. (એટલા માટે કે અબ્બાસ رضی اللہ عنہ સરકારે દો આલમના કાકા છે, તેમનો સંબંધ સરકારે મદીના સાથે છે, જ્યારે કે ખત્તાબનો સંબંધ ઉમર ફારૂકે આ'ઝમ સાથે છે. જાહેર વાત છે કે સરકારની ખુશી જેમાં

વધારે હોય આપના આશિકને પણ તેમાં વધુ ખુશી પ્રગટ થાય છે.)

ઉપરોકત રિવાયતોથી જાણવા મળ્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સહાબાએ કિરામને એવી સાચી મહોબ્બત હતી કે રસૂલની તમામ નિસ્બતો અને સંબંધોને તેઓ ઈજ્જતની નજરથી દેખતા, તેની તા'ઝીમ કરતા અને રસૂલે પાકની ખુશીમાં ખુશ રહેતા. આપ નારાજ થાય તેવું કોઈ પણ કામ ન કરતા.

## ★ સુહાગ રાતે જ જંગના મેદાનમાં ! ★

મવાહિબે લદુનિય્યહ્માં છે, જંગે ઓહદના દિવસોમાં હંઝલા બિન અબી આમિર رضی اللہ عنہ ની શાદી થઈ હતી. જે રાતે આપ પોતાની દુલ્હનને વિવાહ કરીને લાવ્યા, તે જ રાતે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી એલાન કરવામાં આવ્યું કે, કુફફાર મદીના મુનવ્વરા પર હુમલો કરવાના છે, તેમનો મુકાબલો કરવા માટે લડાઈના મેદાનમાં ચાલો.

હઝરત હંઝલા رضی اللہ عنہ નવયુવાન હતા અને નવી નવી શાદી હતી, પરંતુ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત તેમના દિલમાં એટલા પ્રમાણમાં હતી કે, દુનિયાની કોઈ ચીજની મહોબ્બત અને પ્યાર તેમના માર્ગમાં રૂકાવટ ન બની શકતી હતી. એલાન સાંભળતાંની સાથે બધું જ ભૂલી ગયા અને નવી દુલ્હનનો પ્યાર પણ યાદ ન રહ્યો.

**સબસે બેગાના રહે યારો શનાસા તેરા**
**હૂર પે આંખ ન ડાલે કભી શૈદા તેરા**

એટલે કે દુનિયાની ઔરતો શું ચીજ છે ? બેમિષાલ હુસ્ન અને ખુબસૂરતીવાળી ઔરતો જેમનામાં કોઈ પણ પ્રકારની ગંદકી નહીં, જેને અલ્લાહ તઆલાએ માણસના ઈનામ માટે પેદા ફર્માવી છે, જેને શરીઅતની પરિભાષામાં હૂર કહેવામાં આવે છે, રસૂલે પાકની મહોબ્બતમાં તેને પણ ભૂલી જાય. એટલે જ કોઈ શાઈરે લખ્યું છે :–

**જન્નતમેં કૈસે દિલ બહલાએંગે ફરિશ્તે યા રબ**
**ઉન્કે આશિકકો ગર યાદ મદીના આયા.**

મેદાને જેહાદમાં જવા માટે તૈયારી કરવા લાગ્યા, તે ફિકરમાં આપને ગુસ્લે ફર્ઝ પણ યાદ ન રહ્યું અને તે જ હાલતમાં લડાઈના મેદાનમાં





પહોંચી ગયા અને તે જ દિવસે લડતા લડતા રસૂલે પાકની નિગાહો સામે શહીદ થઈ ગયા. લડાઈ ખત્મ થયા બાદ શહીદોની લાશો ભેગી કરવાનો આદેશ આપવામાં આવ્યો. બધા શહીદોની લાશો મળી આવી. પરંતુ હઝરત હંઝલા رضی اللہ عنہ ની લાશ જોવા ન મળી. રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આકાશ તરફ નિગાહ કરીને ફર્માવ્યું કે હઝરત હંઝલાની લાશને ફરિશ્તાઓ નૂરાની તખ્ત પર સુવડાવીને રહમતના પાણીથી ગુસ્લ આપી રહ્યા છે ! તે જ દિવસથી આપનું લકબ અને ઉપનામ 'ગસીલુલ મલાએકા' પડી ગયું.

મારી બહેનો ! આ હતી સહાબાની રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સાચી, પાકી અને સત્ય મહોબ્બત કે નબીએ પાક તરફથી કાફિરો સાથે જંગનું એલાન સાંભળતા તો આપના આદેશ પર અમલ કરવાનો તેમને એટલો શોખ રહેતો કે તેઓ બીજી દિશાએ બધું જ ભૂલી જતા હતા. વાઈફની મહોબ્બત તો શું પોતાની જાન અને જીવની મહોબ્બત પણ છોડી આપતા હતા. સગા, સંબંધી અને સ્નેહીઓની મહોબ્બત અને પ્રેમ તેમના માર્ગમાં રૂકાવટ બની શકતો ન હતો, બલ્કે નબીના નામ પર પ્રાણ આપવો તેમને જીવંત રહેવાથી વધું પ્રિય હતું.

તમારા દિમાગ શરીફમાં એ સવાલ ઉપસ્થિત થઈ શકે છે કે જ્યારે તેમની ઉપર ગુસ્લ કરવું ફર્ઝ હતું તો તેમને યાદ કેમ ન રહ્યું કે મારે ગુસ્લ કરવાનું છે ?! તો એનો જવાબ કુર્આન શરીફના સૂરએ યુસૂફમાં છે કે હઝરતે યુસૂફ علیہ الصلوٰۃ والتسلیم નો ચહેરો દેખીને મિસ્રની ઔરતોએ લીંબુની જગાએ પોતાની આંગળીઓ કાપી નાખી અને તેમને ખબર પણ ન પડી, જ્યારે હઝરત યુસૂફ علیہ الصلوٰۃ والتسلیم ત્યાંથી પસાર થઈ ગયા ત્યારે તેમને જાણવા મળ્યું કે આંગળીઓ કપાઈ ગઈ છે ! તો જ્યારે યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم ને માત્ર જોવાની નિય્યતે જોવાથી ઔરતોની એવી હાલત થઈ, તો પછી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈમાની મહોબ્બતથી દીદાર કરવાવાળાને આપના આદેશ પર અમલ કરવામાં શું યાદ રહી શકે છે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ઈર્શાદ ફર્માવે છે :–

**હુસ્ને યુસૂફપે કટી મિસ્રમેં અંગુશ્તે ઝનાં**
**ગર્દન કટાતે હંચ તેરે નામ પર મર્દાને અરબ**

ઈશ્કો મહોબ્બતમાં દીવાના થઈને હઝરત હંઝલા જંગની તૈયારીમાં લાગ્યા અને ગુસ્લે ફર્ઝ ભૂલી ગયા, તો અલ્લાહ તઆલા તરફથી તેમના ગુસ્લની વ્યવસ્થા ફરિશ્તાઓ મારફત કરવામાં આવી. જેને લઈને આજ સુધી હઝરત હંઝલાના નામની સાથે તેમનું ઉપનામ 'ગસીલુલ મલાએકા' બોલવામાં આવે છે.

નબીના આદેશ પર અમલ કરવામાં તેમને વાઈફની મહોબ્બત યાદ ન રહી, ગુસ્લ કરવું યાદ ન રહ્યું, પોતાની જાતનો પ્યાર યાદ ન રહ્યો અને તરત જ અમલ માટે તૈયાર થઈ ગયા. અને આજે આપણી એ હાલત છે કે સૂવાની મહોબ્બતમાં આપણને નમાઝ યાદ રહેતી નથી, શાદી વ્યાહમાં રસૂલે પાકની શરીઅત યાદ રહેતી નથી, ઔલાદની મહોબ્બતમાં નબીનો આદેશ યાદ રહેતો નથી, હવે આપણી મહોબ્બત સાચી છે કે બનાવટી ? તે આપણે પોતે વિચાર કરવો જોઈએ. જો અલ્લાહ અને રસૂલથી આપણને સત્ય મહોબ્બત હોય તો મહોબ્બતની ચાહત (તકાઝા) પ્રમાણે આપણો અમલ હોવો જોઈએ.

સહાબાની મહોબ્બતે રસૂલમાં અને આપણી મહોબ્બતે રસૂલમાં કેટલો ફરક અને તફાવત છે કે સહાબા પોતાનું ગળુ કપાવા માટે પણ તૈયાર રહેતા હતા અને આપણે નમાઝમાં પેશાની નમાવવાથી પણ આળસ કરીએ છીએ ! તેઓ નબીના ચહેરાનો દીદાર કરવા માટે બેચેન અને બેકરાર રહેતા હતા અને આપણે ફિલ્મો જોવા બેચેન રહીએ છીએ ! તેઓ નબીની મહોબ્બતમાં રાતમાં સૂતા ન હતા ! જાગી જાગીને પસાર કરતા હતા, આજે આપણે ટી.વી. જોવામાં જાગી જાગીને પસાર કરીએ છીએ ! તેઓ ઈસ્લામી શરીઅત પર અમલ કરવામાં પોતાની કામયાબી સમજતા હતા અને આપણે દુનિયાદારોની ફેશનોમાં જીવન ગુજારવાને કામયાબી સમજીએ છીએ ! તેમને નબીના ચહેરાનો દીદાર કરવાનો શોખ હતો અને આપણને હીરો હીરોઈનોના ચહેરા જોવાનો શોખ છે ! શું તમને ખબર નથી કે ખુદાની ઈબાદતગાહો ખાલી થઈ ગઈ છે અને સીનમા હોલો આબાદ થઈ ગયા છે ? અને અફસોસની વાત તો એ છે કે મુસલમાન પોતે જ સીનમો હોલોના માલિક બની ગયા છે ! આજે તકરીરની મહેફિલોમાં અમુક લોકો આવતા હોય છે અને તેમને





પણ લાવવા માટે ન્યાઝની અને ખાવાની વ્યવસ્થા કરવી પડે છે ! અલ્લાહ જાણે ખાવા આવે છે કે પછી દીનની વાતો સાંભળવા ? પરંતુ સીનેમા હોલોમાં સામે પૈસા ખર્ચીને જોવા જાય છે. રસૂલે પાકની સુન્નતમાં સજેલા આબિદો પસંદ ન આવે અને હીરોનું રૂપ ધારણ કરનાર અધિક પ્રિય લાગે. નિકાબ અને પર્દામાં રહેનારી ઔરતોથી નફરત આવે અને ફેશનેબલ બજારી ઔરતોથી પ્રેમ જાગી આવે. સારાંશ એ કે મહોબ્બત અને પ્રેમ સહાબાને પણ હતો અને આપણે પણ કરીએ છીએ. ફરક એટલો કે દરેક કામમાં આપણુ ધ્યાન દુનિયા તરફ છે અને તેમનું ધ્યાન દીન તરફ હતું. તેમનું કામ આખેરતમાં કામયાબી પ્રાપ્ત કરવાના હેતુથી હતું અને આપણું કામ કામ દુનિયાની સફળતા પ્રાપ્ત કરવાના હેતુથી છે. અલ્લાહ તઆલા આપણને સત્ય માર્ગે ચલાવે અને આખેરતમાં કામયાબી મળે તેવાં કામો કરવાની તૌફીક બખ્શે.

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن આ દુનિયામાં રસૂલે પાકની હયાતીમાં તો આપના મુબારક ચહેરાનો દીદાર કરીને જ શાંતિ મેળવતા હતા, પરંતુ આખેરતમાં જન્નતમાં પ્રવેશ્યા બાદ નબીનો દીદાર કેમ કરી મળશે, તેની ફિકરમાં રહેતા હતા. દુર્રે મન્સૂરમાં છે, હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا બયાન ફર્માવે છે, એક સહાબીએ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપી અને અરજ કરી, યા રસૂલલ્લાહ ! તમે તો કોઈ પણ શંકા વિના મને મારા પ્રાણ અને મારી ઔલાદથી અધિક પ્રિય છો. હું મારા ઘરમાં હોય તો પણ, પરંતુ જ્યારે આપ મને યાદ આવો છો તો જ્યાં સુધી આપની ખિદમતમાં હાજરી આપી આપનો દીદાર ન કરી લઉં ત્યાં સુધી મને ચેન મળતું નથી. પણ જ્યારે આ દુનિયાથી આખેરતનો સફર કરી જન્નતમાં પ્રવેશી અંબિયાએ કિરામ علیہم الصلوٰۃ والسلام ની સાથે ઉચ્ચ મુકામે આપ હશો અને હું નીચલા દરજ્જામાં હોવાને લઈને એ વાતથી ડરૂં છું કે કયાંક તમને દેખી ન શકું તો ? આ વાત સાંભળીને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ચૂપ રહ્યા, કયાંક જવાબ ન આપ્યો. એટલામાં હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام આ આયત લઈને બારગાહે નબીમાં પધાર્યા....

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا

"અને જે અલ્લાહ અને રસૂલનો હુકમ માને તો તેને એવાઓનો સાથ મળશે જેમના પર અલ્લાહે ઈનામ કર્યું એટલે કે નબીઓ અને સિદ્દીકો અને શહીદ અને નેક લોકો, આ કેટલા સરસ સાથી છે."

આ આયતમાં બશારત અને ખુશ ખબરી સંભળાવવામાં આવી છે કે, જેમને અલ્લાહ અને રસૂલ સાથે મહોબ્બત છે તેમના ફર્માન પર અમલ કરે છે, તેમને જન્નતમાં મહબૂબીને બારગાહે ઈલાહીના દીદારથી મહરૂમ રાખવામાં નહીં આવે બલ્કે તેમની સોહબતમાં જગા આપવામાં આવશે. એટલે તેમણે આખેરતમાં નબીનો દીદાર કેમ કરી થશે તેની ફિકરમાં ન રહેવું જોઈએ. હા ! આખેરતમાં દીદાર કયા કારણસર મળશે તેને ભૂલવું ન જોઈએ અને તે કારણ છે અલ્લાહ અને રસૂલના ફર્માન પર અમલ કરવો અને તેમના ઈર્શાદ મુજબ જીવન વિતાવવું. જો તમારે આખેરતમાં અલ્લાહના મહબૂબોનો દીદાર કરવો હોય અને તેમની સોહબતમાં રહેવું હોય તો તેમના ઈર્શાદ મુજબ ચાલવું પડશે. જીભથી મહોબ્બતના નારા અને એક વાત પર અમલ નહીં ! તેને સત્ય મહોબ્બત ન કહેવાય.

વાત ચાલી રહી છે તો એક જરૂરી વાત તરફ પણ ઈશારો કરતો ચાલું, મવાઈઝે નઈમિયામાં મુફતી અહમદ યારખાં સાહેબે લખેલું છે કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ની ખિદમતે અકદસમાં એક શાયર સાહેબ પધાર્યા અને રજા માંગી તેમણે પોતાના લખેલા શેઅરો સંભળાવવાના શરૂ કર્યા. શાયર સાહેબે પોતાની શાયરીમાં રસૂલે પાક સાથે પોતાના ઈશ્કો મહોબ્બતનું જતન કર્યું હતું. તેનો ટૂંકસાર એ છે કે, યા રસૂલલ્લાહ ! મને આપથી બેહદ પ્યાર અને મહોબ્બત છે. હું આપના દીદાર માટે બેચેન છું. આપની મહોબ્બતમાં રાત જાગીને પસાર કરૂં છું. આંખોથી સતત અશ્રુવર્ષા થયા કરે છે. આમ પોતાની રીતે થઈ શકે તેટલી તારીફ કરી. જ્યારે તેમણે પોતાના અશઆર સંભળાવી દીધા અને બેસી ગયા, ત્યારે આ'લા હઝરતે તેમને નસીહત





કરતાં કહ્યું કે, શાયર સાહેબ ! જો ખરેખર તમારી આવી જ હાલત છે, જે તમે બયાન કરી તો તમે અલ્લાહના વલી છો અને જો તમારી હાલત તમારા કહેવા મુજબ નથી તો તમે જૂઠું બોલ્યા, અને તે પણ રસૂલે પાકની ખિદમતે અકદસમાં જેમને તમારી હાલતની ખબર છે !

આ નસીહતથી જાણવા મળ્યું કે કયારેક માણસ પોતાની મહોબ્બતનું જતન કરે છે, પરંતુ તેના અમલ પર ધ્યાન આપવાથી તેના કામો શરીઅત વિરૂધ્ધ હોય છે, તો માત્ર દાવો નહીં, પોતાની હાલત પણ તે જ પ્રમાણે બનાવાની કોશિશ કરવી જોઈએ. સહાબાએ કિરામ પોતાની હાલત પણ તે જ પ્રમાણે રાખતા હતા અને જેવી તેમની હાલત હતી તે જ પ્રમાણે પોતાની બેચેની અને બેકરારી પ્રગટ કરતા હતા.

હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ નસીહત ફર્માવ્યા કરતા હતા કે જો તમને પૂછવામાં આવે કે, તમને અલ્લાહ અને રસૂલથી મહોબ્બત છે ? તો તેના જવાબમાં ચૂપ ચાપ રહો. કારણ કે જો તમે આમ જવાબ આપો કે મહોબ્બત નથી, તો કાફિર થઈ જશો અને જવાબ આપશો કે મહોબ્બત છે તો તમારી હાલત તે પ્રમાણે નથી ! તો જૂઠ થઈ જશે. એટલે બહેતર અને ઉત્તમ જવાબ ખામોશ રહેવું છે. હા ! જો તમારે મહોબ્બતનું જતન કરવું હોય તો પ્રથમ પોતાની હાલત એવી બનાવો તા કે અમલથી તમારો દાવો સત્ય બને અને એટલે જ હઝરત રાહેબા رضی اللہ عنہا ફર્માવ્યા કરતી હતી :–

لَوْكَانَ حُبُّكَ صَادِقًا لَاَطَعْتَهٗ اِنَّ الْمُحِبَّ لِمَنْ يُّحِبُّ مُطِيْعٌ

જો તમારી મહોબ્બતનો દાવો સાચો હોત, તો તમે જરૂર તેના હુકમનું પાલન કરતા, કારણ કે આશિક મહબૂબના હુકમનું પાલન કરનાર હોય છે. જુઓ સહાબાએ કિરામની અલ્લાહ અને રસૂલ સાથે સત્ય મહોબ્બત હતી તો તેમના અમલ પણ કેવા હતા કે લડાઈના મેદાનોમાં પણ તેઓ જમાઅતની સાથે નમાઝ અદા કરતા હતા.

**આ ગયા ઐન લડાઈમેં અગર વક્તે નમાઝ**
**કિબ્લા રૂ હોકે ઝમીંબોસ હુઈ કૌમે હિજાઝ**

**એક હી સફમેં ખળે હો ગએ મહમૂદો અયાઝ**
**ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ**

શું તમને ખબર છે ? હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ અને તેમના સાથીઓ કરબલાના મેદાનમાં ભૂખે અને તરસે રહીને પણ જમાઅતની સાથે ફર્ઝ નમાઝો અદા કરતા હતા. દીનના માર્ગમાં અમલ કરવાથી કોઈ ચીજ વસ્તુ અને તકલીફ તથા મુસીબત તેમને રોકી શકતી ન હતી. કેમ ? એટલે જ કે તેમની પાસે અલ્લાહ અને રસૂલની સાચી મહોબ્બત હતી એટલે તેમની હાલત પણ મહોબ્બત પ્રમાણે જ હતી. આજે આપણે ઘરમાં આરામથી રહીને નમાઝો છોડીએ છીએ. એક કપ ફૂટી જાય તેનો ગમ, પણ નમાઝ કઝા કરવાનો કોઈ ગમ નહીં ! જે નમાઝ બીમારીની હાલતમાં પણ માફ નહીં તેને તંદુરસ્તીની હાલતમાં ત્યજી દઈએ છીએ ! દુનિયાના કામો ટાઈમસર કરવાનો મોકો મળે છે, પરંતુ નમાઝને ટાઈમસર અદા કરવા માટે ફુરસદ નથી. શું દીનથી આટલા દૂર થઈને પણ આપણને એ શોભા આપે છે કે આપણે આપણા મુખેથી મહોબ્બતનું જતન કરીએ ? અય આશિક ! ઈશ્ક કહેવાનો શબ્દ નથી, ઈશ્ક એક દિલી હાલત છે, તે આશિકના લક્ષણો પરથી જાણી લેવામાં આવે છે !

શું તમને ખબર છે ? યઝીદ તાબઈ હતો, સહાબીનો બેટો હતો, ઉત્તમ જમાનામાં પેદા થયો હતો, ઈશ્કો મહોબ્બતનો દાવો કરતો હતો, મુસલમાનોનો અમીર બન્યો હતો, તો પણ ઈમામ હુસૈન અને તે જમાનાના સહાબાએ કિરામે તેને કબૂલ ન કર્યો અને તેના હાથમાં હાથ આપવો ગુનાહનું કામ જાણ્યું અને હઝરત ઈમામ હુસૈન તો શહીદ થયા પરંતુ તેની સામું નમતી આપી નહીં. એટલા માટે કે દારૂ પીતો, બદકારી કરતો, દાઢી કપાવતો, નમાઝો ન પઢતો અને બીજી અન્ય બુરાઈઓ જેને લઈને તે ફાસિકે મોઅલિન બની ગયો હતો, પછી તેની સામુ એક સાચો આશિકે રસૂલ અને આપનો જ નવાસો નમતી શી રીતે આપી શકે છે ?

સ્પષ્ટ થયું કે કરબલાનું યુધ્ધ કાફિર અને મુસલમાનની વચમાં નહીં પરંતુ સાચા અને જૂઠા આશિકોની વચમાં હતું. સાચા આશિકો મહોબ્બતના દાવા સાથે તેવા અમલો પણ ચાહતા હતા અને હુકૂમત માટે તેવા જ લોકોને નિયુકત કરવા માંગતા હતા. જો આપણને અલ્લાહ





અને રસૂલથી સત્ય મહોબ્બત હશે તો કોઈ પણ હુસૈની યઝીદી અમલ અપનાવશે નહીં. અલ્લાહ તઆલા તૌફીક અતા ફર્માવે.

સહાબાએ કિરામની તમન્ના એ હતી કે અમે ગમે તેવી હાલતમાં રહીએ, પરંતુ અમારા મહબૂબ આકાને કોઈ પ્રકારની તકલીફ અને દુઃખ પહોંચે નહીં ! ન અમારા તરફથી અને ન દુશ્મનો તરફથી. અને નબીને ખુશ દેખવા માટે તેઓ દરેક પ્રકારની કુર્બાની આપવા તૈયાર રહેતા હતા. કયારેક સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ક્રોધે દેખતા તો તમામ સહાબા ચૂપ ચાપ માથુ નમાવીને અશ્રુ વર્ષા કરતા અને માફીઓ માંગીને રાજી કરતા હતા, તેમનો કિરદાર જોઈને દુશ્મનોને પણ સ્વીકાર કરવો પડતો હતો કે સાચે જ મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلمના સાથી આપની સાથે બેહદ પ્યાર કરે છે.

## ★ હઝરત ઝૈદ અને મહબ્બતે રસૂલ ★

સીરતે ઈબ્ને હિશામમાં છે, ફત્હે મક્કા પહેલાં મશ્હૂર અને ખ્યાતિ પામેલ સહાબી હઝરતે ઝૈદ رضی اللہ عنہ કાફિરોના ટોળામાં ફસાઈ ગયા અને કાફિરોના પંજામાં આવી ગયા. સફવાન બિન ઉમય્યાએ આપને શહીદ કરવા માટે પોતાના ગુલામ નસ્તાસ સાથે હરમની સીમા બહાર તન્ઈમમાં મોકલ્યા. હઝરત અબૂ સુફયાન, આપ તે સમયે ઈસ્લામ ન લાવ્યા હતા અને મુસલમાનોના સખ્ત દુશ્મન હતા. તેમણે હઝરત ઝૈદથી સવાલ કર્યો, અય ઝૈદ ! હું તમને ખુદાની કસમ દઈને પૂછું છું, શું તમે આ સમયે એ પસંદ કરી શકો છો કે અમારી પાસે તમારી જગાએ મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم હોય અને અમે તેમને કતલ કરીએ અને તમે સુખ ચેનથી પોતાના ઘરવાળાઓમાં રહો ? હઝરત ઝૈદે જવાબ આપતાં ફર્માવ્યું, અલ્લાહની કસમ ! હું તો એ પણ પસંદ નથી કરતો કે આ સમયે મારા મહબૂબ આકા જ્યાં પણ હોય, ત્યાં તેમને એક કાંટો પણ વાગે અને હું આરામ અને શાંતિથી મારા ઘરમાં રહું ! જવાબ સાંભળીને હઝરત અબૂ સુફયાને કહ્યું, મેં એવું કયાં દેખ્યું નથી કે કોઈનાથી આવી મહોબ્બત કરવામાં આવતી હોય જેવી મહોબ્બત મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم થી તેમના સાથીઓ કરે છે ! ત્યાર બાદ હઝરત ઝૈદને શહીદ કરી દેવામાં આવ્યા.

આ હતી સહાબાએ કિરામની મહોબ્બત કે રસૂલે પાકને કાંટો વાગે તે પણ તેમને પસંદ ન હતું અને આજે આપણે પણ મહોબ્બતનું જતન કરીએ છીએ, પરંતુ આપણને નમાઝ વખત પર પઢવાનો પણ સમય મળ તો નથી. જયારે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે : قُرَّةُ عَيْنِيْ فِي الصَّلٰوةِ મારી આંખોની ઠંડક નમાઝમાં છે. એટલે કે નમાઝ પઢ વાથી નબી ખુશ થાય છે અને નમાઝ ન પઢવાથી નબી નારાજ થાય છે. નબીને નમાઝ પઢવાથી રાહત મળે છે અને ન પઢવાથી દુઃખ પહોંચે છે. જો આપણે સાચા આશિકે રસૂલ હોવાના દાવેદાર છીએ તો આપણે વખત પર નમાઝની પાબંદી કરીને નબીને રાહત પહોંચાડવી જોઈએ. નમાઝ ન પઢી નબીને દુઃખ પહોંચાડવું આશિકનું કામ નથી. અને એ જ પ્રમાણે આપણા કામો સરકારે મદીનાની બારગાહમાં રજૂ કરવામાં આવે છે. ઉમ્મતીઓના સારા અને ખરાબ કામો બતાવવામાં આવે છે અને આપણી માન્યતા એવી છે અલ્લાહની અર્પણ કરેલી તાકત અને શકિતથી આપ પોતે પણ દેખી રહ્યા છે, પછી શું આપણા ખરાબ અને શરીઅત વિરૂધ્ધ કામો દેખીને નબી ખુશ થતા હશે ? સુન્નીઓએ પોતાની માન્યતા પ્રમાણે આ વાત ભૂલાવી ન જોઈએ.

## ★ હુઝૂરનો વિસાલ થતા અંધ થવા દુઆ કરી ! ★

શવાહેદુન્નબુવ્વતમાં છે જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાતની ખબર આપના મોઅઝ્ઝિન અબ્દુલ્લાહ બિન ઝૈદ અન્સારી رضی اللہ عنہ એ સાંભળી તો તેઓ એટલી ફિકર ચિંતામાં મૂકાઈ ગયા કે, આંધળા બની જવાની દુઆ માંગવા લાગ્યા કે મારા આકા વગર આ દુનિયા મારા માટે જોવા લાયક ન રહી. આપની દુઆ કબૂલ થઈ અને તે જ વખતે આંધળા બની ગયા. લોકોએ આપને પૂછયું કે આપે આવી દુઆ શા માટે માંગી ? આપે ફર્માવ્યું, આંખોમાં જોવાની લિજ્જત તો છે, પરંતુ સરકારે મદીનાના વફાત ફર્માવ્યા બાદ હવે મારી આંખો કોઈને જોવાનો શોખ નથી રાખતી !

રસૂલે પાકના અમુક સહાબા એવા પણ હતા કે તેમણે પોતાની આંખોનો એક જ મકસદ રાખેલો હતો કે તેનાથી સરકારે મદીનાના મુબારક ચહેરાનો દીદાર કરવામાં આવે અને જયારે સરકારે મદીનાએ વફાત ફર્માવી તો હવે આંખોથી દીદાર કરવાનો કોઈ ઝરીયો રહ્યો નહીં





એટલે તેમણે આંખો આંધળી થઈ જવાની દુઆ કરી ! અને આપણી આંખો આપણે કેટલી ફુઝૂલ સમજી લીધી છે કે તેનાથી નાજાઈઝ અને હરામ ચીજોને જોઈએ છીએ. માથાની આંખોથી કુર્આનનું લખાણ જોવાનો, મા બાપનો અને આલિમોનો ચહેરો જોવાનો તો સમય મળતો નથી પણ નગ્ન ફોટાઓ, ફિલ્મી મેગેઝીનો અને ખરાબ દ્રશ્યો જોવા માટે ભરપૂર સમય છે ! અલ્લાહ તઆલા આપણી નિગાહોની હિફાઝત ફર્માવે. એક શાયરે ઘણો સારો શેઅર કહ્યો છે :–

**જિસ આંખને સરકારકા રૌઝા નહીં દેખા**
**વોહ આંખ હકીકતમેં કોઈ આંખ નહીં હય**

આ દુનિયામાં જેમની આંખોને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક ચહેરો ઈમાનની હાલતમાં જોવાનો મોકો મળ્યો તેનાથી ઉત્તમ કોઈ આંખો નથી અને તે આંખોવાળાથી બહેતર કોઈ વલી અને આબિદ નથી અને જેમની ઉપર સરકારે મદીનાએ કરમ કર્યો, કૃપા ફર્માવી અને વફાત પછી પોતાના ચહેરાનો દીદાર સ્વપ્નમાં કરાવ્યો અથવા જાગતામાં કરાવ્યો. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ મદીના શરીફમાં બારગાહે રસૂલમાં હાજરી આપી અને સરકારે મદીનાની બારગાહમાં માથાની આંખોથી હુઝૂરના મુબારક ચહેરાના દીદારની વિનંતી કરી, તો સરકારે મદીનાએ પોતાના સાચા આશિક પર કૃપા કરી અને પોતાનો દીદાર કરાવ્યો.

આ'લા હઝરતે માથાની આંખોથી દીદાર કરીને બારગાહે નબીમાં પોતાની અકીદતનો ઈઝહાર આ શબ્દોમાં કર્યો :–

**તુ ઝિંદા હય વલ્લાહ તુ ઝિંદા હય વલ્લાહ**
**મેરે ચશ્મે આલમસે છુપ જાને વાલે**

આ દુનિયાથી વફાત પામ્યા પછી સ્વપ્નમાં અથવા જાગતામાં સરકારે મદીનાનો દીદાર કરવો પણ ઘણી ફઝીલતની વાત છે. નસીબવાળાઓને આ અમૂલ્ય ઈનામ મળે છે, પરંતુ કબ્રમાં તો તમામ ઉમ્મતને સરકારે મદીનાનો દીદાર કરાવવામાં આવે છે અને આપને

મુડદા સમક્ષ ઉભા રાખીને મુડદાથી આપની બાબત સવાલ કરવામાં આવે છે. કાફિરોને તો કોઈ ફાયદો નથી, કારણ કે તેઓ ઈમાન જ નથી લાવ્યા, પરંતુ સાચા મુસલમાનો માટે તો તે ઈદનો સમય છે કે સરકારની ઝિયારત કરવાની અમૂલ્ય નેઅમત મળશે, એક આશિક માટે તેનાથી વધીને કોઈ નેઅમત નથી.

આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહોબ્બત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**કબ્રમેં લહેરાએંગે તો હશ્ર ચશ્મે નૂરકે**
**જલ્વા ફર્મા હોગી જબ તલ્અત રસૂલુલ્લાહકી**

મેદાને મહેશરમાં પણ સરકારે મદીના ﷺ પધરામણી કરશે અને જન્નતમાં પણ પધારશે અને આપના ઉમ્મતીઓને આ દુનિયામાં દીદાર નહીં થયો હોય તો પણ આખેરતમાં અને કબ્રમાં તો જરૂરથી દીદાર થશે. તો પછી માણસ ગુનાહના કાળા દાગ લઈને કેમ કરી દીદાર કરી શકશે ? જો તમારે રસૂલે પાકને ખુશ રાખવા હોય અને આપ ખુશ હોય એવી હાલતમાં દીદાર કરવો હોય તો જરૂરી છે કે શરીઅત મુજબ ચાલવામાં આવે અને નાફર્માનીઓથી બચવામાં આવે. દુનિયાની હાલત છે કે કોઈ માણસ શરમજનક ગુનાહનાં કામો સંતાઈને કરે છે, પરંતુ જ્યારે તેના ગુનાહોનું ઈલ્મ લોકોને થઈ જાય છે, તો તેને લોકો સામું આવવાની શરમ આવે છે, કેટલાક વાકયાઓ તો એવા પણ સાંભળવા મળે છે કે, તેમના ગુનાહો લોકોમાં જાહેર થયા તો તેમણે શરમથી ખૂદકુશી કરી લીધી, જ્યારે ગુનાહિત કામો જાહેર થવાથી દુનિયામાં મોં બતાવવા લાયક નથી રહી જતા, તો સરકારે મદીનાને મોં બતાવવા લાયક કેમ કરી રહી શકીશું ? તો ખુદારા ! પોતાની જાત પર કૃપા કરો અને નાફર્માનીથી દૂર રહો, તા કે ખુશી ખુશી સરકારે મદીનાના મુબારક ચહેરાનો દીદાર થઈ શકે. અલ્લાહ તઆલા આપણને તૌફીક અતા ફર્માવે.

## ★ મૌત આવવું ખુશીની વાત ! ★

શિફા શરીફમાં છે, હઝરત બિલાલ બિન રેબાહ رضی اللہ عنہ ના વિસાલનો સમય નિકટ થયો. તો તેમની વાઈફે અફસોસ પ્રગટ કરતાં





કહ્યું, وَاحَزَنَاهُ હાય અફસોસ ! હવે તમે મારાથી જુદા થઈ જશો ! મરવા પર અફસોસના શબ્દો સાંભળીને હઝરત બિલાલ رضی اللہ عنہ એ મહબૂબના દીદારનો સમય નિકટ થવાની ખુશી પ્રગટ કરતાં ફર્માવ્યું, وَاطَرَبَاهُ غَدًا اَلْقَى الْاَحِبَّةَ مُحَمَّدًا وَحِزْبَهٗ અરે ! આ તો ખુશીની વાત છે ! કાલે હું દોસ્તોથી મુલાકાત કરીશ. મોહમ્મદ ﷺ અને આપના અસ્હાબથી ભલા દોસ્તોથી મુલાકાત થાય, મહબૂબના દીદારની નેઅમત મળે તેવા મુબારક સમયને ગમ અને અફસોસનો સમય શી રીતે કહી શકાય છે ? બલ્કે, એક આશિક માટે તેનાથી વધુ ખુશીનો બીજો કોઈ સમય નથી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**લહદમેં ઈશ્કે રૂખે શેહકા દાગ લેકે ચલે**
**અંધેરી રાત સુની થી ચિરાગ લેકે ચલે**

એક સાચા આશિક માટે મહબૂબનો દીદાર અને તેની સોહબતમાં ઠેકાણાથી વધીને કોઈ નેઅમત નથી અને તે આશિકનો કોઈ જવાબ નથી જે સરકારે મદીના ﷺ ની મહોબ્બતને પોતાના દિલમાં જગા આપે, અલ્લાહના હબીબના ઈશ્કો મહોબ્બતની આગ તે એવી આગ છે જેના દિલમાં ભડકતી હશે, તેને દોઝખની આગ નહીં લાગે. આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહોબ્બત ફર્માવે છે :–

**અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે**
**જો આગ બુઝા દેગી વોહ આગ લગાઈ હય**

આશિકની દિલી તમન્ના અને મનેચ્છા એ હોય છે કે, અલ્લાહના હબીબની નિકટતા અને કુર્બ મળે, કારણ કે જે માટીથી હાલ સરકારનું બદન ટચ (અડેલુ) છે તે અર્શ અને જન્નતથી વધુ ફઝીલત ધરાવે છે. તો મુસલમાનને નબીની નિકટતા મળે તેના મુકામો મર્તબાનો અંદાજો શી રીતે લગાવી શકાય છે. એટલા માટે સહાબાની મનેચ્છા એક જ હતી કે સરકાર ખુશ રહે અને સરકારના દયારમાં જગા મળે અને એટલે તો હિજરત કરીને આવેલા સહાબીઓ મક્કા પર વિજય મેળવ્યા બાદ રહેવા માટે મક્કા પરત ન આવ્યા, મદીનામાં જ રહ્યા અને

ત્યાં જ દફન થયા ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમ તો દયારે રસૂલમાં મોત આવે તેની દુઆ કરતા હતા, وَاجْعَلْ مَوْتَنَا فِيْ بَلَدِ رَسُوْلِكَ અમને તારા રસૂલના શહેરમાં મોત અતા ફર્માવ.

## ★ હઝરત રબીઆની તમન્ના ★

મુસ્લિમ શરીફમાં છે રબીઆ બિન કઅબ અસ્લમીથી રિવાયત છે, ફર્માવે છે કે હું રાતમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં રહેતો હતો. આપના વુઝૂ માટે પાણી લાવી આપતો હતો અને બીજી ખિદમત પણ કરતો હતો. એક દિવસ આપે મને ફર્માવ્યું, જે ઈચ્છો તે માંગો. અર્ઝ કરી, اَسْئَلُكَ مُرَافَقَتَكَ فِي الْجَنَّةِ હું જન્નતમાં આપની સોહબતનો સવાલ કરૂં છું, આપે ફર્માવ્યું, એ તો તમારા માટે છે અને બીજું કંઈ ? હઝરત રબીઆએ અરજ કરી કે મારો મકસદ તો તે જ છે ! આપે ફર્માવ્યું, વધુ સિજદાથી મારી મદદ કરો.

આ હદીષે પાક અહીં રજૂ કરવાનો મતલબ એ જ છે કે, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત રબીઆને એ અધિકાર આપ્યો હતો કે, તેમની મરજીમાં આવે તે માંગે. દુનિયાની નેઅમતો માંગે કે આખેરતની નેઅમતો માંગે, જે માંગે તે આપવામાં આવે. પરંતુ તેમની માંગ તો જુઓ કે ન દુનિયા માંગી, ન આખેરત માંગી, બલ્કે હમેશાંની જિંદગીમાં જન્નતમાં સરકારે મદીનાની ખિદમત માંગી. કારણ કે અલ્લાહના મહબૂબથી વધીને દુનિયા આખેરતની કોઈ નેઅમત નથી. અલ્લાહની મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ, ઉત્તમ અને અમૂલ્ય સરકારે મદીનાની જાત છે.

આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહોબ્બત ફર્માવે છે :–

**ઝમીનો ઝમાં તુમ્હારે લિએ મકીનો મકાં તુમ્હારે લિએ**
**હમ આએ યહાં તુમ્હારે લિએ ઉઠે ભી વહાં તુમ્હારે લિએ**

આપણું અહીં આવવું અને ત્યાં ઉઠવું બધું જ સરકાર માટે છે, તો પછી આપણે પણ આ જગતમાં સરકારે મદીનાના બનીને રહેવું જોઈએ અને તેમની સુન્નતો પર અમલ કરી રબની બારગાહમાં નિકટતા પ્રાપ્ત કરવાની કોશિશ કરવી જોઈએ.

હઝરત રબીઆની જગાએ આપણને કહેવામાં આવતું કે તમારે





જે જોઈએ તે માંગો ? તો આપણે દુનિયામાં સારાં સારાં મકાનો, મોટી મોટી દુકાનો, આ'લાથી આ'લા સવારીઓ, કિંમતીથી કિંમતી કપડાંઓ અને જાત જાતની વાનગીઓ માંગતા, નથી કહેવામાં આવ્યું તો પણ આપણે આપણી શકિત એ જ કામોમાં લગાવી રહ્યા છીએ ! નમાઝ જેવો કિમતી ફર્ઝ આપણે દુનિયાની બેકદ્ર દોલત કમાવવામાં ગુમાવી રહ્યા છીએ ! જો એક નમાઝ કઝા કરવાના બદલામાં દુનિયામાં સોનાનું ઘર મળે તો પણ તેનાથી થતા આખેરતના અઝાબના બદલામાં તે કોઈ ચીજ નથી. એટલે સહાબા ફાની અને નાશવંત જગતની ચીજોનો સવાલ કરતા ન હતા અને ન તેની માંગણી કરતા હતા. બલ્કે વધુને વધુ ઈબાદતમાં મહેનત કરતા હતા. કારણ કે જેમ માલ, દૌલત દુનિયામાં જિંદગી ગુજારવાનો સબબ છે, તેવી જ રીતે નમાઝ, રોઝા અને બીજી ઈબાદતો આખેરતમાં કામયાબીનો સબબ છે, આખેરતનું જીવન હમેશાંનું જીવન છે અને જે કામો ત્યાં કામ આપે તેની કોશિશમાં વધારે લાગેલા રહેવું જોઈએ. જે માણસ મહોબ્બતનો દાવો કરે, મહબૂબને મહબૂબ માને અને પછી પણ તેની વાતો પર અમલ ન કરે, તો તેને સાચો આશિકે રસૂલ ન કહેવાય બલ્કે દુનિયાનો આશિક કહેવાય. મહબૂબના હુકમથી દુનિયા તેને વધારે પ્યારી છે, ત્યારે તો તેના તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત રાખે છે. સહાબાને નબીના ઈર્શાદથી અને નબીની દરેક વાતથી મહોબ્બત હતી. નબીએ જે ઈર્શાદ ફર્માવ્યો તેની વિરોધમાં કોઈ વાત સાંભળવા તેઓ તૈયાર ન થતા અને નબીની વાતના અવરોધ કરનારને મુનાફિક સમજતા હતા.

## ★ રસૂલનો ફેંસલો ન માને તે કાફિર છે ! ★

તારીખુલ ખુલફામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં એક યહૂદી અને એક મુનાફિકમાં કોઈ વાત પર ઝઘડો થઈ ગયો. યહૂદી ચાહતો હતો કે આ કેસ હઝરત મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની અદાલતમાં લઈ જાઉં. અંતે તે કોશિશ કરીને તેને હુઝૂર પાસે લઈ આવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વાકયો સાંભળીને યહૂદીના હક્કમાં ફેંસલો આપ્યો. મુનાફિકને રસૂલે પાકથી મહોબ્બત તો હતી નહીં એટલે તે આપને માન્ય શી રીતે રાખી શકે છે ? તેણે યહૂદીને કહ્યું, હું આ ફેંસલાથી ખુશ નથી ! હું તને ઉમર પાસે લઈ જઈશ અને તેમનો ફેંસલો માન્ય રાખીશ.

યહૂદીએ કહ્યું, જ્યારે તમારા નબીએ ફેંસલો આપ્યો છે તો હવે ઉમર પાસે જવાની શી જરૂરત ? પરંતુ મુનાફિકે તેની વાત કબૂલ ન કરી અને તેને લઈને હઝરત ઉમર પાસે આવ્યો અને હઝરત ઉમરથી ન્યાયની માંગણી કરી. યહૂદીએ કહ્યું, જનાબ પ્રથમ એ વાત સાંભળી લો કે અમે આનો ફેંસલો મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે કરાવ્યો છે અને હુઝૂરે મારા હક્કમાં ફેંસલો ફર્માવ્યો છે. પરંતુ આ માણસ હુઝૂરના ફેંસલા પર ખુશ નથી અને હવે તમારી પાસે ફેંસલો કરાવવા આવ્યો છે. હઝરતે ઉમર رضی اللہ عنہ એ મુનાફિકથી પૂછયું, શું યહૂદી સાચું કહે છે ? મુનાફિકે કહ્યું, હા ! સરકારે તેના હક્કમાં ફેંસલો કર્યો છે. હઝરત ઉમર ફારૂકે આઝમે કહ્યું, ઉભા રહો હમણા હું આવું છું ! પછી ફેંસલો કરીશ. આમ કહીને ઘરમાં ગયા અને તલ્વાર લઈને બહાર આવ્યા. પછી મુનાફિકના ગળા પર આમ કહીને તલ્વાર મારી કે જે હુઝૂરનો ફેંસલો ન માને તેનો આ ફેંસલો છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી જ્યારે આ વાત પહોંચી તો સરકારે મદીનાએ ફર્માવ્યું, ઉમરની તલ્વાર કોઈ ઈમાનવાળા પર નથી ઉઠી શકતી. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી :

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ

તો અય મહબૂબ ! તમારા રબના સોગંદ ! તેઓ મુસલમાન નહીં થાય જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ ન બનાવે.

મુનાફિકને જ્યારે હઝરત ઉમર ફારૂકે આઝમે કતલ કર્યો, ત્યારે તેનું મુનાફિક હોવું જાહેર ન થયું હતું, બલ્કે લોકોમાં તે મુસલમાન કહેવાતો હતો, પરંતુ જ્યારે તેણે સરકારે મદીનાની વાત માન્ય ન રાખી અને આપના ફેંસલાને ઈન્સાફ અને ન્યાયનો ફેંસલો ન જાણ્યો તો હઝરત ઉમર ફારૂકે આઝમે પોતાના ઈમાન અને અકીદાથી એ વિચાર્યું કે જ્યારે આ પોતાને મુસલમાન કહે છે અને પછી પણ સરકારની વાત માન્ય નથી રાખતો, પછી તેના દિલમાં ઈમાન કેવી રીતે હોય શકે ? એટલે આપે તેને મુનાફિક સમજીને કતલ કરી આપ્યો. કતલ થઈ ગયા બાદ





જ્યારે તેની ચર્ચા થવા લાગી કે ઉમરે એક મુસલમાનને કતલ કરી નાખ્યો છે ! ત્યારે અલ્લાહ તઆલાએ રસૂલે પાક પર વહી નાઝિલ ફર્માવી અને તેના મુનાફિક હોવાનું એલાન ફર્માવ્યું. સહાબા પોતાના જમાનામાં કોઈ પણ કામમાં નબીના ફર્માન પર અમલ કરતા હતા અને કોઈ પણ કામમાં નબીની સુન્નત વિરૂધ્ધ દેખવા માંગવા ન હતા, બલ્કે દીનના કામોમાં સુસ્તી અને આળસ કરવાવાળા માટે મુનાફિકની શંકા કરવા લાગતા. સહાબાથી એ શકય જ ન હતું કે નબીની સુન્નત વિરૂધ્ધ કોઈ માર્ગ ચાલે.

મિશ્કાત શરીફમાં છે : હઝરત અનસ رضی اللہ عنہ બયાન ફર્માવે છે, એક દરજીએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખાવાની દાવત આપી. આપ ફર્માવે છે હું પણ હુઝૂર સાથે ગયો. જવની રોટલી અને રસો હુઝૂર સમક્ષ લાવવામાં આવ્યો. તેમાં દૂધી અને સૂકવેલો સોલ્ટી ગોશ્ત હતો. ખાતા સમયે મેં જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્યાલાના ખૂણેથી દૂધીના ટૂકડા શોધી રહ્યા છે. એટલે તે જ દિવસથી હું દૂધી પસંદ કરવા લાગ્યો. એટલે કે સરકારને ખાવામાં કોઈ ચીજ પસંદ આવતી તો સહાબા પણ તેને પસંદ કરતા હતા અને પોતાની મનેચ્છા પર નબીની પસંદને ઉત્તમતા આપતા હતા.

મિર્કાત શર્હે મિશ્કાતમાં છે કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાના શાગિર્દ હઝરત ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ સમક્ષ આ રિવાયત બયાન થઈ કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દૂધી પસંદ ફર્માવતા હતા. મહેફિલમાંથી કોઈએ કહ્યું, પરંતુ મને પસંદ નથી ! આ વાત સાંભળીને હઝરત ઈમામ અબૂ યૂસુફે તલ્વાર ખેંચી અને ફર્માવ્યું, جَدِّدِ الْاِيْمَانَ وَاِلَّا لَاَقْتُلَنَّكَ ફરીથી મુસલમાન બન, નહીં તો તને જરૂરથી કતલ કરી નાખીશ !

દૂધી ખાવી સુન્નતે મોઅક્કેદા નથી, બલ્કે માત્ર એટલું જ કે સરકારે તેને ખાધી અને તેને ખાવું પસંદ ફર્માવ્યું, પરંતુ કહેનારે માત્ર એટલું જ કહ્યું કે હું તેને પસંદ નથી કરતો ! તો હઝરત ઈમામ યૂસુફે તેને ફરીથી કલેમો પઢવાનો આદેશ આપ્યો, કારણ કે તેના આમ કહેવાથી સુન્નતની બેકદ્રી થાય છે.

સુન્નત પર અમલ કરવો તો જરૂરી નથી અને સુન્નતે ગૈર મોઅક્કેદાને છોડવાથી માણસ ગુનેહગાર પણ નથી થતો, પરંતુ કોઈ પણ સુન્નતની બેકદ્રી કરવી અને તેને હલકી સમજવી કુફ્ર છે.

દાઢી સુન્નત માત્ર સુન્નત જ નથી, બલ્કે તેનો હુકમ વાજિબ છે, એટલે કે જે મરદ દાઢી કપાવીને મુઠ્ઠી કરતાં નાની કરે અથવા તદ્દન છોલાવી નાખે તે શરીઅતની પરિભાષામાં ફાસિકે મોઅલિન એટલે લોકોની દેખતા ગુનાહ કરનાર છે, ન રાખવાવાળો તો ફાસિક છે પરંતુ જે આ સુન્નતને હલકી સમજે અને તેની બેઈજ્જતી કરે તે શરીઅતની પરિભાષામાં **કાફિર** બની જાય છે. આજની ઔરતો આ વાત પર ધ્યાન આપે, કારણ કે તેમના તરફથી દાઢી બાબત ઘણી શિકાયતો અને ફરિયાદો સાંભળવામાં આવે છે અને કેટલી ઔરતો તો દાઢીને પીછી કહેતી હોય છે ! તેમણે ઉપરોકત મસ્અલા પર ધ્યાન આપવું જોઈએ અને ઈસ્લામ બાબત કોઈ પણ વાત બોલતા પહેલાં અનેક વખત મનન કરવું જોઈએ. કારણ કે કયારેક મોઢામાંથી શબ્દો ઘણી સહુલતથી નીકળી આવે છે, પરંતુ તેનું પરિણામ ઘણું જ ગંભીર હોય છે. માણસે ઈમાનથી પણ હાથ ધોવા પડે છે. તો ખુદારા દાઢીની સુન્નતથી દિલમાં થોડી પણ નફરત ન આવવા દો. અલ્લાહ તઆલા આપણા ઈમાનની હિફાઝત ફર્માવે.

સહાબાએ કિરામ નબીના ફર્માન પર અમલ કરવા હમેશાં તત્પર અને તૈયાર રહેતા હતા. જો નબી કોઈની બાબત આમ કહે કે આ વ્યકિત સાથે બોલવાનું છોડી આપો તો પછી તે ગમે તેટલા નિકટનો હોય, પરંતુ સહાબા તેની સાથે સંબંધો કટ કરી નાખતા હતા. કારણ કે તેમનો હેતુ એક જ હતો કે નબીને ખુશ રાખો, ભલે પછી તેમને ખુશ રાખવા માટે ગમે તેવી કુર્બાની આપવી પડે.

## ★ આ હતા ફર્માંબરદાર મુસલમાન ! ★

બુખારી શરીફમાં છે, ત્રણ સહાબી હઝરત કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમય્યા અને મોરારા બિન રબીઅ رضی اللہ عنہ કોઈ પણ અગત્યના કારણ વિના આળસને લઈને તબૂકની લડાઈમાં ભાગ ન લઈ શકયા. હઝરત કઅબ બિન માલિકે પોતાની ઉપર ગુજરેલી વાતને ઘણી વિગતથી બયાન ફર્માવી કે હું તબૂકની લડાઈ પહેલાં કોઈ પણ લડાઈના સમયે એટલો માલદાર ન હતો જેટલો તબૂકની લડાઈના સમયે





હતો. તે સમયે મારી પાસે મારી માલિકીની બે ઊંટડીઓ હતી, ત્યાર પહેલાં કયારેય પણ મારી પાસે બે ઊંટડીઓ ન હતી. તબૂકની લડાઈના મોકા પર સફર દૂરનો હતો અને ગરમીની ઋતુ હતી. એટલે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્પષ્ટ એલાન ફર્માવ્યું કે લોકો તૈયારી કરી લો. તે જંગમાં ભાગ લેવાવાળાઓની મોટી એવી સંખ્યા હતી. લોકોની ભીડને લઈને જો કોઈ સંતાઈને રહે અને ભાગ લેવા ન ઈચ્છે તો કોઈને ખબર પડી શકે તેમ ન હતું અને ફળ પાકવાનો સમય પણ હતો. ફર્માવે છે કે હું સફરના સામાનની તૈયારીનો ઈરાદો સવારથી જ કરતો પરંતુ સાંજ સુધીમાં કોઈ તૈયારી ન થતી હતી. હું મનોમન કહેતો કે મારી પાસે માલ દોલત છે જ્યારે પાકો ઈરાદો કરીશ, તૈયારી તરત થઈ જશે. એવામાં ને એવામાં કેટલાય દિવસો પસાર થઈ ગયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સહાબાને લઈને જંગ માટે રવાના થયા પરંતુ મારા સામાનની તૈયારી થઈ નહીં. ફરી મને એ ખયાલ આવ્યો કે એક બે દિવસમાં તૈયારી કરીને તેમની પાસે પહોંચી જઈશ. આજ કાલ કરતાં હુઝૂરના તબૂક પહોંચવાનો સમય પણ આવી ગયો. તે વખતે મેં કોશિશ પણ કરી, પરંતુ સામાનની તૈયારી ન થઈ. હવે મદીના મુનવ્વરામાં આમ તેમ દેખું છું તો માત્ર તે જ લોકો જોવા મળતા જેમની ઉપર નિફાકનો આરોપ લાગેલો હતો અથવા તેમની પાસે ન જવાનું કોઈ કારણ હતું. હુઝૂરે તબૂક પહોંચીને પૂછયું કે કઅબ દેખાતા નથી, શું થયું ? એક સાહેબે કહ્યું, હુઝૂર ! તેમને માલ અને શણગારની મોટાઈએ રોકી લીધા છે. હઝરતે મુઆઝે અરઝ કરી, ખોટું કહ્યું, જ્યાં સુધી અમને ખબર છે તેઓ ભલા માણસ છે. પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તદ્દન ચૂપ રહ્યા. કંઈ પણ ફર્માવ્યું નહીં. થોડા જ દિવસોમાં હુઝૂરના પરત આવવાની ખબર સાંભળી તો મને ઘણો અફસોસ અને દુ:ખ થયું. ચિંતા થવા લાગી. દિલમાં જૂઠા જૂઠા બહાનાં આવવાં લાગ્યાં કે આ વખતે કોઈ જૂઠુ બહાનુ બતાવી જાન બચાવી લઈશ ! અથવા સરકારથી માફીની વિનંતી કરીશ અને તેની બાબત મારા ખાનદાનના દરેક સમજદારથી મશ્વેરો કરતો. પરંતુ જ્યારે ખબર થઈ કે હુઝૂર પરત આવી ગયા છે તો મારા દિલે ફેંસલો કર્યો કે સત્ય વગર નજાત નથી થઈ શકતી અને મેં સાચું સાચું કહેવાનો પાકો ઈરાદો કરી

લીધો. હુઝૂરની આદત હતી કે સફરથી પરત આવતા તો પ્રથમ મસ્જિદમાં પધરામણી કરતા અને બે રકાત તહિય્યતુલ મસ્જિદ પઢતા અને પછી થોડો સમય ત્યાં બેસતા કે લોકોથી મુલાકાત કરી લે. આદત પ્રમાણે હુઝૂર પ્રથમ મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને ત્યાં થોડા સમય માટે રોકાયા. મુનાફિકો આવતા ગયા અને કસમો સાથે જૂઠાં બહાનાં સંભળાવતા ગયા. હુઝૂર તેમની જાહેરી હાલતને કબૂલ ફર્માવતા રહ્યા. એટલામાં હું પણ ખિદમતે અકદસમાં હાજર થયો અને સલામ કરી, હુઝૂરે નારાઝગીની રીતે મલકાયા અને મોં ફેરવી લીધું. મેં અરજ કરી, હુઝૂર મોં કેમ ફેરવી લીધું ? કસમ ખુદાની હું મુનાફિક પણ નથી અને ઈમાનમાં મને કોઈ પ્રકારની શંકા પણ નથી. આપે ફર્માવ્યું, અહીં આવ ! હું નિકટમાં બેસી ગયો. હુઝૂરે પૂછયું, તમે શા માટે રોકાઈ ગયા ? અરજ કરી, યા રસૂલુલ્લાહ ! હાલ જો હું કોઈ દુનિયાદાર પાસે હોત તો મને યકીન છે કે હું તેના ક્રોધ અને ગુસ્સાથી કોઈ પણ વાત બતાવીને છૂટી જતો કારણ કે અલ્લાહ તઆલાએ મને વાત કરવાની યુકિત અતા ફર્માવી છે. પરંતુ, અય અલ્લાહના રસૂલ ! આપની બાબત મને જાણ છે કે આપ સમક્ષ જૂઠ નથી ચાલી શકતું. યા રસૂલલ્લાહ ! બેશક ! આપ ક્રોધમાં છો, પરંતુ નિકટ છે કે અલ્લાહ તઆલા આપની નારાઝગીને દૂર ફર્માવે. હુઝૂર હું સત્ય અરજ કરૂં છું કે વલ્લાહ ! મારા ભાગ ન લેવાનું કોઈ કારણ ન હતું અને જેટલો માલવાળો હું આ જમાનામાં હતો ત્યાર પહેલાં ન હતો. હુઝૂરે ફર્માવ્યું, તેણે સાચું કહ્યું. પછી ફર્માવ્યું, ઉભો થઈ જા, તારો ફૈંસલો અલ્લાહ તઆલા જ ફર્માવશે. હું ત્યાંથી ઉભો થયો તો મારી કોમના ઘણા લોકોએ મારી મલામત કરી, તમે અત્યાર પહેલાં કયારેય પણ કોઈ ગુનોહ ન કયો હતો. જો તમે કોઈ કારણ બતાવીને હુઝૂરથી માફીની માંગણી કરી હોત તો હુઝૂરની માફી તમારા માટે બસ હતી. મેં તેમને પૂછયું કે કોઈ બીજો પણ એવો માણસ છે જેની સાથે આવો મામલો થયો હોય ? લોકોએ કહ્યુ કે બે માણસો સાથે પણ આવો મામલો થયો છે. તેમણે પણ એવો જ જવાબ આપ્યો, જેવો તમે આપ્યો અને જે જવાબ તમને મળ્યો તે જ એમને મળ્યો, એક હિલાલ બિન ઉમય્યા અને બીજા મોરારા બિન રબીઅ. મેં જોયું કે બે





પરેઝગાર માણસ જે બંને બદ્રી છે તેઓ પણ મારા ભાગીદાર છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમારા ત્રણેવથી બોલવાની મનાઈ ફર્માવી આપી કે કોઈ અમારા સાથે વાતચીત ન કરે. ફર્માવે છે હુઝૂરની મનાઈ પર લોકોએ અમારા સાથે બોલવાનું છોડી દીધું અને અમારાથી બચવા લાગ્યા. અમારી તો દુનિયા જ બદલાઈ ગઈ, એટલે સુધી કે જમીન આટલી વિશાળ હોવા છતાં અમારા માટે સંકોચાઈ ગઈ. બધા લોકો અજાણા લાગવા માંડયા. મને વધુ ફિકર એ વાતની હતી કે જો આજ હાલતમાં હું મૃત્યું પામીશ તો હુઝૂર મારા જનાઝાની નમાઝ નહીં પઢે અને અલ્લાહ ન કરે હુઝૂર પર્દો ફર્માવી જશે તો હું આજ તકલીફમાં રહી જઈશ, ન મારાથી કોઈ વાત કરશે, ન મારી જનાઝાની નમાઝ પઢશે ! ભલા હુઝૂરના ફર્માન વિરૂધ્ધ કોણ કરી શકે છે ? સારાંશ એ કે અમે ત્રણેવે પચાસ દિવસ આ જ હાલતમાં પસાર કર્યા. મારા બંને સાથી પહેલાંથી જ ઘરમાં સંતાઈને બેસી ગયા હતા. હું બધામાં શકિતશાળી હતો, ચાલતો ફરતો બજાર જતો. નમાઝમાં હાજરી આપી સલામ કહેતો અને ધ્યાનપૂર્વક જોતો કે હુઝૂર મારી સલામનો જવાબ આપે છે કે નહીં. નમાઝ પછી હુઝૂરની નિકટ ઉભો થઈને નમાઝ પૂરી કરતો અને આડી આંખે જોતો કે હુઝૂર મને જુએ છે કે નહીં ? જ્યારે હું મારા કામમાં લાગતો તો હુઝૂર મને જોતા અને જ્યાં હું હુઝૂર તરફ જોતો તો આપ મોં ફેરવી લેતા. આ જ પ્રમાણે હાલતો પસાર થતી ગઈ અને લોકોનું ન બોલવું મારા માટે માથા ભારે થઈ ગયું. તો હું હઝરત અબૂ કતાદાની દીવાલ પર ચઢયો. તેઓ મારા કાકાના છોકરા હતા અને મારી સાથે તેમના સંબંધો પણ સારા હતા. મેં દીવાલ પર ચઢીને સલામ કરી, પરંતુ તેમણે પણ સલામનો જવાબ ન આપ્યો. મેં તેમને કસમ દઈને કહ્યું, શું તમને ખબર નથી કે મને અલ્લાહ અને તેના રસૂલથી મહોબ્બત છે ? તેમણે આનો પણ જવાબ ન આપ્યો. મેં બીજી વખત તેમને કસમ આપી અને પૂછયું તો પણ તેઓ ચૂપ રહ્યા ! મેં ત્રીજી વખત કસમ દઈને પૂછયું તો તેમણે માત્ર એટલું કહ્યું કે અલ્લાહ જાણે અને તેના રસૂલ ! આ વાત સાંભળીને મારી આંખોથી અશ્રુવર્ષા થવા લાગી અને હું ત્યાંથી પાછો આવ્યો. આજ હાલતમાં હું મદીનાના બજારથી પસાર થઈ રહ્યો હતો

એટલામાં શામનો એક ઈસાઈ મદીનામાં અનાજ વેચવા આવ્યો હતો, તેને આમ કહેતાં સાંભળ્યું કે કોઈ કઅબ બિન માલિકનું એડ્રસ બતાવે, લોકોએ મારા તરફ ઈશારો કરીને બતાવ્યું. તે ઈસાઈ મારી પાસે આવ્યો અને ગસ્સાનના કાફિર રાજાનો પત્ર મને આપ્યો. તેમાં લખેલું હતું કે અમને ખબર થઈ છે કે તમારા આકાએ તમારી ઉમર ઝુલ્મ કર્યો છે, તમને અલ્લાહ બેઈજ્જતીની જગાએ ન રાખે અને હલાક ન કરે. તમે અમારી પાસે નાસી આવો, અમે તમારી મદદ કરીશું. હઝરતે કઅબ બિન માલિક ફર્માવે છે કે મેં આ પત્ર વાંચીને إِنَّا لِلّٰهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُوْنَ. પઢયું. મારી હાલત એટલી ખરાબ થઈ ગઈ છે કે કાફિર પણ મારી લાલચ કરવા લાગ્યા અને મને ઈસ્લામથી પણ ખસાવવાના કાવતરા થઈ રહ્યા છે ! આ એક વધુ મુસીબત આવી અને મેં તે પત્ર તંદુરમાં નાખી દીધો અને હુઝૂરથી મેં અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! આપના ન બોલવાથી તો હવે કાફિર પણ મારાથી લાલચ કરવા લાગ્યા છે ! આ જ હાલતમાં ચાલીસ દિવસ પસાર થયા હતા કે સરકારે મદીનાનો કાસિદ મારી પાસે આવ્યો અને કહ્યું કે પોતાની વાઈફથી પણ અલગ થઈ જાવ ! મેં પૂછયું મતલબ ? શું હું તલાક આપી દઉં ? કહ્યું, બલ્કે તેનાથી જુદા રહો. અને મારા સાથીઓ પાસે પણ તે જ કાસિદ મારફત તે જ હુકમ પહોંચ્યો. મેં મારી વાઈફથી કહ્યું કે તુ તારા પિયરમાં ચાલી જા ! જ્યાં સુધી અલ્લાહ તઆલા આ મામલો હલ ન ફર્માવે ત્યાં જ રહેજે. હિલાલ બિન ઉમય્યાની વાઈફ હુઝૂરની ખિદમતમાં હાજર થઈ અને અરજ કરી, હુઝૂર ! હિલાલ તદન વૃધ્ધ માણસ છે, તેમની દેખરેખ કરનાર કોઈ નહીં હોય તો તે હલાક થઈ જશે. આપ રજા આપો તો તેમનું કામકાજ કરી આપીશ. હુઝૂરે ફર્માવ્યું, આ વાતની તને રજા છે પરંતુ તેમની નિકટ થશો નહીં, તેમણે અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! તે કામ તરફ તેમનું આકર્ષણ નથી, જ્યારથી આ મામલો પેશ આવ્યો છે તેમનો સમય રડવામાં પસાર થઈ રહ્યો છે ! હઝરત કઅબ ફર્માવે છે કે આજ હાલતમાં દસ દિવસ વધુ પસાર થયા. અમારાથી વાતચીત અને મેલ મિલાપ છૂટવાને પૂરા પચાસ દિવસો પસાર થઈ ગયા. પચાસમાં દિવસે ફજરની નમાઝ ઘરના છાપરા પર





પઢીને હું ગમ અને ફિકરમાં બેઠેલો હતો, જમીન મારા માટે તદન સંકોચાઈ ગઈ અને જીવન માથા ભારે થઈ ગયું હતું. એટલામાં સલઅ પહાડની ટોચે એક ઊંચે સ્વરે બોલવાવાળાએ અવાજ આપી, કઅબ ! તમને ખુશખબરી, હું તો એટલું જ સાંભળીને સિજદામાં પડી ગયો અને ખુશીમાં રડવા લાગ્યો અને જાણ્યું કે તંગી દૂર થઈ ગઈ ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફજરની નમાઝ પછી અમારી માફીનું એલાન ફર્માવ્યું, જેને પહાડ પર ચઢીને એક માણસે ઊંચે સ્વરે કહ્યું, જે પ્રથમ પહોંચી ગઈ હતી. ત્યાર બાદ એક ઘોડે સવાર દોડતો આવ્યો. મેં મારા પહેરેલાં કપડાં ખબર સંભળાવનારને ગિફટ (ભેટ) આપ્યાં. ત્યાર બાદ હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર થયો. મારા બંને સાથીઓ પાસે લોકો ખુશખબરી લઈને ગયા. હું જ્યારે મસ્જિદે નબવીમાં પ્રવેશ્યો તો જે લોકો ખિદમતે અકદસમાં હાજર હતા મને મુબારકબાદી દેવા માટે દોડતા આવ્યા. સૌ પ્રથમ અબૂ તલ્હાએ આગળ વધીને મુબારકબાદી આપી અને મુસાફો કર્યો, જે મને હમેશાં યાદ રહેશે. મેં હુઝૂરની ખિદમતમાં હાજર થઈને સલામ કરી તો નૂરાની ચહેરો ખિલી ઉઠયો અને ખુશીનાં ચિન્હો નૂરાની ચહેરા પર દેખાઈ રહ્યાં હતાં, હુઝૂરનો મુબારક ચહેરો ખુશીના સમયે ચાંદ માફક પ્રકાશિત થઈ જતો હતો. મેં અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! મારી તૌબાનું સુંપૂર્ણ હોવું એ છે કે મારી જેટલી મિલ્કત છે તે બધી જ ખુદાના માર્ગમાં સદકો છે ! હુઝૂરે ફર્માવ્યું, એમાં તમારા માટે તકલીફ રહેશે, થોડો ભાગ તમારી પાસે રહેવા દો. મેં અરજ કરી, ભલે થોડો ભાગ મારા માટે રાખવામાં આવે. મને સત્ય વાતોથી નજાત મળી હતી એટલા માટે મેં વાયદો કર્યો કે હમેશાં સાચું બોલીશ.

મારી બહેનો ! બુખારી શરીફમાં રિવાયત થયેલ ઉપરોકત વાકયાથી જાણવા મળ્યું કે, સહાબાએ કિરામ નબીના ઈર્શાદ પર કેટલી મહોબ્બતથી અમલ કરતા હતા કે, જ્યારે તેમને હઝરત કઅબ અને તેમના સાથીઓ સાથે સલામ કલામ અને મેલમિલાપથી મનાઈ કરવામાં આવી તો તેમના નિકટના સગાઓએ પણ તેમની સાથે સંબંધ કાપી નાખ્યા અને કોઈ પણ જગાએ તેમને આવકાર મળતો ન હતો.

ત્યાં સુધી કે અલ્લાહની વિશાળ જમીન પણ તેમના માટે સંકોચાઈ ગઈ હતી અને જીવવું તેમને માથા ભારે લાગતું હતું. જયારે નબી તરફથી રજા આપવામાં આવી ત્યારે સહાબાએ તેમને સલામ કરી અને તેમની ઔરતો પણ દીનની એટલી હદે પાબંદ હતી કે, જયારે તેમને પોતાના શોહરોથી વાત ચીત કરવાની મનાઈ કરવામાં આવી તો તેમણે પણ મક્કમતાથી તે હુકમ પર અમલ કર્યો અને તે દરમિયાન વાત પણ કરી નહીં.

બીજી સમજવા લાયક વાત એ છે કે તેમના માટે તે સમયે જેહાદમાં જવું **ફર્ઝ** હતું. કોઈ શરઈ કારણ વિના ઘરે રહી શકતા ન હતા અને જયારે નબીએ પાક તરફથી એલાન કરવામાં આવે તો તેની ઉપર અમલ વધુ જરૂરી છે. તેમણે જવાનો ઈરાદો કર્યો હતો, પરંતુ આળસને લઈને તેઓ જઈ ન શકયા, તો નબી અને સહાબાએ તેમની સાથે સંબંધો કાપી નાખ્યા અને તેમની બાબત અમુકને શંકા થવા લાગી હતી, જયારે કે વધુ પડતા સહાબાને તેમનું સાચા મુસલમાન હોવું યાદ હતું તો પણ તેમનાથી સંબંધો કાપી નાખવામાં આવ્યા. જયારે અલ્લાહ તરફથી તેમની માફીનું એલાન કરવામાં આવ્યું ત્યારે તેમની સાથે સંબંધો જોડવામાં આવ્યા. તો પછી તેમના એક ફર્ઝની અદાયગીમાં થોડી આળસથી કામ લેવામાં ઉપરોકત મુસીબતોનો સામનો કરવો પડયો, તો આજે આપણા મુસલમાન ભાઈઓ અને બહેનો કોઈ પણ શરઈ કારણ વિના આરામ અને શાંતિથી રહીને નમાઝો પર નમાઝો કઝા કરે છે, ગુનાહના અસંખ્ય કામો કરે છે અને સુન્નતે રસૂલની સદંતર પાબંદી કરતા નથી, પછી તેમની બાબત કયો હુકમ લાગી શકે છે ? પૂરેપૂરા ઈસ્લામ વિરૂધ્ધ ચાલીને પણ મહોબ્બતના દાવા, તો પછી મહોબ્બત અને દુશ્મનીમાં તફાવત શું ? એક દુશ્મન દુશ્મનીને લીધે (અમલ) નથી કરતો અને એક દોસ્ત દોસ્તીનો દાવો કરીને પણ નથી કરતો. દાવા બંનેના અલગ છે, પરંતુ બંને અપોઝિટ દાવાની દલીલ એક સરખી છે ! શું બે અપોઝિટ દાવાની દલીલ એક થઈ શકે છે ? તો પછી દોસ્તે દોસ્તી બાબત કંઈ વિચારવું જોઈએ.

ઉપરોકત ત્રણ સહાબાએ કિરામમાંથી બે તો બદ્રી સહાબી





હતા. સહાબામાં તેમનો દરજ્જો ઊંચો છે. તો પણ જયારે તેમણે કોઈ યોગ્ય કારણ વિના જંગમાં શિર્કત ન કરી તો તેમની સાથે બોલવાનું બંધ થઈ ગયું. સલામનો જવાબ પણ આપવામાં ન આવતો હતો અને નબીએ પાક પણ તેમની સલામનો જવાબ ન આપતા હતા. જયારે તેમની બાબત કુર્આનની આયત ઉતારવામાં આવી ત્યારે સલામો કલામનો સિલસિલો બંધાયો, તો માત્ર શક અને શંકા હોવાને લઈને તેમની વિરૂધ્ધમાં આટલાં કડક પગલાં લેવામાં આવ્યાં અને સહાબા પોતાના વચન પર અટલ રહ્યા. તો પછી હવે સવાલ આપણો છે કે આપણા જમાનામાં અન્ય ફિર્કાઓ છે તેમને દીનની જરૂરી વાતોનો ઈન્કાર અને નબીની ગુસ્તાખી કરવાને લઈને કુફ્રનો ફત્વો આપવામાં આવ્યો, તો પછી તેમની બાબત આપણા તરફથી ઈસ્લામી શરીઅત મુજબ અમલ કરવામાં કેમ નથી આવતો ? આપણને ખબર છે કે બાતિલ ફિર્કાના આલિમોએ આપણા નબીની ગુસ્તાખી કરી છે. પૂરા ચેલેન્જોની સાથે તેમનું કુફ્રી અને ગુસ્તાખીવાળું લખાણ પેજ નંબર સાથે છાપવામાં આવે છે પછી તેમની બાબત કોઈ શક રહેતો જ નથી. તો પણ આપણા તરફથી તેમના માટે ઉદારતા કેમ છે ? શું આપણે નબીના દુશ્મનને દુશ્મન નથી સમજતા ? તો પછી નબી સાથે આપણી મહોબ્બત કયા પ્રકારની છે ?! જો તમારે ઉદારતા કરવી હોય, રસૂલ પાકથી મહોબ્બત કરવાવાળાઓ સાથે કરો. ગુસ્તાખો સાથે ઉદારતા કરવી અલ્લાહ અને રસૂલની બારગાહમાં પોતાનો મુકામો મર્તબો નીચો કરવો છે. જો સહાબાએ કિરામનો ઉપરોકત ઉલ્લેખ કરવામાં આવેલો અમલ આપણી સમજમાં આવી જાય તો પછી રસૂલે પાકના ગુસ્તાખો સાથે આપણો કોઈ પ્રકારનો દીની સંબંધ અને દિલી મહોબ્બત બાકી નથી રહી જતી. અલ્લાહ તઆલા આપણા દિલોમાં સાચી પાકી મહોબ્બત પેદા ફર્માવે. તેની અને તેના રસૂલની મહોબ્બતમાં જીવવાની અને મરવાની તૌફીક અતા ફર્માવે (આમીન).

وَآخِرُ دَعْوَانَا اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ.

# ☆ સહાબાને નમાઝથી પ્રેમ ☆

نَحۡمَدُهٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ وَعَلٰی اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِیۡنَ اَمَّا بَعۡدُ! فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّیۡطَانِ الرَّجِیۡمِ۔ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ۔ اَقِمِ الصَّلٰوۃَ طَرَفَیِ النَّهَارِ وَزُلَفًا مِّنَ الَّیۡلِ اِنَّ الۡحَسَنَاتِ یُذۡهِبۡنَ السَّیِّاٰتِ ذٰلِكَ ذِکۡرٰی لِلذّٰاکِرِیۡنَ ۔ صَدَقَ اللّٰهُ الۡعَظِیۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ الۡکَرِیۡمُ وَنَحۡنُ عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیۡنَ وَالشَّاکِرِیۡنَ۔

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰهِ۔

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا حَبِیۡبَ اللّٰهِ۔

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ۔

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ۔

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ۔

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાંને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે (આમીન).

## ★ સહાબીનું પદ ★

મારી પ્યારી ઈસ્લામી માં અને બહેનો ! મેં તમને સહાબાએ કિરામના દીની મઝહબી અને ધાર્મિક પ્રેમ વિષે લગભગ ચાર પ્રકરણોમાં જુદાં જુદાં બયાનો સંભળાવ્યાં હતાં, જેનાથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે સહાબાએ કિરામ જેમણે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આજીવિકાની હયાતમાં પર્દો ફર્માવતાં પહેલાં ઈમાન સાથે ઝિયારત કરી અને આપની ખિદમતમાં હાજરી આપી અને ઈમાન સાથે આ દુનિયાથી પર્દો કરી દારૂલ જઝામાં પહોંચ્યા. તેમના માટે સહાબી હોવાનું પદ એટલું મહાન





છે કે નબી, રસૂલ પછી બંદાઓ માટે ઉચ્ચ પદ હોય તો તે સહાબી હોવું છે. કોઈ વલી ગમે તેટલા ઉચ્ચ દરજે પહોંચીને સહાબી બરાબર નથી થઈ શકતો. સહાબીને આ પદ માત્ર નબીની ઝિયારત આપના દીદાર અને આપની ખિદમતમાં હાજરીથી મળે છે. પરંતુ જોવા જઈએ તો અમલના મેદાનમાં પણ સહાબાએ કિરામ બેમિસાલ હતા. બીજા કોઈને આપનો દાખલો નથી બનાવી શકતા અને જેમણે નબીની નિગાહો સમક્ષ અમલ કર્યા હોય તેમના અમલ બરાબર કોનો અમલ થઈ શકે છે ? જેમણે નબીની પાછળ નમાઝ પઢી હોય કોઈની જીવનભરની ઈબાદત તે એક નમાઝ બરાબર પણ શી રીતે થઈ શકે છે ? સારાંશ એ કે ઉમ્મતી માટે સહાબી જેવું બનવું અશકય છે તો પછી નબી જેવાં બનવાનો તો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકતો જ નથી. એક વાત એ પણ જાણવા મળે છે કે નબીની ઝિયારતથી એક ઈમાનવાળાને આટલો ઉચ્ચ દરજો મળે છે તો એ નબીનો દરજ્જો ખુદાની બારગાહમાં કેટલો ઉચ્ચ હશે કે તેની ઝિયારતથી ઈમાનવાળાનું આટલું નસીબ જાગે. એક વાત એ પણ જાણવા મળે છે કે વલી જે નમાઝ રોઝા, હજ, ઝકાત અને દીનના અન્ય અમલોથી અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરી ઉમ્મતી અલ્લાહ તઆલાનો વલી બને છે. પણ નબીની ઈમાન સાથે ઝિયારત કરી લેવાથી સહાબીનું પદ પ્રાપ્ત કરે છે જે વિલાયતથી ઉચ્ચ છે. તો સ્પષ્ટ થયું નબીનો ઈમાન સાથે દીદાર અને ઈમાન સાથે આપની ખિદમતમાં હાજરી સઘળી ઈબાદતોથી ઉચ્ચ દરજો ધરાવે છે. એટલા માટે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે :–

**ષાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરુઅ હંય**
**અસલુલ ઓસૂલ બંદગી ઉસ તાજવરકી હય**

## ☆ ઈબાદતનું મૂળ નબીની ગુલામી છે ☆

અન્ય બદ અકીદાના લોકો સમજે ઓછું અને વાત વધારે કરે. તેઓ ન્યાયથી નહીં માત્ર વિવાદની દ્રષ્ટિએ ખોટી ચર્ચા કરતા હોય છે. તેમણે ઉપરોકત શે'ર બાબતે એવો ઉલ્લેખ કર્યો કે અલ્લાહ તઆલાની પનાહ ! કોઈ ઈમાનવાળો એ વાત વિચારી પણ નથી શકતો. તેઓ કહે

છે કે આ'લા હઝરત  આનાથી એ કહેવા માંગે છે કે દરેક અમલથી અગત્યનો અમલ નબીની બંદગી છે અને કહે છે બંદગી એટલે ઈબાદત. તો સ્પષ્ટ મતલબ એ છે કે અગત્યનો અમલ બલ્કે સઘળા અમલોનું મૂળ નબીની ઈબાદત છે. ખુદા તઆલા સિવાય કોઈની ઈબાદત કરવી શિર્ક છે અને અહીં નબીની ઈબાદતને અગત્યનો અમલ કહેવામાં આવ્યું ! સ્પષ્ટ થયું બરેલ્વી ગેરખુદાની ઈબાદત અને બંદગીનો અકીદો અને માન્યતા ધરાવે છે એટલે તેઓ મુશ્રિક છે !

જવાબ એ છે કે બંદગીનો શબ્દ અલ્લાહ સાથે મેળવવામાં આવે તો તેનો મતલબ ઈબાદત અને બંદગી થાય છે અને ગેરખુદા સાથે તેને સંબંધ કરવામાં આવે તો તેનો મતલબ ગુલામી થાય છે. ઉપરોકત શે'રમાં નબી તરફ સંબંધ કરવામાં આવ્યો છે એનો મતલબ ગુલામી છે. એટલે શિર્કનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. આ'લા હઝરતના કહેવાનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાની સઘળી ઈબાદતો સામે રાખવામાં આવે તો જાણવા મળશે કે ઈબાદત ખુદાની, હુકમનું પાલન ખુદાનું, પણ તેની અદાયગીમાં તરીકો સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નો. આમ શા માટે ? એટલે જ કે ઈબાદતના અમલોથી નબીના ગુલામ હોવાનો પુરાવો મળે. બીજું એ કે નબીની ગુલામીથી વધીને કોઈ અમલ નથી. કોઈ માણસ પોતાને નબીનો ગુલામ ન બનાવે તો તેનો કોઈ અમલ ખુદાની બારગાહમાં કબૂલ થઈ શકતો નથી. નબીની ગુલામીનું નામ બીજા શબ્દોમાં નબી પર ઈમાન અને નબીથી પ્રેમ છે. વિના ઈમાને કોઈ અમલ કબૂલ થઈ શકે છે ? તો પછી કોઈ પણ અમલ કરતાં પહેલાં નબીની ગુલામીનો સંબંધ ગાઢ કરો. આ સંબંધ જેટલો સશકત હશે તેટલી જ ખુદાની બારગાહમાં નિકટતા પ્રાપ્ત થશે. એટલા માટે તો નબીની હયાતીમાં તેમના આદેશ પર હાજરી આપવી જરૂરી હતી અને કોઈ માણસ હાલતે નમાઝમાં હોય અને નબી તેને બોલાવે તો હાલતે નમાઝમાં પણ હાજરી જરૂરી હતી અને નબીથી વાત કરવાથી અથવા આપના આદેશ પર અમલ કરવાથી કિબ્લાથી ફરી જવાથી તેની નમાઝ તૂટતી ન હતી. તે નમાઝમાં જ હતો. શું આ એ વાતની દલીલ નથી કે ઈબાદતો અને સઘળા અમલોનું મૂળ નબીની ગુલામી છે. હઝરત અબૂ બકર સિદ્દીક





رضی اللہ عنہ એ ગારે ષૌરમાં પોતાનો પગનો અંગૂઠો સાંપના કાણામાં નાખી દીધો અને સાંપે આપને કરડી પણ લીધા છતાં આપ હલ્યા નહીં અને નબીના અદબનો ખયાલ રાખ્યો. જ્યારે આંખમાંથી આંસું વહેવા લાગ્યાં અને હુઝૂરના મોઢા પર પડયાં તો આપે જાગી હઝરત અબૂ બકરથી રડવા બાબતે પ્રશ્ન કર્યો તો આપે વિનંતી કરી, આ'કા સાપે મને કરડી લીધો છે. આપે થૂંક મુબારક લગાડી આપ્યું તો ઝેરની અસર થતી રહી અને શિફા પ્રાપ્ત થઈ ગઈ. અહીં જાણવા લાયક વાત એ છે કે જાન અને પ્રાણ બચાવવો ફર્ઝ અને જરૂરી છે અને હુઝૂરની અદબનો ખયાલ રાખવો પણ જરૂરી છે. બે ફર્ઝમાંથી હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ એ ફેંસલો કરી બતાવી દીધું કે હુઝૂરની ગુલામીનું મહત્વ તમામ અમલોથી અધિક છે. હઝરત અલી رضی اللہ عنہ ની જાંગ પર સરકારે મદીના પોતાનું મુબારક માથુ રાખીને આરામ ફર્માવી રહ્યા હતા. નમાઝે અસ્ર તેમણે અદા ન કરી હતી. તેમણે હુઝૂરના અદબનો ખયાલ રાખી આપને જગાડયા નહીં અને સૂર્ય ડૂબી ગયો. નમાઝ કઝા થઈ ગઈ. પછી આપ માટે સૂર્ય પલ્ટાવામાં આવ્યો અને આપે પોતાની નમાઝ અદા કરી. પણ અહીં જાણવા લાયક વાત એ છે કે આપે નમાઝથી અધિક મહત્વ સરકારે મદીનાની ગુલામી અને આપના અદબને આપ્યું. આ સઘળા કારણોસર આ'લા હઝરત رضی اللہ عنہ એ ફર્માવ્યું,

**અસ્લુલ ઓસૂલ બંદગી ઉસ તાજવરકી હય**

## ☆ (૩) સહાબા અમલ કેમ કરતા ? ☆

વાત એ ચાલી રહી હતી કે સહાબાએ કિરામને વલીઓ અને ગૌષોથી ઉચ્ચ દરજો માત્ર હુઝૂરની ખિદમતમાં હાજરી આપવાથી મળી ગયો હતો. તેમના જન્નતમાં જવા માટે અને અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવા માટે અને ખુદાની રેઝા અને ખુશી પ્રાપ્ત કરવા માટે આ પદ પૂરતું હતું. તો પણ તેઓ દીનના માર્ગમાં કેટલી કોશિશો કરતા હતા અને દીનની વાતો પર અમલ કરવામાં કેટલો શ્રમ કરતા હતા. એટલ જ કે તેઓ અલ્લાહ અને રસૂલના આદેશ પર અમલ કરવામાં પોતાના ફાયદા અને નુકસાન તરફ ધ્યાન ન કરતા હતા. બલ્કે તેમના હૃદયનો

ફેંસલો એ હતો કે ઈમાન લાવી આપણે નબીની ગુલામીનો પટ્ટો ગળામાં લટકાવી લીધો છે. હવે આપણું કામ માત્ર તેમના ઈર્શાદ પર હાજરી આપવી છે. આપણો નફો નુકસાનનો વિચારવો નહીં. નફા નુકસાનનો ખયાલ રાખનાર નફા અને નુકસાનનો અથવા પોતાના નફસનો ગુલામ છે. કારણ કે તેની સમક્ષ મહબૂબના આદેશથી પોતાનો ફાયદો અને નુકસાનથી બચવું વહાલું છે. જો મહબૂબને સાચે જ સોંપી દેવામાં આવે તો પોતાનો જાતિય ખયાલ દિલમાંથી નીકળી જાય છે. એટલે સહાબાએ કિરામ દીનની વાતો પર અમલ કરવામાં હદથી વધારે શ્રમ કરતા હતા.

## ☆ આપણી હાલત ☆

આપણને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી શફાઅતની ખુશ ખબર સંભળાવવામાં આવી તો આપણે નીડર થઈ ગયા અને હવે ગુનાહ પર ગુનાહ કરીએ છીએ અને જો આપણને નસીહત અને શિખામણ આપવામાં આવે તો આપણા મુખથી એવા ખતરનાક અને ભયંકર શબ્દો નીકળતા હોય છે કે તેને સાંભળી શૈતાનની ખુશીનો પાર રહેતો નહીં હોય. આપણે કહીએ છીએ શફાઅત થવાની છે અને હુઝૂર આપણી બખ્શિશ કરવાના છે, પછી ચિંતા શાની ? એટલે કે આપણે શફાઅતની ખુશ ખબરને પોતે નીડર થવાનો ઝરીયો અને ગુનાહનું કારણ બનાવી દીધું ! શું સહાબાને શફાઅતની ખબર ન હતી ? આપણને સરકારે મદીનાની વાતો અને હદીષો રિવાયતોથી મળી છે તો તેના પ્રથમ રિવાયત કરનાર સહાબી હોય છે. ભલેને રિવાયતમાં સહાબીનું વર્ણન ન થયું હોય. સારાંશ એ કે નબીની મધુરવાણીઓ આપણને સહાબા થકી પ્રાપ્ત થઈ છે. એટલે આમ તો કહી નથી શકાતું કે સહાબાને શફાઅતની ખબર ન હતી. તેઓએ રિવાયત કરી છે અને તેમને ખબર છે. હુઝૂર શફાઅત કરાવશે તો પણ તેઓ પોતાના હક્કમાં ગુનાહને બરબાદીનું કારણ સમજતા હતા. ફર્ઝ અને વાજિબ તો એની જગાએ સુન્નત અને મુસ્તહબ પર એટલી પાબંદી કે આપણે એટલી પાબંદી ફર્ઝો અને વાજિબોની પણ નથી કરતા. કેમ ? એટલા માટે કે તેઓ નફ્સના ગુલામ ન હતા બલ્કે તેઓ નબીના ગુલામ હતા અને ગુલામીને પોતાની દરેક ચાહત





અને મનેચ્છા પર ઉત્તમતા આપતા હતા. એટલે તેઓ એવું ન જોતા હતા કે આ કામ જરૂરી છે કે નથી, આ કામ ન કરવાથી ચાલી જશે, છોડી દેવામાં આવે તો વાંધો નથી. ફર્ઝ અને વાજિબમાં એમનું ધ્યાન એ તરફ જતું ન હતું કે નહીં પઢવામાં આવે તો ગુનોહ થશે અને હુઝૂર શફાઅત કરશે તો માફ થઈ જશે. તેમની ચાહત એ હતી કે નફા અને નુકસાન તરફ ધ્યાન ન કરવું બલ્કે જ્યારે આપણે સરકારે મદીનાની ગુલામીનો પટ્ટો આપણા ગળામાં લટકાવી લીધો તો પછી આપણી ચાહત કોઈ ચીજ નથી. બસ ! મહબૂબ જે વાતનો આદેશ આપે તેની ઉપર અમલ કરવો અને મહબૂબ જેનાથી રોકી આપે તેની નિકટ ન થવું. એટલે શફાઅતની ખુશ ખબરીથી તેમના અમલમાં ફરક આવી શકતો નથી.

## ☆ (૫) નફ્સની ગુલામી ☆

આપણને પૂછવામાં આવે તો આપણુ એવું તો કહેવું અકીદો અને ઈમાન છે કે સરકારે મદીનાના ગુલામ છીએ, પણ જો આપણા ગુલામે નબી હોવાનો દાવો કર્યા બાદ આપણા અમલો પર ધ્યાન કરવામાં આવે તો અમલો આપણા ગુલામે નબી હોવાની ગવાહી નથી આપી શકતા બલ્કે ગુલામે નફ્સ હોવાની શહાદત અને ગવાહી આપશે. કારણ કે આપણામાંથી વધારે પડતા લોકો એવા છે જે અમલ તો કરે છે પણ તેની પાછળ બેનિફિટ અને ફાયદો દેખે છે. વધારે ફાયદો હોય તો કરે છે, નહીં તો જતું કરે છે. કેટલાક એવાં છે જેઓ દેખે છે કે ફલાણું કામ કરવામાં નુકસાને શરઈ કેટલું છે ? નુકસાન મોટું હોય તો જતું કરે છે અને ઓછું નુકસાન હોય તો કરી લે છે. કેટલાક એવાં છે જે લોકોને દેખાડવા માટે કરે છે. તેમના અમલોમાં અલ્લાહની રઝા અને ખુશી મકસૂદ નથી હોતી. કેટલાક એવા છે જેમને જ્યારથી એ વાતની ખબર પડી ગઈ કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم શફાઅત ફર્માવશે અને અલ્લાહ તઆલા તરફથી આપણી શફાઅત કબૂલ કરવામાં આવશે ! તો તેમણે શફાઅત પર ભરોસો કરીને નેક અમલોથી સંબંધ કાપી નાખ્યો અને ગુનાહો પર ગુનાહ કર્યે જાય છે ! અને કહેવામાં આવે તો જવાબ આપે છે કે કંઈ નહીં શફાઅત તો થઈ જ જવાની છે !!

આપણી અંદર આટલો બધો ફકર અને તફાવત જોવામાં કેમ આવે છે ? માત્ર એટલા માટે કે આપણો સંબંધ આપણા નફ્સથી તૂટયો નથી. આપણે હજી નફ્સના ગુલામ છીએ. એટલે અમલ કરીએ છીએ તો ઈખ્લાસ નથી હોતો અને ન કરીએ તો શફાઅતનું કારણ બતાવીને નફસના ગુલામ હોવાનો પૂરાવો આપીએ છીએ. જો આપણે આપણા દીન અને ધર્મના વર્તુળમાં કામિલ, મુકમ્મલ અને સંપૂર્ણ બનવું હોય તો નબીની ગુલામીનો દાવો નહીં પણ સાચે જ નબીના ગુલામ બનીને રહેવું જોઈએ.

## ☆ (૬) અલ્લાહનું ફર્માન ☆

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ આપણાથી કરેલ સોદાનો ઉલ્લેખ ફર્માવ્યો છે. જો તે આપણી સમજમાં આવી જાય તો પછી બીજી કોઈ નસીહતની જરૂરત આપણા જીવન સુધારવા માટે રહી શકતી નથી. ફર્માવે છે....

إِنَّ اللَّهَ اشْتَرَىٰ مِنَ الْمُؤْمِنِينَ أَنفُسَهُمْ وَ أَمْوَالَهُم بِأَنَّ لَهُمُ الْجَنَّةَ ۔

બેશક ! અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓથી તેમના પ્રાણો અને માલો ખરીદી લીધા એ બદલામાં કે તેમના માટે જન્નત છે.

## ☆ (૭) ખુલાસો ☆

અલ્લાહ તઆલાએ આપણને વજૂદ અર્પણ કર્યો અને આપણી જરૂરતો પૂરી કરવા માટે માલ અતા ફર્માવ્યો. પણ અલ્લાહ તઆલા ફર્માવે છે, મેં મારા બંદાઓથી સોદો કરી લીધો છે એ કે જન્નત એમની અને એમના માલ અને શરીરો મારા. જે મારૂં છે તેને મારી મરજી પ્રમાણે રાખો અને જે તમારૂં છે તેને તમારી મરજી પ્રમાણે કરી દેવામાં આવશે. જો અહીં તમે માલ મિલ્કત અને પોતાના શરીરમાં પોતાની મરજીનું કરશો તો પછી એનો મતલબ એ થયો કે તમે તમારા માલ અને બદનનો સોદો અલ્લાહ તઆલા સાથે કર્યો નથી ! તો પછી જયારે માણસ અલ્લાહના ફર્માન મુજબ નહીં પોતાની ચાહત અને ઈચ્છા મુજબ જીવન





વિતાવશે તો આખિરતમાં તેને અઝાબ આપવામાં આવશે અને દોઝખમાં રાખવામાં આવશે. જયાં માણસને પોતાની ઈચ્છા પ્રમાણે કંઈ પણ આપવામાં આવશે નહીં. એટલે જ કે જો તેણે દુનિયામાં સોદો કરી લીધો હોતે તો આખિરતમાં તેને જન્નત આપવામાં આવતી. જેમાં દરેક ફેંસલો તેની મરજીનો. કારણ કે તે સોદો કરીને ગયો છે અને તે પ્રમાણે અમલ કરીને રહ્યો છે. સારાંશ એ કે આખિરતમાં તમારી મરજીનું થશે જો તમે દુનિયામાં ખુદાની ચાહતનું કરશો તો જેમને આ રહસ્ય સમજમાં આવી ગયું તેઓ દુનિયામાં ખુદાના બનીને રહ્યા અને અલ્લાહ તઆલાએ તેમને પોતાના બનાવી લીધા અને તેમને પોતાની નિકટતા અતા ફર્માવી. સહાબાએ કિરામ અમલના વર્તુળમાં એટલે જ સફળ હતા અને તેઓ દુનિયામાં દરેક હાલતમાં રાજી અને ખુશ એટલે જ રહેતા હતા કે તેમને ખબર હતી કે આપણે જન્નતના બદલામાં આપણો સોદો કરી લીધો છે. એટલે બદન અને માલ આપણા નથી, ખુદાનાં છે. તો પછી તકલીફમાં હોય તો અલ્લાહ એનો માલિક છે. માલમાં પરીક્ષા લેવામાં આવે તો ખુદા એનો માલિક છે. માલિકને અને તે પણ માલિકે હકીકી ખુદાને એ વાતનો પૂરે પૂરો હક્ક છે કે એ પોતાની મરજી અને ઈચ્છાથી જે ફેંસલો કરવો હોય તે કરે. કુર્આન શરીફમાં છે... لَا يُسْئَلُ عَمَّا يَفْعَلُ ۔ જે તે કરે છે તેની બાબત પ્રશ્ન નથી થઈ શકતો. સહાબાએ કિરામનું ધ્યાન ખુદા તઆલાના ફર્માન તરફ હતું કે **આપણે ગમે તે મર્તબે પહોંચીએ પણ બંદામાંથી નીકળી નથી શકતા અને બંદાનું કામ છે ખુદા તઆલાના હુકમનું પાલન કરવું.** જે આ વાતને યાદ રાખે તેના માટે નફા નુકસાન અને શફાઅતના ઉલ્લેખથી કોઈ ફરક પડતો નથી.

## ☆ (૮) જન્નત અને દોઝખનો ઉલ્લેખ કેમ ? ☆

જો નફા અને નુકસાન તરફ ધ્યાન કરવામાં ન આવે તો પછી કુર્આનમાં સવાબના કામો પર જન્નતની ખુશખબરી અને ગુનાહના કામો પર દોઝખની ધમકી સંભળાવામાં આવી ? જવાબ એ છે કે કુર્આન શરીફમાં આ પ્રમાણેનો ઉલ્લેખ સામાન્ય લોકો માટે કરવામાં આવ્યો છે

અથવા માણસ મુસલમાન ન બન્યો હોય તો તેને ઈસ્લામનો માર્ગ બતાવવા માટે આ પ્રમાણેની નફા નુકસાનની વાતો બતાવામાં આવી છે. મુસલમાન બની અમલ કરે તો જન્નત મળશે, કુફ્ર કરશે તો માફ કરવામાં નહીં આવે. આ રીતે માણસ માર્ગ પર આવી જાય અને જ્યારે માર્ગ પર આવી જાય તો પછી તે પોતે વિચારી શકે છે કે મેં ઈમાનથી અલ્લાહ અને રસૂલથી સોદો કરી લીધો છે. નફો અને નુકસાન કંઈ ધ્યાન આપવા લાયક નથી. આ તો માલિક આપણને પોતાનો બનાવવા ઈચ્છે છે કે તમે મારા બનીને રહો.

## ☆ (૯) ખુદાના બનીને રહેવું સમજદારી છે ☆

જન્નત તરફ ધ્યાન આપીને નેક કામો કરવામાં આવે અને ગુનાહથી બચવામાં આવે અથવા દોઝખથી ડરીને આમ કરવામાં આવે તો બંનેમાં ધ્યાન ખુદા તરફ નહીં તેની મખ્લૂક તરફ અથવા પોતાના નફા નુકસાન તરફ કહેવાય. આ મહોબ્બત અને પ્રેમમાં સત્યતા જોવા નથી મળતી બલ્કે મફાદ પરસ્તીની (લાભ ખાટવાની) ગંધ આવે છે. જ્યારે માણસ એ બંને તરફ ધ્યાન ન કરી માત્ર ખુદા તઆલાની નિકટતા પ્રાપ્ત કરવા માટે અમલ કરે છે અને ખુદા તઆલાને પોતાનો બનાવી લેવા શ્રમ કરે છે અને ખુદા તઆલા તેને પોતાનો બનાવી લે છે. તો જાહેર છે તેને દોઝખમાં નાખવામાં નહીં આવે અને જન્નત આપવામાં આવશે તો જન્નત મળીને રહેશે. દોઝખથી બચાવી લેવામાં આવશે. જે પ્રથમથી નિય્યતમાં આવી શકે છે તે મળીને રહ્યું અને મહોબ્બતમાં સત્યતા સાબિત રહી. તો પછી સમજદારી એમાં જ કહેવાય કે સત્યતા સાબિત રહે અને કામ પણ બની જાય. જેમ કે હારૂન રશીદ રાજાની નોકરાણી હબશણે કર્યું હતું કે, રાજાને તેનાથી પ્રેમ હતો તો લોકોને ફરિયાદ હતી. જેથી રાજાએ મહેલમાં કીમતી ચીજો સજાવી અને ફરિયાદીઓને કહ્યું કે જે માણસ જે ચીજ પર હાથ રાખશે તે તેની થઈ જશે. દરેક પોતાની પસંદની ચીજો તરફ દોડવા લાગ્યા, પરંતુ હબશણ પોતાની જગાએથી ખસી નહીં અને જ્યારે લોકોએ પોતાની પસંદની ચીજો લઈ લીધી, હબશણે રાજાની ઉપર હાથ રાખી દીધો અને કહ્યું,





રાજા જેને ચીજો પસંદ આવી તેણે તે લઈ લીધી, મને આપ પસંદ છો, મેં તમારી ઉપર હાથ રાખ્યો. તમે મારા છો તો બધું જ મારૂં છે. જેણે ચીજો પસંદ કરી, જે પસંદ કર્યું તે તેનું થઈ ગયું. જેણે રાજાને પોતાનો બનાવી લીધો તો બધું જ તેનું છે. સહાબાએ કિરામ સમજદાર હતા તો તેમણે ખુદા તઆલાને પોતાનો બનાવી લીધો તો તેઓ દુનિયામાં પણ સફળ રહ્યા અને આખિરતમાં પણ તેઓ સફળ છે. અને આપણે સમજદાર નથી તો દુનિયા પાછળ દોડી ગયા અને અલ્લાહ તઆલાનો ઈર્શાદ ભૂલાવી ગયા.

## ☆ (૧૦) સહાબા અને નમાઝનો શોખ ☆

નમાઝ દીનના થાંભલાઓ પૈકી એક મહત્વનો થાંભલો છે. કુર્આન અને હદીષમાં તેની મહત્વતા ઉલ્લેખવામાં આવી છે અને ન પઢવાની સજાઓ વર્ણવવામાં આવી છે. તે વિષે પાંચ પ્રકરણો જુદા જુદા સમયથી તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવ્યાં હતાં. આજે વધુ એક તમારી ખિદમતમાં રજૂ કરી રહ્યો છું, "સહાબાને નમાઝથી પ્રેમ" જેનાથી એ જાણવા મળશે કે સહાબા ફર્ઝ, વાજિબ અને સુન્નતોની સાથે નફલ નમાઝોની પણ કેટલી કોશિશ કરતાં હતા. નમાઝ ખુદાની નિકટતા પ્રાપ્ત કરવાની ઉત્તમ ઈબાદત છે. તેમાં માણસના શરીર અને બદનનો દરેક ભાગ અને દરેક અવયવ ઈબાદત અને બંદગીમાં તલ્લીન થાય છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝથી અતિ પ્રેમ હતો. આપ એટલા શોખ અને લગનથી નમાઝ પઢતા હતા કે ઉભા ઉભા આપના પગ ફુલી જતા. રાત જાગીને નમાઝો અદા કરતા. આપે ફર્માવ્યું : قُرَّةُ عَيْنِيْ فِي الصَّلٰوةِ- મારી આંખોની ઠંડક નમાઝમાં છે. એટલે આપને પોતે નમાઝ પઢીને શાંતિ પ્રાપ્ત થતી હતી અને આપના ઉમ્મતીઓને નમાઝમાં દેખીને પણ આપને આત્મશાંતિ મળતી હતી. સહાબાએ કિરામ સરકારે મદીનાને ખુશ રાખવા પ્રયત્નો કરતા હતા. જ્યારે હુઝૂરે ફર્માવ્યું, "મારી આંખોની ઠંડક નમાઝમાં છે" તો હુઝૂરને ઠંડક આપવા માટે તેઓ ખૂબ ખૂબ નમાઝો પઢતા હતા.

## ☆ (૧૧) ત્યારની તકલીફો ☆

અરબમાં અને ખાસ કરીને મક્કા અને મદીનામાં તે સમયે પાણીની છૂટ ન હતી. પાણીની શોધમાં લોકોને દૂર દૂર જવું પડતું હતું. ઊંટડીઓ પર રાખીને અથવા પીઠ પર ઉઠાવીને લાવવું પડતું હતું. એટલે સમય સમયે વુઝૂ કરવું જરૂરત વખતે ગુસ્લ કરવું અને જમાઅતથી નમાઝો અદા કરવાની કોશિશ કરતા. સમય જાણવા માટે ઘડિયાળ ન હતાં, સૂરજ અથવા તારાઓ દેખીને ટાઈમ જાણવામાં આવતો હતો. જમાઅત ઉભી કરવા લોકોની રાહ જોવામાં આવતી. કયારેક વહી આવી હોય અથવા સરકારે મદીના કોઈ જરૂરી કામથી લેટ પડયા હોય તો જમાઅત માટે આપની રાહ જોવામાં આવતી. એટલે આજથી અધિક સમય એક નમાઝ માટે આપવો પડતો હતો તો પણ સહાબા નમાઝની પાબંદી કરતા હતા. લડાઈના મેદાનોમાં પણ તેઓ નમાઝો જમાઅતથી અદા કરતા હતા. એટલે જ કે તેમને ખબર હતી કે અમે નબીના ગુલામ છીએ અને અમારૂં કામ છે નબીને ખુશ રાખવા. જ્યારે અમારા પ્યારા મહબૂબ આકાની ખુશી નમાઝમાં છે તો પછી આપણે નમાઝો પઢી આપણા પ્યારા આકાને અધિક ખુશ કરવાની કોશિશ કરવી જોઈએ. જેવી સહુલતો આપણને પ્રાપ્ત છે, સહાબાને પ્રાપ્ત હોતી તો તેઓ દીન માટે અધિકથી અધિક કોશિશ કરતા અને દીનને જેમના થકી જેટલી સફળતા મળી તેનાથી પણ અધિક કામયાબી પ્રાપ્ત થતી.

## ☆ (૧૨)આપણી સહુલતો ☆

આપણને કેટલી સહુલતો પ્રાપ્ત છે કે વુઝૂ કરવું હોય તો મસ્જિદમાં પણ નળોની વ્યવસ્થા, હોજની વ્યવસ્થા, વુઝૂ કરીને લૂછવું હોય તો રૂમાલની વ્યવસ્થા. ગરમી લાગતી હોય તો પંખાઓની વ્યવસ્થા, અંધારૂ પડતું હોય તો લાઈટોની વ્યવસ્થા, ટોપી ન લઈ ગયા હોય તો ટોપીની વ્યવસ્થા ! ટાઈમસર આવવું હોય તો ઘડિયાળોની વ્યવસ્થા, રાહ ન જોવી પડે તે માટે જમાઅતના નક્કી ટાઈમની વ્યવસ્થા, અઝાન ન સંભળાય અને ધ્યાન ન રહે તો માઈકો અને સ્પીકરોની વ્યવસ્થા, જમીન પર નમાઝ પઢવામાં કપડાં મેલા થાય તો કાલીન કારપેટ અને સાદડીઓની વ્યવસ્થા, સારાંશ એ કે તમને નમાઝ માટે આવવામાં અને મસ્જિદમાં હાજરી આપવામાં



તોહફાએ નજાત (ભાગ-૬)

જેટલી પ્રકારની સુવિધાઓની જરૂરત હોય તો તે સઘળી ઉપલબ્ધ. બસ ! એટલા માટે કે તમે નમાઝ પઢો અને નમાઝમાં તમને તકલીફનો સામનો ન કરવો પડે. તો પણ જોવા જઈએ તો મુસલમાનોની મોટી સંખ્યામાં ૧૦% લોકો પણ એવા નહીં હોય જે પાંચ વખતની નમાઝો પાબંદીથી જમાઅત સાથે અદા કરતા હોય ! અને તે તકલીફો અને મુસીબતોના જમાનામાં ૧૦૦% મુસલમાનો નમાઝની પાબંદી કરતા હતા. કોઈ માણસ નમાઝ ન પઢતો હોય એવું તો સાંભળવા ન મળતું પણ કોઈ જાણી જોઈએ કઝા કરતો હોય એ પણ અશકય જેવું હતું. બંનેમાં આ પ્રમાણેના તફાવતનું કારણ એ છે કે તેઓ નબીના સાચા ગુલામ હતા અને આપણે નફ્સના ગુલામ છીએ. આપણને આપણી પડેલી છે, તેમને નબીની ખુશીની પડેલી હતી.

## ☆ (૧૩) સલાતે ખૌફ ☆

તમે ફિકહની કિતાબો પઢી હોય તો તમારા વાંચવામાં આવ્યું હશે કે એક નમાઝ સલાતે ખૌફ પણ છે જેનો ઉલ્લેખ હું બીજા બયાનોમાં રજૂ કરી ગયો છું. અહીં કુર્આન શરીફની આયત અને તેનું ભાષાંતર કરૂં છું જેનાથી સહાબાનો નમાઝનો શોખ તથા નમાઝની અહમિયત અને મહત્વ જાણવા મળશે.

وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ
فَلْتَقُمْ طَآئِفَةٌ مِّنْهُمْ مَّعَكَ وَلْيَاْخُذُوْا
اَسْلِحَتَهُمْ فَاِذَا سَجَدُوْا فَلْيَكُوْنُوْا مِنْ وَّرَآئِكُمْ
وَلْتَاْتِ طَآئِفَةٌ اُخْرٰى لَمْ يُصَلُّوْا فَلْيُصَلُّوْا مَعَكَ
وَلْيَاْخُذُوْا حِذْرَهُمْ وَاَسْلِحَتَهُمْ وَدَّ الَّذِيْنَ
كَفَرُوْا لَوْ تَغْفُلُوْنَ عَنْ اَسْلِحَتِكُمْ وَاَمْتِعَتِكُمْ
فَيَمِيْلُوْنَ عَلَيْكُمْ مَّيْلَةً وَّاحِدَةً ؕ وَلَا جُنَاحَ
عَلَيْكُمْ اِنْ كَانَ بِكُمْ اَذًى مِّنْ مَّطَرٍ اَوْ كُنْتُمْ
مَّرْضٰٓى اَنْ تَضَعُوْٓا اَسْلِحَتَكُمْ وَخُذُوْا حِذْرَكُمْ
اِنَّ اللّٰهَ اَعَدَّ لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا۔

અને અય મહબૂબ ! જ્યારે તમે તેમનામાં પધારેલ હોય પછી નમાઝમાં તેમની ઈમામત કરે તો જોઈએ કે તેમનામાં એક જમાઅત તમારી સાથે હોય અને તેઓ પોતાના શસ્ત્રો સાથે રાખે પછી જ્યારે તેઓ સિજદો કરી લે ત્યારે હટીને તમારી પાછળ થઈ જાય અને હવે બીજી જમાઅત આવે જે તે સમય સુધી નમાઝમાં સાથે

ન હતી, હવે તે તમારા મુકતદી બને અને જોઈએ કે પોતાની આડ અને પોતાના હથિયાર સાથે રાખે. કાફિરોને અભિલાષા છે કે કયાંક તમે પોતાના હથિયારો અને પોતાના સામાનને ભૂલી જાવ તો એક વખત તમારા પર ઝાપટી પડે અને તમારા પર વાંધો નથી. જો તમને વરસાદના લીધે તકલીફ હોય અથવા માંદા હોવ જેથી તમારા શસ્ત્રો છોડી નાખો અને પોતાની આડ સાથે બેશક ! અલ્લાહે કાફિરો માટે અપમાનજનક અઝાબ તૈયાર કરી રાખ્યો છે.

સહાબાએ કિરામ લડાઈના મેદાનમાં પણ જમાઅત સાથે નમાઝો પઢતા હતા. દુશ્મનો અને શત્રુઓ ચાલુ નમાઝમાં મુસલમાનો પર હુમલો ન કરે તો તેના માટે તેઓને સલાતે ખૌફનો તરીકો શિખવાડવામાં આવ્યો અને તેઓ ટાઈમ સર એ તરીકાથી નમાઝો અદા કરતા હતા અને આપણી હાલત શું છે ? ઘરે આરામથી રહીને, લિજ્જતદાર ખાણાઓ ખાઈને અને પંખાઓ નીચે રહીને પણ બેદર્દીથી નમાઝો છોડી રહ્યા છીએ અને આપણામાં કેટલા તો એટલા બધા ગાફિલ કે વર્ષ સુધી મસ્જિદમાં ન જાય અને જાય તો માત્ર ઈદની નમાઝ માટે જે ફર્ઝ નથી વાજિબ છે. એટલે કે ફર્ઝ નમાઝ તો તેમના પઢવામાં આવી જ નહીં !

## ☆ (૧૪) આઠકી યા તીનસો સાઠકી !! ☆

એક વખત નવજવાનોની એક સભામાં હું બેઠેલો હતો જેમાં દીન બાબતે શંકા કુશંકાના સવાલો થઈ રહ્યા હતા અને હું તેમને દિમાગમાં બેસે એ પ્રમાણે જવાબ આપી રહ્યો હતો. એક નવજવાને પ્રશ્ન કર્યો, મૌલાના ! જે લોકો નમાઝ નથી પઢતા તેમની બાબતે એક આલિમે કહ્યું કે આજ કાલ મુસલમાનોનો એ હાલ છે કે, "આઠકી યા તીનસો સાઠકી ઔર બસ ખુદા તેરા નામ !" તો એનો મતલબ શું છે ? મેં કહ્યું, ભાઈ ! આઠકી એટલે "જુમ્આ ટુ જુમ્આ" મસ્જિદમાં આવનારા અને તીનસો સાઠકી એટલે આખું વર્ષ નમાઝ ન પઢે, માત્ર ઈદની નમાઝ માટે આવે તેને કહેવાય. તો તેઓ હંસવા લાગ્યા. મેં કહ્યું, ભાઈઓ ! હસવાની વાત નથી, રડવાની વાત છે કે આપણે આપણા દીન અને ઈમાનમાં કેટલા કમજોર અને અશકત છીએ કે આરામથી રહીને આપણે ફર્ઝ નમાઝની





પાબંદી નથી કરી શકતા અને સહાબાએ કિરામ હતા કે તેઓ લડાઈના મેદાનમાં ચાલુ લડાઈમાં પણ નમાઝ અદા કરતા હતા. પોતાના પરિણામથી અજાણ થઈને તેઓ નમાઝના સમયે નમાઝમાં લાગી જતા હતા. તેઓ એવું ન વિચારતા કે નમાઝની હાલતમાં અમે કંઈ કરી નથી શકતા, એવી સ્થિતિમાં અમારી ઉપર હુમલો થશે તો જાની હલાકી થશે. આનાથી એ સાબિત થાય છે કે સહાબાને પોતાની જાન અને પ્રાણથી વધારે અલ્લાહ અને રસૂલના ઈર્શાદ અને આદેશથી પ્યાર હતો. જાન જશે અને પ્રાણ નીકળી જશે તો કોઈ વાંધો નથી, આજે નહીં તો કયારે પણ નીકળવાનો જ છે. પછી અલ્લાહના ઈર્શાદથી આળસ શી રીતે કરવામાં આવે ?

**આ ગયા ઐન લડાઈમ મેં અગર વકતે નમાઝ**
**કિબ્લા રૂ હો કે ઝમીં બોસ હુઈ કૌમે હિજાઝ**

**એક હી સફ મેં ખળે હો ગયે મહમૂદો અયાઝ**
**ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ**

અને આપણી હાલત એવી છે કે આખિરતમાં જે થવાની હશે તે થશે. દુનિયામાં આપણે આપણી વાસનાનો ઈલાજ કરી લેવો. અલ્લાહનો ઈર્શાદ હોય કે રસૂલનો, આપણને કંઈ પડેલી નથી. આપણને માત્ર એટલી પડેલી છે કે ખાય પીને જાન બનાવો ! અને ટાઈમ મળે તો એકબીજાની તારા મારી કરો ! સહાબામાં અને આપણામાં આટલો તફાવત કેમ ? એટલા માટે કે તેઓ અલ્લાહના બંદા અને નબીના ગુલામ હતા. એટલે પોતાને ભૂલી ગયા હતા અને આપણે આપણી વાસનાના ગુલામ છીએ અને આપણને વાસના સિવાય કશાની પડેલી નથી.

## ☆ (૧૫) કરબલામાં અહલે બૈત ☆

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખાનદાનથી આપના પ્યારા નવાસા હઝરતે ઈમામે હુસૈન رضی اللہ عنہ અને આપના ભાઈઓ, પિતરાઈઓ, ઔરતો અને બાળકો કરબલાના મેદાનમાં કેટલી તકલીફમાં હતાં તેની મુસલમાનના છોકરા છોકરાને ખબર છે. તમને એ પણ ખબર

હશે કે તેઓ આટલી સખત તકલીફોમાં પણ નમાઝો અદા કરતા હતા અને તેમની નમાઝ કરબલાના મેદાનમાં પણ છૂટી ન હતી. આજે હઝરત ઈમામ હુસૈનની તકલીફોની દાસ્તાન આપણી સમક્ષ છે પણ આપનો અમલ, આપની પરહેઝગારી, આપની નમાઝ, આપની સુન્નતોની પાબંદી વગેરેની આપણી સભાઓમાં ચર્ચા કરવામાં આવતી નથી. જાણી જોઈને તેમના જીવનનો અમલી ભાગ ગુપ્ત રાખવામાં આવે છે. જો આપણને ખરેખર અહલે બૈતથી મહોબ્બત અને પ્યાર હોય તો તેમનો આદેશ અને તેમનો અમલ ભૂલવો ન જોઈએ.

## ☆ (૧૬) ગુલામીનો મતલબ સમજો ☆

ગુલામનો શબ્દ લગાવીને ઘણા બધા લોકોના નામો રાખવામાં આવે છે. ગુલામનબી, ગુલામ રસૂલ, ગુલામ મુહ્યુદ્દીન વગેરે. એટલે કે મહાન હસ્તીઓ અને બુઝુર્ગો તરફથી સંબંધ કરીને તેમના નામ પહેલાં ગુલામના શબ્દો વધારો કરીને નામો લખવામાં આવે છે. અને સામાન્ય તરીકાથી વિચાર કરીએ તો નામ રાખવામાં ન આવ્યું હોય તો પણ મુસલમાનો પોતાને ગુલામ રસૂલ, ગુલામ ગૌષ, ગુલામ હુસૈન કહે છે અને માને છે. પણ જો આપણે ગુલામનો મતલબ જાણી લઈએ તો જોવા મળશે કે આપણને ગુલામીનો શબ્દ શોભા નથી આપતો. ગુલામીનો મતલબ પોતાને બીજાને હાથે વેચી દેવામાં આવ્યો, બીજો માલિક અને તે પોતે ગુલામ. ગુલામે પોતાના માલિકના આદેશ પર ચાલવું જરૂરી છે. પોતાની મનમાની કરવાનો અધિકાર નથી. પોતાના ઈરાદાથી ફેંસલો કરવાની રજા નથી. મનેચ્છા પર ચાલવાની પરવાનગી નથી. જો મનમાની કરવામાં આવે, મનેચ્છા પર અમલ કરવામાં આવે, મનમાન્યો ફેંસલો કરવામાં આવે તો તેને પોતાની માલિકી કહેવાય, ગુલામી ન કહેવાય ! આપણને બુઝુર્ગોથી અકીદત છે એટલે માત્ર બરકતની નિય્યતથી ગુલામીનો શબ્દ બોલવામાં આવે છે. આપણે પોતાને તેમના હાથે વેચી દીધો તે માયનો લેવામાં નથી આવતો. જો સત્ય માયનામાં આપણે પોતાને બુઝુર્ગોના ગુલામ સમજતા તો પછી





આપણા કામોથી માલિકી અને આઝાદી સાબિત ન થવી જોઈએ. સહાબાએ કિરામ પોતાને ગુલામ નબી અને ગુલામ રસૂલ માનતા હતા તો જોઈ લો સહાબામાં મનમાની જોવા મળે છે ? ખુદા અને રસૂલના આદેશથી ગફલત અને આળસ જોવા મળે છે ? વાસના પર અમલ જોવા મળે છે ? દુનિયાની મહોબ્બત જોવા મળે છે ? નમાઝથી ગફલત જોવા મળે છે ? તો પ્રથમ આપણે ગુલામીનો મતલબ સમજવાની જરૂરત છે.

## ☆ (૧૭) બયઅતનો મતલબ સમજો ☆

જે પ્રમાણે આપણને ગુલામીનો મતલબ ખબર નથી એટલે ગુલામીના નારા મારીને ગુલામીનો અમલ આપણી અંદર જોવા નથી મળતો એ જ પ્રમાણે બયઅતનો મતલબ શું છે તેની આપણને ખબર નથી અને એટલે જ આપણામાંથી ભાગ્યે જ કોઈ હશે જે કોઈ સિલસિલાથી બયઅત હોય. બયઅત કરવી અને કરાવવી આપણામાં પણ જાઈઝ છે અને દેવબંદીઓમાં પણ જાઈઝ છે અને બંને પંથના લોકો પોત પોતાના પંથના પીરોના મુરીદ બને છે અને બયઅત કરે છે. હવે આપણે સમજવાનું છે કે બયઅતનો મતલબ શું છે ? એનો મતલબ છે વેચવું. એટલે કે પોતાને પીરના હાથ પર વેચી દેવો. મુરીદ બનનાર વ્યકિત ઈરાદત દ્વારા એક ખાસ પ્રકારની વિધિથી પોતાને પીરના હાથમાં વેચે છે. જ્યારે પોતાને વેચી દે તો એ પીર તેનો માલિક અને તે પીરનો ગુલામ. જે પ્રમાણે ગુલામીમાં ગુલામને અધિકાર રહેતો નથી એ જ પ્રમાણે મુરીદે પીરની નસીહતો પર અમલ કરવો અને બયઅત વખતે જે પ્રમાણે વચનો આપવામાં આવે તે વચનો પર અટલ રહેવું. જો આ પ્રમાણે રહેવામાં આવે તો બયઅત કહેવાય, નહીં તો માત્ર જૂઠો દાવો અને બયઅતના માયનાથી અજાણતા. દરેક પીર તરફથી નમાઝની પાબંદીની અપેક્ષા કરવામાં આવે છે, શરીઅત પર ચાલવાની પ્રેરણા કરવામાં આવે છે, ગુનાહથી દૂર રહેવાની નસીહત કરવામાં આવે છે અને મુરીદ દરેક વાતની કબૂલાત કરે છે પછી વચન ભૂલી જનાર અને ગુનાહના કામો કરનાર ગુનેહગાર તો છે જ પણ જૂઠો અને વચન તોડનાર પણ છે.

## ☆ (૧૮) સહાબાની હુઝૂરથી બયઅત ☆

બયઅત કરવાની દલીલ તો સહાબાના હુઝૂરની બયઅતથી લેવામાં આવે છે. પરંતુ સહાબા હુઝૂરથી અલગ અલગ સમયથી અલગ અલગ કામો માટે બયઅત લેતા હતા અને જે વચન કરતા તેને પુરૂં કરવાનો પાકો ઈરાદો રાખતા હતા. એવું નહીં કે મુખથી વચન અને દિલથી વિચારે હમણા કહી લો પછી જોઈ લેવાશે ! કુર્આન શરીફમાં છે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે...

إِنَّ الَّذِينَ يُبَايِعُونَكَ إِنَّمَا يُبَايِعُونَ اللَّهَ ط يَدُ اللَّهِ فَوْقَ أَيْدِيهِمْ فَمَن نَّكَثَ فَإِنَّمَا يَنكُثُ عَلَىٰ نَفْسِهِ وَمَنْ أَوْفَىٰ بِمَا عَاهَدَ عَلَيْهُ اللَّهَ فَسَيُؤْتِيهِ أَجْرًا عَظِيمًا.

બેશક ! જેઓ તમારી બૈઅત કરે છે નિશંક તેઓ અલ્લાહની બયઅત કરે છે તેમના હાથો પર અલ્લાહનો હાથ (કુદરતનો) છે તો જેણે વચન ભંગ કર્યું તેણે પોતાના અનિષ્ટ માટે વચન તોડયું અને જેણે તે વચનનું પાલન કર્યું જે અલ્લાહને આપ્યું હતું તો બહું જલ્દી અલ્લાહ તેને મહાન સવાબ આપશે.

ઉપરોકત આયતમાં સહાબાએ કિરામની બયઅતનો ઉલ્લેખ છે. તે જ સૂરતમાં બીજી જગાએ અલ્લાહ તઆલાએ તેમની બયઅતથી પોતાની રઝા અને ખુશી પ્રગટ કરી. ફર્માવે છે :–

لَقَدْ رَضِيَ اللَّهُ عَنِ الْمُؤْمِنِينَ إِذْ يُبَايِعُونَكَ تَحْتَ الشَّجَرَةِ فَعَلِمَ مَا فِي قُلُوبِهِمْ فَأَنزَلَ السَّكِينَةَ عَلَيْهِمْ وَأَثَابَهُمْ فَتْحًا قَرِيبًا.

બેશક ! ઈમાનવાળાઓથી અલ્લાહ રાજી થયો જ્યારે તેઓ પેલા ઝાડ નીચે તમારી બૈઅત કરતા હતા. તો જે તેમના દિલોમાં છે અલ્લાહે જાણ્યું તો તેમની ઉપર શાંતિ ઉતારી અને તેમને જલ્દી પ્રાપ્ત થનાર વિજયનું ઈનામ આપ્યું.

સહાબાએ કિરામ હુઝૂરથી લડાઈમાં પીછે હઠ ન કરવાની, દીનની મદદ કરવાની, આમ જુદા જુદા કામોની બયઅત લેતા અને હુઝૂરના હાથમાં પોતાનો હાથ આપીને વચન આપતા કે એ કામ અમે જરૂરથી કરીશું અને પછી તેઓ પોતાના વચનનું પાલન કરતા. તે રિવાજ





તસવ્વુફમાં લેવામાં આવ્યો અને જેને ખિલાફત મળી હોય તેના હાથે બયઅત કરવાનો અને મુરીદ બનાવવાનો દરવાજો ખોલવામાં આવ્યો કે, જ્યારે પીરને નબીનો નાયબ સમજવામાં આવશે અને તેના હાથમાં હાથ આપીને વચન લેવામાં આવશે તો પોતાના વચનને યાદ રાખશે અને દીનના કામોમાં આગળ વધીને ભાગ લેશે. અને જ્યાં સુધી લોકોમાં સચ્ચાઈ અને સત્યતા હતી આમ થતું રહ્યું અને લોકોને દીનદાર બનાવાનો ફાયદો પ્રાપ્ત થતો રહ્યો. હવે જ્યારે લોકો વાત વાતમાં કસમો ખાવા લાગ્યા, જૂઠી વાતોમાં કુર્આન ઉઠાવા લાગ્યા, વાયદાનું મહત્વ તદ્દન ભૂલી ગયા ત્યારથી બયઅત માત્ર એક રિવાજ રહી ગયો છે. એટલે હવે કોઈ માણસ મુરીદ બને કે ન બને તેની લાઈફ અને જીવનમાં કોઈ ફરક આવતો નથી. મુરીદ બનતાં પહેલાં બેનમાઝી હતો, બન્યા પછી પણ તે જ છે ! પ્રથમ ગુનાહોની સભાઓમાં રહેતો, પછી પણ એ જ હાલત છે ! પ્રથમ ફેશની હતો પછી પણ સુન્નતો પર ચાલતો નથી. આમાં પીરનો વાંક ઓછો અને મુરીદનો વધારે છે. પીરે તો જે વચન લેવાનું હતું લઈ લીધું, હવે તેનું પાલન મુરીદે કરવાનું છે અને પીર સાહેબની એટલી ભૂલ કે તેમણે જોયું કે ફલાણા મુરીદમાં કોઈ ફરક આવ્યો નથી તો પછી તેને તેનું વચન યાદ અપાવે અને અમલનો શોખ અપાવે. જો આ પ્રમાણે ન કરવામાં આવે તો એટલું કહી શકાય છે એક રિવાજ છે જે ચાલી રહ્યો છે ! પણ તેનું રહસ્ય છોડી દેવામાં આવ્યું છે.

**રહ ગઈ રસ્મે અઝાં રૂહે બિલાલી ન રહી**
**ફલ્સફા રહ ગયા તલ્કીને ગઝાલી ન રહી**

**મસ્જિદેં મર્સિયા ખાં હંય કે નમાઝી ન રહે**
**યઅની વોહ સાહિબે અવસાફે હિજાઝી ન રહે**

## ☆ (૧૯) બયઅત ફર્ઝ નથી પણ જૂઠ હરામ છે ☆

કોઈ ખિલાફત પામેલ શરીઅતના પાબંદ પીરના હાથ પર બયઅત થવું શરઈ કાયદાના આધારે ફર્ઝ નથી. એક સારૂ અને ફાયદાકારક કામ છે. પણ બયઅતમાં સારાં કામો કરવાનાં અને ગુનાહિત

કામોથી બચવાનાં વચનો લેવામાં આવે છે. જો એ વચનોનું પાલન કરવામાં ન આવે તો વાયદા ખિલાફી અને જૂઠ છે. કોઈ પણ શરઈ કારણ વિના વાયદા ખિલાફી અને જૂઠ હરામ છે. એક મુસ્તહબ કામ, પણ અમલ કરવામાં ન આવે તો પરિણામ હરામ અને ગુનોહ. અને આમ એટલા માટે થાય છે કે આપણે કામને જાણ્યા વિના કરીએ છીએ, તેનો મતલબ અને રહસ્ય સમજવાની કોશિશ નથી કરતા. મુરીદ બનો, મુરીદ બનો, પણ કેમ બનો તે ખબર નથી ! બયઅત કરો, બયઅત કરો, પણ કેમ કરો અને એનો મતલબ શું છે ખબર નથી ! પછી વાંચન પર અમલ શી રીતે થાય ? જ્યારે સહાબા દરેક કામ જાણીને સમજીને કરતા હતા એટલે તેઓ પોતાના વચનો પર અટલ રહેતા હતા. ગુનાહોથી દૂર રહેતા હતા અને એટલે જ સહાબા દીનનો ઝંડો ઊંચો કરવા કાફિરોથી લડતા હતા. લડાઈના મેદાનમાં પણ નમાઝની પાબંદી કરતા હતા. યુધ્ધમાં ન હોય તો ઘરોમાં પણ નમાઝો અને ખુદાની યાદમાં તલ્લીન રહેતા. અને આપણી હાલત અજબ છે, કાફિરોથી યુધ્ધ તો થતું જ નથી એટલે જેહાદનો સવાલ નથી. ઘરોમાં હોય તો ટેલીવીઝન, બહાર નીકળે તો રમત ગમતનું મેદાન ! એકબીજાથી મુલાકાત થાય તો મુસલમાનોની ગીબત, બિસ્તર પર જઈએ તો ઈશા નહીં ! ઉઠે તો ફજર નહીં ! જ્યારે કે જે કલ્મો સહાબા પઢતા હતા આપણે પઢીએ છીએ, જે માન્યતા સહાબા રાખતા હતા, આપણે રાખીએ છીએ, જે કુર્આનની તિલાવત તેઓ કરતા હતા આપણે કરીએ છીએ. પણ ફરક એ છે કે તેમનું ઈમાન તેમને સર કપાવવા તૈયાર કરતું અને આપણું ઈમાન આપણને સર નમાવવા પણ તૈયાર નથી કરતું. તેમનું ઈમાન તેમને તકલીફો અને મુસીબતોમાં પણ અમલ પર તત્પર કરતું અને આપણુ ઈમાન રાહત અને સુખમાં પણ આપણને અમલ પર તૈયાર કરતું નથી. કારણ અને રીઝન એ છે કે તેઓ રિવાજ સમજીને કંઈ પણ ન કરતા, જે કંઈ કરતા તેનું રહસ્યો જાણીને કરતા હતા અને આપણે દરેક કામમાં રિવાજ પર લક્ષ આપીએ છીએ, તેનું રહસ્ય જાણવાની કોશિશ નથી કરતા. એટલે આપણામાં અને એમનામાં તફાવત જોવા મળે છે.

**આજ ભી હો સકતા હય બરાહીમ સા ઈમાં પેદા**
**આગ કર સકતી હય અંદાઝે ગુલિસ્તાં પેદા**





## ☆ (૨૦) ઈમાન અને તેની ચાહત ☆

ઈમાન લાવનાર અલ્લાહ અને રસૂલને માને છે. તેમનાથી અધિક મહોબ્બત અને પ્રેમ રાખે છે અને એ મહોબ્બત અને પ્રેમનો પૂરાવો માણસના જીવનમાં સુધારો અને પોતાની મનેચ્છાઓનો અલ્લાહ અને રસૂલના ઈર્શાદને લક્ષમાં રાખીને ત્યાગ છે અને તેનું નામ સારાં કામો કરવાં અને ખરાબ કામોથી દૂર રહેવું છે અને તેને ઈમાનની ચાહત (તકાઝો) પણ કહી શકાય છે. જો ઈમાન લાવવામાં આવે અને અમલ કરવામાં ન આવે તો એનો મતલબ એ થયો દાવત તો કબૂલી લેવામાં આવી પણ હાજરી આપી નહીં ! ઈમાન દાવો અને અમલ તેની દલીલ છે. દલીલથી દાવો મજબૂત બને છે અને દાવો કરનાર દલીલ આપીને પોતાની સત્યતા પ્રગટ કરે છે. જો આપણી પાસે ઈમાન છે તો પછી દિલથી એ પણ સવાલ કરવામાં આવે કે હે દિલ ! એ તો બતાવ કે અંદર ઈમાન છે અને ઈમાનની ચાહત (તકાઝો) અલ્લાહ અને રસૂલના આદેશ પર અમલ છે. તો પછી મારા ઈમાનની ચાહત કેમ બદલાઈ રહી છે ? હું ઈમાન લાવીને પણ કેમ મનમાની કરી રહ્યો છું ? મારામાં અમલનો જુસ્સો કેમ પેદા નથી થતો ? મને નમાઝ, રોઝા અને દીનની બીજી વાતો પર અમલ કરવાનો શોખ કેમ નથી થતો ? સહાબા ઈમાન લાવતાં પહેલાં ઈન્સાનિયતથી પડેલ કામો કરતા હતા, કોઈનો હક્ક જાણતા ન હતા, ઝુલ્મ અને ત્રાસ સિવાય કોઈ કામ ન હતું, જાત જાતના વિવાદ સિવાય કંઈ પસંદ ન હતું. પણ જ્યારથી તેમને ઈમાન નસીબ થયું તેમની ચાહત ઈમાની ચાહત થઈ ગઈ. પોતાની મનમાની એક કામમાં પણ નહીં. દરેક કામમાં ખુદા અને રસૂલના આદેશ પર લક્ષ. હે દિલ ! એ રહસ્ય સમજાતું નથી કે એક તો જાનવર હતો, ઈમાન લાવીને વલી સિફત બની ગયો અને એક છે કે તેના ઈમાન અને કુફ્રની હાલતમાં કોઈ તફાવત જોવા મળતો નથી ! તો દિલ જવાબ આપશે, મારા ભાઈ ! મારા લોકરમાં ઈમાનનું અમૂલ્ય મોતી છે અને જે દરેકના ઈમાનની ચાહત છે ! તે જ એની પણ ચાહત છે. પરંતુ તેં મારી તરફ ધ્યાન કયારે કેન્દ્રિત કર્યું છે ? તુ જ્યારે પણ ફૈંસલો કરે છે, નફ્સ તરફ દેખીને કરે છે, મને તારા

ફૈંસલામાં વચમાં આવવા જ નથી દેતો પછી ઈમાનની ચાહત (તકાઝો) તારા અમલોથી કેવી રીતે પૂરી થાય ? એ ચાહત (તકાઝા)ને મેળવવા તારે મારાથી દોસ્તી અને નફ્સથી દુશ્મની કરવી પડશે. જેમણે મારાથી દોસ્તી અને નફ્સથી દુશ્મની કરી તેઓ ઈસ્લામના મેદાનમાં વિજય મેળવી ગયા અને જેમણે નફ્સનો સાથ છોડયો નહીં તેઓ પરાજીત થયા. તુ સહાબાની વાત કરી રહ્યો છે ?! તને ખબર છે ? સહાબા મનમાની ન કરતા હતા, તેમનો ફૈંસલો પોતાની ચાહતનો ન હતો. તેઓ અલ્લાહ અને રસૂલથી પ્રેમ રાખતા અને મહબૂબની ચોખટ છોડીને શૈતાનના દરવાજે ન પહોંચતા. તુ તેમની મુસીબતો, તેમની હિજરત, તેમના ઈશ્કે ઈલાહી અને ઈશ્કે રસૂલ અને તેમની ગરીબાઈ વિષે તો સાંભળી ગયો, હવે તેમની નમાઝ વિષે પણ સાંભળતો જા, પછી જ તને નફ્સને દુશ્મન બનાવાનો શોખ થશે.

## ★ નબીએ પાક અને નમાઝનો શોખ ★

**(૧)** નસાઈ શરીફમાં છે હઝરત અનસ બિન માલિક ફર્માવે છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારા માટે ખૂશ્બૂ અને સ્ત્રી પ્રિય કરી દેવામાં આવી અને મારી આંખોની ઠંડક નમાઝમાં છે.

**(૨) નમાઝ પ્રિય છે :-** હઝરત ઈમામ માલિકે તખરીજ કરી છે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે હઝરત જિબ્રઈલે નબીએ પાકને અરજ કરી કે આપ માટે નમાઝ પ્રિય કરી દેવામાં આવી છે તો આપ જેટલું લઈ શકો નમાઝમાંથી લ્યો. (જેટલી નમાઝ પઢી શકો પઢો.)

**(૩) નબીની ચાહત રાતની નમાઝ :-** તિબ્રાનીએ કબીરમાં દર્શાવ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે નબીએ પાક رضی اللہ عنہ બિરાજમાન હતા. આપની ચારે બાજુ સહાબા બેઠેલા હતા. આપે ફર્માવ્યું, અલ્લાહ પાકે દરેક નબી માટે એક ઈચ્છા પેદા કરી અને મારી ઈચ્છા રાતની નમાઝમાં છે. જ્યારે હું નમાઝ માટે ઉભો રહું તો કોઈ મારી પાછળ ન પઢે. બેશક ! અલ્લાહ પાકે દરેક નબી માટે એક





લિજ્જતદાર કોળિયો બનાવ્યો અને મારા માટે લિજ્જતદાર કોળિયો આ પાંચ નમાઝો છે. જ્યારે હું એને પઢું છું તો એ મારા પછી આવનાર હાકિમો માટે પણ છે. (એટલે કે તેઓ પણ નમાઝની પાબંદી કરશે.)

**(૪) પગ ફૂલી ગયા :-** અબૂ દાઊદમાં છે હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એટલી નમાઝો પઢી કે આપના પગ ફૂલી ગયા અથવા કહ્યું, બંને પિંડીઓ ફૂલી ગઈ. આપને અરજ કરવામાં આવી કે શુ એ વાત નથી કે અલ્લાહ પાકે આપને આગલા પાછા ગુનાહથી પાક રાખ્યા છે ? આપે ફર્માવ્યું, હું અલ્લાહનો શુક્રગુજાર બંદો કેમ ન બની જાઉં ! (એટલે કે ઈબાદત અને બંદગી માત્ર ગુનાહોની માફી માટે જ નથી હોતી, શુક્રગુજારી માટે પણ થઈ શકે છે અને હું ઈબાદત અલ્લાહ તઆલાના શુક્ર માટે કરી રહ્યો છું.)

(૫) બઝ્ઝારે તખરીજ કરી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. આપ ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યાં સુધી નમાઝો પઢતા કે આપના બંને પગ ફુલી જતા. તિબ્રાનીએ કબીરમાં આ પ્રમાણે હઝરત ઈબ્ને મસ્ઊદ અને નુઅમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત નકલ કરવામાં આવી છે.

(૬) શૈખૈને હઝરત આઈશા رضی اللہ عنہ થી રિવાયત કરી, આપ ફર્માવે છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم રાત્રે એટલી ઈબાદત કરતા કે આપના બંને પગ ફાટી જતા. મેં અરજ કરી, યા રસૂલલ્લાહ ! આપ આમ શા માટે કરો છો ? તમારી મગફેરત ફર્માવી દેવામાં આવી છે. આપે ફર્માવ્યું, હું અલ્લાહનો શુક્રગુજાર બંદો ન બનું ?

(૭) ઈબ્ને નજ્જારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી, ફર્માવે છે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એટલી હદે ઈબાદત કરતા કે આપના પગ ધ્રુજવા લાગતા.

(૮) કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે આપે ફર્માવે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એટલી ઈબાદત કરી કે આપ સુકી મશક માફક થઈ ગયા. સહાબાએ અરઝ કરી, યા રસૂલલ્લાહ ! આપને આટલી તકલીફ પર કોણે તત્પર કર્યા ? શું તમને અલ્લાહ તઆલાએ

આગલા પાછલા ગુનાહથી પાક ન રાખ્યા ? આપે ફર્માવ્યું, બેશક ! પાક રાખ્યો છે પણ શું હું અલ્લાહ તઆલાનો શુક્રગુજાર બંદો ન બનું ?

(૯) શૈખૈને તખરીજ કરી, હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રાત્રીની નમાઝ બાબતે પૂછવામાં આવ્યું, જ્યારે અમે રાતમાં હુઝૂરને નમાઝ પઢતા દેખતા તો જોઈ લેતા કે આપ નમાઝ પઢી રહ્યા છે અને જ્યારે અમે ઈચ્છતા કે જોઈએ આપ સૂઈ રહ્યા છે તો અમે આપને સૂતેલા જોઈ લેતા. (કયારેક આપ સૂતા અને કયારેક આપ નમાઝ પઢતા) મહીનામાં આપ એટલા સુધી રોઝા રાખતા કે અમે કહેતા, હવે આપ આ મહીનામાં એક રોઝો પણ છોડશે નહીં અને રોઝો ન રાખતા તો અમે કહેતા હવે આપ આ મહીનામાં એક રોઝો પણ રાખશે નહીં.

(૧૦) શૈખૈને તખરીજ કરી છે, હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે, મેં હુઝૂર સાથે એક રાત નમાઝ પઢી. આપ સતત ઉભા રહ્યા. ત્યાં સુધી કે મેં બુરી વાતનો ઈરાદો કર્યો. અમે સવાલ કર્યો શું ઈરાદો કર્યો ? હઝરત અબ્દુલ્લાહે કહ્યું, મેં ઈરાદો કર્યો કે હું બેસી જાઉં અને આપને છોડી દઉં.

(૧૧) હઝરત ઈમામ અહમદે તખરીજ કરી, હઝરત અબૂઝર ગફ્ફારી ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વખત પૂરી રાત ઈબાદત કરી ત્યાં સુધી કે સવાર થઈ ગઈ અને આપ આજ આયત પઢી રહ્યા હતા :-

اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ وَاِنْ تَغْفِرْ لَهُمْ فَاِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ۔

જો તુ તેમને સજા આપે તો બેશક ! તેઓ તારા બંદાઓ છે અને જો તેમને માફ કરી આપે તો બેશક ! તુ ગાલિબ હિકમતવાળો છે.

(૧૨) અબૂ યઅલાએ તખરીજ કરી, હઝરત અનસ ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કંઈ તકલીફમાં મૂકાયા. જ્યારે આપે સવાર કરી, વિનંતી કરવામાં આવી આપ પર તકલીફની અસર જાહેર છે. આપે ફર્માવ્યું, બેશક ! મને આવી હાલતમાં જે તમે જોઈ રહ્યા છો, ગત રાતમાં સબ્એ નિવાસ (સાત લાંબી સૂરતો) પઢી.

(૧૩) ઈમામ મુસ્લિમે તખરીજ કરી, હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે,





મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એક રાત નમાઝ પઢી. આપે સૂરએ બકરહ શરૂ કરી. મેં મનોમન કહ્યું, આપ સો આયતો પર રૂકૂઅ કરી દેશે. આપ ફર્માવે છે, હુઝૂર સોથી આગળ વધ્યા તો મેં મનોમન કહ્યું, આપ આને એક રકઅતમાં પઢશે. આપ આગળ વધ્યા તો મેં કહ્યું, આપ એક રકઅતમાં પૂરી પઢશે અને રુકૂઅ કરશે. ત્યારબાદ આપે સૂરએ નિસાઅ અને આલે ઈમ્રાન પઢી અને આપ રોકાય રોકાયને પઢતા હતા. જયારે એવી આયતથી પસાર થતા જેમાં સવાલનો ઉલ્લેખ હોય તો સવાલ કરતા અને જ્યારે એવી આયતથી પસાર થતા જેમાં પનાહ લેવાનો ઉલ્લેખ હોય તો પનાહ લેતા. ત્યાર બાદ આપે રૂકૂઅ કર્યો અને તેમાં ''સુબ્હાન રબ્બિયલ્ અઝીમ'' પઢતા રહ્યા. આપનો રૂકૂઅ પણ આપના કિયામ નિકટ રહ્યો. ત્યાર બાદ આપ ''સમિઅલ્લા હુલિમન હમિદહ્'' કહીને ઉભા થયા અને જેટલો સમય રૂકૂઅ કર્યો એટલો સમય ઉભા રહ્યા. ત્યાર પછી આપે સિજદો કર્યો અને ''સુબ્હાન રબ્બિયલ્ આઅ્લા'' પઢતા રહ્યા. આપનો સિજદો પણ આપના કિયામ નિકટ હતો.

(૧૪) તિબ્રાનીએ રિવાયત કરી છે હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે, હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો અને આપ નમાઝ પઢી રહ્યા હતા. હું પણ આપની નમાઝમાં આપની પાછળ શામિલ થઈ ગયો અને આપને મારી શરીક થવાની જાણ થઈ નહીં. આપે સૂરએ બકરહ શરૂ કરી, મને એવો ખયાલ આવ્યો આપ નિકટમાં રૂકૂઅ કરશે. પછી આપ આગળ વધ્યા. હઝરત સિનાન કહે છે, જ્યાં સુધી મને ઈલ્મ છે હઝરત હુઝૈફાએ કહ્યું, આપે ચાર રકાતો પઢી અને આપનો રૂકૂઅ આપના કિયામ જેટલો (લાંબો) હતો. હઝરત હુઝૈફા કહે છે, આ બાબતે હુઝૂરથી મેં વાત કરી તો આપે ફર્માવ્યું, તમે મને જાણ કેમ ન કરી ? હઝરત હુઝૈફાએ કહ્યું, કસમ તે જાતની જેણે આપને હક સાથે નબી બનાવીને મોકલ્યા ! હું એની અસર (થાક) મારી પીઠમાં આજ સુધી મહેસૂસ કરૂં છું.

وَاٰخِرُ دَعْوَانَا اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ۔

# ☆ સહાબામાં નમાઝનો શોખ ☆

સહાબાએ કિરામને અલ્લાહ અને રસૂલના આદેશ પર અમલનો શોખ હતો. જે અમલ જેટલું મહત્વ ધરાવે તેટલું તેની ઉપર તેમના અમલની તૈયારી હોતી. કોણ નથી જાણતું કે ઈમાન પછી ઈસ્લામના ચાર થાંભલઓ પૈકી એક નમાઝ પણ છે અને નમાઝને બીજા અમલી ફર્ઝોમાં મહત્વતા પ્રાપ્ત છે. કુર્આન અને હદીષમાં સૌથી અધિક તાકીદ નમાઝની કરવામાં આવી છે. નમાઝ છોડવા બાબતે સહાબાએ કિરામનો નિર્ણય શું છે ? તેનો ઉલ્લેખ ત્રીજા ભાગમાં ફતાવા રઝવિય્યહ્‌ના હવાલાથી થઈ ગયો છે ત્યાંથી હાસિલ કરી શકો છો.

## ☆ નમાઝનુ રોઝાથી વધારે મહત્વ ☆

રોઝા એક બદની અને શરીરથી સંબંધિત ઈબાદત અને બંદગી છે. પણ તેનો હુકમ વર્ષમાં એક જ વખત રમઝાન માસમાં છે. પછીના અગિયાર મહીનામાં રોઝા રાખવા ફર્ઝ નથી. જેને પોતાની મનેચ્છાએ રાખવા હોય તો નફ્લની નિય્યતે રાખી શકે છે અને તેમાં પણ એ હુકમ છે કે માણસ શરઈ મુસાફિર હોય તો તેને ન રાખવાની અને બીજા દિવસોમાં કઝા કરી લેવાની રજા આપવામાં આવી છે અને કોઈ માણસ સખ્ત બીમાર હોય અથવા એવો વૃધ્ધ જે પોતાની અશકિતથી કયારે પણ રાખી ન શકે તો તેમના માટે માફ છે. માત્ર એક રોઝાનો એક સદકએ ફિત્ર જેટલો ફિદિયો આપીને જવાબદારી પૂરી કરી શકે છે. જ્યારે કે નમાઝ દરરોજનો ફર્ઝ છે અને એક વખત નહીં દિવસમાં જુદા જુદા સમયમાં પાંચ વખત અને વર્ષમાં એક દિવસ પણ તેનાથી છૂટ્ટી આપવામાં આવતી નથી. વર્ષમાં બે વખત ઈદના દિવસો આવે છે, જેમાં રોઝો રાખવો હરામ છે પણ નમાઝ તે દિવસોમાં પણ માફ નથી, બલ્કે એક નમાઝનો વધારો કરવામાં આવ્યો કે ઈદની નમાઝ પણ પઢવામાં આવે જે વાજિબ છે. કોઈ માણસ ગમે તેટલો બીમાર હોય, ભલે ઉભો ન





થઈ શકતો હોય પણ જો તે સૂઈને, આડા પડીને, ઈશારાથી નમાઝ પઢી શકે તો તેની ઉપર પણ ફર્ઝ છે, નહીં પઢે તો ગુનેહગાર ઠરશે. રોઝાથી નમાઝને વધારે મહત્વતા પ્રાપ્ત છે જે આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે. રોઝામાં સુબ્હ સાદિકથી સૂર્યાસ્ત સુધી નિય્યત સાથે ખાવા પીવા અને સંભોગથી રોકાવાનું હોય છે. એટલે કે માત્ર એ ઈબાદતમાં રોકાવાનું હોય છે, જ્યારે હાલતે નમાઝમાં માણસ એ કામોથી તો રોકાય જ છે. હાલતે નમાઝમાં ખાવું હરામ, હાલતે નમાઝમાં પીવું હરામ, હાલતે નમાઝમાં સંભોગ હરામ વત્તા કોઈનાથી વાત ચીત પણ હરામ, રમત ગમત, મસ્તી મજાક હરામ, ચાલવું હરામ, આમ તેમ જોવું નાજાઈઝ, શરીરનું દરેક અંગ કિબ્લા તરફ ઈબાદતમાં મગન, ઉભા રહો તો કુર્આનની તિલાવત, રૂકૂઅ સિજદામાં જાવ તો તસ્બીહ અને તમ્હીદ, કાયદામાં બેસો તો તશહ્હુદ, સલાતો સલામ અને દુઆ. શું રોઝામાં આ પ્રમાણેની ઈબાદતોનો સમાવેશ છે ? રોઝાનો બદલો ખુદા છે પણ બદલો કિયામત પછી મળશે, જ્યારે કે નમાઝમાં માણસ ખુદા સમક્ષ હોય છે. પ્રથમ હિસાબ અલ્લાહના હક્કોમાં નમાઝનો થશે. નમાઝ પૂરી હશે તો જ બીજા અમલોનો હિસાબ થશે. રોઝામાં માણસ ગમે તે દિશામાં હોય નમાઝમાં સર્વની દિશા એક હોય છે. માત્ર મુસાફરીમાં નફલ નમાઝમાં મુસાફરને પોતાની સવારીની દિશાએ ઈશારાથી નમાઝની રજા આપવામાં આવી છે.

નમાઝ અદા પઢવામાં ન આવી તો તેની કઝા કરવી પડે. પછી ગમે તે હોય. એક રિવાયત એ છે કે કોઈ માણસની નમાઝો રહી ગઈ હોય તો તેના તરફથી દરેક નમાઝ માટે એક સદકએ ફિત્ર જેટલું આપવામાં આવે તો કબૂલ થવાની ઉમ્મીદ છે પણ આ નિયુકત કાયદો નથી. પણ એવો બીમાર જેને સારા થવાની ઉમ્મીદ હોય અથવા વૃધ્ધ જે તદ્દન અશકત થઈ ગયો હોય તેઓ પોતાની હયાતીમાં પણ રોઝાના બદલે સદકએ ફિત્ર આપી શકે છે.નમાઝ માટે જગા, કપડાં અને શરીરની તહારત અને પાકી શર્ત છે. તેના વિના નમાઝ થઈ શકતી નથી જ્યારે રોઝામાં પાકી શર્ત નથી, વિના વુઝૂએ બલ્કે વિના ગુસ્લે પણ રોઝો રાખી શકાય છે. માત્ર હૈઝ અને નિફાસવાળી નહીં રાખે. નમાઝમાં સતર ઢાંકવું

શર્ત છે, સતર ખુલ્લું હોય તો નમાઝ ન થાય, રોઝામાં આ શર્ત નથી. સતર ખુલ્લુ રહેવાથી રોઝો તૂટતો નથી. આ સઘળા કારણો દર્શાવી રહ્યાં છે કે નમાઝને રોઝાથી અસંખ્ય વાતોમાં મહત્વતા અને ઉત્તમતા પ્રાપ્ત છે.

## ☆ નમાઝ ઝકાતથી વધારે મહત્વ ☆

ઝકાતની હિકમતો તેમજ રોઝાની હિકમતોનું વર્ણન ચોથા ભાગમાં થઈ ગયું છે ત્યાંથી હાસિલ કરી શકો છો. ઝકાત માત્ર માલી ઈબાદત છે અને એની અદાયગી દરેક મુસલમાન માટે જરૂરી કરવામાં નથી આવી માત્ર માલિકે નિસાબ પર જરૂરી કરવામાં આવી અને તે પણ દરરોજ નહીં. માત્ર વર્ષમાં એક વખત જ્યારે માલિક નિસાબવાળુ વર્ષ પૂરૂં થાય. તેની અદાયગીમાં માત્ર નિય્યત શર્ત છે, પાકી, સાફી, સતરે ઔરત અન્ય કોઈ શર્તો નથી. એનાથી જાણવા મળે છે કે નમાઝને ઝકાત પર કેટલું મહત્વ પ્રાપ્ત છે. બીજું એ કે ઝકાતની અદાયગીમાં આપણે કશું જ કરવાનું નથી હોતું, માત્ર આપણો માલ નિય્યત સાથે જુદો કરી ગરીબને આપવાનો હોય છે. તેમાં માલ આપણો હોય છે તથા તે માલ ફના થનાર હોય છે તથા તે માલમાં કેટલાયે પ્રકારની શંકાઓ હોય શકે છે. જ્યારે નમાઝમાં કુર્આન હોય, તસ્બીહ અને તમ્હીદ હોય, દુરૂદો સલામ હોય, દરેક ઝિક્ર ખુદાનો અને વળી નમાઝમાં ઘણી બધી શર્તો જેનો ઉલ્લેખ થઈ ગયો, પછી નમાઝથી જેટલું મહત્વ ઝકાતને કેવી રીતે મળી શકે છે.

## ☆ નમાઝ હજથી વધારે મહત્વ ☆

હજ જરૂરથી ફર્ઝ છે એના પર ઈમાન રાખવું દરેક મુસલમાન પર જરૂરી છે પણ એની અદાયગીનો હુકમ ઝકાતથી પણ અધિક સંકોચાએલો છે. હજની અદાયગી જીવનભરમાં માત્ર એક વખત અને એ પણ માત્ર તેની ઉપર જે માલિકે નિસાબ હોય અને ઉપરથી એટલી શકિત ધરાવતો હોય કે પોતાના ખર્ચે હજ કરીને પાછો આવી શકે અને પોતાનો ધંધો ફરીથી નિભાવી શકે. તેની અદાયગીમાં કશું જ પઢવું જરૂરી નથી. માત્ર એહરામની નિય્યત સમયે તલ્બીઆ પઢવું અને તેમાં પણ





બુલંદ સ્વરે માત્ર એક વખત લબ્બૈક કહેવું જરૂરી છે. પછી હજને નમાઝથી વધારે મહત્વ કેવી રીતે મળી શકે છે ? સ્પષ્ટ થયું નમાઝ ઈસ્લામના અમલી ચાર થાંભલાઓ પૈકી એક નમાઝ બીજા થાંભલાઓ પર ઉત્તમતા અને મહત્વ ધરાવે છે. બીજું એ કે હજ માત્ર માલદારોને નસીબ થાય છે, જ્યારે કે નમાઝ દરેક મુસલમાનને નસીબ થાય છે. હજ માટે મક્કા શરીફ જવું જરૂરી છે, નમાઝમાં એવી કોઈ શર્ત નથી, બની શકે તો મસ્જિદમાં, નહીં તો જરૂર સમયે કોઈ પણ પાક જગાએ પઢી શકાય. ત્રીજું એ કે હજ્જ જીવનમાં એક વખત ફર્ઝ, પછી પઢવામાં આવે તો નફ્લ. નમાઝ દિવસમાં પાંચ વખત ફર્ઝ અને સુન્નતો ગણવામાં આવે તો ઘણી બધી. ચોથું એ કે હજ્જમાં માલદાર અને ગરીબનો તફાવત, નમાઝમાં એવો કોઈ તફાવત નથી. હજ્જ સાથેના બીજા તફાવત રોઝા અને નમાઝના તફાવતથી જાણી શકાય છે.

## ☆ સહાબાને નમાઝનો શોખ કેમ ? ☆

જ્યારે નમાઝને બીજા ફર્ઝોથી આટલા આટલા પ્રકારથી ફઝીલત પ્રાપ્ત છે તો પછી ફર્ઝથી નીચે કક્ષાના અમલોમાં તેને ફઝીલત કેમ ન મળે ? એટલે સહાબા નમાઝને અધિક પ્રિય રાખતા હતા.

**★ નમાઝે તહજ્જુદ :-** નમાઝે તહજ્જુદનું વર્ણન અને એના અદા કરવાનો તરીકો ચોથા ભાગમાં છે. અહિં માત્ર એ કે રાતના નવાફિલમાં તહજ્જુદને વધારે મહત્વ પ્રાપ્ત છે. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم આ નમાઝની પાબંદી કરતા હતા. અન્ય રિવાયતોના આધારે તહજ્જુદ આપ માટે ફર્ઝ કરવામાં આવી હતી. સહાબાએ કિરામ હુઝૂરની સુન્નત સમજીને તેની પાબંદી કરતા.

(૧) અબૂ દાઊદે તખરીજ કરી, હઝરત અબ્દ બિન અબી કૈસથી રિવાયત છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કિયામે લૈલ (રાતની નમાઝ તહજ્જુદ) ન છોડ, કારણ કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એને છોડતા ન હતા. જ્યારે આપ બીમાર થતા અથવા શરીર વજની લાગતું તો બેસીને પઢતા.

(૨) બઝ્ઝારે તખરીજ કરી, હઝરત જાબિર رضي الله عنه ફર્માવે છે, રાતમાં તહજ્જુદમાં ઉભા થવું અમારા માટે જરૂરી કરી દેવામાં આવ્યું (અલ્લાહ તઆલા ફર્માવે છે).

يَا أَيُّهَا الْمُزَّمِّلُ قُمِ اللَّيْلَ إِلَّا قَلِيلًا۔ અય કપડું ઓઢનાર ! રાત્રિમાં નમાઝ પઢ પણ થોડી રાત.

તો અમે એટલી બદંગી કરી કે અમારા પગ ફુલી ગયા. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ સહૂલત અતા ફર્માવી.

عَلِمَ أَنْ سَيَكُونُ مِنْكُمْ مَرْضَىٰ وَآخَرُونَ يَضْرِبُونَ فِي الْأَرْضِ يَبْتَغُونَ مِنْ فَضْلِ اللَّهِ وَآخَرُونَ يُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ فَاقْرَءُوا مَا تَيَسَّرَ مِنْهُ۔

"તેને ખબર છે કે નજીકમાં તમારામાંથી અમુક બીમાર પડશે અને અમુક પૃથ્વીમાં સફર કરશે. અલ્લાહની કૃપા શોધવા અને અમુક અલ્લાહના માર્ગમાં લડતા હશે તો જેટલું કુર્આન પઢી શકાય એટલું પઢો."

(૩) તફસીરે ઈબ્ને કષીરમાં છે, હઝરત ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا ફર્માવે છે કે જ્યારે સૂરએ મુઝઝમ્મિલનો પ્રથમ ભાગ ઉતર્યો, સહાબાએ કિરામ રમઝાનના કિયામ માફક કિયામ કરતા. આ સૂરતના પ્રથમ અને અંતિમ ભાગમાં વર્ષનો ગાળો છે.

એટલે કે સહાબાએ કિરામ દરેક રાત્રિમાં લાંબી લાંબી નમાઝો અદા કરતા, તેમના પગોમાં વધારે ઉભા રહેવાથી વરમ આવી જતો. પણ જ્યારે ઉપરોકત સૂરતનો અંતિમ ભાગ ઉતર્યો અને જેને જેટલું પઢવું હોય તેની સહૂલત આપવામાં આવી તો તેમણે નમાઝમાં થોડી જલ્દી કરી. પરંતુ એક વર્ષ સુધી તો આમ કર્યું કારણ કે સૂરતના બંને ભાગને ઉતરવામાં એક વર્ષનો ગાળો પડયો છે.

(૪) ઈબ્ને અબી શેયબાએ તખરીજ કરી, હઝરત યહ્યા બિન સઈદે રિવાયત કરી કે હઝરત અબૂ બકર رضي الله عنه રાતના પ્રથમ ભાગમાં વિત્ર પઢતા અને જ્યારે આપ નમાઝો પઢવા ઉભા થતા તો બે બે રકાત કરીને પઢતા.

(૫) બયહકીમાં હઝરત અસલમથી રિવાયત છે કે ઉમર બિન ખત્તાબ





رضي الله عنه ત્યાં સુધી નમાઝો પઢતા, જ્યારે અડધી રાત થતી પોતાના ઘરવાળાઓને નમાઝો માટે ઉઠાડતા. પછી તેમને ફર્માવતા, "સલાત" નમાઝ અને આ આયત પઢતા....

وَأْمُرْ أَهْلَكَ بِالصَّلَاةِ وَاصْطَبِرْ عَلَيْهَا لَا نَسْأَلُكَ رِزْقًا نَحْنُ نَرْزُقُكَ وَالْعَاقِبَةُ لِلتَّقْوَىٰ۔

"અને પોતાના ઘરવાળાઓને નમાઝનો આદેશ આપો અને પોતે એના પર જામેલા રહો અને અમે કંઈ તમારી પાસે રોજી માંગતા નથી અને તમને રોજી આપીશું અને આખિરતમાં પરિણામની બેહતરી પરહેઝગારી મળે છે."

(૬) તિબ્રાનીમાં છે, હઝરત હસનથી રિવાયત છે કે હઝરત ઉસ્માન બિન આસએ હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه ની કોઈ પત્ની સાથે સાથે કરી અને ફર્માવ્યું, અલ્લાહની કસમ ! મેં જ્યારે એની સાથે નિકાહ કર્યા તો માલ અને ઔલાદની લાલચમાં નહીં, બલ્કે એટલા માટે કે તેણી મને હઝરત ઉમરના રાતની ખબર આપે. તેમણે તેણીથી માલૂમ કર્યું કે રાતમાં હઝરત ઉમરની નમાઝ કયા પ્રકારની હતી ? તેણીએ કહ્યું, એઓ ઈશાની નમાઝ પઢતા પછી આદેશ આપતા કે અમે એમના માથા પાસે ઘડો ભરીને રાખીએ અને ઢાંકી દઈએ. આપ રાતમાં જ્યારે જાગતા પોતાનો હાથ પાણીમાં નાખતાં અને પોતાના ચહેરા તથા હાથ પર ફેરવતા પછી જ્યાં સુધી ઈચ્છતા ઝિક્ર કરતા. આ પ્રમાણે અન્ય વખત જાગતા, પછી આપનો તે સમય આવી જતો જેમાં આપ નમાઝ માટે ઉભા થતા.

(૭) કન્ઝમાં છે હઝરત સઈદ બિન મુસય્યિબથી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنه રાતના મધ્યમ ભાગમાં નમાઝ પસંદ કરતા.

(૮) હુલ્યામાં હઝરત અબૂ નઈમે તખરીજ કરી, હઝરત નાફેઅથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنه રાત નમાઝોથી જીવંત રાખતા (એટલે આખી રાત જાગીને ઈબાદત કરતા) પછી ફર્માવતા, અય નાફેઅ ! શું આપણી સવાર થઈ ગઈ ? નાફેઅ કહેતા, ના ! તો આપ ફરી નમાઝમાં તલ્લીન થઈ જતા. પછી માલૂમ કરતા, અય નાફેઅ ! શું આપણી સવાર થઈ ગઈ ? તો નાફેઅ જવાબ આપતા,

હા ! થઈ ગઈ. તો આપ બેસી જતા અને ઈસ્તિગફાર કરતા અને સવાર સુધી દુઆ માંગતા.

(૯) હુલ્યામાં હઝરત મુહમ્મદથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ જ્યારે રાતમાં જાગતા નમાઝ પઢતા અને અબૂ તાલિબથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર મક્કામાં અમારી પાસે રોકાતા અને રાતમાં તહજ્જુદ પઢતા. એક દિવસ સવારથી થોડા પહેલાં મને કહ્યું, અય અબૂ તાલિબ ! તમે નમાઝ માટે કેમ ઉભા નથી થતા ? ભલે કુર્આનનો ત્રીજા ભાગ પણ પઢી લો ! મેં અર્ઝ કરી, સવાર નિકટ થઈ ગઈ છે ! તો હું કુર્આનનો ત્રીજો ભાગ કેવી રીતે પઢી શકું ?! (એટલે કે ટાઈમ ઓછો છે) તો આપે ફર્માવ્યું, સૂરએ ઈખ્લાસ કુર્આનના ત્રીજા ભાગ બરાબર છે.

(૧૦) તિબ્રાનીમાં હઝરત અલ્કમા બિન કેયસથી રિવાયત છે કે હું હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ સાથે રાત રોકાયો. આપ શરૂ રાતમાં સૂઈ ગયા. પછી ઉભા થયા અને નમાઝ પઢવાનું શરૂ કર્યું અને કબીલાની મસ્જિદમાં પઢાવતા ઈમામ જેવી કિરાઅત કરી. તરતીલથી, ગાયન ગાવા જેવી નહીં ! જે આપની પાસે હતા તિલાવત સાંભળી રહ્યા હતા. આપે ત્યાં સુધી પઢી કે રાતના અંધારામાંથી એટલો ભાગ રહી ગયો જેટલો મગરિબની અઝાનથી નમાઝ થતાં સુધીનો હોય છે. ત્યાર બાદ વિત્ર પઢી.

(૧૧) તિબ્રાનીમાં છે, હઝરત તારિક બિન શેહાબથી રિવાયત છે, કહે છે તેમણે હઝરત સલમાન પાસે રાત પસાર કરી. એ જોવા માટે કે એમની ઈબાદતમાં કેટલી કોશિશ છે. તારિક કહે છે, આપ રાતના અંતિમ ભાગમાં નમાઝ પઢવા માટે ઉભા થયા. તો તારિકનું જેવું અનુમાન હતું તે પ્રમાણે જોવા ન મળ્યું. તેમણે હઝરત સલમાનને પોતાનું અનુમાન વર્ણવ્યું. આપે ફર્માવ્યું, આ પાંચ સમયની નમાઝની પાબંદી કરો. આ ગુનાહોની માફીનો ઝરીયો છે જ્યાં સુધી હત્યાનો પાપ ન કરો. જ્યારે લોકો ઈશાની નમાઝ પઢી લે છે તો ત્રણ પ્રકારમાં વહેંચાય જાય છે. અમુક તે છે જેમની ઉપર ગુનોહ છે, ફાયદો કંઈ નથી. અમુક તે છે જેમની માટે ફાયદો છે, ગુનોહ નથી. અમુક તે છે જેમના માટે નથી નેકી





કે નથી અઝાબ. જેણે રાતના અંધકારને અને લોકોની ગફલતને ફાયદાકારક જાણ્યું તો તે પોતાના ઘોડા પર ગુનાહો માટે સવાર થયો. આ તે છે જેના માટે અઝાબ છે, સવાબ નથી. તે માણસ જેના માટે સવાબ છે, અઝાબ નથી તે એ છે જેણે રાતના અંધકાર અને લોકોની ગફલતને ફાયદાકારક સમજી નમાઝ માટે ઉભો થયો. તેના માટે ફાયદો છે નુકશાન નથી. અને તે જેના માટે નથી નફો કે નથી નુકસાન તો એવો માણસ જે ઈશાની નમાઝ પઢી પછી સૂઈ ગયો, ન તેના માટે નફો છે ન તેના માટે નુકસાન છે. તુ પોતાને દોડાવવાથી બચાવ, મધ્યમગતિ પકડી રાખ અને હરહંમેશ તેના પર રહે.

કહેવાનો ભાવાર્થ એ છે કે ફર્ઝ નમાઝ પઢીને સૂઈ ગયા બાદ રાત્રે તહજ્જુદ અને નફ્લ માટે ઉઠવામાં આવે તો સવાબનું કામ છે, ઉઠવામાં ન આવે તો ગુનોહ નથી. કારણ કે નફ્લ આપણી ઈચ્છા પર આધારિત છે, પઢવામાં સવાબ, ન પઢવામાં અઝાબ નથી. એટલે જો કોઈ માણસ રાતમાં નફલ માટે ન ઉઠે તો તેની બાબત ખરાબ અનુમાન કરવામાં ન આવે. તેણે ફાયદાનું કામ ન કર્યું તો તેણે ગુનાહનું કામ પણ નથી કર્યું. આખી આખી રાત પણ જાગવામાં ન આવે તેનું નુકસાન એ છે કે માણસ થોડા દિવસ તો શોખમાં અમલ કરશે પછી તે અશકત અને કમઝોર બની જશે તો આળસુ થઈ જશે અને પછી એની ઉપર અમલ થઈ શકશે નહીં. એટલે મધ્યમ ગતિથી ચાલવું જોઈએ. શોખ બાકી રહે અને સતત અમલ થતો રહે અને હું રાતના અંતિમ ભાગમાં ઉઠીને નમાઝ પઢું છું તેનું કારણ એ જ છે કે મારાથી એ નફ્લ કામ પર સતત અમલ થતો રહે અને મારા શરીરમાં એ કામથી આળસ ન આવી જાય.

## ☆ ચાશત અને ઈશરાકની નમાઝનો શોખ ☆

(૧) શૈખૈને તખરીજ કરી, ઉમ્મે હાની બિન્તે અબી તાલિબે વર્ણવ્યું કે મક્કાના વિજયના દિવસે હું સરકારે દો આલમની ખિદમતમાં ગઈ. આપ ગુસ્લ કરી રહ્યા હતા. ગુસ્લ કરી આપે આઠ રકા'તો પઢી અને આ ચાશતનો સમય હતો.

(૨) મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ચાશતમાં ચાર રકા'ત પઢતા (ઓછામાં ઓછી) અને જેટલો સમય ઈચ્છતા વધારો કરતા.

(૩) તબ્રાનીએ અવસતમાં છે, હઝરત અનસ બિન માલિકે ફર્માવ્યું કે મેં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચાશતની છ રકા'તો પઢતાં જોયા તો આજ સુધી મેં તેને છોડી નથી.

(૪) કન્ઝમાં છે હઝરત અબૂ મુહમ્મદ કહે છે, મેં હઝરત અલી رضی اللہ عنہ ને મસ્જિદમાં ચાશતની નમાઝ પઢતાં જોયા.

(૫) કન્ઝમાં હઝરત ઈકરામથી રિવાયત છે, તેમણે કહ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنۡهُمَا ચાશતની નમાઝ એક દિવસ પઢતા અને દશ દિવસ છોડી દેતા.

(૬) અબૂ યઅલાએ તખરીજ કરી કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સૈન્ય મોકલ્યું, જેણે વધારે ગનીમતનો માલ ભેગો કર્યો અને ઘણું જલ્દી પરત આવ્યું. એક માણસે કહ્યું, અય અલ્લાહના રસૂલ ! મેં કયારે પણ એવું સૈન્ય નથી જોયું જે આટલું જલ્દી પરત આવે અને વધારે ગનીમતનો માલ લાવે. આપે ફર્માવ્યું, શું હું ન બતાવું જે પરત આવવામાં આનાથી પણ જલ્દી હોય અને ગનીમતમાં એનાથી વધીને હોય ? તે, તે માણસ છે જેણે વુઝૂ કર્યું અને સારું (સુન્નત મુજબ) વુઝૂ કર્યું, પછી મસ્જિદનો ઈરાદો કર્યો અને એમાં સવારની નમાઝ પછી ત્યાર બાદ ચાશતની નમાઝ પઢી તે પરત આવવામાં વધારે જલ્દી છે અને ગનીમતમાં ઘણો વધીને.

## ☆ નમાઝે તરાવીહનો શોખ ☆

નમાઝે તરાવીહની જરૂરી વિગત અને સંબંધિત મસ્અલાઓનું વર્ણન ભાગ-૪ માં થઈ ગયું છે, એટલે તેને ફરીથી વર્ણવવામાં નહીં આવે. પણ અહિં અમારે માત્ર એ બતાવવું છે કે સહાબાએ કિરામને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રમઝાનની રાત્રીઓમાં નમાઝનો શોખ અપાવ્યો અને તેની ફઝીલતથી વાકેફ કર્યા. પરંતુ પોતાની સાથે જમાઅતથી પઢવાનો





આદેશ ન આપ્યો હતો. સહાબાએ ત્રણ દિવસ હુઝૂરની ઈમામતમાં રમઝાનની રાતની નમાઝો પઢી હતી. પછી સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાના હાજરી આપવા પર જમાઅતથી પઢાવી નહીં. માત્ર એટલા માટે કે વહી ઉતરી રહી હતી. સહાબાનો શોખ صلی اللہ تعالیٰ علیہ وسلم જોઈને તરાવીહ ફર્ઝ ન કરી દેવામાં આવે. જો કે ફર્ઝ થવાથી સહાબા માટે કોઈ મુસીબત ન હતી કારણ કે તેમને નમાઝનો શોખ હતો, તેઓ નફ્લ નમાઝો માટે રાત રાત જાગતા હતા પણ આપણા રહમતવાળા આકા વ મૌલાને કિયામત સુધીની ઉમ્મતનો ખયાલ હતો એટલે આપે જમાઅતમાં સહાબાને સાથ ન આપ્યો. એટલા માટે તરાવીહની નમાઝ સુન્નત છે, વાજિબ અને ફર્ઝ નથી. કોઈએ ન પઢી હોય તો ઈશાનો ટાઈમ જતો રહેવાથી કઝા કરવાની રહેશે નહીં. મુસાફર જો જલ્દીમાં હોય તો છોડવાની રૂખ્સત અને પરવાનગી રહેશે. અમુક વખત છોડવાથી ગુનેહગાર થશે નહીં, આદત છોડવાની બનાવે તો ગુનેહગાર છે. જમાઅત સુન્નતે કિફાયા છે. અમુક લોકો જમાઅતથી પઢે તો વસ્તીમાં બીજા લોકોને એકલા પઢવાની ઈજાઝત છે.

(૧) મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોને રમઝાનની નમાઝનો શોખ આપતા, પણ કડકાઈથી હુકમ ન કરતા. આપ ફર્માવતા, જેણે રમઝાનમાં કિયામ કર્યો (નમાઝ પઢી) ઈમાની કામ સમજી સવાબની નિય્યતથી તેના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે.

(૨) અબૂ દાવૂદમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રમઝાનમાં લોકોમાં બિરાજમાન થયા. લોકો મસ્જિદના એક ખૂણામાં (જમાઅતથી) નમાઝ પઢી રહ્યા હતા. આપે પૂછયું, આ કોણ લોકો છે ? આપને બતાવવામાં આવ્યું કે આ તે લોકો છે જેમની પાસે કુર્આન નથી (તેઓ હાફિઝ નથી) હઝરત ઓબય બિન કઅબી તેમને નમાઝ પઢાવે છે, આ બધા તેમની ઈકતેદા કરે છે. આપે ફર્માવ્યું, તેઓ સીધા માર્ગે લાગી ગયા છે, અને ઘણું જ સારૂ કામ કર્યું.

હુઝૂરે લોકોને પઢવાનો શોખ આપ્યો તેનાથી તરાવીહનું સુન્નત

હોવું સાબિત થયું અને અમુક લોકોને જમાઅતથી પઢતાં જોઈને આપે તેમની તારીફ અને વખાણ કર્યા, તેનાથી જમાઅતનું સુન્નતે કિફાયા હોવું સાબિત થાય છે.

(૩) જમ્ઉલ ફવાઈદમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દુનિયાથી તશરીફ લઈ ગયા અને આ વાત એ જ પ્રમાણે હઝરત અબૂ બકર رضی اللہ عنہ ના ખિલાફતના જમાનામાં રહી અને હઝરતે ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ ના ખિલાફતના પ્રારંભકાળમાં રહી. (ત્યાર બાદ આપના ઈર્શાદથી તરાવીહની બાકાયદા જમાઅત થવા લાગી).

## ☆ હઝરત ઉમરનો ફેંસલો ☆

એ તો સાબિત થયું કે સહાબાએ હુઝૂરની ઈકતેદામાં ત્રણ દિવસ તરાવીહની નમાઝ પઢી હતી. આપે આદેશ તો ન આપ્યો હતો પણ આપે મનાઈ ન કરી હતી. ત્રણ દિવસ પછી ઈમામત માટે હાજરી ન આપવાનું કારણ જમાઅતથી ન પઢાવું ન હતું, બલ્કે એટલા માટે કે ફર્ઝ કરી દેવામાં ન આવે. આ એ વાતનો પૂરાવો છે કે અમુક દિવસ માટે તરાવીહની નમાઝનું સુન્નત હોવું હુઝૂરના અમલથી સાબિત છે.

હુઝૂરે ત્યાર બાદ અમુક લોકોને તરાવીહની નમાઝ જમાઅતથી પઢતા જોઈને તેમના વખાણ કર્યા તેનાથી એ પણ સાબિત થાય છે કે આપે પોતાના ઈર્શાદથી પણ એનો શોખ આપ્યો. સ્પષ્ટ થયું, તરાવીહની જમાઅત તદ્દન એવી બિદઅત અને નવું કામ નથી જેના પર હુઝૂરના ઈર્શાદ અને અમલનો પૂરાવો ન હોય. પણ હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ તરાવીહની જમાઅતને બિદઅતે હસનહ્ એટલા માટે કહ્યું કે સતત જમાઅતથી પઢવું અને લોકોએ ભેગા મળી એક ઈમામ પાછળ નમાઝે તરાવીહ પઢવી એ જરૂરથી નવું કામ છે એટલે આપે તેને સારી બિદઅત ફર્માવી.

(૪) ઈમામ માલિક ઈમામ બુખારી અને ઈમામ ખોઝૈમાએ તખરીજ કરી. હઝરત અબ્દુર્રહમાન બિન અબ્દુલ કારીએ વર્ણવ્યું કે હું હઝરત ઉમર સાથે રમઝાનમાં મસ્જિદ તરફ નીકળ્યો. લોકો અલગ અલગ





વહેંચાઈ રહ્યા હતા. કોઈ એકલો પઢતો અને એની પાછળ અમુક લોકોની જમાઅત (આમ બધાં નાની નાની જમાઅતોથી તરાવીહ પઢી રહ્યા હતા). આપે ફર્માવ્યું, મને એ પસંદ આવે છે કે સઘળા લોકોને એક કારી (ઈમામ હાફિઝ) સાથે ભેગા કરી દઉં અને આ વાત અતિ ઉત્તમ છે. ત્યાર પછી અમે પાકો ઈરાદો કર્યો અને હઝરત ઓબય બિન કઅબ رضی اللہ عنہ સાથે ભગા કર્યા. (અબ્દુર્રહમાન ફર્માવે છે) ફરી બીજા દિવસે હું આપની સંગતમાં નીકળ્યો. સઘળા લોકો પોતાના એક કારી (ઈમામ) પાછળ નમાઝ પઢી રહ્યા હતા. હઝરત ઉમરે ફર્માવ્યું, આ સારી બિદઅત છે અને જે સમયમાં તેઓ સૂએ છે તે વધારે ફઝીલતવાળો છે. એનાથી જેમાં તેઓ ઈબાદત કરે છે. (એટલે કે અંતિમ રાતની ઈબાદત વધુ ફઝીલતવાળી છે.)

(૫) ઈબ્ને સઅદે તખરીજ કરી, નવફલ બિન અયાસ હઝલી કહે છે, હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ના જમાનામાં લોકો અલગ અલગ જમાઅત થઈને ઉભા થતા, અમુક અહિં અને અમુક ત્યાં. લોકો તે ઈમામ તરફ વધારે જતા જેનો અવાજ સારો હોય. હઝરત ઉમરે ફર્માવ્યું, શું હું નથી દેખતો કે લોકોએ કુર્આનને ગાવું સમજી લીધું છે. સાંભળી લો, ખુદાની કસમ ! જો મને તૌફીક મળશે તો આ વાત બદલી નાખીશ. નવફલ કહે છે ત્રણ દિવસથી વધારે નહીં થયા હોય કે આપે હઝરત ઉબય બિન કઅબને હુકમ આપ્યો તો તેમણે લોકોને નમાઝ પઢાવી. પછી હઝરત ઉમર સફોના અંતમાં ઉભા રહ્યા અને ફર્માવ્યું, જો આ બિદઅત છે તો ઘણી સારી બિદઅત છે.

(૬) કન્ઝુલ ઉમ્માલમાં છે, હઝરત અલી બિન અબી તાલિબ રમઝાનની પ્રથમ રાતમાં પધાર્યા તો ફાનસો સળગી રહી હતી, અલ્લાહની કિતાબની તિલાવત થઈ રહી હતી. હઝરત અલીએ ફર્માવ્યું, અય ઈબ્ને ખત્તાબ ! અલ્લાહ તારી કબ્ર પ્રકાશિત કરે, જેમ તમે અલ્લાહની મસ્જિદો કુર્આનથી પ્રકાશિત કરી.

(૭) બયહકી અને કન્ઝમાં હઝરત ઉરવાથી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ આખી રમઝાનના કિયામ (તરાવીહ) માટે

લોકોને ભેગા કર્યા. પુરૂષોને હઝરત ઓબય બિન કઅબ પાછળ અને સ્ત્રીઓને હઝરત સુલેમાન બિન અબી હસ્મા પાછળ.

(૮) ઈબ્ને સઅદે તખરીજ કરી, ઉમર બિન અબ્દુલ્લાહ અન્સીથી રિવાયત છે કે હઝરત ઓબય બિન કઅબ અને તમીમદારી رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જગાએ ઉભા રહીને પુરૂષોને નમાઝો પઢાવતા અને હઝરત સુલેમાન બિન અબી હસ્મા رضی اللہ عنہ મસ્જિદના ચોતરા પર સ્ત્રીઓને નમાઝ પઢાવતા. જ્યારે હઝરત ઉસ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ ની ખિલાફત આવી તો સ્ત્રીઓ અને પુરૂષોને એક ઈમામ પાછળ ભેગા કરવામાં આવ્યા એટલે કે હઝરત સુલેમાન બિન અબી હસ્મા પાછળ, અને સ્ત્રીઓને હુકમ કરતા કે તેણીઓ પોતાની જગાએ બેસેલી રહે. પુરૂષો જતાં રહેતાં પછી તેણીઓને જવા દેવામાં આવતી.

(૯) બયહકી અને કન્ઝમાં હઝરત અરફજાથી રિવાયત છે કે હઝરત અલી બિન અબી તાલિબ رضی اللہ عنہ રમઝાન માસમાં લોકોને રમઝાનના કિયામ (તરાવીહ)નો હુકમ આપતા. પુરૂષો માટે અલગ ઈમામ અને સ્ત્રીઓ માટે અલગ ઈમામ. હઝરત અરફજા બયાન કરે છે, હું સ્ત્રીઓનો ઈમામ હતો.

## ☆ સ્ત્રીઓ પણ તરાવીહ પઢે ☆

ઉપરોકત વર્ણનથી એ પણ જાણવા મળ્યું કે જેમ પુરૂષો માટે રમઝાનનો કિયામ તરાવીહ સુન્નત છે, સ્ત્રીઓ માટે પણ તે સુન્નત છે અને તેણીઓ પણ તરાવીહ પઢશે. પણ હવે તેમના માટે મસ્જિદમાં આવવાની પરવાનગી નથી કારણ કે ફિત્ના ફસાદ અને છેડખાનીનો જમાનો છે જેમાં સ્ત્રીઓની ઈજ્જત નથી બચી શકતી અથવા શંકા કુશંકાનું કારણ ઉભું થઈ શકે છે માટે તેઓ ઘરમાં વિના જમાઅતે પઢશે, તેણીઓને જમાઅતથી પઢવાની પણ રજા નથી.

## ☆ ફિકહ અને સ્ત્રીઓની જમાઅત ☆

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીઓને મસ્જિદમાં





આવવાની મનાઈ નથી કરી, બલ્કે લોકોને ઈર્શાદ ફર્માવ્યો હતો કે અલ્લાહની બંદીઓને મસ્જિદોમાં આવવાથી ન રોકો. ઈદની નમાઝ માટે પણ આવવાની રજા આપવામાં આવી હતી. બલ્કે હૈઝ અને માસિકવાળી ઓરતોને પણ દુઆ માટે આવવાનું કહેવામાં આવ્યું હતું. આ બંને હદીષો બુખારી અને મુસ્લિમ શરીફમાં છે. પછી ઓરતોને મસ્જિદ અને ઈદગાહમાં આવવાથી કેમ રોકવામાં આવે છે ? એનું કારણ એ છે કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જીવનમાં ઓરતો અને મરદોમાં કોઈ પ્રકારનો ફસાદ ફિત્નો અને ગલત નજરો ન હતી. એટલે મરદોની જમાઅતમાં સ્ત્રીઓની હાજરીથી કોઈ પ્રકારનો મસ્અલો ઉભો થઈ ન શકતો હતો. જ્યારે સ્ત્રીઓ અને પુરૂષોની ભીડથી ફસાદ ઉભો ન થાય તો નેક કામોમાં સ્ત્રીઓને હાજરીની રજા આપી શકાય છે. એટલે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીઓને હાજરીની રજા આપી હતી. પણ જ્યારથી સ્ત્રીઓની હાજરીથી ફિત્ના ફસાદ અને શૈતાની વસવસાઓની શંકા થવા લાગી, ઓરતોને આવવાથી રોકી દેવામાં આવી.

રોકવાનું કામ માત્ર આપણા જમાનાના આલિમોએ નથી કરેલું, બલ્કે સહાબાના મુકદસ જમાનાથી એના પર અમલ શરૂ થઈ ગયો હતો. બુખારી, મુસ્લિમ અને અબૂ દાઊદમાં છે કે હઝરત આઈશા رضی اللہ عنہا ને સ્ત્રીઓએ ફરિયાદ કરી હતી કે અમને મસ્જિદોમાં હાજરી આપવાથી રોકવામાં આવે છે તો આપે જવાબમાં ફર્માવ્યું, વર્તમાન કાળમાં જે કામો ઓરતોએ કાઢેલાં છે, જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પામી લેતા તો જરૂરથી તેણીઓને રોકી દેતા, જેમ કે બની ઈસરાઈલની ઓરતોને રોકી દેવામાં આવી હતી.

ઈનાબામાં ઈમામ અકમલુદ્દીને રિવાયત કરી છે કે સ્ત્રીઓને હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ મસ્જિદમાં આવવાથી રોકી હતી. તો તેઓએ હઝરત આઈશાને હઝરત ઉમરની મનાઈ બાબતે ફરિયાદ કરી હતી. તો આપે ઉપરોકત જવાબ આપ્યો. જેનાથી હઝરત ઉમર رضی اللہ عنہ ના ફૈસલાની ઉત્તમતા સ્પષ્ટ થાય છે.

અયની જિલ્દ ત્રણમાં છે, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ

رضی اللہ عنہ ફર્માવતા, સ્ત્રી માથાથી લઈને પગ સુધી શરમની ચીજ છે. અલ્લાહ તઆલાથી વધારે નિકટ પોતાના ઘરના અંદરના ભાગમાં હોય છે, જ્યારે બહાર નીકળે છે તો શૈતાન તેણીને દેખે છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ ના જુમ્આના દિવસે ઉભા રહીને કાંકરીઓ મારીને સ્ત્રીઓને મસ્જિદથી બહાર કરતા.

હઝરત ઈબ્રાહીમ નખઈ ઈમામે આઝમના ઉસ્તાદ તાબઈ رضی اللہ عنہ પોતાના ઘરની ઓરતોને જુમ્આ અને જમાઅતમાં ન જવા દેતા.

અય્ની જિલ્દ ચારમાં છે, ઈમામ અબૂ ઉમરનુ મંતવ્ય છે કે આલિમોની મોટી જમાઅતે સ્ત્રીઓને નમાઝો માટે નીકળવાને મકરૂહ બતાવ્યું છે.

દુર્રે મુખ્તારમાં છે, જમાઅત, જુમ્આ, ઈદ અને વાઅઝ માટે ઓરતોની હાજરી મકરૂહ છે, ભલે ને પછી ડોસી કેમ ન હોય, જમાનાના ફિત્ના અને ફસાદને લક્ષમાં રાખીને.

ફત્હુલ કદીરમાં છે, ''ફિત્ના ફસાદના કારણને લક્ષમાં રાખી પાક દામન સ્ત્રીઓને પણ રોકવામાં આવશે. બદમાશ લોકોનું જોર વધી ગયું છે. રાતમાં પણ રોકવામાં આવશે કારણ કે આપણા જમાનામાં ખરાબ લોકો રાતમાં વધારે ફરતા હોય છે. ડોસીઓ અને જવાન દરેકને દરેક સમય રોકવામાં આવશે ભલેને હદીષમાં તેણીઓને રજા આપવામાં આવી છે.'' એટલે કે હદીષમાં ઔરતોને હુઝૂર તરફથી રોકવામાં નથી આવી, કારણ કે તે જમાનો સાદો હતો, ફસાદનું પ્રમાણ નહીં જેવું હતું. જ્યારે ફસાદનું પ્રમાણ વધી ગયું એને ઓરતોને બદમાશ લોકોથી બચવું મુશ્કેલ થઈ ગયું, તેમના માટે કાયદો બદલી નાખવામાં આવ્યો. એટલે હવે આપણા જમાનામાં ઓરતોને મસ્જિદમાં આપવાની રજા આપવામાં આવશે નહીં.

## ☆ નમાઝમાં એકાગ્રતા ☆

નમાઝ અલ્લાહ તઆલાની પસંદ ફર્માવેલી ઈબાદત અને બંદગી છે. નમાઝમાં માણસને અલ્લાહ તઆલાની નિકટતા અને નજીકી પ્રાપ્ત થાય છે. માણસ દરેકથી પોતાનો સંબંધ કાપી માત્ર ખુદાનો બનીને





તેનાથી સંબંધ મજબૂત કરે છે એટલા માટે સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم નો પ્યારો ઈર્શાદ... નમાઝ ઈમાનવાળાઓ માટે મેઅરાજ છે અને બીજી હદીષમાં પ્યારા આકા વ મૌલાનો મીઠો મીઠો અને પ્યારો પ્યારો ઈર્શાદ છે : صَلِّ كَاَنَّكَ تَرَاهُ فَاِنْ لَمْ تَكُنْ تَرَاهُ فَاِنَّهٗ يَرَاكَ ''તમે એ પ્રમાણે નમાઝ પઢો જાણે તમે ખુદાનો દીદાર કરો છો. જો તમે તેનો દીદાર ન કરી શકો તો (એટલું જરૂરથી યકીન રાખો) કે તે તમને દેખી રહ્યો છે.''

નમાઝમાં એકાગ્રતાનો ઉત્તમ તરીકો આપણને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ બતાવ્યો. જો આપણી રૂહાનિયત એટલી મજબૂત બની જાય કે આપણે શરીર અને બદનની પાબંદીઓથી નિવૃત્ત થઈ જઈએ તો રૂહાની તરીકાથી ખુદાનો દીદાર થઈ શકે છે અને માણસ રૂહાની તરીકાથી ખુદાનો દીદાર કરે તો પછી તેનું ધ્યાન મખ્લૂકમાં વ્યસ્ત કેવી રીતે થઈ શકે છે ? શું ખુદાથી વધીને કોઈ છે ? તે આપણી સમક્ષ હોય અને આપણે બીજા કોઈમાં વ્યસ્ત હોય ? જેને ખુદાની મારેફતનો થોડો ભાગ મળે છે તેની હાલત તો એ હોય છે કે દુનિયા અને તેની નેઅમતોનું ભાન ભૂલી જાય છે અને ખુદાની યાદમાં એટલો તલ્લીન હોય છે કે લોકો તેને પાગલ અને ગાંડો કહે છે, ખરેખર તો તે મજઝૂબ હોય છે. તે પોતાની તરફ પણ ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી. મારેફતના સમુદ્રમાં તે એવો ડૂબેલો હોય છે કે શરીઅતની પેન તેના ઉપરથી ઉઠાવી લેવામાં આવે છે. તે પોતાની એકાગ્રતાને લઈને જાણે હરહંમેશની નમાઝમાં છે. આ પ્રમાણેની નમાઝ નબી, સહાબા અને મહાન બુઝુર્ગોની થઈ શકે છે. જેમને અલ્લાહની મારેફતનો મોટો ભાગ અર્પણ કરવામાં આવેલો હોય છે.

જ્યારે પ્રથમ સ્થિતિ ખાસ લોકોની છે જે સામાન્ય લોકોને પ્રાપ્ત થઈ શકતી નથી તો તમારે નમાઝમાં ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો શું કરવું ? તો આપણા પ્યારા આકાએ આપણી એ જરૂરતનો પણ નિકાલ પેશ ફર્માવ્યો કે જો તમે મારેફતના સમુદ્રમાં ડૂબકી ન લગાવી શકો અને રૂહાની તરીકાથી દીદાર ન કરી શકો તો પછી એટલું જરૂરથી કરો કે જે

અલ્લાહની તમે બંદગી કરી રહ્યા છો તે મને દેખી રહ્યો છે. જો તમે તમારૂં દિલ નમાઝમાં નહીં રાખો, આમ તેમ દેખશો અને કપડાં તથા બાલથી રમત રમશો તો તમે તેને દેખી નથી શકતા પણ ખુદા તમને અને તમારા દરેક કામને દેખી રહ્યો છે. તો આ પ્રમાણે સામાન્ય લોકોને એકાગ્રતા પ્રાપ્ત થઈ શકે છે.

હદીષમાં છે, અલ્લાહ તઆલા માણસના દિલને દેખે છે. શકલ સૂરત અને શરીરોને નથી દેખતો. એટલે કે અલ્લાહની બારગાહમાં દિલને માન્ય રાખવામાં આવે છે. જેને હદીષે પાકમાં વર્ણવવામાં આવ્યું : إِنَّمَا الْأَعْمَالُ بِالنِّيَّاتِ. બેશક ! અમલો નિય્યતોથી માન્ય છે.

એક છે એ નમાઝ જેનાથી માણસ પોતાની જવાબદારીથી નીકળી જાય. તો તેવી નમાઝના ઘણાં પ્રકાર છે. એક તો એ કે માણસ હરામ ખાતો હોય અથવા તેના કપડાં હરામમાંથી હોય તો તેને પહેરીને પઢી લેવાથી નમાઝ શરીઅતના વર્તુળમાં થઈ જાય છે, જેણે પઢી તે જવાબદારીથી મુકત થઈ ગયો, પણ તેની નમાઝ હરામની રોજી અને હરામ માલના કપડાંને લઈને કબૂલ થઈ નથી શકતી એટલે તે નમાઝનો બદલો કિયામતના દિવસે તેને મળશે નહીં.

એક ઈમાનવાળો ખુદા સિવાય બીજા કોઈની બંદગી કરી શકતો નથી. પણ શૈતાનના વસવસાથી અથવા નફ્સની વાસનાથી લોકોને દેખાડવાનો ઈરાદો કરી શકે છે. જેને લોકો રિયાકારી અને દેખાડો કહે છે. દેખાડો કરનારને પોતાના અમલનો બદલો કિયામતના દિવસે મળ શે નહીં અને એને કહેવામાં આવશે, જેને દેખાડવા માટે કર્યું, તેનાથી પોતાના અમલનો બદલો માંગ ! સ્પષ્ટ થયું દેખાડા કરવાની નિય્યતથી કરવામાં આવતી ઈબાદતમાં માણસ પોતાની જવાબદારીથી શરીઅતના વર્તુળમાં મુકત થઈ જશે પણ તે ખુદાની બારગાહમાં માન્ય નથી.

નમાઝમાં પોતાના વાળ તથા કપડાંથી રમત રમવી, સિજદાની જગાથી નિગાહ આગળ વધારવી, આમ તેમ જોવું, પોતે નમાઝમાં હોય અને દિલ દુનિયાના કામોમાં વ્યસ્ત હોય, એ પ્રમાણે નમાઝ પઢવી કે વાજિબાત પર અમલ ન થાય. તો એવો નમાઝી નમાઝ પઢી શરીઅતની જવાબદારીથી મુકત થઈ જશે પણ એ નમાઝ ખુદાની બારગાહમાં માન્ય





નથી. એવી નમાઝનો બદલો એને આપવામાં આવશે નહીં.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

فَوَيْلٌ لِّلْمُصَلِّينَ الَّذِينَ هُمْ عَن صَلَاتِهِمْ سَاهُونَ الَّذِينَ هُمْ يُرَاءُونَ وَيَمْنَعُونَ الْمَاعُونَ.

"તો તે નમાઝીઓની ખરાબી છે જેઓ પોતાની નમાઝને ભૂલી બેઠા છે તેઓ જે દેખાવ કરે છે અને વધારાની વસ્તુ માંગવા છતાં આપતા નથી."

આ પ્રમાણેની નમાઝને કુર્આનમાં નિફાકની અલામત (ચિન્હ) બતાવવામાં આવી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :-

إِنَّ الْمُنَافِقِينَ يُخَادِعُونَ اللَّهَ وَهُوَ خَادِعُهُمْ وَإِذَا قَامُوا إِلَى الصَّلَاةِ قَامُوا كُسَالَىٰ يُرَاءُونَ النَّاسَ.

"બેશક ! મુનાફિકો પોતાના ગુમાનમાં અલ્લાહને છેતરવા ઈચ્છે છે અને તે જ એમને અજ્ઞાન રાખીને મારશે અને જ્યારે નમાઝ માટે ઉભા થાય છે તો મરેલા જીવથી, લોકોને દેખાડે છે અને અલ્લાહને ઘણો ઓછો યાદ કરે છે."

નમાઝમાં માણસને સુસ્તી અને આળસ કયારે આવે છે જ્યારે તેનું દિલ ખુદા તઆલા તરફ જેટલું કેન્દ્રિત થવું જોઈએ તેટલું કેન્દ્રિત ન હોય. માણસના શરીરના દરેક અવયવ અને અંગ પર દિલનું રાજ છે. પ્રથમ દિલ ઈરાદો કરે છે અને પછી તેના તે અંગમાં હલચલ પેદા થાય છે. એટલે અંગોને કાબૂમાં રાખવાં હોય અને તેમની શરીઅત વિરૂધ્ધ હલચલમાં અંકૂશ લાવવો હોય તો દિલ પર અંકૂશ લાવવાની જરૂરત છે અને તે અંકૂશ શું છે ? જેનો ઉલ્લેખ સરકારે મદીનાની હદીષમાં થશે. મતલબ એ કે એટલા તલ્લીન થઈને નમાઝ પઢો કે જાણે તમે ખુદા તઆલાનો દીદાર કરી રહ્યા છો અને એવી સ્થિતિમાં પહોંચી ન શકો તો તમારૂં યકીન એ હોય કે અલ્લાહ તઆલા તમને દેખી રહ્યો છે. તમે જાહેરમાં તો નમાઝમાં છો અંદરથી નમાઝમાં છો કે નહીં તેનાથી તે વાકેફ છે. તમારૂં દિલ કેવા ઈરાદા અને ખયાલોમાં વ્યસ્ત છે તેની ખુદાને જાણ છે. નમાઝ ખુદાની છે, તેના આદેશથી તેની તૌફીકથી તેના માટે જ પઢવામાં આવે છે. તો પછી નમાઝ સંપૂર્ણ ત્યારે જ થશે જ્યારે જાહેર પણ ખુદા માટે અને અંતર પણ ખુદા માટે. શરીઅતમાં જાહેરને માન્ય

રાખવામાં આવે છે. ખુદાની બારગાહમાં અંતરને માન્ય રાખવામાં આવે છે. તો પછી સંપૂર્ણ નમાઝ તો તેને જ કહેવાય જે શરીઅતમાં પણ માન્ય બને અને ખુદાની બારગાહમાં પણ માન્ય બને. અંતે તેના બે પ્રકાર છે. એટલા તલ્લીન થઈ જાવ કે જાણે તમે ખુદાનો નમાઝમાં દીદાર કરી રહ્યા છો, પછી બીજા કશામાં ધ્યાન આપવાનો સવાલ જ ઉભો નથી થતો. બીજું એ કે એટલા તલ્લીન ન થઈ શકો તો એટલું જરૂર કરો કે ખુદા તઆલા મને દેખી રહ્યો છે. આપણે તેનું કામ કરીએ અને તે આપણને દેખી પણ રહ્યો હોય પછી બીજા કશામાં ધ્યાન જઈ શકતુ જ નથી. તરીકતમાં આજ સંર્પૂર્ણ નમાઝ છે.

## ☆ એક નુકતાની વાત ☆

સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની બાતિની નમાઝ એટલી સંપૂર્ણ હોય છે કે બીજા કોઈ માણસ ગમે તેટલો વ્યસ્ત થઈને પણ એવી સ્થિતિ પેદા નથી કરી શકતો. એટલા માટે આપે લોકોને ઈર્શાદ ફર્માવ્યો, صَلُّوا کَمَا رَاَیْتُمُوْنِیْ اُصَلِّیْ۔ "નમાઝ પઢો જે પ્રમાણે મને પઢતાં દેખો."

આપણા માટે એ તો શકય છે કે આપણે નબીની નમાઝ દેખીને તેમના જેવી નમાઝ પઢીએ. આપણે જે તરીકાથી નમાઝ પઢીએ છીએ તે નબીની શિખવેલી નમાઝ છે. પણ જો આપણને આમ કહેવામાં આવતું કે નમાઝ પઢો જે પ્રમાણે હું પઢું છું તો ઉમ્મતીઓ માટે આદતના આધારે અશકય થઈ જતું. આપણે એક નમાઝ પણ એવી ન લાવી શકતા જે સ્થિતિઓમાં નબીની નમાઝ જેવી હોય. તો ઉમ્મતીની શકિત પ્રમાણે નમાઝમાં વ્યસ્ત થવું એ છે કે એ પ્રમાણે નમાઝ પઢે જાણે ખુદાનો દીદાર કરી રહ્યો છે અને સામાન્ય ઉમ્મતીઓ એ પ્રમાણે પઢે કે ખુદા તેમને દેખી રહ્યો છે.

## ☆ મિનિમમ અને મેક્ષીમમ ☆

જાહેર અને બાતિન બંને રીતે માન્ય નમાઝ જેને સંપૂર્ણ નમાઝ કહેવામાં આવે છે. હદીષે પાકમાં તેના બે પ્રકાર વર્ણવવામાં આવ્યા છે.





એક મિનિમમ અને બીજો મેક્ષીમમ. મિનિમમનું વર્ણન પ્રથમ થવું જોઈએ પણ હદીષમાં તેની જગાએ મેક્ષીમમનું પ્રથમ વર્ણન થયું એટલા માટે કે તે ઉમ્મતીની અતિ ઉત્તમ નમાઝ છે. તેની ફઝીલત અને ઉત્તમતા તેના પ્રથમ વર્ણનથી જાહેર થાય છે. એટલે પ્રથમ તેનું વર્ણન થયું...

(૧) નમાઝ પઢ જાણે તુ એનો દીદાર કરી રહ્યો છે.

(૨) જો તુ આ સ્થિતિ પેદા ન કરી શકે તો બેશક ! એ તને દેખી રહ્યો છે.

## ☆ ત્યાર પછી ગફલત છે ☆

સંપૂર્ણ નમાઝના બે પ્રકાર વર્ણવવામાં આવ્યા. તે બેમાંથી એક પણ ન પ્રાપ્ત થઈ શકે તો તે નમાઝમાં ગફલતનો ભાગ જરૂરથી હશે. જાહેરમાં નહીં તો અંદરમાં થોડું ઘણું નુકશાન જરૂરથી હશે. જેટલું નુકશાન ઓછું એટલો સવાબ વધારે અને જેટલું નુકસાન વધારે એટલો સવાબ ઓછો. દરેક માણસ અલગ છે અને તેની નમાઝની સ્થિતિ અલગ છે. એટલે સંપૂર્ણ અને અસંપૂર્ણ હોવાના આધારે તેના મર્તબાઓનું વર્ણન લખાણથી નથી થઈ શકતું.

## ☆ ગફલતના પ્રકાર ☆

ગફલત બે પ્રકારની છે, એક જાહેરી અને બીજી બાતિની. જાહેરી ગફલતના પણ બે પ્રકાર છે. એક બીજા તરફથી આવે અને બીજી પોતાના તરફથી આવે. બાતિનીના પણ બે પ્રકાર છે, એક ખયાલ અને વસવસા કદીક આવવા, બીજું એ કે ખયાલ અને વસવસા આદત બની જાય.

**★ ગફલતનો ઈલાજ :–** જાહેરી ગફતલ જે બીજા તરફથી આવે તેનો ઈલાજ એ છે કે નમાઝ માટે એવી જગ્યા પસંદ કરવામાં આવે જ્યાં બહારના અવાજો ન આવે, ત્યાં કોઈ વાતચીત ન કરતું હોય, પાસે એવી ચીઝ વસ્તુ ન હોય જેને દેખીને માણસ અચરજમાં પડી જાય અથવા મુંઝવણમાં મૂકાઈ જાય. કયારેક માણસ પોતે એકલો નમાઝ પઢતો હોય તો તેનું દિલ લાગે છે અને તેના દિલમાં કોઈ પ્રકારનો ખોટો વસવસો આવતો નથી અને તે ગફલતનો શિકાર બની શકતો નથી. પણ બહારના

અવાજો તેના કાનમાં આવે છે અથવા આંખમાંથી કંઈ દેખે છે તો દિલ પોતાનું ધ્યાન તે તરફ કેન્દ્રિત કરે છે. જો બહારનો કોઈ દખલ ન હોય તો તે ધ્યાનપૂર્વક નમાઝ પઢી શકે છે તો તેવા માણસે આ ઈલાજ યાદ રાખવો જોઈએ.

જાહેરી ગફલત જે પોતાના તરફથી આવે તેનો ઈલાજ એ છે કે જે ચીજ વસ્તુની ઈચ્છાથી ગફલત આવતી હોય તે કરી લેવામાં આવે. ભૂખ લાગી હોય અને એવું લાગે કે પ્રથમ ખાય લેવામાં નહીં આવે તો ધ્યાનપૂર્વક નમાઝ નહીં પઢી શકાય તો પ્રથમ ખાવા ખાય લેવામાં આવશે. કોઈ હાજત લાગી હોય અને તે પૂરી કર્યા વિના નમાઝ પઢવામાં આવે તો ધ્યાનપૂર્વક ન પઢી શકાય તો પ્રથમ તે હાજત પૂરી કરી લેવામાં આવશે. આપ મેળે આવતી ગફલતનો ઈલાજ આ પ્રમાણે કરી શકાય છે.

બાતિની ગફલત જેમાં વસવસા અને ખયાલો આવતા હોય તો તે એટલી હદે ન પહોંચી જાય કે તેને દૂર કરવું મુશ્કેલ થઈ પડે તો તેનો ઈલાજ એ છે કે નમાઝમાં ધ્યાન રાખવા અને વસવસાથી બચવા જે કંઈ પઢવામાં આવે તેના માયના પર ધ્યાન કરવામાં આવે, તર્જુમો વિચારવામાં આવે. કારણ કે એક વિચારમાં વ્યસ્ત થવાથી બીજો વિચાર રોકાય જાય છે અને આયતોના તર્જુમામાં ધ્યાન લઈ જવું નમાઝ બહારનો અમલ નથી તો આમ વસવસાઓનો ઈલાજ કરી શકાય છે.

બાતિની ગફલતનો બીજો પ્રકાર કે વસવસા અને ખયાલોનું પ્રમાણ એટલું વધી ગયું છે કે તેનો આદત અને હેબીટમાં સમાવેશ થઈ ગયો છે. તો તેનો ઈલાજ ઘણો કષ્ટદાયક છે. દાખલા તરીકે કોઈ માણસને કોઈ ખરાબ કામની આદત પડી ગઈ હોય તો તેને છોડવું કેટલું મુશ્કેલ કામ છે. થોડું થોડું કરીને તેનું પ્રમાણ ઓછું કરતો જાય તો એક દિવસ એવો આવશે કે તે આદત તેના શરીરમાંથી નીકળી ગઈ હશે. આ વસવસાઓનો ઈલાજ એ છે કે જે જે ખયાલો આવતા હોય તેને છોડી દેવાની કોશિશ કરે. જેને નફ્લ મારવો કહેવામાં આવે છે. નમાઝ બાહ્ય નફ્સની તે વાસનાઓ પર અંકુશ લાવવો જોઈએ. નફ્સ ગમે તેટલી ઈચ્છા કરે, પણ તેનું કામ પૂરૂં કરવામાં ન આવે. આમ નફ્સની ઈચ્છાઓનું મૃત્યુ થઈ જાય છે અને પછી તેના વસવસાઓનું પ્રમાણ ઓછું થતું થતું નહીં જેવું થઈ જાય છે. જેને આપણે જે કંઈ પઢીએ તેનો





માયનો વિચારવાથી દૂર કરી શકીએ છીએ. જો કોઈ માણસ એવું વિચારે કે નમાઝ બાહ્ય નફ્સની વાસનાઓ અને ઈચ્છાઓ પૂરી કરો અને નમાઝમાં તેનાથી મુકિત મેળવી લો તો એવું કયારે પણ થઈ શકતું નથી.

નમાઝમાં અલ્લાહ તઆલા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું અને વસવસાઓથી બચવું નમાઝના કબૂલ થવામાં કેટલું જરૂરી છે જેનો જરૂરત પૂરતો ઉલ્લેખ થઈ ગયો. એટલે સહાબાએ કિરામ ઘણા જ ધ્યાનપૂર્વક નમાઝ પઢતા અને નમાઝમાં જે ચીજો ખલેલ કરી શકે તેને પ્રથમથી દૂર કરી દેતા હતા. નમાઝ ખુદાની છે જે જાહેર અને બાતિન બંનેમાં ખુદાની જ રહે તેની ભરપૂર કોશિશ કરતા હતા. અંતે અન્ય રિવાયતો આ વાતને સંબંધિત તમારી ખિદમતમાં રજૂ કરું છુ, જેનાથી આપણે નમાઝ સંપૂર્ણ કરવાનો તરીકો અને ખામીઓના ઈલાજો પ્રાપ્ત થઈ શકે છે.

(૧) ઈમામ અહમદે તખરીજ કરી અને આ રિવાયત કન્ઝમાં પણ છે, હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ પોતાની નમાઝમાં આમ તેમ તદ્દન ન કરતા. (એટલે કે આપ ધ્યાનપૂર્વક નમાઝ અદા ફર્માવતા.) આપની નમાઝ જાહેર અને બાતિનથી સંપૂર્ણ થતી અને કેમ ન હોય સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ એટલે જ આપને પોતાની જગાએ નમાઝ માટે નિયુકત કર્યા હતા. જ્યારે આપ આ જગતથી ખુદાની બારગાહમાં તશરીફ લઈ જવાના હતા. આપની નમાઝ કેટલી સંપૂર્ણ હશે કે હુઝૂર તેમને પોતાની જગા માટે નિયુકત ફર્માવે અને એટલે જ સહાબાએ કિરામે હુઝૂરના પરદો ફર્માવી ગયા બાદ આપને મુસલમાનોના ખલીફા અને અમીર નિયુકત કર્યા. જેમને નબી દીનના મહત્વના ફર્ઝ નમાઝની ઈમામત માટે નક્કી કરે, સહાબા તેમને પોતાના દીન અને દુનિયાની ઈમામત માટે નિયુકત કેમ ન કરે ? આનાથી હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ નો મર્તબો પણ જાણવા મળે છે.

## ☆ એક મોટુ પાપ અને તેનું કારણ ☆

બુખારી, મુસ્લિમ અને હદીષની બીજી કિતાબોમાં અલગ અલગ રિવાયતોથી ઘણી બધી હદીષોનું વર્ણન થયું છે કે નમાઝીની આગળથી પસાર થવું મહાન પાપ છે. માણસ સો (૧૦૦), ખબર નહીં મહીના છે કે વર્ષ, બેસી રહેવું પસંદ કરશે પણ નમાઝીના આગળથી

પસાર થવું પસંદ નહીં કરે. જમીનમાં ગારત થઈ જવું પસંદ કરશે પણ નમાઝીની આગળથી પસાર થવું પસંદ નહીં કરે. નમાઝીને પસાર થનારને રોકવાની રજા આપવામાં આવી છે. તમ્બીહ અવાજથી પઢીને અથવા ઈશારાથી રોકી શકે છે એટલે જ કે તે ગુનાહથી બચી જાય.

અહિં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, પસાર થવું ખરાબ કામ નથી કેમ કે એનાથી નમાઝીની નમાઝમાં શરઈ કાયદાના આધારે કોઈ ફરક આવતો નથી. લોકોમાં જે ખ્યાતિ પામેલ છે કે કોઈના નમાઝીના આગળથી પસાર થવાથી નમાઝીની નમાઝ તૂટી જાય છે તે ખોટી વાત છે. નમાઝમાં ફરક આવતો નથી પછી પસાર થનાર ગુનેહગાર કેમ ? તો એનું એક અકલી કારણ એ છે કે માણસ નમાઝમાં ખુદા સમક્ષ હોય છે અને હદીષોમાં પણ એનું વર્ણન થયું છે. સાબિત થયું નમાઝી અને ખુદાની વચમાં કોઈ નથી. હવે નમાઝીની આગળથી પસાર થનારો બંદા અને ખુદાની વચમાં આવી ગયો અને નમાઝીનું ધ્યાન ખુદા તરફ હતું તેને આગળ આવવાથી પોતાની તરફ લઈ આવ્યો. તો પસાર થવું ગુનોહ નથી પણ એક માણસને જે ખુદા તરફ ધ્યાન કરીને ઉભો છે તેને ખુદા તરફથી ખસાવી પોતાની તરફ કરી રહ્યો છે અને ખુદાથી કોઈને હટાવવો કોઈ પણ શંકા વિના ગુનાહનું કામ છે. જેવી રીતે પસાર થવું ગુનાહનું કામ છે તેવી જ રીતે નમાઝીની સાથે મસ્તી મજાક કરવી, જાણી જોઈને તેની સમક્ષ જોર જોરથી વાતો કરવી, તેને દાંત કઢાવવાની કોશિશ કરવી, તેનું નમાઝથી ધ્યાન ખશે એવું કામ કરવું ગુનાહનું કામ છે.

(૩) ઈબ્ને સઅદ અને ઈબ્ને અબી શયબાએ તખરીજ કરી, હઝરત મુજાહિદથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی الله عنه નમાઝમાં એ પ્રમાણે ઉભા થતા જાણે આપ થાંભલો છે અને હઝરત અબૂ બકર સિદ્દીક رضی الله عنه પણ આજ પ્રમાણે પઢતા. મુજાહિદ કહે છે આ જ નમાઝનો ખુશૂઅ છે.

(૪) હુલ્યામાં અબૂ નઈમે તખરીજ કરી, હઝરત ઈબ્ને મુનકદિરથી રિવાયત છે કે જો તુ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی الله عنه ને નમાઝની સ્થિતિમાં દેખે તો તુ કહે કે આ ઝાડની ડાળી છે જેને હવા ઝુલાવી રહી છે. નિઃશંક ! જ્યારે મિનજિનીકથી (દાખલા તરીકે આજની ટેંકો) ગોળા આમ તેમ પડી રહ્યા હતા અને આપ નચિંત હતા.

**ફાયદો** :- હઝરત ઈમામે હુસૈન رضی الله عنه ને શહીદ કર્યા પછી યઝીદી





લશ્કરે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર અને તેમના સાથીઓ તરફ લક્ષ આપ્યું અને મક્કા શરીફ પર હુમલો કર્યો. આપે સાથીઓ સાથે કાબામાં પનાહ લીધી. તે સમયે યઝીદી લશ્કર (સેના) પહાડો પરથી કાબા પર દારૂના ગોળા વરસાવી રહ્યા હતા. પણ નમાઝના સમયે આપ એટલા ધ્યાન પૂર્વક નમાઝ અદા કરતા જાણે થાંભલો ઉભો છે. રિવાયતમાં આ વાત તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

(૫) તબ્રાનીએ કબીરમાં હઝરત અઅમશથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی الله عنه જ્યારે નમાઝ પઢતા તો એવું લાગતું જાણે આપ કપડુ છે જેને નાખી દેવામાં આવ્યું.

(૬) ઈબ્ને સઅદે તખરીજ કરી, હઝરત વાસિઅ બિન હબ્બાનથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی الله عنه જ્યારે નમાઝ પઢતા તો એ પસંદ ફર્માવતા કે આપનું દરેક અંગ કિબ્લા તરફ હોય. આપ પોતાના અંગૂઠાઓ પણ કિબ્લા તરફ રાખતા.

(૭) ઈબ્ને સઅદે તખરીજ કરી, હઝરત ઝૈદ બિન અબ્દુલ્લાહ શૈબાની બયાન કરે છે કે મેં હઝરત ઈબ્ને ઉમર رضی الله عنه ને જોયા કે આપ જ્યારે નમાઝ માટે જતા તો એટલા ધીમે ધીમે ચાલતા કે જો કીડી તેમની સાથે હોય તો તુ એવું કહે કે આપ કીડીથી આગળ નહીં વધી શકે.

**ફાયદો** :- માણસ નમાઝ માટે દોડીને જાય તો શ્વાસ ફુલે છે અને એનાથી નમાઝમાં ધ્યાન ઓછું થઈ જાય છે, પઢવામાં પણ તકલીફ આવે છે એટલે નમાઝ માટે જતા હોય તો શાંતિથી જવું જોઈએ અને દોડવું ન જોઈએ. એ જ પ્રમાણે જો સુન્નતો યાદ રાખીને તેની ઉપર અમલ કરવામાં આવે તો માણસનું ધ્યાન બીજી વાતોમાં નથી જઈ શકતું અને ધ્યાનપૂર્વક સુન્નતના પ્રકાશમાં નમાઝ પઢી શકે છે. એટલે હઝરત ઈબ્ને ઉમરે આપણને ધ્યાનપૂર્વક નમાઝ પઢવાનો તરીકો શિખવ્યો.

(૮) હઝરત ઈમામ માલિકે તખરીજ કરી, હઝરત અબ્દુર્રહમાન બિન અબી બકરથી રિવાયત છે. આપ ફર્માવે છે, હઝરત અબૂ તલ્હા અન્સારી رضی الله عنه પોતાના બાગમાં નમાઝ અદા ફર્માવી રહ્યા હતા. એટલામાં એક કાબરચિત્રી ચકલી ઉડી અને આમ તેમ ફરવા લાગી, (બાગમાં એટલા ફળ આવ્યાં હતાં કે ચકલીને બહાર નીકળવાનો માર્ગ મળતો ન હતો) તે નીકળવાનો માર્ગ શોધી રહી હતી પણ તેને મળતો ન હતો. આ વાતમાં

હઝરત અબૂ તલ્હા તલ્લીન થઈ ગયા. કયારેક ચકલીને જોતા અને કયારેક નમાઝમાં ધ્યાન આપતા જેને લઈને આપને નમાઝની રકાતો યાદ ન રહી. મનોમન કહેવા લાગ્યા કે (નમાઝમાં ગફલતની આ બલા મને મારા માલથી પહોંચી છે.) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજરી આપી અને જે થયું હતું કહી સંભળાવ્યું. પછી વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! બાગ સદકો છે આપ ઈચ્છો ત્યાં ખર્ચ કરી શકો છો !

નમાઝમાં કોઈ ખયાલ અને વસવસો આવે અને નમાઝમાં ભૂલ થઈ જાય તો વાજિબ અથવા અનુક્રમમાં ફેરફાર આવ્યો હોય તથા રકાતોની સંખ્યામાં ભૂલભાલ થઈ હોય તો સિજદાએ સહવ કરીને તે કમીનો ઈલાજ થઈ શકે છે, પણ હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہ હર હંમેશ ધ્યાનપૂર્વક નમાઝ પઢતા હતા. તેમની નમાઝમાં કયારેય ભૂલ આવતી ન હતી. એટલે જ્યારે તેમને પોતાના બાગમાંથી ચકલીને નીકળવાનો માર્ગ ન મળ્યો તો આપને એવું થયું કે મારા બાગમાં કેટલાં ફળ આવ્યાં છે કે ચકલીને નીકળવાનો માર્ગ પણ નથી મળતો. આ વિચારમાં વ્યસ્ત થવાથી નમાઝમાંથી ધ્યાન ચાલ્યું ગયું અને ગફલતમાં રકાતો ભૂલી ગયા. જ્યારે તેમને અહેસાસ થયો કે નમાઝમાં ગફલત માત્ર માલ અને દુનિયા તરફ ધ્યાન કરવાથી આવી તો આપે તે માલને પોતાની માલિકીમાં રાખવો પસંદ ન કર્યો અને હુઝૂરને અધિકાર આપ્યો કે આપ ઈચ્છો ત્યાં માલને સદકો કરી આપો. જે માલ ખુદાની યાદથી ગફલત લાવે તેને રાખવા લાયક સમજતો નથી.

## ☆ આપણી કરૂણ હાલત ☆

આપણી હાલત એ છે કે દુનિયાની શોધમાં અને માલ ભેગો કરવામાં હલાલ હરામનો ફરક તો ભૂલી ગયા છે પણ દુનિયામાં એટલા વ્યસ્ત કે જ્યાં સુધી આપણે આપણા કામમાં લાગેલા હોય નમાઝો પર નમાઝો કઝા થાય પણ આપણને થોડી પણ ચિંતા થતી નથી. થોડો માલ ભેગો કરવામાં સેંકડો નમાઝોની કુર્બાની આપવી પડે. પછી થોડું સારૂં ઘર કે થોડી સારી ગાડી હોય તો માથુ ઉઠાવીને ચાલે. કોઈ પૂછે તો કહે, અલ્લાહની મહેરબાની છે ! માલ મિલ્કતમાં ઘણી જ બરકત છે. પણ મહેરબાની કહેતી વખતે એ વાત તરફ ધ્યાન નથી જતું કે નમાઝો છોડવાના અઝાબના બદલામાં આ દુનિયા પસંદ કરેલી છે ! એક સહાબી





છે કે નમાઝો તો પઢે છે પણ નફલ નમાઝમાં દુનિયાને લઈને ગફલત આવી, માત્ર રકાતોની સંખ્યા ભૂલી ગયા તો તેમને કેટલી ચિંતા ઉભી થઈ કે તે બાગને રાખવું પસંદ ન કર્યું અને સદકો કરી આપ્યો. દુનિયા ન રહે તો કંઈ વાંધો નથી, પણ દુનિયાના લીધે દીન અને આખેરત બરબાદ ન થવી જોઈએ. દુનિયા થોડા દિવસોની અને આખેરત હમેશાંની છે.

(૯) કીમીયાએ સઆદતમાં છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને કોઈ ભાઈએ કીમતી કપડાં ભેટ આપ્યાં જેમાં ઝાડનો ફોટો હતો. નમાઝમાં આપની નજર તે ફોટા પર પડી. આપે નમાઝ પૂરી કરી તરત જ ઉતારી તેના માલિકને પાછાં આપી દીધાં અને જુના કપડાં પહેરી લીધા.

(૧૦) તેમાં બીજી રિવાયત છે કે હુઝૂર પૂરનૂર શાફએ યમુન્નુશર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના શૂઝનો તસ્મો બદલાવ્યો (શૂઝનો દોરડીવાળો ભાગ), નમાઝમાં આપની નજર તે તસ્મા પર પડી તો તે આપને સુંદર લાગ્યો. નમાઝ પૂરી કરી આપે તે શૂઝ એક પ્રથમ મળનાર ગરીબને આપી દીધા.

સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم જેવી સંપૂર્ણ, ખુદાને પસંદ આવે એવી જાહેર અને બાતિનથી ખુદા માટે અને તેના તરફ લક્ષ આપીને નમાઝ કોણ પઢી શકે છે ? તો પણ આપની પોતાના કપડામાં પડેલ ઝાડના ફોટા પર નજર પડી તો કપડાં પરત કર્યાં અને શૂઝના તસ્માના સુંદર હોવાનો ખ્યાલ નમાઝમાં આવ્યો તો શૂઝ બીજાને અર્પણ કરી દીધા. જેનાથી આપણને સબક શિખવ્યો કે નમાઝ જાહેર અને બાતિન બંને રીતે ખુદા તઆલા માટે જ હોય અને માણસ સંપૂર્ણપણે અલ્લાહ તઆલા તરફ ધ્યાન રાખે. પોતાનું ધ્યાન, પોતાનો ઈરાદો બીજા કશા તરફ ન જવા દે અને પ્રથમથી એ વાતનો ઈલાજ કરી લેવો જોઈએ જેનો નમાઝમાં ખ્યાલ આવી શકે.

(૧૧) હઝરત અલી رضی اللہ عنہ ને પીંડીમાં તીર વાગ્યું અને નીકળી ન શકયું તો કહેવામાં આવ્યું કે એને રહેવા દો, જ્યારે આપ નમાઝ શરૂ કરે ત્યારે તેને હાલતે નમાઝમાં પૂરી શકિતથી ખેંચી લેવામાં આવે. કારણ કે આપ એટલા તલ્લીન થઈને નમાઝ પઢે છે કે આપને બહારનો ખ્યાલ આવતો નથી. જ્યારે આપે નમાઝ શરૂ કરી તો શકિતથી તીર ખેંચી લેવામાં આવ્યું અને આપને ખબર પણ પડી નહીં.

## ☆ શું આમ થઈ શકે છે ખરૂં ? ☆

આ રિવાયત હઝરત અલી رضی اللہ عنہ ને સંબંધિત હોવાથી માન્ય જરૂરથી રાખી શકાય છે, પણ સવાલ એ છે કે આ પ્રમાણે થવું અક્કલથી માન્ય રાખી શકાય છે ? તો એનો જવાબ એ છે કે માણસને પોતાના બદન અને શરીરમાં થતી પીડાનો સંબંધ દિમાગ સાથે છે. દિમાગ તે વાતને કબૂલે તો પીડા થઈ શકે છે અને દિમાગને તેની જાણ ન થાય તો તે સમયે પીડા થઈ શકતી નથી. દાખલા તરીકે વર્તમાનકાળમાં ઓપ્રેશનો કરવામાં આવે છે તો ઓપરેશન પહેલાં દર્દીને દવાથી બેભાન કરી દેવામાં આવે છે અને પછી કાપકૂપ કરવામાં આવે છે તો દર્દીને તેની ખબર પડતી નથી અને પીડા પણ થતી નથી. કેમ ? એટલે જ કે એના દિમાગને દવાથી બેભાન કરી દેવામાં આવ્યું છે એટલે દિમાગને બેભાન હોવાને લઈને તકલીફનું ઈલ્મ નથી થતું એટલે પીડાનો અહેસાસ થતો નથી.

**★ સાતકી યા તીનસો સાઠકી :–** આપણી હાલત તો એ છે કે આપણા અમુક ભાઈઓ તો નમાઝ પઢતા જ નથી. અન્ય ભાઈઓ અઠવાડિયામાં માત્ર જુમ્આની નમાઝ પઢે છે અને તે પણ માત્ર ફર્ઝની બે રકાતો ! સુન્નતોનો તો સવાલ જ ઉભો નથી થતો. ભલા જે લોકો બીજા દિવસોમાં ફર્ઝ ન પઢે તે જુમ્આના દિવસે સુન્નતો પઢે ? જુમ્આના દિવસે ખુત્બા સમયે મસ્જિદ ખચાખચ ભરેલી હોય અને જ્યાં ઈમામે સલામ ફેરવી અને ફાતેહા પઢયા કે મસ્જિદ ખાલી. જે લોકો પાંચ વખતની નમાઝોના પાબંદ હોય તે જ સુન્નતો માટે રહી જાય છે. તેવા ભાગનારા લોકો માટે કહેવામાં આવે છે સાતકી.

અન્ય ભાઈઓ ખુદાના આદેશથી એટલા ગાફિલ હોય છે કે આખું વર્ષ નમાઝ પઢતા જ નથી. વર્ષમાં એક દિવસ ઈદનો આવે તો નવાં નવાં કપડાં પહેરીને અત્તર લગાવીને પહેલી સફમાં આવીને બેસી જાય. ઈદની બે રકાત પઢી લોકોને સલામ કરી લે કે ચાલો અલ્લાહ જીવતો રાખશે તો આવતા વર્ષે મુલાકાત થશે ! તેમની બાબત કહેવામાં આવે છે તીનસો સાઠકી.

## ☆ મહોબ્બત મહોબ્બતમાં ફરક ☆

સહાબાએ કિરામને અલ્લાહ અને રસૂલથી અધિક પ્રેમ અને





મહોબ્બત હતી એટલે તેઓ તેમના ઈર્શાદ પર શોખથી અમલ કરતા હતા. તેમને અફસોસ થતો તો ગુનાહ અને નાફર્માનીના કામોથી. નમાઝ તો નમાઝ છે જો ફર્ઝ નમાઝની જમાઅત છૂટી જાય તો પણ તેમની ચિંતાનો પાર ન રહેતો. હઝરત અબૂ તલ્હાનો વાકયો સાંભળ્યો કે તેમને માત્ર નમાઝની રકાતોની સંખ્યામાં ભૂલ થવાથી કેટલો અફસોસ થયો કે પૂરો બાગ તેના બદલામાં સદકો કરી આપ્યો. સારાંશ એ કે જેનાથી વધારે મહોબ્બત હોય તેના ઈર્શાદ પર અમલ કરવું વધારે પસંદ આવે છે અને તેની વિરૂધ્ધ થવાથી એટલો જ અફસોસ થાય છે.

આપણો દાવો તો એ છે કે આપણને અલ્લાહ અને રસૂલથી અધિક મહોબ્બત અને પ્રેમ છે પણ અમલથી આપણી મહોબ્બબતની સરખામણી કરવામાં આવે તો એ જાણવા મળે કે આપણને દુનિયા અને તેના માલ દોલતથી જ અધિક મહોબ્બત છે ! કારણ કે આપણે શરીઅતને ભૂલીને કામો કરીએ છીએ અને તેના પર આપણને અફસોસ થતો નથી. નમાઝો પર નમાઝો છોડીએ છીએ, પણ આપણને અફસોસ થતો નથી. મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢવાનો આપણને ટાઈમ મળતો નથી, પણ આપણને કોઈ ચિંતા નથી. સારાંશ એ કે આખેરતના નુકસાનને સંબંધિત કામોના છૂટી જવા પર આપણને ફિકર નથી. પણ જો આપણા પોકેટમાં પાંચ પચાસ રૂપિયા હોય અને પડી જાય અથવા પોકેટ કપાય જાય પછી જોવાનું આપણને સારૂં નહીં લાગે ! કોઈ બોલાવે તો આપણે બચકાં મારીશું ! કયાંનો ગુસ્સો કંઈ કાઢીશું ! સારાંશ એ કે દુનિયાના થોડા નુકસાન પર આપણા અફસોસનો પાર નથી. હવે આપણે પોતે ન્યાયથી ફેંસલો કરવાનો છે કે કોનાથી અધિક મહોબ્બત છે ? મહોબ્બત બંને જગાએ છે પણ બંનેમાં આટલો તફાવત છે.

જ્યારે આ વાત અક્કલથી સમજી લેવામાં આવી તો એ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે હઝરત અલી رضی اللہ عنہ એટલા તલ્લીન થઈને નમાઝ અદા કરતા કે આપનું દિમાગ શરીર માટે તેમજ દુનિયાના બીજા કામો માટે ભાન વિનાનું થઈ જતું અને જે કંઈ થતું તેનો અહેસાસ આપને ન થતો. અથવા એ કે જ્યારે આપ નમાઝ શરૂ ફર્માવતા તો આપનો સંબંધ રૂહાની દુનિયાથી થઈ જતો. એટલે શરીરને સંબંધિત દુનિયા તરફ આપનું ધ્યાન ન રહેતું અને આપને અહેસાસ ન થતો.

## ☆ સલામથી નમાઝ બહાર થવાનું રહસ્ય ☆

સલામ કહીને નમાઝથી બહાર થવું વાજિબ છે. એનું રહસ્ય એ છે કે માણસ જ્યારે અલ્લાહુ અકબર કહી નમાઝ શરૂ કરે છે તો તે અલ્લાહ તઆલાથી સંબંધ જોડી દરેકથી પોતાનો સંબંધ ટેમ્પરરી કાપી નાખે છે. ખાય નથી શકતો, પી નથી શકતો, કોઈનાથી વાત નથી કરી શકતો, કોઈની વાતનો જવાબ નથી આપી શકતો, સલામનો જવાબ પણ નથી આપી શકતો. એટલે જ કે તેણે લોકોથી સંબંધ કાપીને ખુદા સાથે સંબંધ મજબૂત કરેલો છે. એટલે એવું કામ કરવામાં નહીં આવે જેનાથી એ અનુમાન થાય કે આને અલ્લાહથી મજબૂત સંબંધ જોડેલો નથી. જો કોઈ નમાઝમાં કંઈ ખાઈ લે તો નમાઝ તૂટી જાય છે, વાત કરી લે તો નમાઝ તૂટી જાય છે. બહારની ચીજ પી લે તો નમાઝ તૂટી જાય છે, કોઈની સલામનો જવાબ આપે તો નમાઝ તૂટી જાય છે. કોઈની વાતનો જવાબ આપે તો નમાઝ તૂટી જાય છે. હવે એને નમાઝમાં આવવું હોય તો ફરીથી અલ્લાહુ અકબર કહી નમાઝ શરૂ કરે. સ્પષ્ટ થયું કે નમાઝ બહાર આપણો સંબંધ ખુદા સાથે પણ હોય શકે છે અને લોકો સાથે પણ હોય શકે છે અને પોતાની જાત સાથે પણ હોય શકે છે. પણ નમાઝમાં તેનો સંબંધ માત્ર ખુદા તઆલાથી હોય છે એટલે આલમ અને દુનિયા બદલાઈ ગઈ. નમાઝમાં તે મેઅરાજમાં છે. તેનો સંબંધ રૂહાની દુનિયાથી થઈ ગયો છે. તે થોડા સમય માટે આ દુનિયાથી અલગ થઈ ગયો છે, એટલે નમાઝ પૂરી થાય તો નમાઝ બહાર થવા માટે સલામનો આદેશ આપવામાં આવ્યો. જેમ આપણા માટે સુન્નત છે કે આપણે એકબીજાથી જુદા પડીએ પછી મુલાકાત થાય તો પ્રથમ સલામ કરીએ. નમાઝમાં આપણી દુનિયા બદલાઈ ગઈ હતી. આપણે સર્વથી અલગ થઈ ગયા હતા. સર્વથી આપણો સંબંધ કાપી નાખ્યો હતો, પણ નમાઝનો અંત સલામથી કરવામાં આવ્યો, જેનાથી લોકોને એ જાણ થઈ શકે છે કે હવે આપણે આપણી જિસ્માની (બદની) દુનિયામાં પરત આવ્યા છીએ અને હવે આપણે એક બીજાથી સંબંધ રાખી શકીએ છીએ.

આપણે આપણો સંબંધ નમાઝથી જે આ દુનિયાથી તોડીએ છીએ તો તે માત્ર જાહેરમાં. અને જાહેરમાં આપણે શરીઅતના વર્તુળમાં એવાં કામોથી પોતાને રક્ષણમાં રાખીએ છીએ. પણ અંતરથી આપણી હાલત એ





નથી થતી કે ખરેખર નમાઝથી આપણો આલમ અને દુનિયા બદલાય જાય. એટલે નમાઝમાં પહોંચ્યા પછી આપણુ દિમાગ આપણી દુનિયા માટે અને આપણા શરીર માટે કામ કરે છે અને આપણને એહસાસ થાય છે અને ખબર પડે છે. જો બાતિનમાં પણ આપણી એ હાલત થઈ જાય તો આપણને કોઈ બાહરની ચીજનો એહસાસ થઈ શકતો નથી. હઝરત અલીની નમાઝની આ જ શાન હતી એટલે નમાઝમાં પહોંચ્યા પછી આપને પીડાની ખબર ન પડી.

## ☆ નમાઝ આલમે બાલાની ઈબાદત છે ☆

નમાઝ આલમે બાલાની ઈબાદત અને બંદગી છે. ફરિશ્તાઓને નમાઝની અમુક સ્થિતિઓની ઈબાદતનો આદેશ છે. અમુક સિજદામાં છે, અન્ય રુકૂઅમાં છે, અન્ય કિયામ (ઉભા)માં છે. જ્યારે કે આપણને તેઓની દરેક સ્થિતિથી નમાઝનો આદેશ આપવામાં આવ્યો. આપણે એક નમાઝમાં કિયામ પણ કરીએ છીએ, કિરાઅત પણ કરીએ છીએ, રુકૂઅ અને સિજદા પણ કરીએ છીએ. સારાંશ એ કે ફરિશ્તાઓની ઈબાદત અને બંદગીની સ્થિતિઓનો સંગમ છે આપણી નમાઝ. અને એટલે તો આપણને પાક હાલતમાં નમાઝ પઢવાનો હુકમ કરવામાં આવ્યો. બદન પાક, બાવુઝૂ અને બાગુસ્લ, કપડાં અને જગા પણ પાક. તેનું રહસ્ય એ છે કે નમાઝમાં આપણે રબ સમક્ષ છીએ અને રબ હમેશાં માટે આપણી સમક્ષ છે. રબ તય્યિબો તાહિર, પાક અને સાફ તેની સમક્ષ આપણે જવું હોય તો નાપાક હાલતમાં જવું તેનું અપમાન છે. એટલે તહારત અને પાકી ફર્ઝ અને શર્ત કરવામાં આવી. આલિમોનું મંતવ્ય એ છે કે કોઈ માણસ જાણી જોઈને નાપાક હાલતમાં નમાઝ પઢે તો તે કાફિર છે.

બીજું રહસ્ય એ છે કે નમાઝ મલએ આ'લાની અલગ અલગ સ્થિતિઓની ઈબાદતનું સંગમ છે. જ્યારે ફરિશ્તાઓ માસૂમ છે. દરેક પ્રકારની જાહેરી અને બાતિની નાપાકી અને અસ્વચ્છતાથી પાક છે. તેઓ ખાતા પીતા પણ નથી. પેશાબ પાખાના પણ કરતા નથી. તેઓ હરહંમેશ માટે પાક રહે છે, તો જ્યારે આપણે નમાઝ પઢવી હોય જે મલએ આ'લાની બંદગીની અલગ અલગ સ્થિતિઓનો સંગમ છે. તો જેમ નમાઝની ઈબાદત તેમની ઈબાદતનો સંગમ છે, આપણી હાલત પણ એમના જેવી હોવી જોઈએ, તો આપણને પાકી અને તહારતનો આદેશ આપવામાં આવ્યો.

તેમજ નમાઝની હાલતમાં આપણા માટે ખાવું અને પીવું નાજાઈઝ કરવામાં આવ્યું. ઉભા રહેવામાં માણસની ઊંચાઈ જોવા મળે છે તો તેમાં અલ્લાહના કલામની તિલાવત કરવામાં આવે છે. અય અલ્લાહ ! ઉચ્ચ તારી શાખ, મને મળી તો તારા તરફથી. તો હું મારી તે હાલતને પણ તારી ઈબાદત માટે નિયુકત કરૂં છું. કલામ તારી સિફત, મારૂં કલામ તારી અર્પણ (દૈન), તો હું મારા કલામમાં તારા કલામની તિલાવત કરૂં છું. રુકૂઅ ને સિજદાની નમ્રતા જોવા મળે છે જે ફરિશ્તાઓની સિફત છે અને તેઓ અલ્લાહની તસ્બીહ કરે છે અને વખાણ બોલે છે તો આપણને રુકૂઅ અને સિજદામાં તસ્બીહ અને વખાણનો હુકમ આપવામાં આવ્યો. એટલા માટે સહાબાએ કિરામ નમાઝને અધિક પ્રિય રાખતા અને ખૂબ ખૂબ પાક અને સાફ રહેતા. અલ્લાહ તઆલાએ તેઓની પાકી સાફીની કુર્આનમાં તારીફ ફર્માવી છે અને વખાણ કર્યા છે.

صَلِّ كَاَنَّكَ تَرَاهُ فَاِنْ لَّمْ تَكُنْ تَرَاهُ فَاِنَّهٗ يَرَاكَ.
لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ اَحَقُّ
وَاللّٰهُ يُحِبُّ الْمُطَّهِّرِيْنَ.

જરૂર મસ્જિદ પ્રથમ દિવસથી જેની બુનિયાદ પરહેઝગારી પર રાખવામાં આવી વધારે હક્ક ધરાવે છે કે તમે તેમાં નમાઝ પઢો. તેમાં એવા લોકો છે જે પાક રહેવું પસંદ કરે છે અને અલ્લાહ પાક રહેવાવાળાઓને પસંદ કરે છે.

મસ્જિદે કુબાના સહાબાની પાકીનો તરીકો ખુદા તઆલાને પસંદ આવ્યો તો તેના પોતાના કલામમાં વખાણ કર્યા અને જેઓ પાક સાફ રહેવું પસંદ કરે છે તેમને અલ્લાહ તઆલા પ્રિય રાખે છે, તેની ખુશ ખબર સંભળાવી. મસ્જિદના સંબંધથી તેમની પાકી સાફીના વખાણ એ એ વાતની દલીલ છે કે તેઓ પાકી સાફીમાં કાળજી નમાઝની અદાયગી માટે રાખતા હતા.

## ☆ બાતિની પાકી પણ હોવી જોઈએ ☆

જેમ આપણે આપણા જાહેરી બદનથી ખુદાની બંદગી નમાઝ પઢીએ છીએ તો તેને પાક સ્થિતિમાં રજૂ કરીએ છીએ. એ જ પ્રમાણે નમાઝમાં આપણું દિલ પણ ઈબાદતમાં હાજર હોય છે. તેને પણ પાક સ્થિતિમાં રજૂ કરવું જોઈએ. શું દિલ નાપાક થઈ શકે છે ? તેને ધોઈ





શકાય છે ? તેની પાકીનો તરીકો શું છે ? આ ત્રણ સવાલો દિલની પાકી બાબતે ઉપસ્થિત થાય છે.

દિલ પર જાહેરી નાપાકી લાગી નથી શકતી પણ દિલ ગુનાહોથી નાપાક થાય છે અને તેના કાળા દાગ દિલને કાળુ કરી નાખે છે. તે અલ્લાહ તઆલાની તજલ્લી અને તેના તરફથી ઉતરતા પ્રકાશ લાયક નથી રહી જતું. એવું દિલ ખુદા સમક્ષ રજૂ કેવી રીતે કરી શકાય ? તો અલ્લાહ તઆલાએ આપણને તૌબાની નેઅમત અર્પણ કરી. પાણીથી આપણે જાહેરી બદન, અવયવો, અંગો અને કપડાંને પાક કરીએ અને તૌબાથી દિલને પાક કરીએ તા કે જ્યારે આપણે ખુદાની બારગાહમાં હાજરી આપીએ તો આપણું જાહેર અને બાતિન પાક અને સાફ હોય. અલ્લાહ તઆલા ફર્માવે છે :– اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ.

બેશક ! અલ્લાહ પસંદ કરે છે તૌબા કરવાવાળાઓને અને પસંદ કરે છે પાક રહેવાવાળાઓને.

સહાબાએ કિરામના વુઝૂ, ગુસ્લ અને તૌબાની અસંખ્ય રિવાયતો છે જે આ આયતની અમલી તફસીર છે અને તે બધું નમાઝને સંપૂર્ણ બનાવવા માટે હતું. એનો ઉલ્લેખ અહિં નથી કરી શકાતો. તમે હદીષની કિતાબોથી પ્રાપ્ત કરી શકો છો. અન્ય વાકયા ભાગ ત્રણમાં પ્રકરણ બુઝુર્ગોની નમાઝમાં રજૂ થઈ ગયા છે ત્યાંથી હાસિલ કરો. નમાઝ છોડવાની બુરાઈ બાબતે સહાબાએ કિરામના મંતવ્યો પણ ભાગ ત્રણના પ્રથમ પ્રકરણમાં વર્ણવવામાં આવ્યા છે.

★ **નમાઝ અને એલાન :–** ઈસ્લામના અમલી ચાર ફર્ઝોમાંથી માત્ર નમાઝ માટે એલાન કરવામાં આવે છે જેને અઝાન કહેવામાં આવે છે અને વળી જમાઅત ઉભી કરવા માટે પણ એલાન કરવામાં આવે છે. જેને ઈકામત કહેવામાં આવે છે. એનાથી નમાઝનું મહત્વ જાણવા મળે છે કે નમાઝના ટાઈમ નિયુકત કરવામાં આવ્યા છે અને હવે જ્યારે ઘડીયાળો વજૂદમાં આવ્યાં અને વળી મસ્જિદોમાં જમાઅતના સમયો પણ નિયુકત છે. તો પણ અઝાનથી નમાઝ માટે એલાન કરવામાં આવે છે. ભૂતકાળમાં તો ઊંચી જગાએથી અઝાન આપવામાં આવતી હતી કે અવાજ દૂર સુધી પહોંચી અને લોકોને ખબર પડે કે જમાઅતનો ટાઈમ

થઈ ગયો છે. મગરિબ છોડીને દરેક નમાઝના ફર્ઝ પહેલાં સુન્નત નમાઝ પણ છે કે સુન્નત પઢીને જમાઅત ઉભી કરવામાં આવશે. જેનાથી લોકોને વુઝૂ કરીને ઘરેથી જવાનો અને જમાઅત પામવાનો સમય મળી રહે. વર્તમાન કાળમાં મસ્જિદોમાં કેવી ફેસેલિટી અને સુવિધાઓ છે જેના વર્ણનની જરૂર નથી. ત્યારે તો ઊંચે અવાજે અઝાન આપવામાં આવતી હતી. માણસનો પોતાનો અવાજ જ્યાં સુધી પહોંચે, પણ આજે તો મસ્જિદોમાં સ્પીકરો પણ રાખવામાં આવે છે. જેનાથી માઈલો સુધી અવાજ પહોંચે છે અને નમાઝ તથા જમાઅતના ટાઈમ ટેબલો બનાવીને મુસલમાનોના ઘરે ઘરે પહોંચાડી આપવામાં આવ્યાં છે કે કોઈ પણ પ્રકારની ગફલત ન આવી શકે અને બહાનાં કરવાનો મોકો ન મળે. તો પણ જોવા જઈએ તો ભૂતકાળમાં નમાઝીની સંખ્યા વધારે હતી અને સહાબા તાબેઈ સુધી તો આમ પણ કહી શકાય છે કે ૧૦૦% મુસલમાનો નમાઝ પઢતા હતા. અને આજે આમ કહેવામાં આવે છે કે વસ્તીમાં ૧૦% મુસલમાનો નમાઝી છે તો પણ માન્ય રાખવામાં શંકા થાય. **મસ્જિદની ઓટલીઓ પર બેસીને પણ લોકો નમાઝ નથી પઢતા અને મસ્જિદમાં હાજરી નથી આપતા !** અને અમારા યુ. કે. માં તો મસ્જિદ મદ્રસાની કમિટીના સભ્યો પણ મસ્જિદમાં નમાઝ માટે હાજરી ન આપે ! જો જોગાનુજોગ આવી જાય તો એ અનુમાન થાય નક્કી કે સભ્યોની મીટિંગ હશે ! તો તેમાં હાજરી માટે આવ્યા હશે ! જ્યાં મસ્જિદ મદ્રસાની કમિટીઓના વ્યવસ્થાપક બેનમાઝી હોય ત્યાં સામાન્ય પબ્લિકને શું કહી શકાય ?

ભૂતકાળમાં મુસલમાનોને કાફિરોમાં તબ્લીગ કરવાનો સમય મળતો હતો. કારણ કે મુસલમાન ધર્મમાં મજબૂત અને પાબંદ હતા. તેમને કંઈ કહેવાની અને શિખામણ આપવાની જરૂરત ન હતી અને આજે મુસલમાનો એટલા બેઅમલ બલ્કે બદ અમલ થઈ ગયા છે કે મુસલમાનોના ઈલ્મવાળાઓ પોતાની તબ્લીગનો સમય મુસલમાનોને સુધારવામાં ખર્ચ કરે છે. મુસલમાનોમાં આજે જેટલી તેહરીકો અને અંજુમનો ચાલી રહી છે, દરેકનું કામ મુસલમાનોમાં તબ્લીગ કરવાનુ છે કેમ કે અને ઘરમાં આગ લાગી હોય તો બહાર કયાં ઓલવવા જઈશું ? આપણા ઈસ્લામનું વર્તુળ વિશાળ થવું જોઈએ પણ કયારે ? જ્યારે કાફિરોમાં તબ્લીગ કરીને તેમને





ઈસ્લામમાં લાવવામાં આવે. પણ આપણને આપણામાંથી ફુરસત નથી તો તેમની તરફ ધ્યાન કેમ કરી આપીશું ? તો **બેઅમલ લોકો પોતાનું અને ઈસ્લામનું બંનેનું નુકસાન કરે છે !**

(૧) અબૂ દાઊદે તખરીજ કરી, હઝરત અબૂ ઉમૈર બિન અનસથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝ માટે ભેગા કરવાની ચિંતા કરી કે કેમ કરી લોકોને નમાઝ માટે ભેગા કરવામાં આવે. આપને વિનંતી કરવામાં આવી કે નમાઝ નિકટ ઝંડો ફરકાવવામાં આવે તો જ્યારે લોકો જોશે તો એક બીજાને ખબર આપશે. આપને આ વાત પસંદ ન આવી. ત્યાર બાદ આપથી ધતૂરૂ વગાડવાની ચર્ચા કરવામાં આવી. આપને આ વાત પણ પસંદ ન આવી અને આપે ફર્માવ્યું, આ યહૂદીઓનું કામ છે. ત્યાર બાદ આપથી શંખની ચર્ચા કરવામાં આવી. આપે ફર્માવ્યું, આ ઈસાઈઓનું કામ છે. ત્યાર બાદ હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ પાછા ગયા અને એમને પણ એ વાતની ઘણી ચિંતા હતી, કારણ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ વાતની ચિંતા હતી. તેમણે સ્વપ્નમાં અઝાન સાંભળી અને પછી પૂરી હદીષ બયાન ફર્માવી.

**ફાયદો** :– સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને યહૂદી અને ઈસાઈઓનો તરીકો આપણા દીન અને ધર્મ માટે પસંદ ન હતો એટલે અઝાન બાબતે આપે એમનો તરીકો અને પધ્ધતિ નાપસંદ કરી. તો પછી આપણે આપણા નબીને ખુશ રાખવા હોય અને એમની ખુશી જોવી હોય તો દીન અને ધર્મમાં તથા રસ્મો રિવાજમાં યહૂદીઓ, ઈસાઈઓ અને હિંદુઓના તરીકા અને એમના રસ્મો રિવાજથી અલગ રહેવું જોઈએ.

ઘણા બધા સહાબાએ કિરામને સ્વપ્નમાં અઝાન સંભળાવવામાં આવી હતી અને તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર ખિદમતમાં સ્વપ્નમાં સાંભળેલ અઝાનના શબ્દો સંભળાવ્યા. ત્યાર પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અઝાનમાં શબ્દોનો આદેશ આપ્યો અને અઝાન સુન્નત બની.

(૨) કન્ઝુલ ઉમ્માલમાં છે : હઝરત અનસ ફર્માવે છે કે જ્યારે હુઝૂરના જમાનામાં નમાઝનો સમય થતો તો એક માણસ રસ્તામાં જઈ જઈને ઊંચે સ્વરે કહેતો ''અસ્સલાત, અસ્સલાત !''

(૩) ઈબ્ને સઅદે તખરીજ કરી, હઝરત નાફેઅ બિન જુબૈર, હઝરત ઊર્વાહ, ઝૈદ બિન અસ્લમ અને સઈદ બિન મુસય્યિબ ફર્માવે છે, અઝાનનો હુકમ મળતાં પહેલાં સરકારે મદીનાના જમાનામાં એક એલાન કરનાર એલાન કરતો, "અસ્સલાતો જામિઆ !" તો લોકો ભેગા થઈ જતા. જયારે કિબ્લો કા'બા તરફ ફેરવવામાં આવ્યો. અઝાનનો આદેશ મળ્યો. હદીષના અંતમાં છે, અસ્સલાતો જામિઆનો શબ્દ જેનાથી પ્રથમ લોકોને ભેગા કરવામાં આવતા. આજે પણ નવા કામ માટે તેનાથી એલાન કરવામાં આવે છે. લોકો ભેગા થાય તો તેમને તે કામની ખબર આપવામાં આવશે.

(સૂર્ય ગ્રહણની નમાઝ, ચંદ્ર ગ્રહણની નમાઝ, ઈદની નમાઝ, જનાઝાની નમાઝ વગેરે જેમાં અઝાનથી ખબર આપવામાં નથી આવતી. એલાન કરવું હોય તો અસ્સલાતો જામિઆના શબ્દોથી એલાન કરવામાં આવશે. મુસલમાનો માટે બયાન રાખવામાં આવ્યું હોય તો એલાન કરી ભેગા કરવામાં પણ ઉપરોકત શબ્દો કહી શકાય છે.)

(૪) બયહકી શુઅબુલ ઈમાનમાં છે, હઝરત અબુલ વક્કાસ ફર્માવે છે કે કિયામતના દિવસે અઝાન આપવાવાળાઓનો ભાગ જિહાદ કરનાળ ાઓના ભાગ જેવો હશે. અઝાન આપવાવાળાની હાલત અઝાન અને ઈકામતની વચમાં લોહીમાં તરફરતા મુજાહિદ ફી સબીલિલ્લાહ જેવી છે.

(૫) કન્ઝમાં છે, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદે ફર્માવ્યું, જો હું મુઅઝ્ઝિન હોત તો મને એ વાતની ચિંતા ન થતી કે મેં હજ નથી કરી કે ઉમરો નથી કર્યો કે જિહાદ નથી કર્યો. (એટલે કે નફ્લ કામોમાં ઉત્તમ ઈબાદત અઝાન આપવી છે.)

(૬) તેમાં છે, હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું મુઅઝ્ઝિન હોત તો મારૂં કામ સંપૂર્ણ બની જતું અને એ વાતની ફિકર ન થતી કે હું સઘળી ઈબાદતમાં વ્યસ્ત નથી રહ્યો. દિવસમાં રોઝો નથી રાખ્યો. મેં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم થી સાંભળ્યું, આપે ફર્માવ્યું, હે અલ્લાહ ! અઝાન આપવાવાળાઓની મગફેરત ફર્માવ. અય મારા અલ્લાહ ! અઝાન આપવાવાળાઓની મગફેરત ફર્માવ. મેં વિનંતી કરી, અય



તોહફાએ નજાત (ભાગ-૬)

અલ્લાહના રસૂલ ! આપે અમને બધાને છોડી દીધા ? જયારે કે અમે અઝાનને ખ્યાતિ આપવા માટે તલ્વારથી બહાદુરી જાહેર કરીએ છીએ. આપે ફર્માવ્યું, હોશિયાર ! અય ઉમર ! નિકટમાં લોકો પર એક જમાનો એવો આપશે કે અઝાન અશકત લોકો પર છોડી દેવામાં આવશે ! અને હાલત એ છે કે અલ્લાહ તઆલાએ આ ગોશ્ત માટે (અઝાન આપવાવાળાઓ માટે) દોઝખ હરામ કરી આપી છે.

(૭) કન્ઝમાં છે, હઝરત કૈસ બિન હાઝિમ ફર્માવે છે કે અમે હઝરતે ઉમર બિન ખત્તાબની ખિદમતમાં આવ્યા, તો આપે ફર્માવ્યું, તમારો મુઅઝ્ઝિન કોણ છે ? અમે વિનંતી કરી, અમારો ગુલામ અને આઝાદ કરેલ ગુલામ. આપે ફર્માવ્યું, આ તો લોકોમાં ઘણો મોટો અમલ છે ! જો મને ખિલાફતના કામોથી ફુરસત મળતી તો હું જરૂર અઝાન આપતો.

(૮) તિબ્રાનીએ અવસતમાં છે, હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે, હું અફસોસ કરૂં છું કે મેં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم પાસે હઝરત હસન અને હુસૈન માટે અઝાનની જવાબદારી કેમ ન માંગી.

(૯) તિબ્રાનીએ કબીરમાં છે : એક વ્યકિતએ હઝરત ઈબ્ને ઉમરને કહ્યું, હું અલ્લાહ માટે તમને દોસ્ત સમજું છું. આપે ફર્માવ્યું, હું ખુદા માટે તારાથી દુશ્મની રાખું છું. તેણે વિનંતી કરી, આમ શા માટે ? આપે ફર્માવ્યું, તુ ગાવા જેવી અઝાન આપે છે અને અઝાન પર મહેનતાણું લે છે !

(પછીના આલિમોએ ધાર્મિક પ્રવૃત્તિઓમાં લોકોની આળસ દેખીને દીનના આ નિશાન અને ચિન્હને ટાઈમસર રાખવા માટે મહેનતાણું અને પગારની રજા આપી છે. તો પણ કોઈ માણસ સવાલ માટે મફત અઝાનની જવાબદારી સ્વીકારે તેના માટે ઘણો સવાબ અને ફઝીલત છે.

(૧૦) કન્ઝમાં છે, ઝોહરી કહે છે કે જયારે હઝરત અબૂ બકર رضی اللہ عنہ એ મુર્તદ લોકો માટે લશ્કર (સેના) મોકલ્યું તો ફર્માવ્યું, તમે શબખું મારો (સૂતેલા હોય તો કહ્યા વિના હુમલો કરવો) અને અઝાન સાંભળો તો રોકાઈ જાવ, કારણ કે અઝાન ઈમાનનું ચિન્હ છે. (તેમનાથી

વાતાઘાતો કર્યા પછી ફૈંસલો કરવામાં આવશે.)

(૧૧) કન્ઝમાં હઝરત સઈદ કહે છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ખાલિદ બિન સઈદ આશને યમન તરફ મોકલ્યા અને ફર્માવ્યું, જ્યારે તમે કોઈ વસ્તીથી પસાર થાવ અને અઝાન ન સાંભળો તો તેમને મુસબતમાં નાખો. જ્યારે આપ બની ઝુબૈદાથી પસાર થયા અને અઝાન ન સાંભળી તો તેમને બંદી બનાવી દીધા, જ્યારે આપથી હઝરત અમ્ર બિન મઅદી કરબે તેઓ બાબતે વાતચીત કરી તો તેમને છોડી દીધા.

(૧૨) બયહકીએ તખરીજ કરી કે હઝરત અબૂ બકર જ્યારે મુર્તદ લોકો માટે સૈન્ય મોકલતા તો સૈન્યના જનરલને ફર્માવતા, જ્યારે તમે કોઈ ઘર પર છાપો મારો અને જો તમે એમાં અઝાન સાંભળો તો રોકાઈ જાવ અને પૂછો કે તમને ઈસ્લામમમાં કઈ વાત નાપસંદ લાગી ? અને અઝાન ન સાંભળો તો લૂંટમાર કરો અને સળગાવી દો અને ખૂબ આગળ વધીને આ કામો કરો. તમારા નબીના પર્દો ફર્માવી જવાથી તમારામાં કોઈ પ્રકારની અશકિત જોવા ન મળવી જોઈએ.

## ☆ ઔરતોને અઝાનની રજા નથી ☆

સ્ત્રીઓ જેમ ઢાંકવાની વસ્તુ છે અને તેણીઓએ પોતાને પર્દામાં રાખવું જરૂરી છે. આમ જ તેણીઓનો અવાજ પણ ગુપ્ત રાખવાની ચીઝ છે. બીજા મરદો પર તેમની અવાજ બુલંદ ન થવો જોઈએ. કારણ કે જેમ વિના પરદે આવવાથી ફિત્નો ઉપજે છે તે જ રીતે અવાજ બુલંદ થવાથી પણ ફિત્નો ઉપજે છે. એટલે તેણીઓ ભલેને પાક દામન હોય પણ બીજા લોકો તરફથી ભય છે એટલે તેણીઓને અવાજ બુલંદ કરવાની રજા આપવામાં નથી આવી. અઝાનમાં અવાજ બુલંદ કરવાનો હોય છે, કારણ કે તે લોકો માટે નમાઝનું એલાન છે. એલાન માટે બુલંદ અવાજ હોવો જોઈએ. પછી તેણીઓને અઝાનની રજા શી રીતે મળી શકે છે ? ઈસ્લામ પાક ધર્મ છે. એ સ્ત્રીઓને બદનામ થવા દેવા નથી માંગતો. તેણીઓ બાબતે કુસમજ ઉભી થવા દેવા નથી માંગતો. તેણીઓને પાકદામન રાખવા ઈચ્છે છે. જે ચીજ વસ્તુ અમૂલ્ય હોય તેનું રક્ષણ કરવામાં આવે





છે. ચોર, ડાકૂ અને ખોટા લોકોના ભયથી તેને ગુપ્ત રાખવામાં આવે છે. હલકી અને વિના મૂલ્યની ચીઝોનું નથી રક્ષણ કરવામાં આવતું અને ન તો તેને ગુપ્ત રાખવાથી કોઈ ફાયદો. આનાથી એ જાણવા મળ્યું કે દુનિયાદાર લોકો સ્ત્રીઓને બેપર્દા આઝાદ અને બજારુ બનાવી તેણીઓને વિના મૂલ્યની હલકી ચીજ વસ્તુ બનાવવા ઈચ્છે છે. કુર્બાન થાવ ઈસ્લામ પર કે આ સત્ય ધર્મ તમને અમૂલ્ય સમજી તમારૂં માન વધારવા તમારા માટે રક્ષણના નિયમો બતાવે છે.

## ☆ સ્ત્રીની અઝાન માન્ય નથી ☆

જ્યારે એ સાબિત થઈ ગયું કે સ્ત્રીઓનો અવાજ ગુપ્ત રાખવાની ચીજ છે, તેના જાહેર અને બુલંદ થવાથી ફિત્નાનો ભય છે. વધારે નહીં તો એટલું તો માન્ય રાખવું જ પડશે કે અમુક લોકોના દિલોમાં ખોટા વસવસાઓ જન્મ લઈ શકે છે. જે જાહેરમાં અમલી શકલમાં ન આવી શકે પણ દિલની દુનિયામાં તો તેનું કામ બનતું હોય છે.

માણસ દિલને પાક સાફ રાખી ખુદા તઆલાની નિકટતા પ્રાપ્ત કરી શકે છે. દિલની દુનિયા આબાદ હોય તો જ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે સ્ત્રીઓનો અવાજ કાનમાં પડવાથી ખોટા વસવસાઓ જન્મ લે છે અને શૈતાન પોતાના દાવમાં સફળ થાય છે અને તે વસવસાઓથી દિલ ખરાબ થાય છે, ખુદાની બારગાહમાં નિકટતા પ્રાપ્ત કરવા લાયક રહેતું નથી. પછી ઈસ્લામ તરફથી એ વાતની રજા કેમ કરી આપવામાં આવે જેનાથી નિકટતા છોડીને અંતર વધે. સફળતા જાય અને નાકામી આવે ? તો પછી એ નિર્ણય લેવામાં આવ્યો કે સ્ત્રીઓએ અઝાન આપવી નહીં અને જોગાનુજોગ કોઈ સ્ત્રીએ અઝાન આપી તો તેણીની અઝાન માન્ય રાખવામાં આવશે નહીં અને ફરીથી અઝાન દેવામાં આવશે.

શું આ અપમાન નથી ? કોઈને એ વાતની શંકા થઈ શકે છે કે આ તો સ્ત્રીઓનું અપમાન કહેવાય ! તો એનો જવાબ એ છે

કે અપમાન હોય તો સ્ત્રીએ કામ કરવું ન જોઈએ. અપમાન થશે ક્યારે જ્યારે તેણી નાજાઈઝ કામ કરશે. બીજું એ કે મરદો અને પુરૂષોમાં કોઈ ફાસિક અઝાન આપે તો તેની અઝાન પણ માન્ય રાખવામાં આવતી નથી. તો અહીં પણ એ સવાલ ઉપસ્થિત થઈ શકે છે કે આ તો એક મુસલમાનનું અપમાન છે. તો આમ જ કહેવામાં આવશે કે તે ફાસિક બન્યો કેમ ? અપમાન થવાના કારણને તેણે જ જન્મ આપ્યો. અપમાન ન કરવું હોય તો ગુનાહ અને ફિસ્કથી તૌબા કરી લે. આમ જ સ્ત્રીએ પોતાને અપમાનથી બચાવવું હોય તો નાજાઈઝ કામથી દૂર રહે. ત્રીજું એ કે શર્મવાળી સ્ત્રીઓ દીન અને દુનિયાના કોઈ પણ કામમાં પોતાનો અવાજ બુલદ કરવો પસંદ કરતી નથી. ધીમે સ્વરે પોતાનું કામ કાઢી લે છે. **બેઈજ્જત અને બેશર્મ સ્ત્રીઓ જોરથી બોલવામાં ખચકાતી નથી.** તેમને પોતાના માન મર્તબાનો ખયાલ હોતો નથી. અપમાન તો તેનું થઈ શકે છે જેને પોતાના માનની ચિંતા હોય, માનની ચિંતામાં રહેનાર અપમાન થવાનું કામ કરી શકતો નથી.

## ☆ ગુનાહથી બચવું પ્રથમ સ્થાને ☆

શરીઅતનો કાયદો છે કે કોઈ કામ કરવામાં ફાયદો પણ હોય અને નુકસાન પણ હોય તો નુકસાનને લક્ષમાં રાખી તેને ન કરવાનો આદેશ આપવામાં આવે. તો આ કાયદા પ્રમાણે અઝાન આપવી સવાબનું કામ છે પણ સ્ત્રીએ પોતાનો અવાજ બુલંદ કરવો ગુનાહનું કામ છે તો તેમને અઝાનથી રજા આપવામાં આવશે નહીં, ગુનાહથી બચવું વધારે અગત્ય છે.

## ☆ નમાઝમાં વિવિધ ફાયદાઓ ☆

નમાઝનો મોટામાં મોટો ફાયદો એ છે કે નમાઝ અલ્લાહ અને રસૂલની પસંદ ફર્માવેલી ઈબાદત અને બંદગી છે. તેને ટાઈમસર અદા કરવાથી માણસ પરહેઝગાર બને છે. નમાઝની બરકતથી અલ્લાહ





તઆલા તેના ગુનાહો માફ ફર્માવે છે. દરજા બુલંદ કરે છે, વગેરે અસંખ્ય ફાયદાઓ છે. તેઓ પૈકી અન્ય રિવાયતો અને ફાયદાઓ તમારી ખિદમતમાં રજૂ કરીએ છીએ.

**(૧) ગુનાહ અને પાપ માફ થાય છે :–** હઝરત ઈમામ અહમદે તખરીજ કરી કે હઝરત ઉસ્માન ગની رضی اللہ عنہ ના ગુલામ હઝરત હારિષ કહે છે કે એક દિવસ હઝરત ઉસ્માન બેઠા હતા અને અમે પણ આપ સાથે બેઠા હતા. એટલામાં મુઅઝ્ઝિન આવ્યા તો આપે તેમની પાસે પાણી મંગાવ્યું. મને એવું લાગે છે કે એમાં એક લીટર જેટલું પાણી હશે. આપે વુઝૂ કર્યું અને ફર્માવ્યું, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દેખેલા છે કે આપે મારા આ વુઝૂ માફક વુઝૂ કર્યું હતું. પછી આપે ફર્માવ્યું, જેણે મારા વુઝૂ માફક વુઝૂ કર્યું. પછી ઉભા થઈને ઝોહરની નમાઝ પઢી તો તેનો દરેક ગુનોહ જે સવારથી લઈને તે સમય સુધીમાં થયો માફ કરી દેવામાં આવે છે. પછી મગરિબની નમાઝ પઢે તો અસ્ર અને મગરિબની વચમાંનો દરેક ગુનોહ માફ કરી દેવામાં આવે છે. પછી ઈશાની નમાઝ પઢે તો મગરિબ અને ઈશાની વચમાંનો દરેક ગુનોહ માફ કરી દેવામાં આવે છે. પછી બની શકે એ માણસ એ પ્રમાણે રાત વિતાવે કે જમીન પર પાસાં બદલતો રહે, પછી ઉભો થઈને વુઝૂ કરી સવારની નમાઝ અદા કરી તો ઈશા અને સવારની વચમાંનો દરેક ગુનોહ માફ કરી દેવામાં આવે છે. આ તે નેકીઓ છે જે બુરાઈઓને લઈ જાય છે. લોકોએ વિનંતી કરી, અય ઉસ્માન ! આ તો નેકીઓ છે બાકીયાત શું છે ? આપે ફર્માવ્યું, તે આ પ્રમાણે પઢવું છે...

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ۔ سُبْحَانَ اللّٰهِ۔ اَلْحَمْدُ لِلّٰهِ اَللّٰهُ اَكْبَرُ۔ لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ۔

**(૨)** તબ્રાની અને નસાઈએ તખરીજ કરી, હઝરત અબૂ ઉસ્માન ફર્માવે છે કે હું હઝરત સલમાન સાથે એક ઝાડ નીચે હતો. હઝરત સલમાને તે ઝાડની સૂખી ડાળી પકડી અને હલાવવાનું શરૂ કર્યું. એટલે સુધી કે એનાં પાનાંઓ ખરી ગયાં. ત્યાર બાદ આપે ફર્માવ્યું, અય અબૂ ઉસ્માન ! તમે મને કેમ નથી પૂછતા કે મેં આમ શા માટે

કર્યું ? મેં પ્રશ્ન કર્યો, આપે આમ શા માટે કર્યું ? હઝરત સલમાને ફર્માવ્યું, આ જ પ્રમાણે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારી સાથે કર્યું. હું આપ સાથે એક ઝાડ નીચે હતો. આપે એ ઝાડની સૂખી ડાળી પકડીને એટલી હલાવી કે તેનાં પાનાંઓ ખરી ગયાં. આપે ફર્માવ્યું, અય સલમાન ! તુ મને પૂછતો કેમ નથી કે મેં આમ શા માટે કર્યું ? મેં પ્રશ્ન કર્યો આપે આમ શા માટે કર્યું ? આપે ફર્માવ્યું, મુસલમાન જ્યારે સારી રીતે વુઝૂ કરે છે પછી પાંચ નમાઝો પઢે છે તેના ગુનાહ એ પ્રમાણે ખરી જાય છે જેમ આ ઝાડનાં પાનાંઓ પછી આપે આ આયત પઢી....

أَقِمِ الصَّلٰوةَ طَرَفَيِ النَّهَارِ وَزُلَفًا مِّنَ اللَّيْلِ إِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ ذٰلِكَ ذِكْرٰى لِلذَّاكِرِيْنَ۔

''દિવસના બંને છેડાઓ પર અને રાતના અન્ય ભાગોમાં નમાઝ કાયમ રાખો. બેશક ! નેકીઓ બુરાઈઓને નાબૂદ કરી દે છે. આ શિખામણ માનનારાઓ માટે છે.''

**(૩)** તબ્રાનીએ તખરીજ કરી, હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે બધા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાથે મસ્જિદમાં હતા. નમાઝની વાટ જોઈ રહ્યા હતા. એટલમાં એક માણસે ઉભા થઈને વિનંતી કરી કે મેં એક ગુનાહનું કામ કરી લીધું છે. આપે તેની તરફ લક્ષ ન આપ્યું. જ્યારે હુઝૂરે નમાઝ અદા કરી લીધી તો તે માણસે ઉભા થઈને બીજી વખત તે જ વાત કરી. તો આપે ફર્માવ્યું, શું તેં મારી સાથે આ નમાઝ નથી પઢી ? અને શું તેં સારી રીતે વુઝૂ નથી કર્યું. તેણે વિનંતી કરી, બેશક ! મેં આ બધું જ કર્યું છે. આપે ફર્માવ્યું, નિઃશંક ! આ નમાઝ તારા ગુનાહોનો કફ્ફારો (બદલો) છે.

**(૪)** અબ્દુર્રઝઝાકે તખરીજ કરી, હઝરત ઝૈદ બિન સાબિતથી રિવાયત છે, આપ ફર્માવે છે, માણસનું પોતાના ઘરમાં નમાઝ પઢવું નૂર (પ્રકાશ) છે. જ્યારે માણસ નમાઝ પઢે છે તેના ગુનાહ તેના માથા પર લટકાવી દેવામાં આવે છે. જ્યારે તે કોઈ સિજદો કરે છે તો અલ્લાહ તઆલા તેની નમાઝના લીધે તેના ગુનાહો માફ કરી દે છે.





**(૫)** અબ્દુર્રઝઝાકે તખરીજ કરી, હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદથી રિવાયત છે, આપ ફર્માવે છે, નમાઝ તે ગુનાહોનો કફ્ફારો છે જે તેની વચમાં થયા. જ્યાં સુધી કબીરા (મોટા) ગુનાહોથી બચેલો રહે. (કબીરા અને મોટા ગુનાહ તૌબાથી માફ થાય છે.)

**(૬)** અબ્દુર્રઝઝાકે તખરીજ કરી, હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ એ ફર્માવ્યું, બેશક ! માણસ જ્યારે નમાઝ માટે ઉભો થાય છે તો તેના ગુનાહ તેના માથા પર રાખી દેવામાં આવે છે, તે પોતાની નમાઝ પૂરી નથી કરતો તે પહેલાં તેના પાપ તેનાથી અલગ થઈ જાય છે. દાખલા તરીકે ગદરાએલી ખજૂર અલગ થઈને ડાબી અથવા જમણી બાજુ પડી જાય છે.

ઉપરોકત રિવાયતોથી જાણવા મળ્યું કે નમાઝનો એક મહાન અને અગત્યનો ફાયદો એ છે કે નમાઝીના સગીરા અને નાના નાના ગુનાહો માફ કરી દેવામાં આવે છે અને તેના માટે તૌબા નથી કરવી પડતી. સવાબ સવાબની જગાએ પણ ગુનાહ, ના ફર્માની અને પાપ દુનિયા અને આખેરતમાં માણસને ડૂબાડનાર છે અને તેની ગંભીરતા શબ્દોથી વર્ણવી નથી શકાતી. તે નાફર્માનીઓને અલ્લાહ તઆલા નમાઝીની નમાઝથી ખુશ થઈને માફ ફર્માવી દે છે.

ગુનાહે કબીરા અને મોટા ગુનાહો જેમ કે ચોરી, ઝિના, દારૂ પીવો વગેરે જેનો ઉલ્લેખ પણ ભાગ ત્રણમાં ''પ્રકરણ ગુનાહનો વબાલ''માં થઈ ગયો છે. તેવા ગુનાહો નેક કામોથી માફ નથી થઈ જતા, તેના માટે માણસે અલગથી અલ્લાહની બારગાહમાં તૌબા કરવી પડે છે. તૌબાથી મોટા ગુનાહ માફ કરી દેવામાં આવે છે.

**(૭) દરજાતની બુલંદી :-** ઈમામ અહમદે તખરીજ કરી, હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે કબીલએ કુઝાઆના બની હય ખાનદાનના બે માણસો રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે ઈસ્લામ લાવ્યા. તેઓ પૈકી એક શહીદ થઈ ગયો અને બીજાનું વર્ષ પછી અવસાન થયું. હઝરત તલ્હા બિન ઔબૈદુલ્લાહ કહે છે કે મેં સ્વપ્નમાં જોયું કે તેઓ પૈકી જેનું પછી અવસાન થયું હતું. પ્રથમથી .................. જન્નતમાં પહોંચી ગયો. મને આ વાતથી આશ્ચર્ય

થયું. સવારમાં મેં એ વાત હુઝૂરની ખિદમતમાં રજૂ કરી. આપે ફર્માવ્યું, આમ કેમ ન થાય ? તેણે શહીદ પછી રમઝાનના રોઝા રાખ્યા, છ હજાર રકાતો નમાઝ પઢી અને આવી આવી રકા'તો પઢી છે અને વર્ષ સુધી નમાઝો પઢી. ઈબ્ને હબ્બાનથી રિવાયતમાં આટલો વધારો છે તેઓમાં દરજાઓનો તફાવત આકાશ અને જમીનમાં અંતર જેટલો છે.

**(૮) સિદ્દીક અને શહીદનો મર્તબો :–** બઝઝાર અને ઈબ્ને ખુઝૈમાએ તખરીજ કરી, હઝરત અમ્ર બિન મુર્રાહ જોહની ફર્માવે છે કે હુઝૂર ﷺ ની ખિદમતમાં એક માણસ આવ્યો અને તેણે વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! આપ ફર્માવો, હું એ વાતની સાક્ષી આપું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને નિઃશંક ! આપ અલ્લાહના રસૂલ છો અને પાંચો નમાઝો પઢું, ઝકાત અદા કરૂં, રમઝાનના રોઝા રાખું અને એમાં ઈબાદતો પણ કરૂં તો હું કયા લોકોમાંથી થઈ જઈશ ? આપે ફર્માવ્યું, સિદ્દીકો અને શહીદોમાંથી.

**(૯) સર્વોત્તમ અમલ નમાઝ છે :–** ઈમામ અહમદે તખરીજ કરી હઝરતે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ માસથી રિવાયત છે એક માણસે આપની ખિદમતમાં હાજર થઈને સર્વોત્તમ અમલ બાબતે માલૂમ કર્યું. આપે જવાબ આપ્યો, તે નમાઝ છે. તેણે સવાલ કર્યો, ત્યાર પછી શું છે ? આપે ફર્માવ્યું, નમાઝ છે. ફરી તેણે માલૂમ કર્યું, પછી શું છે ? આપે ફર્માવ્યું, નમાઝ છે. ત્રણેવ વખત આમ ફર્માવ્યું, તેણે વારંવાર માલૂમ કર્યું તો આપે ફર્માવ્યું, જિહાદ કરવો. તેણે વિનંતી કરી, મારા માતા પિતા પણ છે. આપે ફર્માવ્યું, હું તને એમની સાથે ભલાઈ કરવાનો આદેશ આપું છું. તેણે વિનંતી કરી, કસમ તે જાતની જેણે આપને હક્ક વાતના નબી બનાવી મોકલ્યા, હું જિહાદ પણ કરીશ અને આ વાતોને પણ નહીં છોડીશ. આપે ફર્માવ્યું, તુ તારા કામને અધિક જાણે છે.

**(૧૦) હુઝૂરની અંતિમ વસિય્યત :–** બિદાયામાં છે હઝરત અલી رضی اللہ عنہ ની રિવાયત છે કે આપે ફર્માવ્યું, મને હુઝૂર ﷺ એ આદેશ આપ્યો કે હું લખવા માટે કંઈ લઈ આવું. જેમાં આપ એવી





વસ્તુ લખાવી આપે કે આપના પછી ઉમ્મત ગુમરાહ ન થઈ શકે. હઝરત અલી ફર્માવે છે, મને એ વાતનો ડર લાગ્યો કે મારાથી હુઝૂરનો અંતિમ શ્વાસ છૂટી ન જાય. મેં વિનંતી કરી કે હું મોંઢે કરી લઈશ અને યાદ રાખીશ. આપે ફર્માવ્યું, હું નમાઝની, ઝકાતની અને ગુલામો સાથે સારો વર્તાવ કરવાની વસિય્યત કરૂં છું.

**(૧૧) અલ્લાહ બંદા સમક્ષ :–** અબ્દુર્રઝઝાકે તખરીજ કરી, હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે કે માણસ જ્યારે સારી રીતે વુઝૂ કરી નમાઝ માટે ઉભો થયો તો અલ્લાહ તઆલા તેની સમક્ષ પોતાનો ચહેરો કરી લે છે (અલ્લાહ ધ્યાન આપે છે), તેનાથી વાતો કરે છે, (તેની શાનને લાયક), અને અલ્લાહ પાક તેનાથી પોતાનો ચહેરો નથી ફેરવતો (તવજ્જોહ નથી હટાવતો) જ્યાં સુધી નમાઝી પોતાનો ચહેરો ન ફેરવી લે અથવા આમ તેમ ન જુએ.

**(૧૨) કિયામતનો સાક્ષી :–** ઈબ્ને અસાકિરે તખરીજ કરી, હઝરત ઈબ્ને અમ્ર ફર્માવે છે કે જ્યારે કોઈ મુસલમાન જમીનના કોઈ ભાગ પર અથવા એવી મસ્જિદમાં જે જમીનના પથ્થરોથી બનાવવામાં આવી નમાઝ પઢે તો તે જમીન કહે છે ફલાણાએ અલ્લાહની નમાઝ તેના ભલામાં પઢી છે, હું તારા માટે તે દિવસે સાક્ષી આપીશ. જ્યારે તુ અલ્લાહ તઆલાની મુલાકાત કરશે.

**(૧૩) નમાઝી રાજાના દરવાજે :–** અબૂ નઈમે હુલ્યામાં તખરીજ કરી, હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યાં સુધી તુ નમાઝમાં છે રાજાનો દરવાજો ખખડાવી રહ્યો છે અને રાજાનો દરવાજો ખખડાવતો રહે તેના માટે દરવાજો ખોલી દેવામાં આવે છે. આપે એ પણ ફર્માવ્યું કે તમે તમારી જરૂરતો ફર્ઝ નમાઝો પર ઉઠાવી રાખો. (એટલે ફર્ઝ નમાઝો પછી પોતાની જરૂરતો માટે ખુદા તઆલાથી દુઆ કરો.)

**(૧૪) બીમારીથી શિફા :–** અબ્દુર્રઝઝાકે તખરીજ કરી, હઝરત ઈબ્ને અમ્રથી રિવાયત છે આપે ફર્માવ્યું, હઝરત આદમ

علیہ الصلوٰۃ والسلام ના ગળામાં ચાંદું થયું. આપે નમાઝ પઢી, ચાંદું છાતી પર ચાલ્યું ગયું. ફરી નમાઝ પઢી કમરમાં ચાલ્યું ગયું. ફરી નમાઝ પઢી ઘૂટીમાં ચાલ્યું ગયું. ફરી નમાઝ પઢી અંગૂઠામાં ચાલ્યું ગયું. ફરી નમાઝ પઢી શિફા મળી ગઈ.

**(૧૫) અલ્લાહનો પ્યારો અમલ :–** હકીમની રિવાયતમાં છે, હઝરત અબૂ બકર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, નમાઝ જમીનમાં અલ્લાહનો (પ્યારો) અમલ છે.

**(૧૬) નમાઝ નહીં તો દીન નહીં :–** ઈબ્ને સઅદે તખરીજ કરી, હઝરત અબૂ મલીહથી રિવાયત છે, આપ ફર્માવે છે : મેં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ને મિમ્બર પર ફર્માવતાં સાંભળ્યાં, તે વ્યકિતનો ઈસ્લામમાં કોઈ ભાગ નથી જેણે નમાઝ ન પઢી.

**(૧૭)** અબ્દુર્રઝ્ઝાકે તખરીજ કરી અને કન્ઝુલ ઉમ્માલમાં પણ છે, હઝરત અબૂ મૂસા અશ્અરી ફર્માવે છે કે અમે પોતાના જીવો (પ્રાણો) પર (ગુનાહ કરીને) આગ લગાડીએ છીએ અને જ્યારે અમે ફર્ઝ નમાઝ પઢી લઈએ છીએ તો એ નમાઝ પ્રથમ કરેલ ગુનાહનો કફ્ફારો બની જાય છે, ત્યાર બાદ ફરીથી અમે પોતાના પ્રાણો પર આગ લગાડીએ છીએ, ફરી જ્યારે નમાઝ પઢી લઈએ છીએ તો આ નમાઝ પ્રથમ કરેલ ગુનાહનો કફ્ફારો બની જાય છે.

**(૧૮)** કન્ઝુલ ઉમ્માલમાં છે, હઝરત ઈબ્ને ઉમર ફર્માવે છે, નમાઝ ઘણી જ સુંદર અને સારી વસ્તુ છે. મને એ વાતની ચિંતા નથી કે મારી સાથે એમાં કોણ સામેલ થયું.

(અન્ય ફાયદાઓનો ઉલ્લેખ "તોહફાએ નજાત" ભાગ–૩માં થઈ ગયો છે.) અલ્લાહ તઆલા સર્વને અમલની તૌફીક આપે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ